
# મિથ્યાત્વ

એટલે

# મિથ્યાત્વ=હલાહલ વિષ



: લેખક - સંપાદક :
પૂ. મુનિરાજશ્રી સંયમકિર્તી વિજયજી મ.સા.

: પ્રકાશક :
શ્રી સમ્યગ્જ્ઞાનપ્રચાર પ્રચારક સમિતિ

# સમ્યગ્દર્શનનો અપરંપાર મહિમા...

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं,
सम्यक्त्वमित्रान्न परं मित्रम्।
सम्यक्त्वबन्धोर्न परो हि बंधुः,
सम्यक्त्वलाभान्न परो हि लाभः।।

સમ્યક્ત્વ રત્ન જેવું બીજું કોઈ રત્ન નથી.
સમ્યક્ત્વ મિત્ર જેવો બીજો કોઈ મિત્ર નથી.
સમ્યક્ત્વ બંધુ જેવો બીજો કોઈ ભાઈ નથી.
સમ્યક્ત્વના લાભ જેવો બીજો કોઈ લાભ નથી.

अंतोमुहुत्त–मित्तंपि फासिअं, हुज्ज जेहिं सम्मत्तं।
तेसिं अवड्ढ पुग्गल परिअट्टो चेव संसारो ।।53।।

જે આત્માને અંતર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શે છે,
તે આત્માનો સંસાર અર્ધ પુદ્ગલપરાવર્તન કાળ
જેટલો સીમિત બની જાય છે.

# મિથ્યાત્વ

## એટલે

## મિથ્યાત્વ = હલાહલ વિષ

**-: દિવ્યકૃપા :-**

તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

**-: શુભ આશીર્વાદ :-**

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્
વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા

**-: લેખક-સંપાદક :-**

તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન સમતાનિધિ
પૂ. મુનિપ્રવર **શ્રીદર્શનભૂષણવિજયજી મ.સા.**ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ.**દિવ્યકીર્તિસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ.**શ્રીપુણ્યકીર્તિસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
પૂ. મુનિરાજ **શ્રીસંયમકીર્તિવિજયજી** મ.સા.

**-: પ્રકાશક :-**

**શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ**

**અમદાવાદ**

**પુસ્તકનું નામ** : મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ = હલાહલ વિષ
**લેખક-સંપાદક** : પૂ.મુ.શ્રી **સંયમકીર્તિ વિજયજી** મ.સા.
**પ્રકાશક** : શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, અમદાવાદ
**અક્ષરાંકન** : **વિરતિ ગ્રાફિક્સ,** અમદાવાદ
**આવૃત્તિ** : પ્રથમ
**પૃષ્ઠ** : ૨૦+૧૬૮ = ૧૮૮
**પ્રકાશન** : વિ.સં. ૨૦૭૪
**મૂલ્ય** : સદુપયોગ

**: પ્રાપ્તિસ્થાન :**

**: અમદાવાદ :**

૧. **શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ**
**(પત્ર વ્યવહાર)**
**નૃપેનભાઈ આર. શાહ**
૪, સરગમ ફ્લેટ, વી.આર.શાહ
સ્કુલની બાજુમાં, વિકાસગૃહ રોડ,
પાલડી, **અમદાવાદ-૭.**
**મો. : ૯૪૨૭૪૯૦૧૨૦**

**: મુંબઈ :**

૧. **શ્રી વિજયરામચન્દ્રસૂરિ આરાધના ભવન**
ચંદાવરકરલેન બોરીવલ્લી (વેસ્ટ),
**મુંબઈ-૪૦૦૦૯૨** (મહારાષ્ટ્ર)
**ગૌતમભાઈ**
**ફોન : ૨૮૯૫૨૪૯૨**

૨. **નરેશભાઈ નવસારીવાળા**
ડી.એન.આર., BC, 3022, Bharat
Dimond, Bursh, BKC, Bandra-
**Mumbai-51,** Phone-23693702

૩. **સેવંતીલાલ વી. જૈન અજયભાઈ**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ
ફ્લોર, પહેલી પાંજરાપોળ ગલી,
**મુંબઈ-૪, ફોન : ૨૨૪૦૪૭૧૭**

૪. **ડૉ. કમલેશભાઈ પરીખ**
બી-૪, ધનલક્ષ્મી બિલ્ડીંગ,
ગોડીબાર રોડ, ઘાટકોપર (વેસ્ટ),
**મુંબઈ-૮૬. મો. : ૯૩૨૪૧૪૮૧૪૦,**
**૯૦૨૯૩૧૯૫૩૦**

૫. **રાજેન્દ્રભાઈ ડી. શાહ**
૬૦૪, મેઘમલ્હાર, કો.હા.સો.,
મુરાર રોડ, મુલુંડ (વેસ્ટ),
**મુંબઈ-૮૦**
**મો. ૯૮૨૧૪૩૯૯૦૬**

**: સુરત :**

૧. **વિજયરામચન્દ્ર સૂરિ આરાધના ભવન**
સુભાષ ચોક, ગોપીપુરા, **સુરત.**
**વૈભવ - ૯૭૨૩૮૧૩૯૦૩**

૨. **દીક્ષિત એન શાહ**
૩૦૧, સુન્દરમ્ એપા.,
સરગમ શોપીંગ સેન્ટરની પાછળ,
પાર્લે પોઈન્ટ, **સુરત.**
**મો. ૮૮૬૬૨૧૭૮૦૮**

**: વડોદરા :**

૧. **વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવન**
હાઈટેન્શન રોડ, સુભાનપુરા
**વડોદરા-૨૩,** ફોન : ૨૨૮૦૪૭૭
હસમુખભાઈ,
**મો. ૯૯૨૫૨૩૧૩૪૩**

**: પાલીતાણા :**

૧. **મયુરભાઈ દવે**
**જ્ઞાનભંડાર**
મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા-
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭
**મો. : ૯૪૨૯૫૦૬૩૦૩**

## —: શ્રુતભક્તિ—અનુમોદના :—

**આ પુસ્તકનો સંપૂર્ણ લાભ**
**એક સિદ્ધાંતપ્રેમી**
**સદ્‌ગૃહસ્થ દ્વારા**
**પ્રાપ્ત કરાયો છે.**

— તમારી શ્રુતભક્તિની હાર્દિક
અનુમોદના અને ભવિષ્યમાં પણ
તમો આવી શ્રુતભક્તિ કરતા રહો
એવી મંગલ કામના

લિ. શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ

# સાદર સમર્પણમ્...

વિક્રમની ૧૯-૨૦ સદીમાં...
જૈનશાસનના આધારભૂત
તત્ત્વો બાલદીક્ષા તથા દેવ-
દ્રવ્યની પ્રાણના ભોગે પણ
જેઓએ રક્ષા કરી છે....
એવા
દેવદ્રવ્યરક્ષક-દીક્ષાયુગપ્રવર્તક-
સર્વજ્ઞ સિદ્ધાંત સંરક્ષક પૂજ્યપાદ
આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
શાસ્ત્રસંપૂત કરકમળમાં

સાદર સમર્પણમ્...

— ચરણકિંકર
સંયમકીર્તિ વિ.

## —: ઋણ સ્મરણ :—

- તપાગચ્છાધિરાજ, પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
- સુવિશાલ ગચ્છાધિપતિ, પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા
- સુવિશાલ ગચ્છાધિપતિ, પૂ.આ.ભ.શ્રી. વિ. પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા
- ન્યાયનિપુણ પૂ.આ.ભ.શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજા
- સુવિશાલગચ્છનેતા પૂ.આ.ભ.શ્રી. વિ. હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા
- પરમોપકારી, પ્રવચનપ્રભાવક પૂ.આ.ભ.શ્રી.વિ. કીર્તિયશ-સૂરીશ્વરજી મહારાજા
- પરમોપકારી પૂ.આ.ભ.શ્રી.વિ. હર્ષવર્ધનસૂરીશ્વરજી મહારાજા
- મમહિતચિંતક, સરળ સ્વભાવી, વિદ્વદ્વર્ય, પરમોપકારી પૂજ્ય આ.ભ.શ્રી.વિ. શ્રી દિવ્યકીર્તિસૂરીશ્વરજી મહારાજા
- પરમોપકારી, વર્ધમાનતપોનિધિ પૂજ્ય ગુરુજી આ.ભ.શ્રી.વિ. પુણ્યકીર્તિસૂરીશ્વરજી મહારાજા
- વર્ધમાન તપોનિધિ પૂજ્ય મુનિરાજશ્રી ખ્યાતદર્શનવિજયજી મ.સા.

# પ્રસ્તાવના...

તપાગચ્છના ગગનમંડપમાં આજ સુધીમાં અનેક વિવાદો થયા છે. તે પૈકીનો એક 'તિથિ'નો વિવાદ છે. હાલ એ અંગે એકદમ શાંત વાતાવરણ છે. બંને પક્ષ પોતપોતાની રીતે શાંતિથી આરાધના કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોની જેમ આ વખતે પણ એક ચોક્કસ વર્ગ તરફથી જુદી શૈલીથી તિથિનો મુદ્દો **'મિથ્યાત્વ એટલે'**...પુસ્તકમાં ચર્ચવામાં આવ્યો છે. આમ તો એ પુસ્તકમાં તિથિની ખોટી આરાધના કરનારને મિથ્યાત્વી કહેવાય કે નહીં ? આ મુદ્દાને મુખ્ય બનાવ્યો છે. પરંતુ ટાર્ગેટ 'તિથિ વિવાદ' ઉપર જ છે.

**→ શ્રીસંઘ જોગ નિવેદન :**

શ્રીસંઘજનોને ખાસ જણાવવાનું કે, વર્તમાનના શાંત વાતાવરણમાં એક ચોક્કસ વર્ગ તરફથી કાંકરીચાળો કરવામાં આવ્યો છે અને તિથિના વિષયમાં નવા નવા મુદ્દાઓ-કુતર્કો ઊભા કરીને શ્રીસંઘજનોને ગુમરાહ કરવાની કોશિષ કરવામાં આવી છે. તેથી શાસ્ત્રીય સત્ય-હકીકતો શ્રીસંઘજનો સમક્ષ મૂકવાની અમને ફરજ પડી છે. અમને કોઈના માટે ફરિયાદ પણ નથી કે અમારે કોઈની સાથે વિવાદ પણ કરવો નથી. માત્ર શાસ્ત્રીય સત્યનો અવાજ દબાઈ ન જાય, એ જોવાની અમારી ફરજના એક ભાગ તરીકે જ શ્રીસંઘજનો સમક્ષ શાસ્ત્રપાઠો સાથે ઉપસ્થિત થયા છીએ.

**એક વાત ખાસ ઉલ્લેખનીય છે કે,** તિથિનો વિવાદ સામાચારી (આચરણા) અંગેનો વિવાદ નથી. પરંતુ "**उदयम्मि जा तिहि...**" અને "**क्षये पूर्वातिथि-**" આ બે શાસ્ત્રવચનોના અર્થઘટનનો વિવાદ છે. તે તે પર્વાદિ દિવસોએ કરાતી આરાધના એ આચરણાનો વિષય છે. પરંતુ આરાધના કયા દિવસે કરવી ? આને નક્કી કરી આપનારા પૂર્વનિર્દિષ્ટ શાસ્ત્રીય નિયમોના અર્થઘટનમાં ફેરફાર કરવો એ સૈદ્ધાંતિક વિવાદનો વિષય છે.

એ બે શાસ્ત્રવચનોનો જે અર્થ શાસ્ત્રસાપેક્ષ થતો હોય, તેનાથી ઉલટો અર્થ કરવામાં આવે, ત્યારે આરાધનાનો દિવસ ખોટો પકડાય છે અને આરાધનાનો દિવસ ખોટો પકડતાં આરાધના પણ ખોટી થાય છે.

એટલે બે શાસ્ત્રીય નિયમોના ખોટા અર્થઘટનનો આ વિવાદ છે. તેથી તિથિનો વિવાદ આચરણાનો વિવાદ નથી પરંતુ માન્યતાનો વિવાદ છે અને માન્યતા ખોટી પકડવામાં આવે ત્યારે મિથ્યાત્વ, આજ્ઞાભંગ, અનવસ્થા અને વિરાધના, આ ચાર દોષ લાગે છે, એમ પૂર્વનિર્દિષ્ટ પ્રથમશાસ્ત્રીય નિયમ '**उदयम्मि जा तिहि**'માં સ્પષ્ટ ફરમાવેલ છે.

જ્યારે 'મિથ્યાત્વ એટલે' - પુસ્તકના લેખકશ્રીએ આ મુદ્દાને આચરણાનો જણાવીને વ્યવહાર-નિશ્ચય સમ્યક્ત્વના વિષયની ભેળસેળ કરીને નિશિથચૂર્ણિ અને ગુરુતત્ત્વ વિનિશ્ચય ગ્રંથના આધારે શાસ્ત્રીય સત્યો ખતમ થઈ જાય એવા કુતર્કો કર્યા છે.

**લેખકશ્રીએ કયો પક્ષ તિથિ બાબતમાં સાચો છે, એ સ્પષ્ટ જણાવીને, પછી પોતાનો અભિપ્રાય આપવાની જરૂર હતી. હકીકત એ છે કે, બેમાંથી એક જ પક્ષ સાચો હોય. સત્ય બે તરફ ન હોય પરંતુ એક તરફ જ હોય. તેમ છતાં એમણે બંને પક્ષને ખોટા ચીતર્યા છે. કારણ કે, એમના કહેવા મુજબ બંને પક્ષ એકબીજાને ખોટા કહે છે. માટે લેખકશ્રીએ બંને પક્ષ શું કહે છે એ વિષયમાં અધકચરી વાતો કરવાને બદલે કયા પક્ષ પાસે શાસ્ત્રીય સત્ય છે એ જણાવવાની જરૂર હતી. તેઓ એમ કરત તો ચોક્કસ સત્યપિપાસુ જીવોને સંતોષ થાત. એના બદલે ભેળસેળ કરીને સત્યને પીંખી નાંખવાનું અનુચિત કાર્ય કર્યું છે. જે આત્માર્થી જીવો સાથે એક પ્રકારનો દ્રોહ છે.**

**બીજી વાત,** વર્તમાનમાં શાસ્ત્ર મુજબ કરવામાં ન આવે તો મિથ્યાત્વાદિ દોષો લાગે છે. એટલું જ અવસરે જણાવાતું હોય છે. કોઈ કોઈને 'મિથ્યાત્વી' કહેતું નથી. દશવૈકાલિકકારશ્રી એવા કઠિન

શબ્દપ્રયોગો કોઈના માટે કરવાની ના જ પાડે છે અને કોઈક ક્યાંક કરતું હોય તો એ એમને મુબારક. એમાં સમષ્ટિને વચ્ચે લાવવાની ક્યાં જરૂરીયાત હતી ! અને એવી ક્વચિત્ બનતી ઘટનાને આગળ કરીને બંને પક્ષ એકબીજાને મિથ્યાત્વી કહે છે, આવો અઘટિત આક્ષેપ બંને પક્ષ ઉપર લેખકશ્રીએ કરવાની શી જરૂર હતી !

આ વાત શ્રીસંઘોએ એમને પૂછવી જોઈએ.

**અહીં નોંધનીય છે કે,** શાસ્ત્રીય મુદ્દાઓની વિચારણામાં માધ્યસ્થ્યભાવ અતિ જરૂરી છે. એ ગુણ હોય તો જ સત્ય-અસત્યને સાચી રીતે ઓળખી શકાય છે. માધ્યસ્થ્યભાવ = સ્વપક્ષના રાગ અને પરપક્ષના દ્વેષથી રહિત તટસ્થભાવ. બંને પક્ષની દલીલો-યુક્તિઓને સાંભળતી વખતે આ ગુણ ખૂબ આવશ્યક છે. પરંતુ બધું જ સાંભળી લીધા પછી જ્યારે નિર્ણય કરવાનો આવે ત્યારે જેમ ન્યાયાધીશ (જજ) બેમાંથી એક પક્ષની તરફેણમાં સ્પષ્ટ ચૂકાદો આપે છે, તેમ કયો પક્ષ સાચો છે અને કયો પક્ષ ખોટો છે, એવો સ્પષ્ટ ચૂકાદો આપવાનો રહે છે અને સત્યની તરફેણ કરવાની હોય છે અને એની સાથે ઊભા રહેવાનું હોય છે.

**અહીં ખાસ યાદ રાખવાનું છે કે...**આ ગુણનો ઉપયોગ ગોળ-ખોળ ભેગો કરવા માટે નથી, પરંતુ ક્ષીરનીરની જેમ સાચા-ખોટાના ભેદને પારખવા માટે છે. માધ્યસ્થ્યભાવ અંગત રાગ-દ્વેષને વચ્ચે આવવા દેતો નથી. તેના કારણે સાચો જ નિર્ણય થાય છે. બીજી વાત, જે સત્યનો અર્થી છે તે જ માધ્યસ્થ્યભાવને પામી શકે છે.

**તદુપરાંત,** 'મિથ્યાત્વ એટલે' પુસ્તકના લેખકશ્રીએ પૂ.હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજાના નામે ઘણો અપપ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો છે - પૂજ્યપાદશ્રીએ યોગગ્રંથોમાં જે અદ્વેષ, તત્ત્વાગ્રહ, સમન્વય કરવો આદિ જે વાતોનું નિરૂપણ કર્યું છે, તેને એકદમ ખોટા સંદર્ભમાં આડકતરી રીતે

ઉલ્લેખ કર્યો છે. તેનાથી તત્ત્વના અજાણ લોકો મુંઝવણમાં મૂકાય તેમ છે. તેથી તેની પણ સમીક્ષા આ પુસ્તકમાં કરવામાં આવી છે.

અમારા આ પુસ્તકમાં લેખકશ્રીએ જે જે વિષયો ઉપસ્થિત કર્યા છે, તેનો શાસ્ત્રાધારે જવાબ આપવામાં આપ્યો છે અને આનુષંગિકપણે મિથ્યાત્વ-સમ્યક્ત્વનું સ્વરૂપ, તેના પ્રકારો, મિથ્યાત્વ અને તેના કટુવિપાકો અંગે ગ્રંથકારોના અભિપ્રાયો, ગુરુતત્ત્વવિનિશ્ચય આદિ ગ્રંથોના પાઠો અંગે વિચારણા અને પૂ.હરિભદ્રસૂરિજી મહારાજાના નામે ચાલતા અપપ્રચારોની સમાલોચના કરવામાં આવી છે. તિથિ અંગેના શાસ્ત્રાપાઠો (અર્થ સહિત), લવાદીચર્ચાનો સાર, તિથિ અંગે મહાપુરુષોનો અભિપ્રાય અને સુવિહિત પરંપરાનું સ્વરૂપ - આ ચાર મુદ્દાને અમારા અન્ય બે પુસ્તકોમાં [**'તિથિ અંગે સત્ય અને કુતર્કોની સમાલોચના'** અને **'તિથિનિર્ણય સિદ્ધાંત કે સામાચારી'** - આ બે પુસ્તકમાં] સંગૃહિત કરેલ છે.

**અમને વિવાદમાં કોઈ રસ નથી. કોઈનું અહિત કરવાનું અમારા સંસ્કારમાં નથી અને કોઈને ખોટી રીતે ખુલ્લા પાડી માનભંગ કરવાની અમારી વૃત્તિ નથી.** પરંતુ એકસરખા ગોબેલ્સ અપપ્રચારના કારણે શાસ્ત્રીય સત્ય મરી ન જાય અને આત્માર્થી જીવો ગેરમાર્ગે ન દોરવાય, એ માટે ન છૂટકે (બે વર્ષની રાહ જોયા બાદ) આ પુસ્તકમાં ખુલાસા કરવાની ફરજ પડી છે. બાકીની વિગતો 'આમુખ'માં આપવામાં આવી છે.

– **પરમોપકારી પૂ.ગુરુદેવ અને પૂ.ગુરુજીની મહતી કૃપા મારા દરેક કાર્યમાં નિરંતર પ્રવર્તે છે.**

– સ્વર્ગસ્થ પૂજ્યપાદ **ગચ્છનાયકશ્રીજીઓની** દિવ્યકૃપાથી ગહન એવું આ કાર્ય નિર્વિઘ્ને સંપન્ન થયું છે.

– વર્તમાન સુવિશાલ ગચ્છાધિપતિ **પૂ.આ.ભ.શ્રી.વિ.પુણ્યપાલ-સૂરીશ્વરજી મહારાજા**ના મંગલ આજ્ઞા-આશીર્વાદે પ્રસ્તુત કાર્યમાં પ્રાણ પૂરવાનું કામ કરેલ છે. તેઓશ્રીનો આ મારા ઉપર મહાન ઉપકાર છે.

– મારો એવો કોઈ ક્ષયોપશમ નથી, પરંતુ પૂજ્યોની કૃપાનું જ આ ફળ છે.

– પૂજ્યપાદ **તપાગચ્છાધિરાજશ્રી**ના સામ્રાજ્યવર્તી તપસ્વી, સાધ્વીવર્યા **શ્રીસુનીતયશાશ્રીજી** મ.સા.ના સુશિષ્યા વિદુષી, સાધ્વીવર્યા **શ્રીજ્ઞાન-દર્શિતાશ્રીજી** મહારાજે પ્રૂફશુદ્ધિ આદિ કાર્યમાં ખૂબ સહાયતા કરી છે. તેમની નિઃસ્વાર્થ શ્રુતભક્તિની હાર્દિક અનુમોદના.

**પૂજ્યોની મહતી કૃપા અને સહાયકોની સહાયતાથી નિર્વિઘ્ને કાર્ય સંપન્ન થાય છે તેનો આનંદ છે.**

સૌ આરાધકો આ પુસ્તકના માધ્યમે શાસ્ત્રાનુસારી પરંપરાને જાણી અને તેનો અમલ કરીને આત્મશ્રેય સાધે એ જ એકની એક શુભાભિલાષા...

**લિ. મુ. સંયમકીર્તિવિ.**
**વિજય રામચંદ્રસૂરિ**
**આરાધના ભવન**
**સુરત, ગોપીપુરા**

= XX = XX =

# આમુખ

"મિથ્યાત્વ એટલે..." એ પુસ્તક જોવા મળ્યું. નામ જોતાં એમ લાગ્યું કે, આ પુસ્તકમાં મિથ્યાત્વનું સ્વરૂપ, મિથ્યાત્વના પ્રકાર અને મિથ્યાત્વની ભયંકરતા વર્ણવી હશે અને મિથ્યાત્વ દોષ ક્યારે લાગે અને એનાથી કઈ રીતે બચાય, એના ઉપાય બતાવ્યા હશે.

પરંતુ એમાં એવું કશું જ નથી. જે વર્ણન કરાયું છે એનાથી તો ભવ્યાત્માઓ જબરજસ્ત ગુમરાહ બને તેમ છે અને સત્ય પીંખાઈ જાય એવી પૂરેપૂરી શક્યતા છે.

એકદમ શાંત એવા 'તિથિ'ના વિષયને છંછેડીને શ્રીસંઘોમાં ક્લેશ ઊભો થાય એવી સ્થિતિનું નિર્માણ કર્યું છે. લેખકશ્રીનો ઇરાદો શું છે એ તો જ્ઞાની જાણે. પરંતુ આખી પુસ્તક વાંચતાં પૂ.મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાની ૧૨૫ ગાથાના સ્તવનની બે પંક્તિઓ યાદ આવી જાય છે -

**"કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે,**
**જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે. સ્વામી. ૮**

**કેઇ નિજદોષને ગોપવા, રોપવા કેઇ મતકંદ રે,**
**ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહીં મંદ રે." સ્વામી. ૯**

એ પુસ્તકમાં...

**"તિથિની આરાધના સાચી ન કરે તેને મિથ્યાત્વ દોષ લાગે કે નહીં"** - આ મુખ્ય મુદ્દાની ચર્ચા છે.

→ લેખકશ્રીએ આ મુખ્ય મુદ્દાનો સીધો જવાબ આપ્યો જ નથી. શાસ્ત્રાધારે બે તિથિ પક્ષ સાચો છે કે એકતિથિ પક્ષ સાચો છે, એ જવાબ પણ લેખકશ્રીએ આપ્યો નથી.

→ તિથિની સત્યતા આદિ મુદ્દાઓને બાજુ ઉપર રાખીને

લેખકશ્રીએ...નિશીથચૂર્ણિ અને ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથના પાઠોને આગળ કરીને વ્યવહાર-નિશ્ચય સમ્યક્ત્વની ભેળસેળ કરી બંને પક્ષ મિથ્યાત્વમાં બેઠા છે એવું ફલિત કરવાની કોશિશ કરી છે.

વાસ્તવમાં તો લેખકશ્રીએ તિથિના વિષયમાં શાસ્ત્રકારો શું કહે છે ? અને શાસ્ત્રકારોની વાતને અનુસરણ કરવામાં બુદ્ધિ-બળ આદિની ખામી નડતી ન હોવા છતાં એનું અનુસરણ કરવામાં ન આવે તો કયો દોષ લાગે ? તે સ્પષ્ટ શબ્દોમાં જણાવવાની જરૂર હતી. જો કે, લેખકશ્રી અને તેમના ગુરુદેવ તથા તેમનો પક્ષ પૂર્વે આ વિષયમાં સ્પષ્ટ માન્યતા ધરાવતો હતો અને એનું સ્પષ્ટપણે પ્રતિપાદન કરતો જ હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કોઈપણ કારણસર માન્યતા બદલાયા પછી એમની પ્રરૂપણા બદલાઈ છે અને યેન કેન પ્રકારે શ્રીસંઘોમાં પોતાની બદલાયેલી માન્યતાને વ્યાપક બનાવવાનો મરણીયો પ્રયત્ન ચાલું છે. 'મિથ્યાત્વ એટલે...' પુસ્તક પણ એનો જ એક ભાગ છે. તિથિ - આરાધના અંગેની શાસ્ત્રાજ્ઞા નીચે મુજબ છે -

**उदयम्मि जा तिहि सा पमाणमिअरइ कीरमाणीए ।**
**आणाभंगणवत्था-मिच्छत्त-विराहणं पावे ॥१॥**

**અર્થ :** ઉદયમાં (સૂર્યોદય સમયે) જે તિથિ હોય, તે તિથિ પ્રમાણ છે (અર્થાત્ સૂર્યોદય સમયે જે તિથિ હોય તે આરાધના માટે પ્રમાણ છે.) બીજી કરવાથી (અર્થાત્ ઉદયતિથિને છોડીને બીજી તિથિ કરવાથી) (૧) આજ્ઞાભંગ, (૨) અનવસ્થા, (૩) મિથ્યાત્વ અને (૪) વિરાધના આ ચાર દોષ લાગે છે.

**क्षये पूर्वातिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा ।**
**श्रीवीरमोक्षकल्याणं कार्यं लोकानुगैरिह ॥२॥**

**અર્થ :** તિથિનો ક્ષય આવતાં (તેની આરાધના) પૂર્વતિથિમાં અને વૃદ્ધિ આવતાં (તેની આરાધના પહેલી છોડીને) બીજીમાં કરવી તથા શ્રીવીર નિર્વાણ કલ્યાણક લોકદીવાળી અનુસારે કરવું.

**→ તિથિની શાસ્ત્રાનુસારે આરાધના કરવામાં ન આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના આ ચાર દોષ લાગે છે.**

→ લેખકશ્રીએ પોતાના પુસ્તકમાં પૂર્વોક્ત શાસ્ત્રપાઠોની કોઈ વિચારણા કર્યા વિના શ્રીનિશીથચૂર્ણિ અને શ્રીગુરુતત્ત્વવિનિશ્ચય : આ બે ગ્રંથોના આધારે વિરુદ્ધ તિથિ કરતાં લાગતાં મિથ્યાત્વાદિ દોષના વિષયને મચડવાની કોશિશ કરી છે. **તેમના આખા પુસ્તકમાં મુખ્ય બે મુદ્દા તરી આવે છે** -

(૧) જેમ શાસ્ત્ર મુજબ તિથિ ન કરવાથી મિથ્યાત્વાદિ ચાર દોષ લાગે છે, તેમ નિશીથ ચૂર્ણિના પાઠ અનુસારે મુહપત્તિનો ઉપયોગ ન રાખવો આદિ આચાર વિષયક ખામીમાં (શાસ્ત્ર મુજબ આચારનું સેવન ન કરવામાં પણ) મિથ્યાત્વાદિ ચાર દોષો લાગે છે. તેથી વર્તમાનકાળમાં પ્રમાદની બહુલતાને કારણે આચારપાલનમાં ખામી જ રહે છે. તેથી તમામ સાધુ-સાધ્વી સંસ્થાને મિથ્યાત્વાદિ ચાર દોષો લાગે જ છે.

(૨) નિશ્ચયનય મુજબ સમ્યક્ત્વ સાતમે ગુણસ્થાનકે જ હોય છે. તેથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી રહેલા સાધુ-સાધ્વી નિશ્ચયનયથી મિથ્યાત્વમાં જ બેઠેલા છે.

– આ બે મુદ્દા ઉપર લેખકશ્રીએ ઘણી ચર્ચા કરીને અંતે કોઈપણ પક્ષના સાધુ-સાધ્વીને 'મિથ્યાત્વી' ન કહેવાય, પરંતુ બધાને 'સમકિતિ' જ કહેવા જોઈએ - એવો અંતે સાર કાઢ્યો છે.

→ **પરંતુ ખરી હકીકત તો એ છે કે**..."અમે ખોટી તિથિની આરાધના કરીએ છીએ અને અમને મિથ્યાત્વાદિ દોષો લાગે છે" - આ વાસ્તવિકતાને છૂપાવવાનો એમાં નિષ્ફળ પ્રયાસ કર્યો છે. લેખકશ્રીએ વ્યવહાર-નિશ્ચય સમ્યક્ત્વની ભેળસેળ કરીને આખા વિષયને ગુંચવી નાંખ્યો છે -

સૌથી પ્રથમ તો તિથિના વિષયમાં જે વિવાદ છે, તે માન્યતાનો છે

કે આચરણાનો છે ? એ સ્પષ્ટ કરવાની જરૂર હતી. "ક્ષયે પૂર્વાતિથિ..." શ્લોકના અર્થઘટનમાં માન્યતાભેદ એ મુખ્ય મુદ્દો છે અને માન્યતાભેદના કારણે જ આચરણામાં ભેદ આવ્યો છે.. બંને પક્ષ એનો અલગ-અલગ અર્થ કરે છે, તેથી માન્યતાભેદ ઊભો થયો છે અને માન્યતાભેદના કારણે જ આચરણામાં ભેદ થયો છે. આવી અવસ્થામાં **"ક્ષયે પૂર્વા..."** આ શાસ્ત્રપાઠનો સાચો અર્થ બતાવવાની જરૂર હતી અને એ શાસ્ત્રપાઠનો ખોટો અર્થ કરીને જે આચરણા થાય તે ખોટી રીતે થાય છે અને ખોટી રીતે થયેલી આચરણાથી મિથ્યાત્વાદિ ચાર દોષો લાગે છે, એમ સ્પષ્ટ જણાવવાની જરૂર હતી. પણ એવું કશું જ થયું નથી.

→ **અહીં એક વાત યાદ રાખવાની જરૂર છે કે,** જ્યાં માન્યતા અને આચરણા બંને ખોટી હોય, ત્યાં મિથ્યાત્વાદિ ચારેય દોષો લાગે છે.

**અને જ્યાં માન્યતા સાચી હોય, પરંતુ બુદ્ધિ-બળ આદિની ખામીના કારણે કે પ્રમાદના કારણે કે અભિયોગાદિના કારણે આચરણા શાસ્ત્ર મુજબ ન હોય, તો તેનાથી મિથ્યાત્વાદિ દોષો લાગતા નથી. જેમ કે, મુહપત્તિનો ઉપયોગ રાખીને જ બોલવું જોઈએ એવી પાક્કી માન્યતા હોય, પરંતુ પ્રમાદાદિના કારણે મુહપત્તિનો ઉપયોગ ન રહેતો હોય, ત્યારે આચરણા ખોટી હોવા છતાં માન્યતા સાચી છે, તેથી મિથ્યાત્વાદિ દોષો લાગતા નથી.**

તથા મુહપત્તિનો ઉપયોગ રાખવાની જરૂર નથી, આવું માનતો હોય અને મુહપત્તિનો ઉપયોગ ન રહેતો હોય, ત્યારે માન્યતા અને આચરણા બંને ખોટા હોવાથી મિથ્યાત્વાદિ દોષો લાગે જ છે.

તદુપરાંત, લેખકશ્રીએ વ્યવહાર અને નિશ્ચયનયની માન્યતાને સ્પષ્ટ કર્યા વિના જે રજૂઆતો કરી છે તે પણ એકદમ અસંગત છે. વ્યવહાર અને નિશ્ચયનયના સમ્યક્ત્વના વિષયને ભેળસેળ કરી નાંખ્યો છે.

→ વ્યવહારનય પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વ માને છે, ચોથા ગુણસ્થાનકથી સમ્યક્ત્વ માને છે. નિશ્ચયનય સમ્યક્ત્વને ભાવ-ચારિત્રસ્વરૂપ જ માનતો હોવાથી તેના મતે સમ્યક્ત્વ સાતમે ગુણસ્થાનકે

જ હોય છે.

→ **અહીં ઉલ્લેખનીય છે કે...**શાસ્ત્રાકાર મહર્ષિઓએ સંસારવૃદ્ધિના કારણ તરીકે જે 'મિથ્યાત્વ'ની રજૂઆત કરી છે, તે પ્રથમ ગુણસ્થાનકના (વ્યવહાર) મિથ્યાત્વને આશ્રયીને કરી છે, નહીં કે છઠ્ઠા ગુણસ્થાનક સુધી હાજર રહેતા નિશ્ચયના મિથ્યાત્વને આશ્રયીને.

→ **શાસ્ત્રકારોએ શાસ્ત્રબાહ્ય પરિણામથી, આજ્ઞાબાહ્ય ક્રિયાથી, શાસ્ત્રાજ્ઞાના અનાદરથી, ઉત્સૂત્ર પ્રરૂપણાથી અને મિથ્યા અભિનિવેશ આદિથી 'મિથ્યાત્વ' દોષ લાગે છે, એમ જણાવ્યું છે.**

→ શાસ્ત્ર મુજબ આચરણા આદરનારા જમાલિજીનો સંસાર વધ્યો છે, તેમાં કારણ મિથ્યા અભિનિવેશ અને મિથ્યાત્વનો છે. મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે, ઉત્સૂત્ર પ્રરૂપણાથી સાવદ્યાચાર્યનો અનંતસંસાર થયો છે.

**અહીં નોંધનીય છે કે,** જ્યારે જ્યારે 'મિથ્યાત્વ' બોલાય છે, ત્યારે પ્રથમ ગુણસ્થાનકનું મિથ્યાત્વ જ સ્મૃતિપથમાં આવે છે. નહીં કે નિશ્ચયનું મિથ્યાત્વ અને તેથી પૂ.મહોપાધ્યાયશ્રીજી ૧૨૫ ગાથાના સ્તવનમાં કહે છે કે -

**"જાતિઅંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ,**
**મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ. ૧૪"**

– જાતિથી અંધ અથડાય-કુટાય એમાં એનો જે દોષ છે, તે દોષ આકરો નથી. કારણ કે, તે સામે રહેલી વસ્તુને જોતો જ નથી. પરંતુ મિથ્યાદૃષ્ટિનો દોષ આકરો છે. કારણ કે...તેને સામે રહેલી વસ્તુ દેખાતી હોવા છતાં એ એને જુદી રીતે જુએ છે.

**અર્થાત્ જે પદાર્થ જેવો છે, તેવો તેને માનતો નથી, પરંતુ અલગ સ્વરૂપે માને છે. આથી તેનો દોષ આકરો છે.**

મિથ્યાત્વી હેયને ઉપાદેયરૂપે અને ઉપાદેયને હેયરૂપે **તથા** ઉન્માર્ગને સન્માર્ગરૂપે અને સન્માર્ગને ઉન્માર્ગરૂપે માનવાની ભૂલ કરે છે. એટલું જ નહીં. તે ઉન્માર્ગને સન્માર્ગરૂપે પ્રરૂપવાની ભૂલ પણ કરે છે.

લેખકશ્રીએ બિનજરૂરી ખૂબ ભ્રમણાઓ ફેલાવીને ભવ્યાત્માઓને ગુમરાહ કર્યા છે. તેથી તેમની વાતોની સમીક્ષા કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. શાસ્ત્રીય પદાર્થોનો બોધ જેમનો ઓછો છે, તેમને સરળતાથી બધા વિષયો સમજાય એ માટે મિથ્યાત્વ-મિથ્યાત્વી, વ્યવહાર-નિશ્ચય સમ્યક્ત્વ વગેરે મુદ્દાઓને અહીં વિસ્તારથી વિચારવા છે. જેનો ક્રમ નીચે મુજબ છે.

→ મિથ્યાત્વનું સ્વરૂપ અને તેના પ્રકાર

→ મિથ્યાત્વ-મિથ્યાત્વી અંગે શાસ્ત્રકારોના અભિપ્રાયો

→ સમ્યક્ત્વનું સ્વરૂપ અને વ્યવહાર-નિશ્ચયથી સમ્યક્ત્વનું સ્વરૂપ

→ સત્ય એક તરફ જ હોય

→ 'ગુરુતત્ત્વ વિનિશ્ચય' આદિ ગ્રંથોના પાઠો અંગે વિચારણા

→ અદ્વેષ અંગે પરિશીલન

→ વિરોધ એ એકાંતે સાધનાનો વિરોધાભાસ છે કે સત્યનો રક્ષક પણ છે.

→ સંઘર્ષ ક્યાં અને સમન્વય ક્યાં ?

→ મતાગ્રહ અને તત્ત્વાગ્રહનો વિવેક

→ શ્રીપતંજલિ ઋષિ વગેરેને 'મહામુનિ' કેમ કહ્યા ?

⇒ **મુદ્દો તિથિનો નથી છતાં કહેવાય તો તિથિનો જ. તિથિ અંગેના શાસ્ત્રપાઠો, સાચા જીતવ્યવહારના લક્ષણો, લવાદી ચર્ચાનો સાર અને પૂર્વના પૂ. મહાપુરુષોના અભિપ્રાયો** અમારા પૂર્વનિર્દિષ્ટ બે પુસ્તકોમાં આપવામાં આવેલ છે.

= XX = XX =

# સંદર્ભગ્રંથોની યાદી


૧. અનંતનાથ પ્રભુનું સ્તવન
૨. આચારાંગ સૂત્ર
૩. ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિ
૪. ઉપદેશમાળા
૫. ઉપદેશ રહસ્ય
૬. ઉપમિતિ ભવપ્રપંચા કથા
૭. ગચ્છાચાર પ્રયન્ના
૮. ગુરુતત્ત્વ વિનિશ્ચય
૯. ૧૨૫ ગાથાનું સ્તવન
૧૦. ૧૫૦ ગાથાનું સ્તવન
૧૧. ૩૫૦ ગાથાનું સ્તવન
૧૨. ચૈત્યવંદન મહાભાષ્ય
૧૩. જીતકલ્પભાષ્ય
૧૪. જીવાભિગમ સૂત્ર
૧૫. જ્ઞાનસાર-જ્ઞાનમંજરી
૧૬. તત્ત્વતરંગિણી
૧૭. દર્શનશુદ્ધિપ્રકરણ
૧૮. દશવૈકાલિકસૂત્ર
૧૯. ધર્મપરીક્ષા
૨૦. ધર્મસંગ્રહ
૨૧. નવપદપ્રકરણ
૨૨. નવતત્ત્વપ્રકરણ
૨૩. નિશિથ ચૂર્ણિ
૨૪. પંચવસ્તુક
૨૫. બૃહત્કલ્પસૂત્ર ભાષ્ય
૨૬. ભક્તપરીજ્ઞા ગ્રંથ
૨૭. ભગવતીસૂત્ર (ટીકા)
૨૮. મહાનિશીથસૂત્ર
૨૯. માર્ગ બત્રીસી
૩૦. મિથ્યાત્વ પાપસ્થાનક સજ્ઝાય
૩૧. યોગદૃષ્ટિ સમુચ્ચય
૩૨. યોગબિંદુ
૩૩. યોગવિંશિકા
૩૪. યોગશાસ્ત્ર
૩૫. લોકપ્રકાશ
૩૬. વિશેષાવશ્યક ભાષ્ય
૩૭. વિંશિતિવિંશિકા
૩૮. વીતરાગ સ્તોત્ર
૩૯. વૃંદારવૃત્તિ
૪૦. ષોડશકપ્રકરણ
૪૧. શ્રાદ્ધવિધિ
૪૨. સમ્યક્ત્વસ્તવપ્રકરણ
૪૩. સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણ
૪૪. સાધુમર્યાદાપટ્ટક
૪૫. સિદ્ધચક્રમાસિક
૪૬. સેનપ્રશ્નોત્તરાણી
૪૭. સંબોધ સપ્તતિ
૪૮. સ્થાનાંગ સૂત્ર
૪૯. હિતોપદેશ માલા
૫૦. હીરપ્રશ્નોત્તરાણિ


= xx = xx =

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પૃ.નં. |
|---|---|---|
| | પ્રસ્તાવના... | ૬ |
| | આમુખ | ૧૧ |
| **પ્રકરણ - ૧** | **: મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ = હલાહલ વિષ** | **૧** |
| → | ભૂમિકા : | ૧ |
| → | મિથ્યાત્વનું સ્વરૂપ : | ૨ |
| ⇒ | મિથ્યાત્વના વિવિધ પ્રકાર | ૬ |
| → | મિથ્યાત્વના પાંચ પ્રકાર : | ૬ |
| (૧) | આભિગ્રહિક મિથ્યાત્વ | ૬ |
| (૨) | અનાભિગ્રહિક મિથ્યાત્વ | ૭ |
| (૩) | આભિનિવેશિક મિથ્યાત્વ | ૮ |
| (૪) | સાંશયિક મિથ્યાત્વ | ૧૦ |
| (૫) | અનાભોગ મિથ્યાત્વ | ૧૦ |
| ● | વિશેષ ખુલાસો :- | ૧૧ |
| → | મિથ્યાત્વના છ પ્રકાર :- | ૧૨ |
| (૧) | લૌકિક દેવવિષયક મિથ્યાત્વ :- | ૧૨ |
| (૨) | લૌકિક ગુરુવિષયક મિથ્યાત્વ :- | ૧૨ |
| (૩) | લોકોત્તર દેવવિષયક મિથ્યાત્વ :- | ૧૩ |
| (૪) | લોકોત્તર ગુરુવિષયક મિથ્યાત્વ :- | ૧૩ |
| (૫) | લૌકિક પર્વગત મિથ્યાત્વ :- | ૧૩ |
| (૬) | લોકોત્તર પર્વગત મિથ્યાત્વ :- | ૧૩ |
| ⇒ | મિથ્યાત્વના ચાર પ્રકાર | ૧૩ |
| ⇒ | મિથ્યાત્વની ભયંકરતા | ૧૫ |
| ● | મિથ્યાત્વ પરમ રોગ છે :- | ૧૭ |
| ● | મિથ્યાત્વ પરમ અંધકાર છે :- | ૧૮ |
| ● | મિથ્યાત્વ પરમ શત્રુ છે :- | ૧૮ |
| ● | મિથ્યાત્વ પરમ વિષ છે : | ૧૯ |
| ● | મિથ્યાત્વ અનેક જન્મો બગાડે છે : | ૧૯ |

⇒ આ રીતે મિથ્યાત્વ... ૨૧

પ્રકરણ - ૨ : મિથ્યાત્વ આદિ અંગે ગ્રંથકારોના અભિપ્રાયો ૨૩

⇒ ગ્રંથકારોના અભિપ્રાયનો સારાંશ ૩૭

પ્રકરણ - ૩ : સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેના પ્રકારો ૪૧

● સમ્યક્ત્વનું સ્વરૂપ : ૪૨
● સમ્યગ્દર્શનની અનિવાર્યતા ૪૩
⇒ સમ્યક્ત્વના બે પ્રકાર :- વ્યવહાર-નિશ્ચય સમ્યક્ત્વ ૪૪
⇒ સમકિતિના અભિગમ વગેરે કેવા હોય ? ૫૫
⇒ મિથ્યાત્વી તરીકેનો વ્યવહાર કયા પ્રકારના મિથ્યાત્વથી થાય ? ૬૧
⇒ મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ ક્યારે થાય ? ૬૨
⇒ કયા મિથ્યાત્વથી અકુશલ અનુબંધોનું સર્જન થાય છે. ૬૨
⇒ મિથ્યાત્વ દોષ ક્યારે લાગે છે ? ૬૮
→ કયા પ્રકારના મિથ્યાત્વની ભયંકરતા છે ? ૬૮
→ દર્શનભ્રષ્ટ જીવનો મોક્ષ થતો નથી ૬૯
→ મિથ્યાત્વના ઉદયમાં કયા દોષોની ભૂમિકા છે ? ૬૯
→ કોઈને મિથ્યાત્વી કહી શકાય કે નહીં ? ૭૦
⇒ જીવનો સંસાર ક્યારે વધે ? ૭૫
⇒ ભેદરત્નત્રયી અને અભેદરત્નત્રયી ૭૯

પ્રકરણ - ૪ : સત્ય એક તરફ જ હોય ૮૨

⇒ તિથિ અંગે સાચું કોણ ? ૮૩

પ્રકરણ - ૫ : ગુરુતત્ત્વવિનિશ્ચય આદિ ગ્રંથોના પાઠો અંગે વિચારણા ૮૭

→ વિશુદ્ધિ-કર્મબંધ-યથાપ્રવૃત્તિકરણ : ૯૦
→ નૈશ્ચયિક સમ્યક્ત્વ : ૯૦
⇒ અગત્યની વાત : ૯૪
⇒ પ્રસ્તુત ચર્ચાનો સારાંશ.... ૧૧૨

પ્રકરણ - ૬ : પૂ.હરિભદ્રસૂરિજી મ.ના નામે ચાલતા અપપ્રચારોની... ૧૧૮

(૧) 'અદ્વેષ' અંગે પરિશીલન ૧૧૯
(૨) સંઘર્ષ ક્યારે અને સમન્વય ક્યારે : ૧૨૨

(૩) પતંજલિ આદિ મુનિઓને 'મહામુનિ' કહ્યા. ૧૨૪
(૪) મતાગ્રહ નહીં, તત્ત્વાગ્રહ રાખવો ૧૨૬

## પરિશિષ્ટ - ૧ : અભિનિવેશની ભયંકરતા ૧૨૯

⇒ અભિનિવેશની ભયંકરતા :- ૧૩૦
→ ગુરુનો ઉપદેશ નિષ્ફળ જાય છે : ૧૩૦
→ કદાગ્રહ ગુણવિકાસને રોકે છે :- ૧૩૧
→ અભિનિવેશ પરાદૃષ્ટિને આવરે છે :- ૧૩૧
→ અભિનિવેશ બધાને અસાર કરે છે :- ૧૩૨
→ અભિનિવેશ ચારિત્રથી પતિત કરે છે :- ૧૩૩
→ અભિનિવેશ સંસારમાં ભટકાવે છે : ૧૩૩
→ સદાગ્રહ અને મિથ્યા આગ્રહ વચ્ચેનો તફાવત ૧૩૪
→ અભિનિવેશ નાશ કઈ રીતે પામે ? ૧૩૪
→ અભિનિવેશથી જ ઉન્માર્ગ પ્રકાશન - ૧૩૫
→ અભિનિવેશથી જ ઉત્સૂત્ર પ્રરૂપણા - ૧૩૫
→ રોહગુપ્ત મુનિનું દૃષ્ટાંત : ૧૩૬

## પરિશિષ્ટ - ૨ : ઉત્સૂત્રથી દૂર રહો ૧૪૫

→ ઉત્સૂત્ર પ્રરૂપણા વિષ છે : ૧૪૫
→ સસૂત્ર-ઉત્સૂત્ર પ્રરૂપણાનું સ્વરૂપ ૧૪૭
→ ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંત સંસાર કેમ ? ૧૪૭
→ સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત ૧૪૯
⇒ શ્રાવકોએ પણ તકેદારી રાખવી જરૂરી છે ૧૫૬

## પરિશિષ્ટ - ૩ : અશુભ અનુબંધોની ભયંકરતા ૧૫૯

## પ્રકરણ - ૧ : મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ = હલાહલ વિષ

→ **ભૂમિકા :**

જૈનશાસનમાં **'મિથ્યાત્વ'** શબ્દનો પ્રયોગ અનેક સ્થળે થતો જોવા મળે છે. પરંતુ તેના સ્વરૂપને, તેની ભયંકરતાને અને તેના પ્રકારોને ઘણો મોટો વર્ગ પ્રાયઃ જાણતો નથી. કેટલીકવાર આ ભયંકર દોષને ખૂબ હળવાશથી લેવાતો હોય એવું પણ જોવા મળે છે. આત્માર્થી જીવો પણ જાણતાં-અજાણતાં આ દોષ પ્રત્યે shoft corner (સાનુકૂળ વલણ) ધરાવતા જોવા મળે છે ત્યારે ખૂબ ચિંતા થાય છે.

**દીર્ઘકાલીન દુષ્કર ચારિત્રના સેવનને પણ નિષ્ફળ બનાવનારા અને અનંત સંસારના નિયામક એવા આ દોષને હળવાશથી લેવા જેવો નથી.**

→ સર્વ કર્મોનો ક્ષય થવાથી આત્માનું આત્મામાં અવસ્થાન થવું (આત્માનું આત્માના વિશુદ્ધ પર્યાયોમાં પરિણમન થવું) તેને **મોક્ષ** કહેવાય છે.

→ કર્મના ઉદયથી (વશથી) ચારે ગતિમાં વિવિધ શરીરોને ધારણ કરી ઇન્દ્રિયો દ્વારા પરપદાર્થોમાંથી (વિષયસુખોમાંથી) સુખ મેળવવા પ્રયત્ન કરવો તેને સંસાર કહેવાય છે. આત્માનું આત્માના રાગાદિ અશુદ્ધ પર્યાયોમાં પરિણમન થવું તેને સંસાર કહેવાય છે.

→ મોક્ષ અનંતસુખરૂપ છે અને સંસાર અનંત દુઃખરૂપ છે.

→ મોક્ષ એ આત્માનું પોતાનું સ્વરૂપ છે. સંસાર એ કર્મની દેન છે. સંસારનું ચાલકબળ કર્મ છે અને કર્મની તાકાત મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-પ્રમાદ છે. તેમાં મિથ્યાત્વ અત્યંત મલિન પરિણામ છે. અનંતગુણના સ્વામી એવા આત્માને મિથ્યાદૃષ્ટિપણામાં રાખીને અજ્ઞાન-અવિવેક-અશ્રદ્ધા-આસક્તિઓ આદિ મલિન તત્ત્વોમાં રાચતા રાખીને અનંતી વિડંબણાઓ આપવામાં મુખ્ય ભૂમિકા મિથ્યાત્વની જ છે.

→ આવું મિથ્યાત્વ જ્યાં સુધી ગાઢ હોય છે, ત્યાં સુધી મોક્ષમાર્ગની સાધનાનો પ્રારંભ થઈ શકતો નથી અને મિથ્યાત્વના નાશ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના ધર્મસાધના 'ભાવ' સ્વરૂપ બનતી નથી અને એ વિના સકામ નિર્જરા દ્વારા આત્મશુદ્ધિનું કારણ બનતી નથી.

→ 'મિથ્યાત્વ' એ દર્શનમોહનીય કર્મનો ઔદયિકભાવ છે અને 'સમ્યક્ત્વ' એ દર્શનમોહનીય કર્મનો 'ક્ષયોપશમભાવ' છે. ઔદયિકભાવ એ વિરાધકભાવ છે અને ક્ષયોપશમભાવ એ આરાધકભાવ છે. વિરાધકભાવના સંશ્લેષથી આરાધના વિરાધનારૂપ બને છે અને આરાધકભાવના સંમિલનથી આરાધના શુદ્ધ બને છે - પરિણામલક્ષી બને છે.

→ આથી શુદ્ધ આરાધના પામવા માટે મિથ્યાત્વ (ઔદાયિકભાવ)નો નાશ કરવો અને સમ્યક્ત્વ (ક્ષયોપશમભાવ)ને પ્રાપ્ત કરવું આવશ્યક છે.

અહીં આપણે તેના સ્વરૂપાદિ અંગે વિચારણા કરવી છે -

**→ મિથ્યાત્વનું સ્વરૂપ :-**

**मिथ्यात्वं जिनप्रणीततत्त्वविपरीतश्रद्धानलक्षणम् ।**

**અર્થ :** શ્રીજિનેશ્વર પરમાત્મોએ પ્રરૂપેલા તત્ત્વોથી વિપરીત શ્રદ્ધા હોવી તેને મિથ્યાત્વ કહેવાય છે.

મિથ્યાત્વ આત્માનો જ પરિણામ છે. મિથ્યાત્વ (દર્શન) [૧]મોહનીય

---

૧. **કર્મો આઠ છે :** (૧) જ્ઞાનાવરણીયકર્મ, (૨) દર્શનાવરણીયકર્મ, (૩) મોહનીયકર્મ, (૪) અંતરાયકર્મ, (૫) આયુષ્યકર્મ, (૬) ગોત્રકર્મ, (૭) નામકર્મ અને (૮) વેદનીયકર્મ. આમાંથી પ્રથમના ચાર ઘાતીકર્મો છે. પછીના ચાર અઘાતી કર્મો છે. મોહનીયકર્મના બે પ્રકાર છે. એક, દર્શન મોહનીય અને બીજું, ચારિત્ર મોહનીય. આઠે કર્મના ક્ષયથી આત્માના અનંતજ્ઞાન,

કર્મના ઉદયથી પ્રવર્તતો એ મલિન (જીવાદિ તત્ત્વોની અશ્રદ્ધા સ્વરૂપ) પરિણામ છે. તેનાથી આત્માનો સમ્યગ્દર્શન (જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા સ્વરૂપ) વિશુદ્ધ પરિણામ દબાઈ જાય છે.

આત્માનો મૂળભૂત સ્વભાવ તો જગતવર્તી પદાર્થો જેવા સ્વરૂપે રહેલા છે તેવા સ્વરૂપે જોવા-જાણવાનો છે અને એ કાર્ય કરવા છતાં પણ સ્વસ્વરૂપમાં જ રમણતા કરવાનો એનો સ્વભાવ છે.

કર્મના કારણે આત્માનો આ મૂળભૂત સ્વભાવ છીનવાઈ ગયો છે. તે કર્મોમાં આઠ પૈકીનું મિથ્યાત્વ મોહનીયકર્મ ખૂબ ખતરનાક છે. એના ઉદયમાં જીવ જગતના પદાર્થોને ખોટી રીતે જોવાનું - મૂલવવાનું કામ કરે છે.

એટલે મિથ્યાત્વ = મિથ્યાદર્શન = જગતનું વિપરીત દર્શન. જે પદાર્થ જેવા સ્વરૂપે રહેલો છે, તે પદાર્થનો તેનાથી વિપરીત સ્વરૂપે જોવા - સદ્દહવાનું કામ મિથ્યાત્વ કરાવે છે.

ટૂંકમાં હેયને ઉપાદેયરૂપે અને ઉપાદેયને હેયરૂપે સંવેદવાનું કામ મિથ્યાત્વ કરાવે છે. તદુપરાંત, ઉન્માર્ગને સન્માર્ગરૂપે અને સન્માર્ગને ઉન્માર્ગરૂપે સદ્દહવાનું કાર્ય પણ મિથ્યાત્વના કારણે થાય છે.

(**હેય** = છોડવા યોગ્ય. આત્મા માટે અહિતકારી તત્ત્વોને **હેય** કહેવાય છે. વિષય-કષાય-ઉન્માર્ગ આદિ તત્ત્વો હેય છે.)

**ઉપાદેય** = સ્વીકારવા-આદરવા યોગ્ય. આત્મા માટે હિતકારી તત્ત્વોને **ઉપાદેય** કહેવાય છે. સંયમ-નિષ્કષાયતા-સન્માર્ગ આદિ તત્ત્વો **ઉપાદેય** છે.)

જે માર્ગથી સંસારનો નાશ થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય તેને

---

અનંતદર્શન, ક્ષાયિકસમ્યક્ત્વ-અનંતચારિત્ર, અનંતવીર્ય, અક્ષયસ્થિતિ, અગુરુલઘુ, અરૂપીપણું અને અવ્યાબાધપણું આ ગુણો પ્રગટે છે.

સન્માર્ગ કહેવાય છે અને જેનાથી સંસારની વૃદ્ધિ થાય અને મોક્ષ દૂર થાય તેને ઉન્માર્ગ કહેવાય છે.

**માર્ગ બત્રીસીમાં કહ્યું છે કે** - શાસ્ત્ર (જિનવચન) અને સુવિહિત પરંપરા (જીતવ્યવહાર) : આ બે સન્માર્ગ છે અને જિનવચનથી વિપરીત (અજિનનું વચન) અને અવિહિત પરંપરા, આ બે ઉન્માર્ગ છે.

મિથ્યાત્વ સન્માર્ગનું સાચું દર્શન કરવા દેતું નથી અને ઉન્માર્ગની પ્રીતિ કરાવે છે. કદાચ મિથ્યાત્વની હાજરીમાં સન્માર્ગ મળી ગયો હોય તો પણ તેમાં એની સન્માર્ગરૂપે પ્રીતિ હોતી નથી અને ઉન્માર્ગ પ્રત્યે અણગમો પણ હોતો નથી. સન્માર્ગની સાચી પ્રીતિ અને ઉન્માર્ગના અણગમા વિના મોક્ષમાર્ગનો પ્રારંભ થતો નથી.

→ **આત્માના મુખ્ય ત્રણ પરિણામ છે.** (૧) પદાર્થોને જાણવાનો (જ્ઞાન), (૨) સદ્દહવાનો (એ એ જ પ્રમાણે છે - એવી સદ્દહણા કરવાનો (સમ્યગ્દર્શન) અને (૩) જ્ઞાન-શ્રદ્ધા મુજબ રમણતા = પરિણમન કરવાનો (ચારિત્ર). મિથ્યાત્વ આ ત્રણેય પરિણામોને શુદ્ધ બનવા દેતો નથી.

→ **આ મિથ્યાત્વ ખૂબ ભયંકર દોષ છે.** તે બધે જ સ્થળે વિપરીતતા-વિસંવાદ ઊભો કરવાનું કામ કરાવે છે.

**આ મિથ્યાત્વ...**અતત્ત્વમાં કે તત્ત્વાભાસમાં તત્ત્વબુદ્ધિ કરાવે છે...દુઃખના કારણોમાં સુખબુદ્ધિ કરાવે છે અને સુખના કારણોમાં દુઃખબુદ્ધિ કરાવે છે...હેયમાં ઉપાદેયબુદ્ધિ અને ઉપાદેયમાં હેયબુદ્ધિ કરાવે છે...અદેવમાં દેવપણાની બુદ્ધિ, અગુરુમાં ગુરુપણાની બુદ્ધિ અને અધર્મમાં ધર્મપણાની બુદ્ધિ કરાવે છે[૧]...અધર્મમાં ધર્મસંજ્ઞા કરાવે છે...

---

૧. **अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या । अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ॥२-३॥** (યોગશાસ્ત્ર)

ધર્મમાં અધર્મસંજ્ઞા કરાવે છે...ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા કરાવે છે...માર્ગમાં ઉન્માર્ગસંજ્ઞા કરાવે છે...અજીવમાં જીવસંજ્ઞા અને જીવમાં અજીવ સંજ્ઞા કરાવે છે...અસાધુમાં સાધુસંજ્ઞા અને સાધુમાં અસાધુસંજ્ઞા કરાવે છે...

→ **મિથ્યાત્વ...**વિવિધ પ્રકારના નયોમાંથી કોઈ એકાદ નયને અથવા તો કોઈ એક નયના એક અંશને એકાંતે પકડાવે છે અને અન્ય નયો કે એક નયના અન્ય અંશોનો અપલાપ કરાવે છે.

→ **મિથ્યાત્વ...**શ્રીજિનેશ્વર પરમાત્માના ત્રિકાલાબાધિત વચનોમાં એ સત્ય હશે કે નહીં ? - તેમાં પ્રરૂપિત પદાર્થો સાચા હશે કે કાલ્પનિક હશે ! એવી શંકા કરાવે છે ?

→ **મિથ્યાત્વ...**સુદેવાદિ અને કુદેવાદિને તથા સુદર્શન અને કુદર્શનને એક સમાનશ્રદ્ધાથી જોવડાવાનું કામ પણ કરે છે. ટૂંકમાં એ તત્ત્વ-અતત્ત્વના વિવેકને આવરે છે.

→ **મિથ્યાત્વ...**કુતર્કોનો પક્ષપાત કરાવીને અને વિતંડાવાદનો આશરો લેવડાવીને વ્યુદ્ગ્રાહિત બનાવે છે. સત્ય-અસત્યનો નિર્ણય કરવા દેતું નથી. પકડેલા અસત્ય પ્રત્યે વ્યુદ્ગ્રાહિત રાખે છે.

→ **મિથ્યાત્વ...**ઉન્માર્ગની, મિથ્યાધર્મની, કુદેવાદિની, મિથ્યાદર્શન અને અપસિદ્ધાંતોની રૂચિ કરાવે છે.

→ **મિથ્યાત્વ...**આત્મા માટે તદ્દન પ્રતિકૂળ એવા પાપો-અધર્મો-દોષો-ભોગો આદિ ઉપર રૂચિ કરાવે છે અને ધર્મ-ગુણ-સંયમ-મોક્ષ આદિ ઉપર અરૂચિ કરાવે છે.

→ **મિથ્યાત્વ...**મિથ્યાધર્મોને જ શરણરૂપ મનાવડાવાનું કામ કરે છે.

→ **મિથ્યાત્વ...**બુદ્ધિમાં મતિભેદ ઊભો કરે છે. તેના કારણે શ્રીજિનેશ્વર પરમાત્માના વચનને ક્યાં તો મૂળથી સ્વીકારાતું નથી અથવા તો ખોટી રીતે ગ્રહણ કરે છે.

**⇒ મિથ્યાત્વના વિવિધ પ્રકાર**

અહીં અલગ-અલગ ગ્રંથોના આધારે મિથ્યાત્વના પ્રકારો જોઈશું. તેનાથી મિથ્યાત્વના સ્વરૂપનું વિશેષથી સ્પષ્ટીકરણ થશે.

**→ મિથ્યાત્વના પાંચ પ્રકાર :-**

મિથ્યાત્વના પાંચ પ્રકાર જણાવતાં **પંચવસ્તુક** ગ્રંથમાં કહ્યું છે કે,

**"अभिग्गहिअमणभिग्गहं च तह अभिनिवेसिअं चेव ।
संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा एअं ॥८६॥"**

– (૧) આભિગ્રહિક, (૨) અનાભિગ્રહિક, (૩) આભિનિવેશિક, (૪) સાંશયિક અને (૫) અનાભોગ : આ પાંચ પ્રકારનાં મિથ્યાત્વ છે. હવે દરેક મિથ્યાત્વનું સ્વરૂપ ક્રમશઃ જોઈશું -

**(૧) આભિગ્રહિક મિથ્યાત્વ[1] :-**

**જેને વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન નથી, એવો અજ્ઞાની જીવ પોતે સ્વીકારેલા પદાર્થો-મતો પ્રત્યે એવી શ્રદ્ધા ધરાવે છે કે, પોતે સ્વીકારેલા પદાર્થોથી ઉલટી વાતને તે સમજી શકે જ નહીં, એને આભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય છે.**

**જે જૈન કહેવાતો હોય તો પણ પોતાના કુલાચારથી આગમપરીક્ષાને બાધિત કરે (અર્થાત્ આગમમાં નિર્દિષ્ટ કરેલી આચાર સંહિતાને અને સિદ્ધાંતોને બાધિત કરે) છે, તો તે પણ આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવ છે. કારણ કે, સમ્યગ્દૃષ્ટિ જીવ અપરીક્ષિત વસ્તુનો (વિષય-આચાર-સિદ્ધાંતનો) પક્ષપાતી હોતો નથી.**

---

૧. **तत्र आभिग्रहिकम् - अनाकलिततत्त्वस्याप्रज्ञापनीयताप्रयोजकस्वरुपाभ्युपगतार्थश्रद्धानम् ॥** (ધર્મપરીક્ષા, શ્લોક-૮ની ટીકા) **यस्तु नाम्ना जैनोऽपि स्वकुलाचारेणैवागमपरीक्षां बाधते तस्याभिग्राहिकत्वमेव, सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात् ॥**

તદુપરાંત, કુમતનો - મિથ્યામતનો તથા કુલની પરંપરાથી પ્રાપ્ત થયેલાં સાચા અથવા મિથ્યાધર્મનો માત્ર કુલ પરંપરાને કારણે જેમને પક્ષપાત હોય છે, એવા જીવોમાં આભિગ્રહિક મિથ્યાત્વ રહેલું છે.

આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવ પોતે જેના ઉપર શ્રદ્ધા ધરાવે છે, તેની પરીક્ષા કરવા તૈયાર થતો નથી. તે તત્ત્વ અસત્ય હોવા છતાં તેને જ પકડી રાખે છે અને અન્યના તત્ત્વને સમજવા તૈયાર થતો નથી.

**અહીં ઉલ્લેખનીય છે કે,** આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવોના બે પ્રકાર પડે છે. મિથ્યામત જ સાચો લાગે છે - અસત્ય જ સાચું લાગે છે, તે આભિગ્રહિક મિથ્યાત્વી જીવો છે અને જિનમત સાચો લાગે છે, પરંતુ તે સાચો છે માટે નહીં પરંતુ કુલપરંપરાથી મળ્યો છે માટે, તો આવું માનનારા પણ આભિગ્રહિક મિથ્યાત્વી છે.

**(૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ[1] :-**

"સર્વે દેવો સારા છે - વંદનીય છે, સર્વે દર્શનો સારા-સાચા છે, સર્વે ગુરુઓ આરાધ્ય છે" - આવા પ્રકારની માન્યતા ધરાવતા અજ્ઞાની જીવોનું મિથ્યાત્વ **અનાભિગ્રહિક મિથ્યાત્વ** છે.

તદુપરાંત, "સર્વ દર્શનો (ધર્મો) સારા છે અથવા (એક જ પક્ષમાં) શ્વેતાંબરો અને દિગંબરો વગેરે સારા છે." આવી માન્યતા હોવી, એ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.

---

૧. **अनाभिग्रहिकं प्राकृतजनानाम्, सर्वे देवा वन्द्या न निन्दनीया, एवं सर्वे गुरवः, सर्वे धर्मा इतीत्याद्यनेकविधम् । ( धर्मसंग्रहः ) अनाभिग्रहिक किञ्चित् - सर्वदर्शनविषयम् - यथा 'सर्वाणि दर्शनानि शोभनानि' इति किञ्चिद्-देशविषयम् - यथा 'सर्व एव श्वेताम्बरदिगम्बरादिपक्षाः शोभनाः इत्यादि । ( धर्मपरीक्षा श्लो-१०, टीका ) स्वपराभ्युपगतार्थयोरविशेषेण श्रद्धानमनाभिग्रहिकम् - यथा "सर्वाणि दर्शनानि शोभनानि इति प्रज्ञावतां मुग्धलोकानाम् ।"** (ધર્મપરીક્ષા-૮/ટીકા)

વળી, તત્ત્વ અને અતત્ત્વનો જ્યાં વિવેક નથી, સાચું શું અને ખોટું શું ? એ જાણવાની-વિચારવાની જ્યાં ચિંતા નથી, તત્ત્વને માનવામાં પણ વાંધો નથી અને અતત્ત્વને માનવામાં પણ હરકત નથી, સર્વધર્મ સમાનતાની ભાવનાઓ જેનામાં રમે છે, તેવા જીવોમાં અનાભિગ્રહિક મિથ્યાત્વ રહેલું છે.

**આભિગ્રહિક મિથ્યાત્વમાં પોતે માનેલા તત્ત્વોને સાચા માનવાનો આગ્રહ હોય છે અને અન્યના તત્ત્વોને ખોટા પાડવાનો ઈરાદો હોય છે. જ્યારે અનાભિગ્રહિક મિથ્યાત્વમાં બીજાને ખોટા પાડવાનો આગ્રહ નથી. પરંતુ અજ્ઞાનના કારણે તમામ દેવો, ધર્મો, ગુરુઓ સાચા માનવાની માન્યતા હોય છે.**

**(૩) આભિનિવેશિક મિથ્યાત્વ[૧] :-**

સત્ય તત્ત્વને જાણવા છતાં પણ કદાગ્રહને વશ બની તેનો સ્વીકાર ન કરવો તે **આભિનિવેશિક મિથ્યાત્વ** છે.

એકવાર સમ્યક્ત્વ પામીને યથાર્થ તત્ત્વને જાણ્યા પછી કોઈકવાર શાસ્ત્રથી વિરુદ્ધ વાત પકડાઈ જાય અને તે પકડાઈ ગયા પછી તેને અભિમાન અને કદાગ્રહવશ છોડે જ નહીં, તે જીવને આભિનિવેશિક મિથ્યાત્વ છે.

ધર્મસંગ્રહ ગ્રંથમાં શ્રી ગોષ્ઠામાહિલજીનું ઉદાહરણ આ મિથ્યાત્વમાં આપ્યું છે. શ્રીગોષ્ઠામાહિલજી આત્મા સાથે કર્મનો બંધ કઈ રીતે થાય છે ? તે વિષયમાં વાચના દરમ્યાન પ્રભુવચનથી અન્યથા પ્રરૂપણા કરે છે. આત્મા અને કર્મનો સંબંધ પાણી અને દૂધની જેમ અથવા અગ્નિ

---

૧. **आभिनिवेशिकं जानतोऽपि यथावस्थितं दुरभिनिवेशविप्लावितधियो गोष्ठामाहिलादेरिव ।** (ધર્મસંગ્રહ) **विदुषोऽपि स्वरसवाहिभगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानमाभिनिवेशिकम् ।** (ધર્મપરીક્ષા, શ્લો-૮/ટીકા)

અને લોખંડની જેમ એકમેક થવા સ્વરૂપ છે, એવું પ્રભુએ ફરમાવ્યું છે. શ્રીગોષ્ઠામાહિલજી એના કરતાં અલગ રીતે બતાવે છે. કંચુકી અને શરીર વચ્ચેના સંબંધ જેવો સંબંધ આત્મા અને કર્મ વચ્ચે છે એમ તેઓએ પ્રરૂપણા કરી હતી. બહુશ્રુતો તેમને તેમની માન્યતા યથાર્થ નથી એમ જણાવે છે, છતાં પણ શ્રી ગોષ્ઠામાહિલજી પહેલાં તો ઘણી દલીલો કરે છે, પરંતુ પછીથી સાચી વાત જાણવા છતાં પણ પોતાની ખોટી વાત પકડી રાખે છે. ખોટી માન્યતાનો અભિનિવેશ પેદા થાય છે અને એ પ્રભાવ આભિનિવેશિક મિથ્યાત્વનો હતો.

આ મિથ્યાત્વ સમ્યગ્દર્શન પામ્યા પછી તેનાથી પતિત થનારને હોય છે. સ્વમત-ઉત્સૂત્રનો આગ્રહ પેદા થતાં આ મિથ્યાત્વ આવે છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** આ મિથ્યાત્વના ઉદયમાં અહંકાર અને અહંકાર ગર્ભિત કદાગ્રહ કામ કરી જાય છે. એકવાર ઉત્સૂત્ર બોલવાની ભૂલ થઈ ગયા પછી અહંકાર એ ઉત્સૂત્ર વચનને પાછું વાળવાની ના પાડે છે. તેના કારણે ઉત્સૂત્રનો આગ્રહ પેદા થાય છે અને ઉત્સૂત્રને સાચું ઠેરવવાનો પ્રયત્ન પણ થાય છે. એ વખતે વ્યક્તિ જાણે પણ છે કે હું ખોટો છું, છતાં પણ અહંકાર પ્રતિષ્ઠાહાનિનો ભય બતાવીને અસત્યથી પાછા ફરવા દેતો નથી. અહંકાર સમજાવે છે કે, તારા હાથે બોલેલું પાછું વાળીશ તો તારી પ્રતિષ્ઠાને હાનિ થશે, તારી વિદ્વત્તા જોખમમાં મૂકાશે, તારો ભક્તવર્ગ તારાથી વિમુખ બની જશે વગેરે વગેરે...એના યોગે જીવ ઉત્સૂત્રને પકડી રાખે છે અને એનું સમર્થન કરી મહાપાપ બાંધે છે. પોતે પણ સંસારમાં ડૂબે છે અને બીજા લોકોને પણ ડૂબાડે છે.

**વળી, ધર્મપરીક્ષામાં કહ્યું છે કે, આ મિથ્યાત્વને વશ બનેલો જીવ વિદ્વાન હોય છે અને જિનવચનને યથાવસ્થિતપણે જાણતો પણ હોય છે, છતાં પણ વીતરાગ પ્રરૂપિત શાસ્ત્રાર્થને પોતાના કદાગ્રહવશ બાધિત કરે છે અને શાસ્ત્રનિરપેક્ષ માન્યતામાં ગાઢ શ્રદ્ધા કરનારો બને છે.**

**(૪) સાંશયિક મિથ્યાત્વ[૧] :-**

શ્રીજિનેશ્વર પરમાત્માના વચનો પ્રામાણિક હશે કે નહીં ? શ્રીજિનેશ્વરોએ બતાવેલાં શાસ્ત્રો અને એમાં વર્ણવાયેલાં તત્ત્વો સાચા હશે કે નહીં ? - આવો પ્રભુવચનના પ્રામાણ્યના સંશયથી પ્રયુક્ત શાસ્ત્રના પદાર્થોનો ગાઢ સંશય થાય, તેને સાંશયિક મિથ્યાત્વ કહેવાય છે.

વળી, કયા દેવ-ગુરુ-ધર્મ સાચા હશે ? અને કયા ખોટા હશે ! એ વિષયમાં પણ અત્યંત અવઢવવાળી સ્થિતિ હોવી તે સાંશયિક મિથ્યાત્વ છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** શાસ્ત્રના અધ્યયન વખતે સૂક્ષ્મ પદાર્થોને વિશે સંશય થાય એટલા માત્રથી સાંશયિક મિથ્યાત્વ છે એમ ન સમજવું. કારણ કે, એ સંશય તો "શ્રીજિનેશ્વરે જે કહ્યું છે, તે સાચુ છે - શંકા વિનાનું છે" આવા નિશ્ચયથી નિવર્તનીય છે. આથી જે સંશય ગાઢ છે અને તેથી અનિવર્તનીય (નિવૃત્ત ન થાય તેવો) હોય, તે સાંશયિક મિથ્યાત્વ છે.

**(૫) અનાભોગ મિથ્યાત્વ[૨] :-**

આ મિથ્યાત્વ વિચારશૂન્ય એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સમૂર્ચ્છિમ વગેરે જીવોને અને વિશેષજ્ઞાનથી રહિત મુગ્ધજીવોને હોય છે. ધર્મપરીક્ષા

---

૧. **सांशयिकं देव-गुरु-धर्मेष्वयमन्यो वेति संशयानस्य भवति ।** (ધર્મસંગ્રહ) **भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तः शास्त्रार्थसंशयः सांशयिकम् ।** (ધર્મપરીક્ષા શ્લોક-૮/ટીકા)

૨. **अनाभोगिकं विचारशून्यस्यैकेन्द्रियादेर्वा विशेषज्ञानविकलस्य भवति । इदमपि सर्वांशविषयाव्यक्तबोधस्वरुपं विवक्षितकिञ्चिदंशाव्यक्तबोधस्वरुपं चेत्यनेकविधम् ।** (ધર્મસંગ્રહ) **साक्षात्परम्परया च तत्त्वाप्रतिपत्तिरनाभोगम् । यथैकेन्द्रियादीनां तत्त्वातत्त्वनवध्यवसायवतां मुग्धलोकानां च ।** (ધર્મપરીક્ષા, શ્લો-૮/ટીકા)

ગ્રંથમાં કહ્યું છે કે, સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વનો અસ્વીકાર કરવો, તે અનાભોગ મિથ્યાત્વ છે. એકેન્દ્રિયાદિ જીવો અને તત્ત્વ-અતત્ત્વના અધ્યવસાય વિનાના મુગ્ધજીવોને આ મિથ્યાત્વ હોય છે.

**● વિશેષ ખુલાસો :-**

**પૂર્વોક્ત પાંચે પ્રકારનાં મિથ્યાત્વમાં કયા મિથ્યાત્વો વધારે ખરાબ છે અને કયા ઓછા ખરાબ છે, એનો ખુલાસો કરતાં ધર્મસંગ્રહ ગ્રંથમાં કહ્યું છે કે,**[1]

તે પાંચ પૈકીના આભિગ્રહિક અને આભિનિવેશિક મિથ્યાત્વ મોટા છે - ખૂબ ખરાબ છે. કારણ કે, વિપર્યાસ સ્વરૂપ છે. આભિગ્રહિક મિથ્યાત્વમાં સત્ય તત્ત્વને જાણીને સ્વીકારવાની તૈયારી નથી અને પોતાના મતનો આગ્રહ છે. આભિનિવેશિક મિથ્યાત્વમાં સત્ય તત્ત્વને જાણવા છતાં પોતાની માન્યતાનો એટલો બધો આગ્રહ છે કે, તે સત્યનો સ્વીકાર અને અસત્યનો ત્યાગ કરી શકતો નથી. તદુપરાંત, આભિનિવેશિક મિથ્યાત્વવાળો જીવ પોતાનું તત્ત્વ અસત્ય હોવા છતાં એને સત્ય તરીકે પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. **તેથી આ બંને મિથ્યાત્વ વિપર્યાસ સ્વરૂપ હોવાથી સાનુબંધ ક્લેશના કારણ બને છે.**

---

१. **एतेषु मध्ये आभिग्राहिकाऽऽभिनिवेशिके गुरुके, विपर्यासरुपत्वेन सानुबन्धक्लेशमूलत्वात् । शेषाणि त्रीणि (न) विपरीतावधारणरुप-विपर्यासव्यावृत्तत्वेन तेषां क्रूरानुबन्धफलकत्वाभावात् । तदुक्तं चोपदेश-पदेएसो अ एत्था गुरुओ, णाणज्झवसायसंसया एवं । जम्हा असप्पवित्ती, एसो सव्वत्थणत्थफला ॥१॥ (उप. प. / गा-११८) दुष्प्रतीकारा-ऽसत्प्रवृत्तिहेतुत्वेन एष विपर्यासोऽत्र गरीयान् दोषः । न त्वनध्यवसायसंशया-वेवम्भूतातत्त्वाभिनिवेशाभावात् तयोः सुप्रतीकारत्वेनात्यन्तानर्थसम्पाद-कत्वाभावादित्येतत्तात्पर्यार्थः** (ધર્મસંગ્રહ)

જ્યારે અનાભિગ્રહિક, સાંશયિક અને અનાભોગ મિથ્યાત્વમાં જે વિપરીત અવધારણ રૂપ વિપર્યાસ પેદા થયો છે, તે યોગ્ય પ્રયત્નો દ્વારા નિવર્તનીય (દૂર થાય તેવો) હોવાના કારણે તે ત્રણ મિથ્યાત્વ ક્રૂર અનુબંધના ફળવાળાં હોતાં નથી.

→ મિથ્યાત્વના અન્યશૈલીથી છ પ્રકાર પણ બતાવ્યા છે તે નીચે મુજબ છે -

**→ મિથ્યાત્વના છ પ્રકાર :-**

પૂજ્યપાદ મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજાએ **"મિથ્યાત્વ પાપ સ્થાનક"** સજ્ઝાયમાં મિથ્યાત્વના છ પ્રકાર નીચે મુજબ જણાવ્યા છે.

**"લોક લોકોત્તર ભેદ એ ષડ્વિધ, દેવ ગુરુ વળી પર્વજી,**
**સંગતિ-તિહાં લૌકિક ત્રણ આદર, કરતાં પ્રથમ તે ગર્વ જી,**
**લોકોત્તર દેવ માને નિયાણે, ગુરુ જે લક્ષણ હીણા જી,**
**પર્વનિષ્ઠે ઇહ લોકને કાજે, માને ગુરુપદ-લીના જી." (૫)**

**(૧) લૌકિક દેવવિષયક મિથ્યાત્વ :-**

હરિહર, બ્રહ્મા, વિષ્ણુ આદિ લૌકિક દેવોને પ્રણામાદિ કરવા, પૂજાદિ કરવા કે તેમના મંદિર આદિમાં જવું, **તે લૌકિક દેવવિષયક મિથ્યાત્વ છે.**

**(૨) લૌકિક ગુરુવિષયક મિથ્યાત્વ :-**

પરિવ્રાજક, સંન્યાસી, તાપસ આદિ લૌકિક ગુરુઓને પ્રણામાદિ કરવા, પૂજાદિ કરવા કે તેમની કથાનું શ્રવણ કરવું, **તે લૌકિક ગુરુવિષયક મિથ્યાત્વ છે.**

**मइभेया पुव्वमाह संसग्गीए य अभिनिवेसेणं ।**
**चउहा खलु मिच्छत्तं साहूण अदंसणेणहवा ॥५॥**

– મિથ્યાત્વના ચાર પ્રકાર આ મુજબ છે - (૧) મતિભેદ મિથ્યાત્વ, (૨) પૂર્વ વ્યુદ્ગ્રહ મિથ્યાત્વ, (૩) સંસર્ગ મિથ્યાત્વ અને (૪) અભિનિવેશ મિથ્યાત્વ. આ પ્રકારો પ્રાયઃ સંયમથી અથવા સમ્યક્ત્વથી પતિત થનારને ઘટે છે.

(૧) મતિભેદ થવાના કારણે જીવ શ્રીજિનેશ્વર પરમાત્માના વચનને ખોટી રીતે ગ્રહણ કરે છે (અને યાવત્ અન્ય જીવોમાં મતિભેદ ઊભો કરે છે.) શ્રીજમાલિજીનું મિથ્યાત્વ આ પ્રકારનું ગણી શકાય. અહીં યાદ રાખવું કે, 'મતિભેદ' નામનો દોષ મિથ્યાત્વની પ્રાપ્તિનું કારણ બને છે. એટલે કારણમાં (હેતુમાં) ફળનો (કાર્યનો) ઉપચાર કરીને મિથ્યાત્વપ્રાપ્તિના કારણરૂપ મતિભેદ દોષને 'મિથ્યાત્વ' કહેવામાં આવેલ છે. બાકીના ત્રણ માટે પણ એ જ રીતે જાણવું.

(૨) કુતર્કનો (કુનયનો) પક્ષપાત ઉત્પન્ન થયો છે અથવા નયના એકાદ અંશનો જ આત્યંતિક આગ્રહ પેદા થયો છે અને એના યોગે જીવ જિનવચનમાં અશ્રદ્ધા કરે છે, તેનામાં પૂર્વવ્યુદ્ગ્રહ નામનું મિથ્યાત્વ રહેલું છે. ગોવિન્દ પાઠક આ મિથ્યાત્વના કારણે શ્રીજિનવચનથી દૂર રહ્યા હતા. આ મિથ્યાત્વની પ્રાપ્તિ અને સ્થિરતામાં કારણ પૂર્વગ્રહ નામનો દોષ છે.

(૩) મિથ્યાત્વીઓના પરિચયના કારણે જેઓ સમ્યક્ત્વથી પતન પામે છે, તેમનામાં ત્રીજું **સંસર્ગ મિથ્યાત્વ** રહેલું છે.

(૪) શાસ્ત્રનિરપેક્ષતા-સ્વચ્છંદતાનો અત્યંત આવેશ ઉત્પન્ન થયો છે અને એના યોગે જેઓ શ્રદ્ધાનો નાશ કરી રહ્યા છે, એવા જીવોમાં અભિનિવેશ નામનું મિથ્યાત્વ પ્રગટે છે.

**⇒ મિથ્યાત્વની ભયંકરતા**

→ **'મિથ્યાત્વ' ખૂબ ખતરનાક દોષ છે.** આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે-

**"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।**
**न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥"**

– **મિથ્યાત્વ** સમાન (આત્માના ગુણોને લુંટનારો) બીજો કોઈ **શત્રુ** નથી.

– **મિથ્યાત્વ** સમાન (ભાવપ્રાણોનો નાશ કરનારું) બીજું કોઈ **વિષ** નથી.

– **મિથ્યાત્વ** સમાન (આત્માના ભાવ આરોગ્યને હણી લેનાર) બીજો કોઈ **રોગ** નથી.

– **મિથ્યાત્વ** સમાન (આત્મામાં-જીવનમાં અંધકાર ફેલાવનાર) બીજો કોઈ **અંધકાર** નથી.

→ **સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણ**માં મિથ્યાત્વ દોષની ભયંકરતા વર્ણવતાં કહ્યું છે કે -

મિથ્યાત્વ સૌથી ભયંકર દુર્ગુણ છે. સર્વ સદ્‌ગુણોના મૂળ-આધાર તુલ્ય સમ્યગ્દર્શનને હણનાર મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વ જેની સાથે બેસે - જેમાં ભળે તેને બગાડવાનું કામ કરે છે. તે બુદ્ધિમાં ભળે તો બુદ્ધિને બગાડે છે. તે દાનમાં ભળે તો દાનને મલિન કરી નાંખે છે. તે ચારિત્ર સાથે બેસે તો ચારિત્રને અસાર કરી નાંખે છે. ટૂંકમાં મિથ્યાત્વ ખતરનાક દોષ છે. તેની ભયંકરતા જણાવતાં **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે,

**मिच्छत्तपडलसंछन्नदंसणा वत्थुतत्तमनियंता ।**
**अमुणंता हियमहियं, निवडंति भवावडे जीवा ॥१०॥**

**ता मिच्छपडिच्छंदं, हत्थं उच्छिदिऊण मिच्छत्तं ।**
**पयडियजिणुत्ततत्तं, भो भव्वा ! भयह सम्मत्तं ॥११॥**

**● મિથ્યાત્વ પરમ અંધકાર છે :-**

જેમ અંધકાર સામે રહેલી વસ્તુઓના સ્પષ્ટ દર્શનને અશક્ય બનાવી દે છે, તેમ મિથ્યાત્વ પણ આત્માના હિતાહિતનાં માર્ગના સ્પષ્ટ દર્શનને અશક્ય બનાવી દે છે. અંધકાર પ્રકાશનો અભાવ કરે છે, તો મિથ્યાત્વ હિતાહિતના સુવિવેકનો અભાવ કરી દે છે. પ્રકાશના અભાવમાં માણસ જેમ મુંઝાય છે, અથડાય-કૂટાય છે, તેમ સુવિવેકના અભાવમાં પણ જીવ મુંઝાય છે અને સંસારમાં અથડાય - કૂટાય છે. સુખ માટેનો પ્રયત્ન દુઃખ આપે છે અને દુઃખના નિવારણના પ્રયત્ન દુઃખ વધારી આપે છે.

સ્થૂલ અંધકાર તો એકવાર ઉંડી ખીણમાં નાંખી જીવન ખતમ કરી આપે છે, પરંતુ મિથ્યાત્વનો અંધકાર તો ભવોભવ સંસારની ખીણમાં નાંખવાનું કામ કરે છે. કારણ કે, બોધ-વિવેકના અભાવમાં દુઃખના કારણોમાં સુખ માનીને ધસી જવાનું થાય છે અને એના યોગે અનંતા પાપકર્મોથી આત્મા ભારે થાય છે. ક્ષણિક સુખની આસક્તિ અનંતી કાર્મણવર્ગણાથી આત્માને મલિન બનાવી દે છે.

**● મિથ્યાત્વ પરમ શત્રુ છે :-**

જેમ શત્રુ આપણને વિવિધ પ્રકારે હાનિ પહોંચાડે છે, તેમ મિથ્યાત્વ પણ આત્મવૈભવ રૂપ જ્ઞાનાદિ-ક્ષમાદિ-વિનયાદિ ગુણોને હાનિ પહોંચાડે છે - ખતમ કરી નાંખે છે. જેમ શત્રુનું અસ્તિત્વ સતત ભયમાં રાખે છે, તેમ મિથ્યાત્વ પણ જીવને સતત ભયમાં રાખે છે - અસ્વસ્થ રાખે છે. શત્રુ એકભવ બગાડે છે, જ્યારે મિથ્યાત્વ ભવોભવ જ્ઞાનાદિ ગુણોની હાનિ પહોંચાડી બગાડે છે. જેમ શત્રુ આપણા કાર્યો બગાડે છે, તેમ મિથ્યાત્વ પણ તમામ શુભ કાર્યોને બગાડવાનું કામ કરે છે અને શત્રુ તો બાહ્ય નુકશાન પહોંચાડે છે. જ્યારે મિથ્યાત્વ તો અભ્યંતર નુકશાન પહોંચાડે છે અને એ પણ યાવત્ અનંતભવો સુધી.

**● મિથ્યાત્વ પરમ વિષ છે :**

જેમ વિષ દ્રવ્યપ્રાણોનો નાશ કરે છે, તેમ મિથ્યાત્વ આત્માના જ્ઞાનાદિ ભાવપ્રાણોનો નાશ કરે છે. વિષ એક ભવ ખતમ કરે છે. મિથ્યાત્વ ભવોભવ મારે છે.

મિથ્યાત્વ જ્ઞાનાદિ ભાવપ્રાણોને પ્રગટવા ન દે અને પ્રગટેલા જ્ઞાનાદિનો નાશ કરે છે.

**● મિથ્યાત્વ અનેક જન્મો બગાડે છે :**

આ રીતે રોગ, અંધકાર, શત્રુ અને વિષ તો એક જન્મમાં જ દુઃખ આપનારાં થાય છે. જ્યારે મિથ્યાત્વ તો જીવને હજારો જન્મોમાં દુઃખ આપનારું છે.

**પ્રશ્ન : મિથ્યાત્વ સૌથી ભયંકર દોષ કેમ છે ?**

**ઉત્તર :** અનંત ભવભ્રમણ અને તેમાં પ્રાપ્ત થતા આધિ-વ્યાધિ-ઉપાધિ-રોગ-શોક-સંતાપ આદિ અનંત દુઃખોમાં કારણ બનનારા કારણોમાં શિરોમણિ સ્થાને મિથ્યાત્વ છે. આથી મિથ્યાત્વ ખૂબ ભયંકર દોષ છે.

**પ્રશ્ન : મિથ્યાત્વ અનંત ભવભ્રમણનું કારણ કેમ બને છે ?**

**ઉત્તર :** મોક્ષથી દૂર રાખનાર અને અનંત ભવભ્રમણ કરાવનાર અકુશલાનુબંધી કર્મ છે. કર્મથી ભવભ્રમણ થાય છે. પરંતુ કર્મની તાકાત અકુશલ અનુબંધો છે અને તીવ્ર અકુશલ અનુબંધોનું સર્જન ગાઢ અજ્ઞાન, તીવ્ર અવિવેકની પરાકાષ્ઠા અને ગાઢ આસક્તિના કારણે થાય છે તથા ગાઢ અજ્ઞાનાદિનું કારણ મિથ્યાત્વ છે. આથી મિથ્યાત્વના યોગે જે કર્મબંધ થાય છે, તે સંક્લિષ્ટ કર્મબંધ હોય છે. તેનાથી કર્મપ્રવાહની પરંપરા ચાલ્યા જ કરે છે અને એના યોગે જીવને અનંત ભવભ્રમણ થાય છે તથા અનંતા દુઃખોની પ્રાપ્તિ થાય છે. મિથ્યાત્વની હાજરીમાં શુભાશુભ પ્રવૃત્તિથી બંધાતા શુભાશુભ કર્મમાં અનુબંધો તો અશુભ જ પડે

છે...ધર્મપ્રવૃત્તિ કરવા છતાં અધર્મની રૂચિને જીવંત રાખનાર છે...ઉત્સૂત્ર પ્રવૃત્તિ-પ્રરૂપણાનો આગ્રહ રખાવનાર છે...ગુણસેવન કરવા છતાં પણ અનુબંધમાં દોષ આપનાર છે...કુનયની દુર્વાસના પેદા કરનાર છે..અનેકાંતને (સ્યાદ્વાદને) બદલે એકાંતમાં રૂચિ રખાવનાર છે...મૈત્રી આદિ ભાવનાઓને વિકસિત ન થવા દેનાર છે...ભવાભિનંદીપણાને ખીલવનાર છે...અપરીક્ષિત વસ્તુને ગ્રહણ કરવાની પ્રેરણા આપનાર છે...શાસ્ત્રમતિના બદલે સ્વમતિ-બહુમતિમાં રૂચિ કરાવનાર છે...દુઃખદાયી પૌદ્ગલિક પદાર્થોમાં (દુન્યવી સામગ્રીમાં) સુખબુદ્ધિ કરાવનાર છે...શાસ્ત્રવચનને બદલે ખોટા અભિનિવેશોને પુરસ્કૃત કરનાર છે...અનંત સંસારનો સર્જક છે...**અને એટલે જ મિથ્યાત્વ હલાહલ વિષ છે. વિષ તો એક ભવ બગાડે છે. જ્યારે મિથ્યાત્વ તો અનંતા ભવો બગાડે છે.**

હવે આગળના પ્રકરણમાં મિથ્યાત્વ-મિથ્યાત્વી અને તેની સાથે સંબંધિત વિષયો અંગે ગ્રંથકારોનો અભિપ્રાય રજૂ કરવામાં આવશે.

= XX = XX =

# પ્રકરણ - ૨ : મિથ્યાત્વ આદિ અંગે ગ્રંથકારોના અભિપ્રાયો

**(૧) ભક્તપરિજ્ઞાગ્રંથ**

**दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्जंति चरणरहिआ दंसणरहिआ न सिज्जंति ॥**

– સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય છે, તે (વાસ્તવમાં બધી રીતે) ભ્રષ્ટ છે. સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલાની મુક્તિ થતી નથી. (હજું) ચારિત્રથી રહિત (ભ્રષ્ટ) બનેલાની મુક્તિ થાય છે. પરંતુ સમ્યગ્દર્શનથી રહિતની મુક્તિ થતી નથી.

**(૨) વિશેષાવશ્યકભાષ્ય** (રચયિતા : પૂ. ક્ષમાક્ષમણ શ્રીજિનભદ્ર-ગણિવર્યજી મ.સા.)

**भट्ठेण चरित्ताओ सुट्ठुकरं दंसणं गहेअव्वं ।**
**सिज्जंति चरणरहिओ दंसणरहिओ न सिज्जंति ॥**

– ચારિત્રથી ભ્રષ્ટ થયેલા વડે પણ સમ્યગ્દર્શન સારી રીતે ગ્રહણ કરવા યોગ્ય છે. કારણ કે, (દ્રવ્ય) ચારિત્રથી રહિત જીવનો મોક્ષ થાય છે પરંતુ સમ્યગ્દર્શનથી રહિત જીવનો મોક્ષ થતો નથી.

**(૩) ૧૨૫ ગાથાનું સ્તવન** (રચયિતા : પૂ.મહોપાધ્યાય શ્રીયશો-વિજયજી મહારાજા)

**“જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ,**
**મિથ્યાદષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ.” (૧૪)**

**(૪) ૧૨૫ ગાથાનું સ્તવન**

**(A) સૂત્ર વિરુદ્ધ જે આચરે, થાપે અવિધિના ચાલા રે,**
**તે અતિનિબિડ મિથ્યામતિ, બોલે ઉપદેશમાલા રે. (૭૪)**

**પુરુષના ઔદાર્યાદિ ગુણોની જેમ વિવેકી એવા સજ્જનોને પ્રશંસનીય બનતા નથી.** (કારણ કે, જેમ ઉન્મત્ત પુરુષના ગુણો આભાસિક છે, તેમ શાસ્ત્ર પ્રત્યે અનાદરવાળા જીવના ગુણો પણ આભાસિક છે.)

**(૯) જ્ઞાનસાર**

**(A) अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥२४-५॥**

– અદૃષ્ટ અર્થમાં (અર્થાત્ મોક્ષાદિ અતીન્દ્રિય વિષયોમાં) શાસ્ત્રરૂપી દીપક વિના દોડતા એવા જડ લોકો ડગલે ને પગલે સ્ખલના પામતાં અત્યંત ખેદને પ્રાપ્ત કરે છે અર્થાત્ સ્વતંત્રમતિથી ચાલીને આલોક અને પરલોક ઉભયમાં વિડંબણાઓનો ભોગ બને છે.

(B) **लोकमालम्ब्य कर्त्तव्यं, कृतं बहुभिरेव चेत् ।**
**तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात् कदाचन ॥२३-४॥**

– જો લોકને આલંબીને ઘણા લોકોએ કર્યું હોય તે જ કરવાનું હોય, તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ ક્યારેય છોડવા યોગ્ય બનશે નહીં. કારણ કે, તેમની બહુમતિ છે.

**(૧૦) ચૈત્યવંદન મહાભાષ્ય :-**

**नत्थि परलोगमग्गे पमाणमन्नं जिणागमं मोत्तुं ।**
**आगमपुरस्सरं चिय करेइ तो सव्वकिच्चाइ ॥**

– પરલોક માર્ગમાં (મોક્ષમાર્ગમાં) જિનાગમ વિના અન્ય કોઈ પ્રમાણભૂત નથી. તેથી (આત્મલક્ષી) સર્વ કાર્યો આગમને આગળ કરીને જ (આગમમાં જણાવ્યા પ્રમાણે જ) કરવા જોઈએ.

**(૧૧) ૩૫૦ ગાથાનું સ્તવન**

**" નિહ્નવ પ્રમુખ તણી જેમ કિરિયા, જેહ અહિંસા રુપ,**
**સૂર દૂરગતિ દેઈ તે પાડે, દુત્તર ભવજલકૂપ ॥૧૦॥"**

(૧૨) ગચ્છાચાર પ્રયન્ના

**(A) उम्मग्गमग्गसंपट्ठिआण, साहूण गोअमा ! नूणं ।**
**संसारो अ अणंतो होइय सम्मग्गनासीणं ॥३१॥**

**सुद्धं सुसाहुमग्गं, कहमाणो ठवइ तइअपक्खम्मि ।**
**अप्पाणं, इयरो पुण, गिहत्थधम्माओ चुक्कत्ति ॥३२॥**

**जइवि न सक्कं काउं, सम्मं जिणभासिअं अणुट्ठाणं ।**
**तो सम्मं भासिज्जा, जह भणिअं खीणरागेहिं ॥३३॥**

**ओसन्नोऽवि विहारे, कम्मं सोहेइ सुलहबोही य ।**
**चरणकरणं विसुद्धं, उववूहंतो परूविंतो ॥३४॥**

– ઉન્માર્ગગામીના માર્ગમાં વર્તનારા અને સન્માર્ગનો નાશ કરનારા માત્ર સાધુવેશ ધરનારાઓને હે ગૌતમ ! જરૂરથી અનંતસંસાર થાય છે. (૩૧)

પોતે પ્રમાદી હોય, તો પણ શુદ્ધ સાધુમાર્ગની પ્રરૂપણા કરે અને પોતાને સાધુ તથા શ્રાવક પક્ષ સિવાય ત્રીજા સંવિગ્નપક્ષમાં સ્થિત કરે છે. પણ આથી વિપરીત અશુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનાર પોતાને ગૃહસ્થધર્મથી પણ ભ્રષ્ટ કરે છે. (૩૨)

પોતાની દુર્બલતાને કારણે કદાચ ત્રિકરણ શુદ્ધે જિનભાષિત અનુષ્ઠાન કરી ન શકે, તો પણ જેમ શ્રીવીતરાગ દેવે કહ્યું છે, તેમ યથાર્થ સમ્યક્ પ્રકારે તત્ત્વ પ્રરૂપે. (૩૩)

મુનિચર્યામાં શિથિલ હોવા છતાં પણ વિશુદ્ધ ચરણસિત્તરી અને કરણસિત્તરીની પ્રશંસા કરતો અને પ્રરૂપણા કરતો જીવ કર્મોને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે.

(૧૩) સંબોધ સપ્તતિ

**कट्ठं करंति अप्पं, दमंति अत्थं चयंति धम्मत्थी ।**
**इक्कं न चयइ उस्सूत्तविसलवं जेण बुड्डंति ॥४८॥**

(૧૬) સેનપ્રશ્ન :

**(A) પ્રશ્ન : કોઈ એક પાસત્થા વગેરે મૂલકર્મ વગેરેમાં દુષ્ટ ક્રિયાકારી હોય, પણ શુદ્ધ પ્રરૂપક હોય અને બીજો તપસ્યા વગેરે બહુ ક્રિયાવાળો હોય. પણ ઉત્સૂત્ર પ્રરૂપક હોય. આ બેમાં કોણ બહુલસંસારી અને કોણ અલ્પસંસારી ?**

**ઉત્તર :** આ બેમાં કોણ બહુલ-સંસારી ? અને કોણ અલ્પસંસારી ? તે નિર્ણય આપણાથી કરી શકાય નહિ. કેમ કે, તેવા પ્રકારના શાસ્ત્રના અક્ષરો દેખાતા નથી. તેમજ, જીવોનો પરિણામ વિચિત્ર હોય છે. તેનો સર્વથા નિર્ણય તો સર્વજ્ઞ ભગવાન કરી શકે. **પરંતુ, વ્યવહારને અનુસરીને ઉત્સૂત્રપ્રરૂપક બહુલ સંસારી હોય, એમ સંભવે છે.** ||૧-૧૩||

**(B) પ્રશ્ન : ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા છતાં મહાવ્રતનું પાલન, તપશ્ચર્યા વગેરે ક્રિયા કરે, તેઓ હળવાકર્મી થાય કે નહિ ?**

**ઉત્તર :** ઉત્સૂત્રપ્રરૂપક નિહ્નવ વગેરે મહાવ્રતની ઉગ્રક્રિયા સહિત હોય, તો ઉત્કૃષ્ટથી **નવમા ગ્રૈવેયક** સુધી ઉપજે છે, તેથી મહાવ્રતની ક્રિયા દ્વારા મેળવેલ શુભ ફળ તેઓને ભલે હોય, પણ તેઓને હળવા કર્મીપણું થાય કે ભારે કર્મીપણું થાય ? તે તો સર્વજ્ઞ ભગવાન જાણે. ||૧-૧૮||

**(C) ( १ ) उदयम्मि जा तिही सा प्रमाणमिअरीइ कीरमाणीअे । आणाभंगऽणवत्था, मिच्छत्तं विराहणं पावे ॥१॥ इति वृद्धसम्प्रदाय-गाथां 'क्षये पूर्वा तिथिकार्ये' त्याद्युमास्वातिवाचकप्रणीतश्लोकं चानभ्युपगच्छतः प्रसह्य तदर्थं प्रामाण्याङ्गीकरणे किञ्चिद् युक्त्यन्तर-मप्यस्ति नवेति ?**

**प्रश्नोत्तरं-'उदयंमि जा तिही सा' 'क्षये पूर्वातिथिः कार्या' एतयोः प्रमाण्यविषये श्राद्धविधि सुविहिताऽविच्छिन्नपरंपरा च प्रमाणमिति ज्ञातमस्ति तथा आदित्योदयवेलायां यास्तोकापि तिथिर्भवेत् । सा सम्पूर्णेति मन्तव्या, प्रभूता नोदयं विना ॥३॥ इति पाराशरस्मृत्यादाव-प्युक्तमस्तीति ॥१०२॥ ( प्रथम उल्लास - पृष्ठ-३४ )**

**અર્થ :** 'ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ કરવી જોઈએ, બીજી પ્રમાણ કરતાં આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના લાગે' - એવી વૃદ્ધ સંપ્રદાયથી ઉતરી આવેલી ગાથાને અને 'ક્ષય હોય ત્યારે પૂર્વતિથિ ગ્રહણ કરવી' **ઈત્યાદિ શ્રી ઉમાસ્વાતિ મહારાજાના શ્લોકને જેઓ સ્વીકારતા નથી, તેઓને તેનો અર્થ માનવો પડે એવી કોઈ બીજી યુક્તિ છે કે નહિ ? આવો પ્રશ્ન છે.** એનો ઉત્તર એ છે કે, **ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ** ગણવી ઈત્યાદિ અને **ક્ષયમાં પૂર્વતિથિ** કરવી, ઈત્યાદિ બંનેને **પ્રમાણ રાખવામાં શ્રીશ્રાદ્ધવિધિ અને અવિચ્છિન્ન સુવિહિત પરંપરા આધારરૂપે માલૂમ પડે છે** તથા 'સૂર્યોદય વખતે જે તિથિ થોડી પણ હોય તે સંપૂર્ણ તરીકે માનવી જોઈએ. પણ વધારે ઘડીપ્રમાણ હોવા છતાં ઉદયમાં ન હોય તો તે ન માનવી'-**એવું પારાશરસ્મૃતિ આદિ ઈતર-ગ્રંથોમાં પણ કહેલું છે.**

**(D) પ્રશ્ન : આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતવ્યવહાર આ પાંચ પ્રકારના વ્યવહારમાં હાલ કેટલા વ્યવહારો વર્તે છે ?**

**ઉત્તર :** આગમ વ્યવહાર હમણાં નથી જ, શ્રુતવ્યવહાર પણ હાલ સંપૂર્ણ નથી, પણ કેટલોક પ્રવર્તે છે, માટે હાલ શ્રુત વગેરે ચાર વ્યવહારો છે, એમ તો કહી શકાય છે જ. તેમાં પણ પ્રાયશ્ચિત્તો ઘણું કરીને **જીત વ્યવહારથી** અપાય છે. ॥૨-૧૩૯॥

**(E) પ્રશ્ન :** જેણે પ્રતિષ્ઠિત કરેલું જિનબિંબ આપણાથી વંદાય છે, તો તેમને વંદના કેમ કરાતી નથી ?

**ઉત્તર : पासत्थो ओसन्नो कुसील संसत्तओ अहाछंदो ।**
**दुग दुग ति दुग णेगविहा, अवंदणिज्जा जिणमयंमि ॥**

"બે પ્રકારના પાસત્થા, બે પ્રકારે ઓસન્નો, ત્રણ પ્રકારે કુશીલિયો, બે પ્રકારે સંસત્તો અને અનેક પ્રકારનો યથાછન્દો, જિનશાસનમાં અવંદનીક છે." ઈત્યાદિક **આગમ** વચન છે તેથી વંદાતા નથી અને જિનબિંબો તો, અન્ય દર્શનીઓએ ગ્રહણ કર્યા સિવાયના વંદનીક છે.

॥૨-૨૨૬॥

**પ્રશ્ન :** અભિનિવેશ મિથ્યાત્વીએ પ્રતિષ્ઠિત કરેલું જિનબિંબ વંદનીકપણાને પામે છે, તેનું બીજ શું ?

**ઉત્તર :** આપણા **પૂર્વાચાર્યોએ** તે બિંબની વંદના પૂજા વગેરે નિષેધ્યું નથી તે જ બીજ છે, વળી શાસ્ત્રમાં **નિહ્નવોનું** અભિનિવેશ મિથ્યાદૃષ્ટિપણું કહેલું છે. દિગંબરને મૂકીને હમણાંના મતિઓને તો **નિહ્નવ** એવો વ્યવહાર કરી શકાતો નથી. કેમ કે, ગુરુ વગેરેની આજ્ઞા તેમ જ છે. ॥૨-૨૬૭॥

**પ્રશ્ન : શ્રી વિજયદાન સૂરીશ્વરજી**એ બનાવેલ **સાત બોલમાં ઉત્કટ** ઉત્સૂત્ર ભાષીનું ધર્મકૃત્ય અનુમોદવા લાયક નથી એમ કહ્યું છે, તેમાં ઉત્કટ **ઉત્સૂત્ર ભાષી** એ શબ્દે કરી અહીં શું કહેવાય છે ?

**ઉત્તર :** ઉત્કટ અને અનુત્કટ શબ્દના અર્થ બાબતમાં કચપચપણું દૂર કરવા માટે જ બાર બોલમાં બીજો બોલ લખેલો છે, માટે તે મુજબ સર્વ જાણવું. ॥૩-૫૮૯॥

**(F) પ્રશ્ન : ઉત્સૂત્રભાષીઓ સમકિતી હોય ? કે મિથ્યાદૃષ્ટિ હોય ?**

**ઉત્તર :** ઉત્સૂત્રભાષીઓ મિથ્યાદૃષ્ટિ હોય, તેમાં કોઈ પણ વાદવિવાદ નથી.

**सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरो मिथ्यादृष्टिः**

**"સૂત્રના એક અક્ષરની પણ અરુચિ કરે, તો માણસ મિથ્યાદૃષ્ટિ બને છે." આ પાઠ છે. ॥૩-૭૧૯॥**

**(G) પ્રશ્ન :** જેમ "કાણાને કાણો કહેવો" એ કઠિન વચન છે, તેમ મિથ્યાદૃષ્ટિને તું "મિથ્યાદૃષ્ટિ છે" એમ કઠિન ન કહેવું જોઈએ એમ કેટલાક કહે છે, તેનું શું ?

**ઉત્તર :** મિથ્યાદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કહેવો કે ન કહેવો તે વાત સમય આશ્રયી જાણવી. ॥૩-૭૨૨॥

**(H) પ્રશ્ન :** ચાર પ્રકારના મિથ્યાત્વમાં **લોકોત્તર મિથ્યાત્વ** ભારે છે ? કે **લૌકિક મિથ્યાત્વ** ભારે છે ? પહેલાં તો **"લોકોત્તર કરતાં લૌકિક મિથ્યાત્વ મહાન છે"** એમ સંભળાય છે, તેથી સ્પષ્ટ જણાવવા કૃપા કરશો ?

**ઉત્તર : પ્રતિક્રમણસૂત્ર ટીકા** વગેરે ગ્રંથોમાં-**"લૌકિક મિથ્યાત્વ** બે પ્રકારે હોય. એક લૌકિક દેવસંબંધી અને બીજું લૌકિક ગુરુસંબંધી. તેમજ લોકોત્તર પણ બે પ્રકારે હોય છે-એક લોકોત્તર દેવ સંબંધી અને બીજું લોકોત્તર ગુરુ સંબંધી." આ ચાર મિથ્યાત્વમાં આ મોટું અને આ નાનું એવા અક્ષરો ગ્રંથમાં જોયા નથી, તેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ મુજબ નાનું મોટું કહી શકાય. ॥૪-૮૮૫॥

**(૧૭) વીતરાગસ્તોત્ર**

**वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय भवाय च ॥१९-४॥**

— હે વીતરાગ પરમાત્મા ! તમારી પૂજાથી (તમારી) આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કારણ કે, આરાધાયેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે અને વિરાધાયેલી આજ્ઞા સંસાર માટે થાય છે.

**(૧૮) યોગવિંશિકા-ટીકા**

**(A) एकोऽपि शास्त्रनीत्या यो, वर्त्तते स महाजनः ।**
**किमज्ञसार्थैः ? शतमप्यन्धानां नैव पश्यति ॥**

— એક પણ જે શાસ્ત્રનીતિથી (શાસ્ત્રમાં કહ્યા મુજબ) વર્તે છે, તે મહાજન છે. અજ્ઞાનીઓના ટોળા વડે શું ? સેંકડો પણ અંધો ભેગા થઈને જોઈ શકતા નથી.

**(B) यत्संविग्नजनाचीर्णं, श्रुतवाक्यैरबाधितम् ।**
**तज्जीतं व्यवहाराख्यं, पारम्पर्यविशुद्धिमत् ॥५॥**

— જે સંવિગ્નપુરુષોએ આચરેલી હોય, શ્રુતવાક્ય (શાસ્ત્રવચનો)થી

અબાધિત હોય અને પરંપરાથી વિશુદ્ધિવાળો વ્યવહાર જીતવ્યવહાર છે.

**(C) यदाचीर्णमसंविग्नैः, श्रुतार्थानवलम्बिभिः ।**
**न जीतं व्यवहारस्तदन्धसंतति सम्भवम् ॥**

– શાસ્ત્રના અર્થોનું અવલંબન કર્યા વિના જે અસંવિગ્ન જનોએ આચરણ કર્યું હોય, તે **જીતવ્યવહાર નથી,** પરંતુ અંધસંતતિથી પેદા થયેલ છે.

**(D) आकल्पव्यवहारार्थं, श्रुतं न व्यवहारकम् ।**
**इतिवक्तुर्महत्तन्त्रे प्रायश्चित्तं प्रदर्शितम् ॥**
**तस्माच्छ्रुतानुसारेण विध्येकरसिकैर्जनैः ।**
**संविग्नजीतमालम्बमित्याज्ञा पारमेश्वरी ॥**

– પાંચમા આરાના છેડા સુધી શાસનનો વ્યવહાર ચલાવવા માટે 'શ્રુત' એ ઉપયોગી નથી, એમ બોલવાવાળાને શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત્ત બતાવેલું છે.

તેથી વિધિમાં એકમાત્ર રસિક જીવો વડે શ્રુતાનુસારી (શાસ્ત્રાનુસારી) સંવિગ્નજન આચરિત જીતવ્યવહારનું અવલંબન લેવા યોગ્ય છે અને આ પરમાત્માની આજ્ઞા છે.

**(૧૯) શ્રીઅનંતનાથ પ્રભુનું સ્તવન** (પૂ. આનંદઘનજી મહારાજા)

**(A) વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,**
**વચન સાક્ષેપ વ્યવહાર સાચો,**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,**
**સાંભળી આદરી કાંઈ રાચો. (૪)**

**(B) પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું,**
**ધર્મ નહીં કોઈ જગ સૂત્રસારીખો,**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,**
**તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. (૬)**

**(૨૦) આજ્ઞાબાહ્ય ક્રિયાથી અશુભ અનુબંધોનું સર્જન** (ઉપદેશ રહસ્ય)

**१. आज्ञाबाह्यानां क्रियामात्रकालभाविभ्यां प्रबलविपर्यासाभ्यां रागद्वेषाभ्यां पापानुबन्धिनः सातवेदनीयादेः कर्मणो बन्धे मिथ्यात्व-मोहनीयस्यापि नियमतो बन्धात् भवान्तरप्राप्तौ तत्पुण्यविपाके समुदीर्णमिथ्यात्वमोहानां हिताहितकृत्येषु मूढतामुपगतानां प्रागुपात्त-कर्मस्थितिक्षये निःपारनरकपारावारमज्जनोपपत्तेः ॥ [ उपदेशरहस्य-७/ टीका ]**

શાસ્ત્રની આજ્ઞાથી બાહ્ય શુભક્રિયાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે. શુભક્રિયાથી તો પુણ્યબંધ થાય છે. પરંતુ શાસ્ત્રથી નિરપેક્ષપણે વર્તવાનો જે પરિણામ છે, તેનાથી અશુભ(પાપ)ના અનુબંધોનું સર્જન થાય છે. મિથ્યાત્વના ઉદયથી જ બુદ્ધિમાં વિપર્યાસ ઉભો થાય છે અને તેનાથી હૈયામાં સ્વચ્છંદતા પ્રવર્તે છે. તેના યોગે શાસ્ત્રનિરપેક્ષ પરિણામ પ્રગટ થાય છે. એવા પરિણામ સહિતની શુભક્રિયાથી પાપાનુબંધી પુણ્યનો બંધ થાય છે. તદુપરાંત, શાસ્ત્રનિરપેક્ષ પરિણામપ્રયુક્ત ક્રિયાથી પાપાનુબંધી પુણ્યના બંધની સાથે મિથ્યાત્વમોહનીય કર્મનો પણ નિયમથી બંધ થાય છે. તેના કારણે ભવાંતરમાં જ્યારે પૂર્વસંચિત પાપાનુબંધી પુણ્યનો ઉદય થાય છે, ત્યારે પૂર્વે બાંધેલા મિથ્યાત્વમોહનીય કર્મનો પણ ઉદય થાય છે. તેનાથી હિતકારી અને અહિતકારી કૃત્યોનો વિવેક ચૂકી જવાય છે અને મૂઢતા પેદા થાય છે તથા જીવ અકૃત્યોમાં ઓતપ્રોત બની જાય છે. તેનાથી પૂર્વે ઉપાર્જન કરેલા પુણ્યકર્મની સ્થિતિનો ક્ષય થતાં મોહનીય જનિત મૂઢતાથી કરેલા પારાવાર પાપોના ફળરૂપે અપાર નરક સમુદ્રમાં ડૂબી જાય છે, એમ ઉપદેશ રહસ્યમાં જણાવ્યું છે.

**અહીં ફલિતાર્થ એ છે,** મિથ્યાત્વના ઉદયથી પ્રવર્તતો શાસ્ત્રનિરપેક્ષ અશુદ્ધ પરિણામ અકુશલ અનુબંધોનો સર્જક છે અને તેનાથી એ પણ સિદ્ધ

થાય છે કે, જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે, તે શાસ્ત્ર પ્રત્યે પરતંત્ર બને છે અને શાસ્ત્રાજ્ઞાને પરતંત્ર જે નિર્મલ પરિણામ છે, તેનાથી શુભ અનુબંધોનું સર્જન થાય છે. **ઉપદેશ રહસ્યમાં કહ્યું છે કે, જે શાસ્ત્રની આજ્ઞાને સાપેક્ષ હોય છે, તેની પાસે પરિપક્વ જ્ઞાન છે અને તેવા જ્ઞાનયુક્ત શુભક્રિયાથી સાધકને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે અને જે ગુણસ્થાનક પ્રત્યયિક (સંબંધી) જ્ઞાનાવરણીય આદિ કર્મોનો બંધ થાય છે[1], તે નિરનુબંધ થાય છે અર્થાત્ શાસ્ત્રાજ્ઞાને સાપેક્ષ શુભક્રિયાથી જે પુણ્યબંધ થાય છે, તે પુણ્યાનુબંધી થાય છે અને જે ગુણસ્થાનક પ્રત્યયિક કર્મબંધ થાય છે તે નિરનુબંધ થાય છે[1]** (અને તેથી તે અશુભ ફળની પરંપરાનો સર્જક ન હોવાથી નુકશાનકારક નથી) અને આવી શાસ્ત્રાજ્ઞા-સાપેક્ષ શુભક્રિયાથી ઉપાર્જિત થયેલ નિરનુબંધ અશુભ પ્રકૃતિબંધના સહભાવી પુણ્યાનુબંધી પુણ્ય આનુષંગિકપણે ભોગસુખો આપીને આત્માને મોક્ષ સુધી પહોંચાડવામાં સહાયક બને છે.

**કહેવાનું તાત્પર્ય એ છે કે,** પ્રભુ દ્વારા પ્રરૂપિત શાસ્ત્રોની આજ્ઞાથી નિરપેક્ષ ધર્મક્રિયામાં થતી પ્રવૃત્તિ શુભ હોવા છતાં પરિણામો મિથ્યાત્વ-વાસિત હોવાના કારણે પાપાનુબંધી પુણ્ય બંધાય છે અને એની સાથે મિથ્યાત્વમોહનીયકર્મ પણ બંધાય છે. કાલાંતરે તે બંનેનો ઉદય થતાં જીવમાં મોહમૂઢતા પેદા થાય છે. તેના કારણે હિતાહિતનો વિવેક ચૂકીને ભરપૂર પાપકાર્યો થાય છે, જે જીવને નરકાદિ દુર્ગતિઓમાં મોકલી દે છે.

**(૨૧) યોગવિંશિકા**

**प्रथमाभ्यासे तथाविधज्ञानाभावादन्यदापि वा प्रज्ञापनीयस्याविधिदोषो निरनुबन्धः xxxx** (ગાથા-૧૬/ટીકા)

---

૧. દશમા ગુણસ્થાનક સુધી જ્ઞાનાવરણીય આદિ અશુભ પ્રકૃતિઓનો બંધ અવશ્ય હોય જ છે.

– પ્રથમ અભ્યાસમાં (પ્રથમવાર ધર્મક્રિયા કરતા હોઈએ ત્યારે) તેવા પ્રકારના જ્ઞાનના અભાવથી (અર્થાત્ શાસ્ત્રવિધિ અનુસાર અનુષ્ઠાન કઈ રીતે કરવું એવા જ્ઞાનનો અભાવ હોવાથી) અથવા અન્યદા પણ = પ્રથમ અભ્યાસ સિવાયના કાળમાં પણ પ્રજ્ઞાપનીય જીવનો (જે પોતાની ભૂલ સુધારી શકે તેવા - વાળ્યા વળે તેવા - અસદ્ આગ્રહથી રહિત જીવનો) અવિધિ દોષ નિરનુબંધ હોય છે.

**(૨૨) ગચ્છાચાર પયન્ના : ઉન્માર્ગની વ્યાખ્યા**

**(A) "मार्गदूषणपूर्वकमुत्सूत्रप्ररूपणा यत्र स उन्मार्गः અથવા यत्र पञ्चाश्रवप्रवृत्तिः स उन्मार्गः xxx ।"**

– જ્યાં મોક્ષમાર્ગના દૂષણ પૂર્વક ઉત્સૂત્ર પ્રરૂપણા થતી હોય તે **ઉન્માર્ગ** છે અથવા જ્યાં પંચાશ્રવની પ્રવૃત્તિ થતી હોય તે **ઉન્માર્ગ** છે.

**(B) (i) भट्ठायारो सूरी भट्ठायाराणुविक्खओ सूरी ।**
**उम्मग्गठिओ सूरी तिन्निवि मग्गं पणासंति ॥२८॥**

– ભ્રષ્ટ આચારવાળા આચાર્ય, ભ્રષ્ટ આચારવાળા સાધુઓની ઉપેક્ષા કરનારા આચાર્ય અને ઉન્માર્ગમાં (ઉત્સૂત્રાદિ પ્રરૂપણામાં) રહેલા આચાર્ય - આ ત્રણે પણ જ્ઞાનાદિ મોક્ષમાર્ગનો નાશ કરે છે.

**(ii) उम्मग्गठिए सम्मग्ग-नासए जो उ सेवए सूरिं ।**
**निअमेणं सो गोअम ! अप्पं पाडेइ संसारे ॥२९॥**

– ઉન્માર્ગમાં રહેલા અને સન્માર્ગનો નાશ કરનારા આચાર્યને જે સેવે છે, હે ગૌતમ ! તે નિયમથી પોતાના આત્માને સંસારમાં પાડે છે.

**(iii) उम्मग्गठिओ एक्को वि नासए भव्वसत्तसंघाए ।**
**तं मग्गमणुसरंतं, जह कुत्तारो नरो होइ ॥३०॥**

– જેમ અયોગ્ય તારનાર માણસ ઘણાને ડૂબાડે છે, તેમ ઉન્માર્ગમાં રહેલા એક પણ આચાર્ય તેના માર્ગને અનુસરનારા ભવ્યજીવોના

સમૂહને નાશ પમાડે છે.

**(iv) उम्मग्गमग्गसंपट्ठिआण, साहूण गोअमा ! नूणं ।**
**संसारो अ अणंतो, होइ सम्मग्गनासीणं ॥३१॥**

– ઉન્માર્ગગામીના માર્ગમાં વર્તનારા અને સન્માર્ગનો નાશ કરનારા માત્ર સાધુવેષ ધરનાઓને હે ગૌતમ ! જરૂર અનંતસંસાર થાય છે.

**(૨૩) દશવૈકાલિક સૂત્રનો પાઠ**

**तहेव काणं काणेत्ति, पंडगं पंडगे त्ति वा ।**
**वाहिअं वा वि रोगित्ति, तेणं चोरे त्ति नो वए ॥ ( अध्ययन-७/१२ )**

**અર્થ :** તે રીતે કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી, અથવા ચોરને ચોર પણ ન કહેવો.

**⇒ ગ્રંથકારોના અભિપ્રાયનો સારાંશ :-**

(૧) જ્યાં સુધી (ચોથા ગુણસ્થાનકનું) સમ્યક્ત્વ હાજર હોય છે, ત્યાં સુધી જીવ મોક્ષમાર્ગમાં ટકી રહે છે અને ક્રમે કરીને વિરતિ આદિ પામીને મોક્ષે જાય છે. કદાચ નિકાચિત ભોગાવલી કર્મના ઉદયે ચારિત્રથી ભ્રષ્ટ થયેલો પરંતુ સમ્યક્ત્વથી પતિત ન થયેલો જીવ (નંદીષેણની જેમ) પુનઃ મોક્ષમાર્ગ ઉપર આગળ વધીને મોક્ષ સુધી પહોંચી જાય છે. પરંતુ સમ્યક્ત્વથી પતિત થયેલા જીવની મુક્તિ થતી નથી.

(i) ગ્રંથીનો ભેદ અને મિથ્યાત્વનો નાશ કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને **જિનાજ્ઞા સાપેક્ષ પરિણામ જીવંત રહે, આજ્ઞાયુક્ત અનુષ્ઠાનનું જ સેવન કરવામાં આવે, ઉત્સૂત્ર પ્રવૃત્તિ-પ્રરૂપણાથી સર્વથા દૂર રહેવાનું બને, મિથ્યાભિનિવેશથી બચવામાં આવે અને હેય-ઉપાદેય તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા ધારણ કરી રાખવામાં આવે, તો સમ્યક્ત્વથી પતિત થવાતું નથી.**

(ii) આજ્ઞાબાહ્ય પરિણામ, શાસ્ત્રવિરુદ્ધ ક્રિયા, ખોટાનો પક્ષપાત, મિથ્યા અભિનિવેશ, ઉત્સૂત્ર પ્રવૃત્તિ-પ્રરૂપણા આદિ દ્વારા સમ્યક્ત્વથી પતન થાય છે.

– ગ્રંથીભેદ અંગેની સમગ્ર સાધનાનો આકાર અમારા સમ્યગ્દર્શન ભાગ-૧થી ૫ પુસ્તકશ્રેણીથી જાણી લેવા ભલામણ.

(૨) આથી કોઈપણ કારણસર ચારિત્રાથી ભ્રષ્ટ થયેલા વડે સમ્યગ્દર્શન સારી રીતે ગ્રહણ કરી રાખવું જોઈએ. શ્રીનંદીષેણમુનિ - આષાઢાભૂતિજી આદિની જેમ.

(૩) જે વ્યક્તિ પરમાત્માએ જેવા સ્વરૂપે પદાર્થો બતાવ્યા છે, તેનાથી વિપરીત રીતે સ્વીકારે છે, તે મિથ્યાદષ્ટિ છે. જાતિથી અંધ જીવ સામે રહેલા પદાર્થને જ જોઈ શકતો નથી. જ્યારે મિથ્યાદષ્ટિ સામે રહેલો પદાર્થ જુએ તો છે, પણ તેને ઉલ્ટા સ્વરૂપે જુએ છે. જેમ કે, જે સ્ત્રી આદિ દુન્યવી સામગ્રી દુઃખના કારણ છે તેને તે સુખના કારણ તરીકે જુએ છે અને જે સંયમાદિ સુખના કારણરૂપ છે તેને તે દુઃખના કારણ તરીકે જુએ છે.

(૪) ઉપદેશમાલામાં જણાવ્યું છે કે, જે સૂત્ર વિરુદ્ધ આચરે છે, સૂત્રવિરુદ્ધ સ્થાપના કરે છે, તે અતિનિબિડ મિથ્યામતિ છે.

(૫) **સવાસો ગાથાના સ્તવનકાર પૂ.મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા ફરમાવે છે કે** - વેષધારીઓએ પ્રવર્તાવેલો આચાર (વ્યવહાર) અશુદ્ધ છે - ધર્મવિરુદ્ધ છે. તેથી તેને ક્યારેય આદરવો નહીં.

(૬) **૧૨૫ ગાથાના સ્તવનકાર પૂ. મહોપાધ્યાયશ્રીજી ફરમાવે છે કે** - પ્રભુની આજ્ઞાનો ભંગ કરીને અને મિથ્યામતિભાવપૂર્વક અનુષ્ઠાન સેવવાથી ભલે હેતુ-સ્વરૂપ હિંસા ન લાગે, પરંતુ અનુબંધે હિંસા લાગે છે. અનુબંધ હિંસા દુરન્ત સંસારનું કારણ છે.

(૭) **ઉપદેશ રહસ્ય ગ્રંથમાં પૂ.મહોપાધ્યાયશ્રીજી ફરમાવે છે કે** - જો પરિણામ આજ્ઞાનુસારી નથી, તો તે તીર્થંકરમાં અનાદર અને અસદ્

આગ્રહથી કલંકિત હોવાથી સુંદર નથી. અસુંદર છે. તેનાથી આત્માને નુકશાન થાય છે.

**તથા** મિથ્યાત્વજન્ય ભ્રમણાઓના નાશથી શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે અને મિથ્યાત્વજન્ય ભ્રમણાઓનો નાશ કોઈકને શ્રુતજ્ઞાનના ઉપયોગથી થાય છે અને કોઈકને માર્ગાનુસારિતાના પરિણામથી થાય છે.

(૮) **ષોડશક ગ્રંથકાર શ્રીહરિભદ્રસૂરિજી મહારાજા ફરમાવે છે કે** - જિનવચનની (શાસ્ત્રની) આરાધનાથી જ ધર્મ થાય છે અને જિનવચનની વિરાધનાથી અધર્મ થાય છે. **આથી જ શ્રી આનંદઘનજી મહારાજા અનંતનાથ પ્રભુના સ્તવનમાં ફરમાવે છે કે** - જિનવચનથી નિરપેક્ષ વ્યવહાર (આચરણા) જુઠ્ઠો છે અને તેનું ફળ સંસાર છે તથા જિનવચનને સાપેક્ષ વ્યવહાર જ સાચો છે અને તેનું ફળ મોક્ષ છે. તદુપરાંત, જેના હૃદયમાં જિનવચન છે, તેના હૃદયમાં પરમાર્થથી પરમાત્મા છે અને તેથી તેનું નિયમા કલ્યાણ થવાનું છે.

(૯) **ઉપદેશ રહસ્ય ગ્રંથકારશ્રી મહોપાધ્યાયશ્રીજી ફરમાવે છે કે** - આજ્ઞાબાહ્ય ક્રિયાથી અશુભ અનુંબધોનું સર્જન થાય છે અને અશુભ અનુંબધોથી યાવત્ અનંત સંસાર થાય છે.

(૧૦) **યોગિબંદુ અને ષોડશક ગ્રંથકાર શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે કે** - આત્માર્થી-શ્રદ્ધાળું જીવો પારલૌકિક અનુષ્ઠાનમાં (ધાર્મિક ક્રિયામાં) શાસ્ત્રની અપેક્ષા રાખે છે - શાસ્ત્ર મુજબ આચરણ કરે છે.

તથા શાસ્ત્ર પ્રત્યે જેની ભક્તિ નથી, તેની ધર્મક્રિયા પણ અંધની જોવાની ક્રિયા સમાન છે તથા જેને શાસ્ત્ર પ્રત્યે અનાદર છે, તેના શ્રદ્ધા વગેરે ગુણો ઉન્મત્ત પુરુષના ઔદાર્યાદિ ગુણોની જેવા અપ્રશંસનીય છે.

(૧૧) **ગચ્છાચાર પયન્નામાં કહ્યું છે કે** - ઉન્માર્ગગામીના માર્ગમાં વર્તનારા અને સન્માર્ગનો નાશ કરનારા જીવોનો અનંત સંસાર થાય છે. કદાચ કર્મયોગે પોતે પ્રમાદી હોય, તો પણ શુદ્ધ પ્રરૂપણા કરે, તો ત્રીજા

મોક્ષમાર્ગરૂપ સંવિગ્નપાક્ષિકપણામાં ટકી જાય છે અને જો કર્મદોષથી અશુદ્ધ પ્રરૂપણા કરે તો મોક્ષમાર્ગની બહાર ફેંકાઈ જાય છે તથા પોતે કર્મયોગે મુનિચર્યામાં શિથિલ હોવા છતાં પણ વિશુદ્ધ ચરણસિત્તરી-કરણ સિત્તરીની પ્રશંસા અને પ્રરૂપણા કરતો હોય તો (પોતાના) કર્મોને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે.

(૧૨) **સંબોધ સપ્તતિ ગ્રંથકારશ્રી ફરમાવે છે કે** - કષ્ટકારી અનુષ્ઠાનોનું સેવન કરનારા, ઈન્દ્રિયોનું દમન કરનારા, વિપુલ ધનનો (દાનમાર્ગે) ત્યાગ કરનારા જીવો પણ જો (મિથ્યાત્વ નામના દોષને વશ બનીને) ઉત્સૂત્ર પ્રવૃત્તિ-પ્રરૂપણા કરે છે, તો તે સંસારમાં ડૂબે છે.

(૧૩) **સંબોધ સપ્તતિમાં કહ્યું છે કે** - સ્ફુટ (સ્પષ્ટ), પ્રગટ અને યથાવસ્થિત કથન ન કરનારો જીવ બોધિનો નાશ કરે છે. જેમ કે, પ્રભુ મહાવીરનો આત્મા-મરીચિ.

**તથા** ઉત્સૂત્ર ભાષણ કરનારાઓના બોધિનો નાશ થાય છે અને અનંત સંસાર થાય છે. તેથી પ્રાણાંતે પણ ઉત્સૂત્ર બોલવું નહીં. ઉત્સૂત્ર બોલનારા સાવદ્યાચાર્યનો અનંતસંસાર થયો છે.

(૧૪) **યોગવિંશિકાની ટીકામાં કહ્યું છે કે** - એક પણ વ્યક્તિ જે શાસ્ત્રમતિ મુજબ વર્તે છે તે જ મહાજન છે.

(૧૫) જે સંવિગ્ન પુરુષોએ આચરેલી હોય, શ્રુતવાક્યથી (શાસ્ત્ર-વચનોથી) અબાધિત હોય અને પરંપરાથી વિશુદ્ધિવાળો વ્યવહાર હોય, તે જીતવ્યવહાર કહેવાય છે. શાસ્ત્રવચનોનું અવલંબન લીધા વિના જે અસંવિગ્નોનું આચરણ છે, તે જીતવ્યવહાર નથી, પરંતુ અંધસંતતિ છે.

— શાસ્ત્રકાર મહર્ષિઓના અમૃતવચનો આપણને ઘણી પ્રેરણા આપે છે - ભયસ્થાનો બતાવે છે. એને ઝીલીને આપણે ભયસ્થાનોથી બચીએ અને મોક્ષમાર્ગના સાચા આરાધક બનીએ એજ શુભાભિલાષા.

= xx = xx =

# પ્રકરણ - ૩ : સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેના પ્રકારો

'મિથ્યાત્વ એટલે' પુસ્તકના લેખકશ્રીએ વ્યવહાર અને નિશ્ચય સમ્યક્ત્વની ભેળસેળ કરીને એક 'તિથિ' વિષયક મહત્ત્વના મુદ્દાને ગુંચવી નાંખવાનો પ્રયત્ન કર્યો છે. તેનાથી ભવ્યાત્માઓની મુંઝવણ વધી શકે છે - તેઓ ગેરમાર્ગે દોરાઈ શકે છે. તેથી જ તે મુદ્દાઓનું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. અહીં નીચેના મુદ્દાઓની ક્રમશઃ વિચારણા કરીશું.

→ સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેની અનિવાર્યતા

→ વ્યવહાર અને નિશ્ચયથી સમ્યક્ત્વનું સ્વરૂપ

→ સમકિતિના અભિગમ વગેરે કેવા હોય ?

→ 'મિથ્યાત્વી' તરીકેનો વ્યવહાર કયા પ્રકારના સમ્યક્ત્વના અભાવ = મિથ્યાત્વથી થાય છે.

→ કયા મિથ્યાત્વથી મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ થાય છે ?

→ કયા મિથ્યાત્વથી અકુશલ અનુબંધોનું સિંચન અને યાવત્ અનંતસંસારની પ્રાપ્તિ થાય છે ?

→ મિથ્યાત્વ દોષ ક્યારે લાગે છે ?

→ શાસ્ત્રમાં કયા પ્રકારના મિથ્યાત્વની ભયંકરતા વર્ણવી છે ?

→ જમાલીજી અને મરીચિનો સંસાર કયા પ્રકારના મિથ્યાત્વથી વધ્યો હતો ?

→ દર્શનભ્રષ્ટ જીવોનો મોક્ષ થતો નથી - આ શાસ્ત્ર વિધાનમાં કયા પ્રકારના સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ જીવના મોક્ષનો અભાવ કહ્યો છે ?

→ મિથ્યાત્વનો ઉદય થવામાં કયા દોષની મહત્ત્વની ભૂમિકા હોય છે ?

→ મિથ્યાત્વી કહેવાનો વ્યવહાર ક્યારે થાય છે ?

→ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ-પ્રરૂપણા કરવામાં સમ્યગ્દર્શન ટકી શકે કે નહીં ?

→ જીવનો સંસાર ક્યારે વધે છે ?

→ ભેદરત્નત્રયી અને અભેદરત્નત્રયી વચ્ચેનો તફાવત

● **સમ્યક્ત્વનું સ્વરૂપ :**

→ કલિકાલ સર્વજ્ઞશ્રીએ **યોગશાસ્ત્ર ગ્રંથ**માં સમ્યગ્દર્શનનું સ્વરૂપ નીચે મુજબ બતાવ્યું છે

**रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक्श्रद्धानमुच्यते ।**
**जायते तन्निसर्गेण गुरोरधिगमेन वा ॥१-१७॥**

→ શ્રીજિનેશ્વર પરમાત્માએ ફરમાવેલા જીવાદિ તત્ત્વોની રૂચિને સમ્યગ્દર્શન કહેવાય છે. તે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે - (૧) સ્વભાવથી = સ્વાભાવિક ઉહાપોહથી અને (૨) ગુરુના ઉપદેશથી.

→ **નવતત્ત્વ પ્રકરણમાં કહ્યું છે કે -**

**जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।**
**भावेण सद्दहंतो, अयाणमाणेवि सम्मत्तं ॥५१॥**

**सव्वाइं जिणेसर भासिआइं, वयणाइं नन्नहा हुंति ।**
**इअ बुद्धी जस्स मणे, सम्मत्तं निश्चलं तस्स ॥५२॥**

– જે જીવાદિ નવ પદાર્થોને જાણે છે, તેને સમ્યક્ત્વ હોય છે. જે જાણતો નથી, પરંતુ માત્ર ભાવથી શ્રદ્ધા કરે છે, તેને પણ સમ્યગ્દર્શન હોય છે.

– શ્રીજિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલા સર્વ વચનો અન્યથા (વિપરીત) ન જ હોઈ શકે, આવી નિશ્ચલ બુદ્ધિ = અવિચલ અભિપ્રાય જે મનમાં ધારણ કરે છે, તેનું સમ્યક્ત્વ નિશ્ચલ છે.

શ્રીજિનોક્ત તત્ત્વોની રૂચિ = શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવાય છે. રૂચિ = કરણાભિલાષા. એટલે પરમાત્માએ બતાવેલા પાપ આદિ હેય તત્ત્વોને અને સંવરાદિ ઉપાદેય તત્ત્વોને જાણવાની અભિલાષા અને હેયતત્ત્વોને છોડવાની તથા ઉપાદેય તત્ત્વોને આદરવાની-સ્વીકારવાની અભિલાષાને સમ્યગ્દર્શન કહેવાય છે (અહીં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ : આ નવ તત્ત્વો છે. તેમાં આત્માને અહિત કરનારા પાપ-આશ્રવ-બંધ આ ત્રણ તત્ત્વો હેય છે. સંવર-નિર્જરા-મોક્ષ આ ત્રણ તત્ત્વો આત્માને હિત કરનારા હોવાથી ઉપાદેય છે. પુણ્ય અપેક્ષાએ હેય છે અને અપેક્ષાએ ઉપાદેય છે.)

**● સમ્યગ્દર્શનની અનિવાર્યતા**

→ **'સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણ'**માં સમ્યગ્દર્શનની અનિવાર્યતા જણાવતાં કહ્યું છે કે -

**इय सम्मत्तेण विना सव्वं चिअ छारआहुइसत्तिं ।**
**बहिरस्स कन्नजावो हवइ तुसखंडणं व समं ॥५२॥**

– સમ્યક્ત્વ વિનાનું સર્વ (સર્વ ધર્મારાધન) રાખમાં આહુતિ સમાન છે, બધિરને મંત્ર સંભળાવવા સમાન છે અને ફોતરાં ખાંડવા સમાન છે.

→ આથી જ **'દર્શનશુદ્ધિ પ્રકરણ'**માં કહ્યું છે કે -

**कुणमाणो वि निवित्तिं परिच्चयंतो वि सयणधणभोगे ।**
**दिंतो वि दुस्सह उरं मिच्छदिट्ठि न सिज्जइ उ ॥४०॥**

– સ્વજન-ધન-ભોગનો ત્યાગ કરીને નિવૃત્તિને કરનારો = સંયમજીવનને સ્વીકારનારો અને અકલ્પનીય પરિષહોને સહન કરનારો આત્મા પણ, જો મિથ્યાદષ્ટિ છે, તો મોક્ષને પામતો નથી.

→ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર શુદ્ધ બનતા નથી ચારિત્ર ભાવરૂપ બનતું નથી અને ભાવચારિત્ર વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ભાવચારિત્રથી જ પાપકર્મો અને અનાદિના કુસંસ્કારોનો નાશ થાય છે

અને ભાવચારિત્રથી જ અનાદિની સંગવાસનાનો નાશ થાય છે. સંગવાસનાથી જ જન્મ-મરણની પરંપરા ચાલે છે. એ સંગવાસના અચારિત્રભાવથી જ પુષ્ટ બની છે અને ભાવચારિત્રથી જ નાશ પામે છે. હેયનું હેયરૂપે સંવેદન થાય અને ઉપાદેયનું ઉપાદેયરૂપે સંવેદન થયા પછી જ હેયની નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિ ભાવરૂપ બને છે અને હેયનું હેયરૂપે અને ઉપાદેયનું ઉપાદેયરૂપે સંવેદન સમ્યગ્દર્શનથી થાય છે. આથી મોક્ષસાધનામાં સમ્યગ્દર્શનની ખૂબ અનિવાર્યતા છે.

**→ સમ્યગ્દર્શનનો મહિમા બતાવતાં શાસ્ત્રમાં કહ્યું છે કે -**

**सम्यक्त्वरत्नान्न परं हि रत्नं, सम्यक्त्वमित्रान्न परं मित्रम् ।**
**सम्यक्त्वबन्धोर्न परो हि बंधु, सम्यक्त्वलाभान्न परो हि लाभोः ॥**

— સમ્યક્ત્વરત્ન જેવું બીજું કોઈ રત્ન નથી...સમ્યક્ત્વ મિત્ર જેવો બીજો કોઈ મિત્ર નથી...સમ્યક્ત્વ બંધુ જેવો બીજો ભાઈ નથી... સમ્યક્ત્વના લાભ જેવો બીજો કોઈ લાભ નથી.

**→ આથી જ નવતત્ત્વપ્રકરણમાં કહ્યું છે કે -**

**अंतोमुहुत्त-मित्तंपि फासिअं, हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्ढ पुग्गल, परिअट्टो चेव संसारो ॥५३॥**

— જે આત્માને અંતર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શે છે, તે આત્માનો સંસાર અર્ધ પુદ્ગલપરાવર્તન કાળ (જેટલો સીમિત બની જાય) છે.

**⇒ સમ્યક્ત્વના બે પ્રકાર :- વ્યવહાર-નિશ્ચય સમ્યક્ત્વ**

સમ્યક્ત્વ નિશ્ચયથી અને વ્યવહારથી એમ બે પ્રકારે છે. ગ્રંથોમાં અલગ-અલગ દૃષ્ટિકોણથી વ્યવહારસમ્યક્ત્વ અને નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે...

**(A) સેનપ્રશ્ન (૪-૯૫૫)માં ખુલાસો કર્યો છે કે...**

**"जीवाइ-नव-पयत्थे...."** જે જીવાદિક નવ પદાર્થોને જાણે છે તેને

સમ્યક્ત્વ હોય છે અને નહીં જાણનારો પણ ભાવથી સદ્દહતો હોય, તો તેને પણ સમ્યક્ત્વ હોય છે - આ પ્રમાણે **નવતત્ત્વ** ગ્રંથમાં કહ્યું છે તથા

**शम-संवेग-निर्वेदा-ऽनुकम्पा-ऽऽस्तिक्य-लक्षणैः ।**

**लक्षणैः पञ्चभिः सम्यक्, सम्यक्त्वमिदमुच्यते ॥**

– શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા રૂપ પાંચ લક્ષણોએ કરી જે ઓળખાય છે, તે સમ્યક્-ઉત્તમ સમ્યક્ત્વ કહેવાય છે. આ પ્રમાણે યોગશાસ્ત્ર-બીજા પ્રકાશની વૃત્તિમાં કહ્યું છે. **તથા दर्शन-मोहनीयकर्मोपशमादि-समुत्थोऽर्हदुक्त-तत्त्वश्रद्धानरुपः शुभ आत्म-परिणामः सम्यक्त्वम् ।** - દર્શનમોહનીય કર્મના ઉપશમ-ક્ષયોપશમ-ક્ષયથી ઉત્પન્ન થયેલો જે અરિહંત પરમાત્માએ કહેલા તત્ત્વોના શ્રદ્ધાન સ્વરૂપ આત્મપરિણામ છે તે સમ્યક્ત્વ કહેવાય છે. - આ રીતે **વૃંદારૂવૃત્તિ**માં કહ્યું છે.

આ ગ્રંથો પ્રમાણે જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાન = દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થયેલો શ્રદ્ધા સ્વરૂપ આત્મપરિણામ તે નિશ્ચય **સમ્યક્ત્વ** અને યોગશાસ્ત્રનાં બીજા પ્રકાશમાં જે "**या देवे देवताबुद्धि-र्गुरौ च गुरुतामतिः । धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते**
॥૨॥"

– દેવમાં દેવપણાની, ગુરુમાં ગુરુપણાની અને ધર્મમાં ધર્મબુદ્ધિ શુદ્ધ હોય, તે સમ્યક્ત્વ કહેવાય છે - આ પ્રમાણે દેવ-ગુરુ-ધર્મને માનવાનું થાય, તે વ્યવહાર સમકિત છે.

---

→ ટૂંકમાં...દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થયેલ શ્રદ્ધાન સ્વરૂપ આત્મપરિણામ એ નિશ્ચય સમ્યક્ત્વ છે અને દર્શન (મિથ્યાત્વ) મોહનીય કર્મના ક્ષયોપશમાદિ દ્વારા શ્રદ્ધા સ્વરૂપ આત્મ-પરિણામને પ્રગટાવવામાં નિમિત્ત બનનારી સમ્યક્ત્વની સામગ્રીને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે.

**(B) ધર્મસંગ્રહ ગ્રંથની ટીકામાં નિશ્ચય-વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ નીચે મુજબ જણાવ્યું છે -**

निश्चय-व्यवहाराभ्यां द्विविधम् । तल्लक्षणमिदम् -

"**निच्छयओ सम्मत्तं, नाणाइमयप्पसुद्धपरिणामो ।**
**इअरं पुण तुह समए, भणिअं सम्मत्तहेऊहिं**" ॥१॥

**[सम्य.प्र.गा. ११] ति ।**

ज्ञानादिमयशुभपरिणामो निश्चयसम्यक्त्वम्, ज्ञान-श्रद्धान-चरणैः सप्तषष्टिभेदशीलनं च व्यवहारसम्यक्त्वमित्येतदर्थः । ननु ज्ञानादिमय इत्यस्य ज्ञान-दर्शन-चारित्रसंलुलित इत्यर्थः, तथाचैतद्भावचारित्रमेव प्राप्तम्, कथं नैश्चयिकं सम्यक्त्वमिति चेत् ?, सत्यम्, भावचारित्रस्यैव निश्चयसम्यक्त्व-रूपत्वात्, मिथ्याऽऽचारनिवृत्तिरूपकार्यस्य तत एव भावात्, कार्यानुपहितस्य कारणस्य निश्चयनयेनानभ्युपगमात् । नन्वेवं तुर्यगुणस्थानादिवर्त्तिनां **श्रेणिका**-दीनामपि तन्न स्यादिति चेत् ?, न स्यादेव, कः किमाह-अप्रमत्तसंयतानामेव तद्व्यवस्थितेः । तदुक्ता**माचाराङ्गे** -

"**जं सम्मं ति पासह, तं मोणं ति पासह, जं मोणं ति पासह, तं सम्मं ति पासह । ण इमं सक्कं सिढिलेहिं अद्दिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं । मुणी मोणं समादाय, धुणे कम्म सरीरगं । पंतलूहं च सेवंति, धीरा सम्मत्तदंसिणो**" [आचा.२/५/ **३ सू.१२५**] त्ति ।

**xxxx** अथवा ज्ञानादिमय इत्यस्यायमर्थः-ज्ञाननये ज्ञानस्य दशाविशेष एव सम्यक्त्वम्, क्रियानये च चारित्ररूपम्, दर्शननये तु स्वतन्त्रं व्यवस्थितमेव इति । शुद्धात्मपरिणामग्राहिनिश्चयनये तु -

"**आत्मैव दर्शन-ज्ञान-चारित्राण्यथवा यतेः ।**
**यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठति**" [यो.शा.४/१]

इति **योगशास्त्रवचनादात्मैव निरुपाधिशुद्धस्वरूपप्रकाशात् ज्ञानरूपः,**

**तथा श्रद्धानाद् दर्शनरूपः, स्वभावाचरणाच्चारित्ररूप इति शुद्धात्मबोधाचरणतृप्तिरेव निश्चयसम्यक्त्वमित्यलं प्रपञ्चेन । xxxx** [धर्मसंग्रह - २१/टीका]

**ભાવાર્થ :**

સમ્યગ્દર્શન વ્યવહાર અને નિશ્ચયથી એમ બે પ્રકારનું છે. તેનું લક્ષણ સમ્યક્ત્વસ્તવ પ્રકરણમાં આ મુજબ બતાવ્યું છે -

"નિશ્ચયનયથી જ્ઞાનાદિમય આત્માનો શુદ્ધ પરિણામ સમ્યક્ત્વ છે અને ઇતર = વ્યવહારથી સમ્યક્ત્વ, સમ્યક્ત્વના હેતુઓ દ્વારા તમારા સિદ્ધાંતમાં કહેવાયું છે."

**અર્થાત્** જ્ઞાન-શ્રદ્ધાન-ચારિત્ર વડે જ્ઞાનાદિમય શુભ પરિણામ **નિશ્ચય સમ્યક્ત્વ છે** અને સડસઠ = ૬૭ ભેદના સ્વભાવવાળું વ્યવહાર સમ્યક્ત્વ છે. આ પ્રમાણે પૂર્વોક્ત ગાથાનો અર્થ જાણવો.

**શંકા :** જ્ઞાનાદિમય એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રથી સંતુલિત, એ પ્રકારનો અર્થ છે અર્થાત્ જ્ઞાનાદિમય = જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત એવો અર્થ થાય છે અને તેનાથી તો 'જ્ઞાનાદિમય' ભાવચારિત્ર જ પ્રાપ્ત થાય છે. તો તે કઈ રીતે નૈશ્ચયિક સમ્યક્ત્વ કહેવાય ?

**સમાધાન :-** ભાવચારિત્ર જ 'નિશ્ચય સમ્યક્ત્વ' રૂપ છે. કારણ કે, મિથ્યા આચારની નિવૃત્તિરૂપ કાર્ય નિશ્ચય સમ્યક્ત્વરૂપ ભાવચારિત્રથી જ થાય છે અને નિશ્ચય નય કાર્ય અનુપહિત કારણને = કાર્ય ન કરતું હોય એવા કારણને કારણરૂપે સ્વીકારતું નથી.

**શંકા :** આ પ્રમાણે તો ચતુર્થગુણ સ્થાનકવર્તી શ્રેણિક મહારાજા આદિને પણ નિશ્ચય સમ્યક્ત્વ નહિ થાય.

**સમાધાન :** નથી જ. કારણ કે, નિશ્ચય સમ્યક્ત્વ તો અપ્રમત્ત યતિઓને જ (સાતમા ગુણસ્થાનકવર્તી મુનિઓને જ) હોય છે. તેથી જ

આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે -

"જે સમ્યક્ત્વ એ પ્રમાણે તું જો, તે મૌન એ પ્રમાણે તું જો, જે મૌન એ પ્રમાણે તું જો, તે સમ્યક્ત્વ એ પ્રમાણે તું જો (અર્થાત્ જે સમ્યક્ત્વ છે તે મૌન છે અને જે મૌન છે તે સમ્યક્ત્વ છે - આ રીતે સમ્યક્ત્વ અને મૌન = મુનિભાવની નિયત વ્યાપ્તિ છે.)

તેથી જે જીવો શિથિલ આચારવાળા છે, આર્દ્રપરિણામવાળા = પુત્રાદિ પ્રત્યે સ્નેહના પરિણામવાળા છે, ગુણનો = શબ્દાદિવિષયોનો આસ્વાદ લેનાર છે, વક્ર = માયાવી આચારવાળા છે, ભગવાનના વચનાનુસારે દૃઢ પ્રવૃત્તિ કરવામાં પ્રમાદવાળા છે, ઘરમાં રહેનારા છે, એવા જીવો વડે આ શક્ય નથી = રત્નત્રયીરૂપ મૌન શક્ય નથી.

મુનિ મૌનને = અશેષ સાવદ્યની નિવૃત્તિરૂપ મૌનને ગ્રહણ કરીને કર્મ અને ઔદારિક શરીરને ધૂનન કરે છે. કેવી રીતે ધૂનન કરે છે ? પ્રાંત અને રૂક્ષ એવા આહારનું સેવન કરે તેવા વીર-ધીર નિશ્ચયનયથી સમ્યગ્દૃષ્ટિ છે.

**XXXXX** અથવા સમ્યક્ત્વસ્તવના 'જ્ઞાનાદિમય'વાળા પાઠનો અર્થ આ મુજબ છે - **જ્ઞાનનયની દૃષ્ટિએ** જ્ઞાનની દશાવિશેષમાં જ સમ્યક્ત્વ છે (અર્થાત્ જ્ઞાનનયની અપેક્ષાએ જે જીવો જ્ઞાનની દશાવિશેષને પામેલા હોય તેઓમાં જ સમ્યક્ત્વ છે.)

**ક્રિયાનયની દૃષ્ટિએ** ચારિત્રરૂપ સમ્યક્ત્વ છે અને **દર્શનનયની દૃષ્ટિથી** સ્વતંત્ર વ્યવસ્થિત છે = ચારિત્ર વગર પણ સ્વતંત્ર ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવોમાં સમ્યક્ત્વ વ્યવસ્થિત છે અર્થાત્ દર્શનનયની અપેક્ષાએ ચારિત્રવાળા ન પણ હોય છતાં ચોથે ગુણસ્થાનકે રહેલા જીવોમાં સમ્યક્ત્વ વ્યવસ્થિત છે.

**વળી શુદ્ધાત્મપરિણામગ્રાહી નિશ્ચયનયમાં...**

યતિ (મુનિ)નો આત્મા જ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જે કારણથી દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જ યતિ શરીરનો આશ્રય કરે છે. (અર્થાત્ શુદ્ધાત્માના પરિણામગ્રાહી નિશ્ચયનયની દૃષ્ટિએ સમ્યક્ત્વ અપ્રમત્ત-મુનિમાં જ પ્રાપ્ત થાય છે. જે મુનિનો આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામરૂપ છે, તે મુનિ જ સમ્યગ્દર્શનવાળો છે. કારણ કે, મુનિ રત્નત્રયી સ્વરૂપ જે છે અને રત્નત્રયી સ્વરૂપ મુનિ જ શરીરનો આશ્રય કરે છે.) આ પ્રકારના યોગશાસ્ત્રના વચનથી આત્મા જ નિરૂપાધિ શુદ્ધ સ્વરૂપ પ્રકાશને કારણે (અર્થાત્ કર્મની ઉપાધિથી રહિત શુદ્ધસ્વરૂપના પ્રકાશથી) 'જ્ઞાનરૂપ' છે અને આત્મા જ શ્રદ્ધાનથી **'દર્શનરૂપ'** છે અર્થાત્ મુનિના આત્માને તેવા શુદ્ધ સ્વરૂપની રૂચિ હોવાથી દર્શનરૂપ છે અને *સ્વભાવનું આચરણ કરતા હોવાથી* ***'ચારિત્ર રૂપ'*** *છે. તેથી શુદ્ધાત્માનો* બોધ, શુદ્ધાત્માની આચરણા અને શુદ્ધાત્માની તૃપ્તિ એ **નિશ્ચય સમ્યક્ત્વ** છે.

---

→ **સારાંશ :-** સમ્યક્ત્વ અંગે અહીં એક દૃષ્ટિકોણથી વિચારણા કરી છે, તેનો સાર એ છે કે...વ્યવહારનય ચોથા ગુણસ્થાનકે સમ્યક્ત્વનો સદ્ભાવ સ્વીકારે છે અને નિશ્ચયનય સાતમા (અપ્રમત્ત સંયત) ગુણસ્થાનકે સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે.

→ **અહીં કેટલીક અગત્યની આનુષંગિક વાતો કરીશું -**

**(૧) ઉપદેશ રહસ્યગ્રંથમાં જણાવ્યું છે કે,** ભાવાજ્ઞાનો પ્રારંભ ચોથા ગુણસ્થાનકથી થાય છે. પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વની મંદ અવસ્થામાં (ભાવાજ્ઞાની કારણભૂત) પ્રધાન દ્રવ્યાજ્ઞા પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વની ગાઢ અવસ્થામાં જે દ્રવ્યથી આજ્ઞાનું પાલન થાય છે તે અપ્રધાન દ્રવ્યાજ્ઞા છે. તેની મોક્ષમાર્ગમાં કિંમત નથી. એટલે વ્યવહારથી પ્રાપ્ત સમ્યક્ત્વની પ્રાપ્તિથી ભાવાજ્ઞાનો પ્રારંભ થાય છે.

**(૨) પૂર્વોક્ત વિચારણામાં એક વાત બીજી તરી આવે છે કે...**

નિશ્ચયનયની દૃષ્ટિએ અપ્રમત્તદશા ન આવે, ત્યાં સુધી 'સમ્યક્ત્વ'નો સ્વીકાર થતો નથી અર્થાત્ જેવું જાણ્યું છે અને જેવું સદ્દહ્યું છે - તેવું જ (અપ્રમત્તપણે) આચરણ ન આવે, ત્યાં સુધી નિશ્ચયનય સમ્યક્ત્વ માનતું નથી. જેને મિથ્યા આચાર જાણ્યો અને સદ્દહ્યો, તે મિથ્યાચારની સંપૂર્ણ નિવૃત્તિ થાય, ત્યારે જ 'સમ્યક્ત્વ' હોય એમ નિશ્ચયનય સ્વીકારે છે

તેથી નિશ્ચયનયની દૃષ્ટિએ આચરણમાં ખામી છે, ત્યાં સુધી મિથ્યાત્વ છે. જ્યારે વ્યવહારનય માન્યતા-સદ્દહણા સાચી આવી જાય એટલે સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે. **અહીં ઉલ્લેખનીય છે કે,** સમ્યગ્દર્શન નામના ચોથા ગુણસ્થાનકનો વ્યવહાર, વ્યવહાર સમ્યક્ત્વના યોગે જ થાય છે. આથી માન્યતા શુદ્ધ બની જાય, હેય-ઉપાદેય તત્ત્વોનું સંવેદન (સદ્દહણા) યથાર્થ બની જાય, એટલે 'સમ્યક્ત્વ' હોય છે એમ મનાય છે.

→ **અહીં યાદ રાખવું કે,** આચરણા-માન્યતા બંને ખોટી હોય ત્યારે તેને પ્રથમ ગુણસ્થાનકનું મિથ્યાત્વ હોય છે. આ મિથ્યાત્વ સંસારને વધારે છે. ખોટી માન્યતામાં ખોટા અભિનિવેશની ભૂમિકા રહેલી છે. મિથ્યા અભિનિવેશની ગાઢતા-મંદતાને આશ્રયીને સંસારવૃદ્ધિમાં તરતમતા આવે છે. અભિનિવેશની ભયંકરતા આગળ વર્ણવીશું.

⇒ **બીજી વાત, ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિમાં જણાવ્યું છે કે**[1] - સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદિષ્ટ પ્રવચનની = ભગવાન વડે કહેવાયેલા શાસ્ત્રની શ્રદ્ધા કરે છે, અનાભોગથી અથવા ગુરુનિયોગથી (ગુરુપારતંત્ર્યથી) અસદ્ભાવની (ન કહેવાયેલાની) શ્રદ્ધા કરે છે -

→ **અહીં ત્રણ વાતના ખુલાસા કર્યા છે...**

(i) સમ્યગ્દષ્ટિ જીવ શાસ્ત્રમાં કહેવાયેલી વાતની જ શ્રદ્ધા કરે છે.

---

**१. सम्मद्दिट्ठी जीवो, उवइट्ठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं, अणभोगा गुरुनिओगा वा ॥१६३॥**

(ii) કોઈકવાર અનાભોગથી (તેવા પ્રકારના તત્ત્વવિષયક જ્ઞાનના અભાવથી) અથવા તો ગુરુના નિયોગથી (શ્રદ્ધેય ગુરુના વચનથી) શાસ્ત્રમાં ન કહ્યું હોય, તેની પણ શ્રદ્ધા કરે, તો પણ તેને મિથ્યાત્વ લાગતું નથી.

(iii) અનાભોગ અને ગુરુનિયોગથી સમકિતિ જીવ શાસ્ત્રમાં અનિરૂપિત વસ્તુની શ્રદ્ધા કરે, છતાં પણ તેને દ્રવ્યસમ્યક્ત્વ હોઈ શકે છે. આ વસ્તુને સ્પષ્ટ કરતાં **ધર્મસંગ્રહ ગ્રંથમાં શ્લોક-૨૨**ની ટીકામાં કહ્યું છે કે-

**"यस्य त्वनेकान्ततत्त्वे भगवत्प्ररुपिते सम्यगपरिच्छिद्यमानेऽपि भगवत्प्ररुपितत्वेन तत्र रुचिर्विपरीताभिनिवेशश्च न भवति गीतार्थ-प्रज्ञापनीयत्वादिगुणयोगात् । तस्यानाभोगगुरुपारतन्त्र्याभ्यामन्यथा सम्भावनेऽपि अतस्तत्त्वस्य शुद्धत्वात् द्रव्यसम्यक्त्वमविरुद्धम् ।"**

**સારાંશ :** જે જીવ ભગવત્ પ્રરૂપિત અનેકાંત તત્ત્વને સારી રીતે જાણતો નથી, છતાં પણ તે અનેકાંત તત્ત્વ, ભગવત્ પ્રરૂપિત હોવાના કારણે, તેમાં તેની રૂચિ હોય છે અને વિપરીત અભિનિવેશ હોતો નથી. કારણ કે, ગીતાર્થ-પ્રજ્ઞાપનીયતાદિ ગુણનો યોગ છે. તેવા જીવને અનાભોગ અને ગુરુપારતંત્ર્યથી વિપરીત બોધ થવાની સંભાવના હોવા છતાં પણ આત્માની અંતરંગ રૂચિ શુદ્ધ હોવાથી તેનામાં દ્રવ્યસમ્યક્ત્વ હોવામાં કોઈ વિરોધ નથી.

**કહેવાનો સાર એ છે કે,** સમકિતિ જીવને ભગવાને કહેલા તત્ત્વને સ્વીકારવાની જ રૂચિ હોય છે. તેથી તેની અંતરંગ રૂચિ તો શુદ્ધ જ હોય છે. તેના કારણે કોઈકવાર અનાભોગ કે ગુરુના કહેવાથી વિપરીત સ્વીકારે, તો પણ તેના સમ્યક્ત્વની હાનિ થતી નથી. કારણ કે,...એ સ્વીકારવામાં વિપરીત (ખોટો) અભિનિવેશ નથી અને પ્રજ્ઞાપનીયતા પણ છે. સાચું જાણવા મળશે ત્યારે છોડવાની તૈયારીવાળો છે.

**→ આથી ફલિતાર્થ એ છે કે -**

(i) સમકિતિ શાસ્ત્રમાં કહેવાયેલા તત્ત્વમાં (ભગવત્ ઉપદિષ્ટ વચનમાં) જ રૂચિ = શ્રદ્ધા કરે છે. તેનાથી વિપરીત રૂચિ કરતો નથી.

(ii) જે સમકિતિ અનાભોગાદિથી વિપરીત બોધ કરે છે પરંતુ વિપરીત અભિનિવેશ નથી અને પ્રજ્ઞાપનીયતાદિ ગુણો વિદ્યમાન છે, તો તેના દ્રવ્યસમ્યક્ત્વનો નાશ થતો નથી અર્થાત્ ચોથું ગુણસ્થાનક ગુમાવતો નથી.

(iii) વિપરીત અભિનિવેશ આવે ત્યારે મિથ્યાત્વનો ઉદય થયા વિના રહેતો નથી.

**પ્રસ્તુત વિષય અંગેની વિશેષ વાતો આગળ કરીશું.**

(C) **શાસ્ત્રમાં સમ્યક્ત્વના પાંચ પ્રકાર કહ્યા છે...**(૧) ઔપશમિક સમ્યક્ત્વ (૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, (૩) ક્ષાયિક સમ્યક્ત્વ, (૪) સાસ્વાદન સમ્યક્ત્વ અને (૫) વેદક સમ્યક્ત્વ. તેમાં...

– ઔપશમિક સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનકથી માંડીને અગીયારમા ગુણસ્થાનક સુધી હોય છે.

– ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનકથી માંડીને સાતમા ગુણસ્થાનક સુધી હોય છે.

– ક્ષાયિક સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે.

– સાસ્વાદન સમ્યક્ત્વ બીજા ગુણસ્થાનકમાં હોય છે.

– વેદક સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનકથી માંડીને સાતમા ગુણસ્થાનક સુધી હોય છે.

**– આથી ચોથા ગુણસ્થાનકે સમ્યક્ત્વ હોય છે. ચોથે જીવ સમકિતિ કહેવાય છે. ચોથે ગુણસ્થાનકે નિશ્ચયનયથી મિથ્યાત્વ હોવા છતાં પણ**

**મિથ્યાત્વી તરીકેનો વ્યવહાર થતો નથી.**

જો કે, ગુણસ્થાનકની પરિણતિ તો વિશિષ્ટ જ્ઞાની જ જાણી શકે છે. છતાં પણ 'મિથ્યાત્વી' તરીકેનો વ્યવહાર ક્યારે થાય અને મિથ્યાત્વ દોષ ક્યારે લાગે, તે જાણવા જ્ઞાનીઓએ અમુક લક્ષણો બતાવ્યા છે. તે આપણે આગળ જોઈશું.

(D) "મિથ્યાત્વ એટલે..." પુસ્તકના લેખકશ્રીએ નિશ્ચય સમ્યક્ત્વને આગળ કરીને જે બધી આપત્તિઓ વર્ણવી છે, તેમાં માત્રને માત્ર સત્ય છૂપાવવાની કોશિશ કરી છે. તેની સમીક્ષા આગળ કરીશું. **પરંતુ અહીં ત્રણ વસ્તુ યાદ રાખવાની છે કે -**

(૧) મિથ્યા અભિનિવેશ મિથ્યાત્વને ખેંચી લાવે છે - સમ્યક્ત્વનો નાશ કરે છે. (મંદમિથ્યાત્વીને ગાઢ મિથ્યાત્વમાં ધકેલી દે છે. ૧૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે[1] જમાલિજીએ સ્વરૂપ અને હેતુ હિંસા સેવી નથી (અર્થાત્ આચરણ શુદ્ધ પાળ્યું છે) છતાં પણ તેમને મિથ્યા અભિનિવેશના કારણે મિથ્યાત્વનો ઉદય થતાં અનુબંધમાં હિંસા મળી છે. **મિથ્યાત્વ અનુબંધમાં દોષ આપવાનું કામ કરે છે. તે દુરન્ત સંસારનું કારણ બને છે.**

(૨) જયાં બુદ્ધિ-બળ-સંઘયણ આદિની ખામીનો પ્રશ્ન ન હોય, ત્યાં શાસ્ત્ર મુજબ આચરણા ન કરવામાં અને શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરવામાં મિથ્યાભિનિવેશ જ કારણ બનતો હોય છે અને એવો મિથ્યા અભિનિવેશ સમ્યક્ત્વ ગુણને ટકવા દેતો નથી, એવું **હિતોપદેશમાલા**[2]

---

૧. હેતુ સ્વરૂપ ન હિંસા સેવી, સેવી તે અનુબંધ,
તો જમાલિ પ્રમુખે ફળ પામ્યાં, કડુઆ કરી બહુ દ્વન્દ્વ ॥૨૦॥

૨. "**सम्मत्ताइगुणोहो, अणभिणिविट्ठस्स माणसे वसइ ।
तम्हा कुगइपवेसो, निरुंभियव्वो अभिनिवेसो ॥३९२॥**

ગ્રંથમાં કહ્યું છે. (અભિનિવેશની ભયંકરતા આગળ વર્ણવી છે.)

(૩) બુદ્ધિ-બળ-સંઘયણાદિ મુજબ શાસ્ત્રનિર્દિષ્ટ અનુષ્ઠાન કરવામાં કોઈ અંતરાય ન હોય અને છતાં પ્રમાદના કારણે શાસ્ત્ર મુજબ આચરણ થતું ન હોય અને શાસ્ત્રથી વિકલ અનુષ્ઠાન થતું હોય, ત્યારે તે અનુષ્ઠાન 'ઇચ્છાયોગ'ની ભૂમિકામાં આવી પણ શકે છે અને ન પણ આવી શકે.

(i) શાસ્ત્રની વિધિનું જ્ઞાન હોય, શાસ્ત્ર મુજબ કરવાની જ ઇચ્છા હોય, છતાં પણ પ્રમાદના કારણે શાસ્ત્રમુજબ ન થતું હોય, ત્યારે પ્રમાદ ખટકતો હોય અને વિરુદ્ધ પ્રરૂપણા ન હોય તો એ અનુષ્ઠાન ઇચ્છાયોગની ભૂમિકામાં આવે છે. (આવો ઇચ્છાયોગ શાસ્ત્રયોગનું કારણ છે.)

(ii) શાસ્ત્રની વિધિની ઉપેક્ષા હોય, શાસ્ત્ર મુજબ કરવાની ઇચ્છા ન હોય, પ્રમાદ ખટકતો ન હોય, વિરુદ્ધ પ્રરૂપણા હોય, ખોટો અભિનિવેશ હોય, ત્યારે સેવાતું અનુષ્ઠાન ઇચ્છાયોગની ભૂમિકામાં આવતું નથી.

---

**जह अजिन्नाउ जरं, जहंधयारं य तरणिविरहाओ ।**
**तह मुणह निसंसाओ, मिच्छत्तं अहिणिवेसाओ ॥३९३॥"**

**ભાવાર્થ :**

– અભિનિવેશ રહિત જીવના મનમાં સમ્યક્ત્વાદિ પૂર્વોક્ત ગુણોનો વાસ થાય છે. માટે દુર્ગતિમાં પ્રવેશ કરાવનારા અભિનિવેશને મનમાં પ્રવેશ કરતાં પહેલાં જ રોકી દેવો જોઈએ. - જેમ અજીર્ણ થવાથી તાવ આવે છે અને સૂર્યની ગેરહાજરીમાં અંધકાર ઉત્પન્ન થાય છે, તેમ રાક્ષસ સમાન અભિનિવેશ (કદાગ્રહ)થી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એમ સમજી લેવું.

અભિનિવેશની હાજરીમાં સત્ તત્ત્વોનો પક્ષપાત રહેતો નથી. પરંતુ સ્વકલ્પિત તત્ત્વોનો પક્ષપાત ઊભો થાય છે. તેનાથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. જ્યારે અભિનિવેશના ત્યાગમાં માર્ગાનુસારિતા જીવંત રહે છે. તેનાથી સત્ તત્ત્વોનો પક્ષપાત જીવંત રહે છે. તેનાથી સમ્યક્ત્વાદિ સ્થિર રહે છે અને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી.

**⇒ સમકિતિના અભિગમ વગેરે કેવા હોય ?**

→ યોગગ્રંથો આદિ શાસ્ત્રોએ સમકિતિના અભિગમ-પક્ષપાત-દૃષ્ટિકોણ-રૂચિ-પ્રાર્થના આદિ વિષયો ઉપર પ્રકાશ પાથર્યો છે. તેની ક્રમશઃ આંશિક વિચારણા કરીશું...

(૧) સમકિતિ આત્મા અપરીક્ષિત વસ્તુનો પક્ષપાત ક્યારેય ન કરે.[૧] કારણ કે, તે ચોક્ખું માને છે કે, 'શાસ્ત્રવચન' નામના પ્રમાણથી પરીક્ષા કર્યા વિના સ્વીકારેલા પદાર્થો માનવાથી આભિગ્રાહિક મિથ્યાત્વ લાગે છે.

**(૨) આથી જ સમકિતિ આત્મા કુલાચારથી કે અવિહિત પરંપરા આદિથી આગમપરીક્ષાને બાધિત કરતો નથી અર્થાત્ સમકિતિ આત્મા કુલાચાર કે પરંપરાને આગળ કરીને શાસ્ત્ર (આગમ) નિર્દિષ્ટ આચાર-સંહિતા અને સિદ્ધાંતોને બાધિત ન કરે. શાસ્ત્રથી પોતાનો કુલાચાર ખોટો લાગે તો તેને તે છોડવા તૈયાર હોય છે.**

(૩) સમકિતિ આત્મા કોઈપણ તત્ત્વને પરીક્ષા કરીને જ સ્વીકારતો હોવાથી "બધા જ ધર્મો-દેવો-ગુરુઓ સારા છે - સાચા છે - વંદનીય છે" આવું બોલતો નથી કે માનતો પણ નથી. જે જિનાગમોની પરીક્ષામાં પાર ઉતરે એને જ સાચા-સારા-વંદનીય માને છે. નહીંતર અનાભિગ્રહ મિથ્યાત્વ દોષ લાગે એવી એની સમજ હોય છે.

(૪) સમકિતિ સત્ય તત્ત્વનો જ સ્વીકાર કરે છે. ખોટાનો સ્વીકાર કરતો નથી. ખોટાનો અભિનિવેશ (આગ્રહ) તો એ ક્યારેય રાખતો નથી. કારણ કે, એની સાદી સમજ છે કે - મિથ્યા અભિનિવેશથી આભિનિવેશિક મિથ્યાત્વ દોષ લાગે છે. જે અત્યંત વિપર્યાસરૂપ હોવાથી

---

**( १ ) सम्यग्दृशोऽपरीक्षितपक्षपातत्वायोगात् । [धर्मपरीक्षा, श्लोक-८/ टीका]**

સાનુબંધ ક્લેશનું (દુઃખદ ભવપરંપરાનું) કારણ છે.

(૫) સમકિતિ જિનવચનમાં ક્યારેય સંશય-શંકા કરતો નથી. તેની દૃઢ માન્યતા હોય છે કે - **'तमेव सच्चं निशंकं जं जिणेहिं पवेइयं'** જે જિનેશ્વર પરમાત્માઓએ કહ્યું છે, તે જ સત્ય અને શંકા વિનાનું હોય છે. આથી જિનાગમોના જુદી જુદી જગ્યાએથી જુદા જુદા અર્થો થતા હોય ત્યારે સાચા અર્થ કયા ? તેની શોધ કરે છે અને સાચું પકડીને જ રહે છે.

(૬) સમકિતિ આત્મા ક્યારેય મતિભેદ ઊભો ન કરે અર્થાત્ શાસ્ત્રથી સ્વતંત્ર સ્વમતિ મુજબ ક્યારેય પ્રરૂપણા ન કરે. એમ કરવામાં મિથ્યાત્વની પ્રાપ્તિ-વૃદ્ધિ અને તેના ફલસ્વરૂપે સંસારવૃદ્ધિ થાય છે એવી તેની સરળ સમજ હોય છે.

**(૭) સમકિતિ આત્મા બહુમતિ-સર્વાનુમતિથી નિર્ણય ન કરે પરંતુ શાસ્ત્રમતિથી જ નિર્ણય કરે.**

(૮) સમકિતિ આત્મા ક્યારેય ઉન્માર્ગની પ્રરૂપણા ન કરે અને ઉન્માર્ગને પ્રોત્સાહન ન આપે. જ્યાં પંચાશ્રવની પ્રવૃત્તિ થતી હોય અને ઉત્સૂત્રપ્રરૂપણા થતી હોય, તેને ઉન્માર્ગ કહેવાય છે.[1] **શાસ્ત્રવચન અને સંવિગ્ન-અશઠ ગીતાર્થોના આચરણ (જીતવ્યવહાર)ને માર્ગ (સન્માર્ગ) કહેવાય છે.[2] અજિનનું વચન અને અવિહિત પરંપરાને ઉન્માર્ગ કહેવાય છે.**

→ સમકિતિ (પૂર્વે જણાવ્યા મુજબ) શાસ્ત્ર નિર્દિષ્ટ પદાર્થો = તત્ત્વોમાં જ રૂચિ = શ્રદ્ધા રાખે છે. શાસ્ત્ર વિરુદ્ધ તત્ત્વોમાં નહીં.

---

૧. **मार्गदूषणपूर्वकमुत्सूत्रप्ररुपणा यत्र स उन्मार्गः अथवा यत्र पञ्चाश्रवप्रवृत्तिः स उन्मार्गः ।** ગચ્છાચાર પયન્ના, ગાથા-૨/૧)

૨. **मार्गः प्रवर्तकं मानं शब्दो भगवतोदितः । संविग्नाऽशठगीतार्थाऽचरणं चेति स द्विधा ॥३/१॥** (માર્ગ બત્રીસી)

**(૯) સમકિતિ પોતાના સમ્યક્ત્વને દૂષણ ન લાગે એ માટે શંકા-કાંક્ષાદિ દોષોથી બચતો રહે છે. તેથી જ....**

(i) સમકિતિ આત્મા જિનવચનમાં-શાસ્ત્રોક્ત તત્ત્વોમાં ક્યારેય શંકા કરતો નથી. ભલે એની બુદ્ધિમાં ન બેસે તો પણ. કારણ કે, એની ચોક્ખી સમજ છે કે 'શંકા' દોષ જિનવચન પ્રત્યે અશ્રદ્ધા જગાવશે અને તેનાથી મિથ્યાત્વ આવ્યા વિના રહેશે નહીં. **કારણ કે, યોગશાસ્ત્રની ટીકામાં કહ્યું છે કે[1] - "સૂત્રમાં કહેલા એક પણ અક્ષરની અરૂચિ કરવાથી માણસ મિથ્યાદૃષ્ટિ થાય છે."**

(ii) સમકિતિ આત્મા (પરમતની વાંછા સ્વરૂપ) કાંક્ષા દોષથી બચે છે. કારણ કે, તેના આસ્તિક્ય ગુણના (શ્રીજિનેશ્વરોએ ફરમાવેલા તત્ત્વોમાં કોઈ ફેરફાર હોઈ શકે નહીં - એવી આસ્તિકતાના) કારણે એ ક્યારેય અન્યમતના ચમત્કારાદિથી આકર્ષિત થતો નથી. **સમકિતિ ગુણ-આત્મશુદ્ધિ-પવિત્રતાનો પૂજારી હોય છે. શક્તિ-લબ્ધિ-ચમત્કારોનો આશક હોતો નથી.**

**તદુપરાંત, સમકિતિની ચોક્ખી સમજ છે કે, આ લોક અને પરલોકના સુખાદિની આકાંક્ષા કરતા આત્માને કાંક્ષા દોષ લાગે છે અને તેનાથી સમ્યક્ત્વ મલિન થાય છે. તેથી તે ધર્મ પાસેથી સંસારસુખની માંગણી - પ્રાર્થના કરતો નથી.[2]**

**સંસારસુખની આકાંક્ષા સ્વરૂપ કાંક્ષા દોષ પણ સમ્યક્ત્વના**

---

१. सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरो मिथ्यादृष्टिः । [योगशास्त्र प्र-२/१७ वृत्ति]

२. ऐहिकामुष्मिकान् सुखादीनर्थान् कांक्षतः कांक्षा मन्तव्या, इयमपि सम्यक्त्वातिचाररुपैव तीर्थंकर प्रतिसिद्धाचरणस्वरुपेन तन्मालिन्यहेतुत्वात् । (આવશ્યક નિર્યુક્તિ-ટીકા)

**અતિચારરૂપ જ છે. કારણ કે, તીર્થંકરોએ નિષેધ કરેલાનું આચરણ કરવા સ્વરૂપ હોવાથી તે સમ્યક્ત્વની મલિનતાનું કારણ છે.**

તેથી જ **વિંશતિવિંશિકા** ગ્રંથમાં (છટ્ઠી સદ્ધર્મ વિંશિકામાં) કહ્યું છે કે-

**नरविबुहेसरसुक्खं दुक्खं चिय भावओ उ मन्नंतो ।**
**संवेगओ न मुक्खं मुत्तूणं किंपि पत्थेइ ॥६-११॥**

**नारयतिरिनरामरभवेसु निव्वेयओ वसइ दुक्खं ।**
**अकयपरलोकमग्गो ममत्तविसवेगरहिओ वि ॥६-१२॥**

– સમ્યગ્દષ્ટિ જીવ મનુષ્ય અને દેવેન્દ્રોના સુખોને ભાવથી (પરમાર્થથી) દુઃખરૂપ જ માને છે. (તેથી સંસારના સુખો પ્રત્યે નિર્વેદ હોય છે અને મોક્ષસુખની અભિલાષાવાળો (સંવેગવાળો) હોય છે. તેથી સંવેગ હોવાના કારણે મોક્ષને છોડીને બીજી કોઈ પ્રાર્થના કરતો નથી અર્થાત્ મોક્ષ સિવાય બીજા કોઈ પણ પદાર્થ કે સુખની પ્રાર્થના કરતો નથી.

વળી સંવેગ-નિર્વેદના પરિણામના કારણે મમત્વરૂપી વિષના વેગથી રહિત હોવા છતાં પણ પરલોકનો માર્ગ સધાયો ન હોવાથી તે (અર્થાત્ મોક્ષમાર્ગની યાત્રા પૂર્ણ થઈ ન હોવાથી તે) સમ્યગ્દષ્ટિ જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિને વિશે અર્થાત્ ચારગતિરૂપ સંસારમાં નિર્વેદપૂર્વક દુઃખે કરીને રહે છે.

સમ્યગ્દષ્ટિ આત્માને સંસારની પરમાર્થથી ઓળખાણ થઈ ગઈ છે. તેથી એક પણ પદાર્થ, સંયોગ, વ્યક્તિ, પરિસ્થિતિ એને સારરૂપ લાગતી નથી. તેથી તેના પ્રત્યે નિર્વેદભાવ પ્રગટ્યો છે તથા સાચા સુખના સ્થાનની (મોક્ષની) પણ પરમાર્થથી પહેચાન થઈ ગઈ છે. તેથી મોક્ષાભિલાષા પ્રગટી છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** સમકિતિ આત્માને અવિરતિનો ઉદય વર્તતો હોય તો ભૌતિક સુખની ઇચ્છા થઈ શકે છે. પરંતુ તેમાં સુખબુદ્ધિ

થવા રૂપે વિપર્યાસ હોતો નથી.

**→ આથી સમકિતિ અન્યમતની વાંછા કરતો નથી અને ધર્મ પાસેથી સંસાર સુખની અપેક્ષા રાખતો નથી.**

(iii) સમકિતિ આત્મા જિનોક્ત ધર્મક્રિયાના ફલને વિશે સંદેહ અને મુનિજનના મલિન શરીરાદિની જુગુપ્સા કરવા સ્વરૂપ વિચિકિત્સા દોષને સેવતો નથી.

(iv) સમકિતિ મિથ્યાદષ્ટિ જીવોની પ્રશંસા કરતો નથી. કારણ કે, તે એમાં ઉન્માર્ગનું પોષણ જુએ છે[1] અને ઉન્માર્ગનું પોષણ મિથ્યાત્વ ખેંચી લાવે છે, એ એની ચોકખી સમજ છે. યોગશાસ્ત્ર પ્રકાશ-૨, શ્લોક-૧૭ની ટીકામાં "**इदं तु व्यक्तमेव सम्यक्त्वदूषणम्**" કહ્યું છે - અર્થાત્ જે આત્માઓની દષ્ટિ વિપરીત = મિથ્યા છે, તેમની પ્રશંસા કરવી, તે પ્રગટપણે સમ્યક્ત્વનું દૂષણ છે.

**અહીં ઉલ્લેખનીય છે કે** - અન્યદર્શનોની દેશ વિષયક કે સર્વવિષયક (અર્થાત્ તેની એક વાતની કે આખા દર્શનની) પ્રશંસા કરવાથી સમ્યક્ત્વને દૂષણ લાગે છે, એવું યોગશાસ્ત્રની ટીકામાં સ્પષ્ટ કહ્યું છે. શાસ્ત્રાજ્ઞા આ મુજબ છે અને કેટલાક મહાનુભાવો અન્યદર્શન સાથે સમન્વય સાધવાનું કહે છે, તે કઈ રીતે સંગત બને અને કઈ રીતે આપત્તિરૂપ બને, તે આપણે આગળ સ્વતંત્ર પ્રકરણમાં વિચારીશું.

**→ આથી સમકિતિ ક્યારેય ગુણાભાસની અનુમોદના-પ્રશંસા ન કરે.**

(v) સમકિતિ આત્મા મિથ્યાદષ્ટિનો પરિચય ન કરે. **સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણમાં કહ્યું છે કે** -

---

૧. "મિથ્યામતિ ગુણ વર્ણનો ટાળો ચોથો દોષ,
ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગ પોષ. સમકિત૦ ૨૬
(સમકિતના સડસઠ બોલની સજ્ઝાય)

**"वेसाघरेसु गमणं जहा विरुद्धं हवइ कुलवहूणं ।**
**जाणाहि तहा सावय-सुसावयाणं कुतित्थेसु ॥१३॥"**

— કુલવધૂઓ માટે (ખાનદાન કુલની વહુઓ માટે) વેશ્યાના ઘરે જવું જેમ શિષ્ટલોક વિરુદ્ધ કાર્ય છે, તેમ સમ્યગ્દષ્ટિ શ્રાવકો માટે કુતીર્થિકો પાસે જવું પણ એટલું જ અયોગ્ય છે.

**તદુપરાંત,** સમકિતિ આત્મા મિથ્યાત્વી દેવોના સ્થાનોનો પણ ત્યાગ કરે છે. કારણ કે, મિથ્યાત્વી દેવોના સ્થાનોમાં જવાથી કે સંપર્ક રાખવાથી-

(૧) ઉન્માર્ગની માર્ગ તરીકે સ્થાપના થાય છે. (૨) મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે અને (૩) બોધિબીજનો નાશ છે.[૧]

**→ સમકિતિ આત્મા શાસ્ત્રના આ બધા નિયમો-નિયંત્રણોને બંધનરૂપે માનતો નથી. પરંતુ તેમાં આત્માની સુરક્ષા માને છે.**

(૧૦) સમકિતિ લૌકિક-લોકોત્તર દેવ-ગુરુ-ધર્મ વિષયક મિથ્યાત્વનો ત્યાગ કરે છે. (તે છ પ્રકારનું મિથ્યાત્વ આગળ જણાવ્યું જ છે.)

---

૧. આ જ વાતને જણાવતાં **"સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણ"** ગ્રંથમાં કહ્યું છે કે-

**जिणधम्मंमि अ कुसलो सुसावओ सो वि आगओ इत्थ ।**
**तम्हा एस पहाणो सिवाय धम्मो जओ भणिओ ॥१६॥**

**कुलिंगितब्भत्ताणं थिरत्तणं कुणइ तत्थ वच्चंतो ।**
**वड्ढेइय मिच्छत्तं स बोहिबीयं हवइ तेसिं ॥१७॥**

**ભાવાર્થ :** જિનધર્મમાં જે કુશળ છે એવો શ્રાવક પણ અહીં (મિથ્યાત્વી દેવોના મઠોમાં) આવ્યો, તેથી ચોક્કસ આ (મિથ્યા) ધર્મ પણ મોક્ષનો ઉપાય છે. (એવું સામાન્ય પ્રજા વિચારે છે અને એથી) મિથ્યામતિના મંદિર-મઠમાં જનારો શ્રાવક કુલિંગીઓ અને તેમના અનુયાયીઓનું મિથ્યાત્વ વધારી દે છે. તેમના બોધિબીજની હત્યા કરે છે.

(૧૧) સમકિતિને સંસારના ભોગો સર્પની ફણાના આટોપ જેવા લાગે છે.[૧] તેને સાંસારિક બાહ્યપદાર્થો (દુન્યવી સામગ્રી) માયા મરીચિકા (ઝાંઝવાના જળ), ગંધર્વનગર અને સ્વપ્ન જેવા લાગે છે.[૨] સંસારની તમામ ભોગચેષ્ટાઓ બાળકની ધૂળના ઘર બનાવવા જેવી તુચ્છ લાગે છે.[૩] તેને એકમાત્ર આંતર જ્ઞાન (શાશ્વતજ્ઞાન) જ પરમતત્ત્વ લાગે છે. બાકીના તમામ પદાર્થો ઉપદ્રવસ્વરૂપ પ્રતિભાસિત થાય છે.[૪]

**(૧૨) આથી જ સમકિતિ...શ્રદ્ધામાં શિથિલ બનતો નથી...સંસાર સમુદ્રમાં રમતો નથી.[૫]...પાપમાં લીન બનતો નથી...ધર્મમાં હીન બનતો નથી...બુદ્ધિમાં ક્ષીણ બનતો નથી (વિપર્યાસ-ભ્રાન્તિ ભરતો નથી)...સુખમાં તલ્લીન બનતો નથી...દુઃખમાં દીન બનતો નથી...માન્યતામાં શિથિલ બનતો નથી...વૃત્તિમાં તુચ્છ બનતો નથી.**

(૧૩) સમકિતિ કર્મયોગે આવી પડેલા પાપને સકંપભાવે (કંપતા હૃદયે) કરે છે, પરંતુ નિષ્કંપભાવે ક્યારેય કરતો નથી.

(૧૪) તે જ રીતે સમકિતિ શાસ્ત્રનિરપેક્ષ પ્રવૃત્તિ કરતો નથી.

**⇒ મિથ્યાત્વી તરીકેનો વ્યવહાર કયા પ્રકારના મિથ્યાત્વથી થાય ?**

**પ્રશ્ન :** શાસ્ત્રમાં જ્યાં જ્યાં મિથ્યાત્વી = મિથ્યાદૃષ્ટિ તરીકેનો વ્યવહાર કરાયો છે, તે કયા 'મિથ્યાત્વ'થી કરાયો છે ?

---

१. भवभोगिफणाभोगो भोगोऽस्यामवभासते ।
फलं ह्यनात्मधर्मत्वात्तुल्यं यत्पुण्यपापयोः ॥२४-५॥

२. मायामरीचिगन्धर्वनगरस्वप्नसन्निभान् ।
बाह्यान् पश्यति तत्त्वेन, भावान् श्रुतविवेकतः ॥१५६॥

३. बालधूलीगृहक्रीडा तुल्याऽस्यां भाति धीमताम् ।
तमोग्रन्थिविभेदेन, भवचेष्टाखिलैव हि ॥१५५॥

४. अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।
यदत्र तत्परं तत्त्वं, शेषः पुनरुपप्लवः ॥१५७॥

५. सम्यग्दर्शनपूतात्मा न रमते भवोदधौ ।

**ઉત્તર :** 'મિથ્યાત્વી' તરીકેનો વ્યવહાર પ્રથમ ગુણસ્થાનકના 'મિથ્યાત્વ' ના કારણે થાય છે અને શાસ્ત્રનિરપેક્ષ પ્રવૃત્તિ કરનાર તથા ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારમાં પણ એવો વ્યવહાર થાય છે. સેનપ્રશ્ન અને ગચ્છાચાર પયન્નામાં એ મુજબ જણાવેલ છે. (આ માટે શાસ્ત્રપાઠોવાળું પ્રકરણ-૨ જુઓ),

**→ નિશ્ચય મિથ્યાત્વવાળામાં = નિશ્ચય સમ્યક્ત્વના અભાવવાળામાં મિથ્યાદષ્ટિ તરીકેનો વ્યવહાર થતો નથી. ચોથા ગુણસ્થાનકથી આગળ સમકિતિ તરીકેનો જ વ્યવહાર થાય છે. તદુપરાંત છદ્મસ્થો અંદરના ભાવોને જાણી શકતા નથી. તેથી શાસ્ત્રસાપેક્ષ પ્રવૃત્તિ કરનાર અને ઉત્સૂત્ર પ્રરૂપણાનો ત્યાગ તથા સસૂત્ર પ્રરૂપણા કરનારને પણ સમકિતિ કહેવાનો વ્યવહાર છે.**

**⇒ મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ ક્યારે થાય ?**

**પ્રશ્ન :** મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ (કે જે ભયંકર છે તે) કયા મિથ્યાત્વથી થાય છે ?

**ઉત્તર :** પ્રથમ ગુણસ્થાનકના મિથ્યાત્વથી મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ થાય છે અને ચોથા ગુણસ્થાનકથી તો એ કર્મબંધ થતો નથી.

**⇒ કયા મિથ્યાત્વથી અકુશલ અનુબંધોનું સર્જન થાય છે.**

**પ્રશ્ન :** કયા મિથ્યાત્વથી અકુશલ અનુબંધોનું સર્જન થાય છે.

**ઉત્તર :** પ્રથમ ગુણસ્થાનકના મિથ્યાત્વથી અકુશલ અનુબંધોનું સર્જન થાય છે. અહીં ઉલ્લેખનીય છે કે, જ્યારે મિથ્યાત્વ મંદ થાય છે, ત્યારે ગુણસંપન્ન પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. તે પૂર્વે મિથ્યાત્વ ગાઢ-ગાઢતર-ગાઢતમ હોય છે. જ્યારે મિથ્યાત્વ ગાઢ હોય છે, ત્યારે શુભ કે અશુભ કોઈપણ પ્રવૃત્તિ કરતી વખતે તીવ્ર અકુશલ અનુબંધો આત્મામાં પડે છે. મિથ્યાત્વની મંદ અવસ્થામાં આંશિક

માર્ગાનુસારી પરિણામ પ્રાપ્ત થાય છે. આ અવસ્થામાં મંદ મિથ્યાત્વ હાજર હોવાથી મંદ અકુશલ અનુબંધો તો પડે છે, પરંતુ માર્ગાનુસારી પરિણામ પણ વર્તતો હોય ત્યારે આંશિક કુશલ અનુબંધો પણ આત્મામાં પડે છે.

→ ગાઢ મિથ્યાત્વની હાજરીમાં બુદ્ધિમાં ગાઢ વિપર્યાસ (ભ્રમણા) વર્તતો હોવાથી તીવ્ર અકુશલ અનુબંધો પડે છે. મંદ મિથ્યાત્વની અવસ્થામાં બુદ્ધિમાં ગાઢ વિપર્યાસ ન હોવાના કારણે તીવ્ર અકુશલ (પાપના) અનુબંધો પડતા નથી.

**→ સમ્યગ્દર્શનની હાજરીમાં શુભાશુભ કોઈપણ પ્રવૃત્તિ કરતી વખતે કુશલ (શુભ) અનુબંધો જ આત્મામાં પડે છે.** ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દર્શન હાજર હોય છે. તેથી ચોથા ગુણસ્થાનકથી પાપના અનુબંધો પડવાનું બંધ થઈ જાય છે અને શુભ અનુબંધો જ પડવાનું ચાલું થાય છે.

→ મિથ્યાત્વ હોય, ત્યાં અનંતાનુબંધીના કષાયો હોય જ અને જ્યાં અનંતાનુબંધી કષાય હોય ત્યાં પ્રકૃષ્ટ કર્મબંધ થયા વિના રહેતો નથી. કારણ કે, બુદ્ધિમાં તીવ્રવિપર્યાસ અને ગાઢ તૃષ્ણાઓ વિદ્યમાન હોય છે. તે તીવ્રભાવે પાપ કરાવે છે. તેનાથી પ્રકૃષ્ટ કર્મબંધ થાય છે.

**→ તદ્દુપરાંત, સંબોધ પ્રકરણ ગ્રંથમાં કહ્યું છે કે,** મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોની હાજરીમાં કર્મબંધ ઉત્કૃષ્ટ થાય છે અને અશુભ અનુબંધ સહિત જ થાય છે તથા મિથ્યાત્વનો ક્ષય અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યારે (મિથ્યાત્વ સિવાયના) બીજા કર્મબંધના હેતુઓ (અવિરતિ, અપ્રખ્યાનીયાદિ કષાયો, યોગ) નિરનુબંધ હોય છે અર્થાત્ મિથ્યાત્વ રહિત અવિરતિ આદિ કર્મબંધના હેતુઓથી જે પાપકર્મબંધ થાય છે, તે નિરનુબંધ = અનુબંધ રહિત હોય છે અર્થાત્ પાપકર્મમાં

અશુભ અનુબંધો પડતા નથી.[1]

→ **અહીં યાદ રાખવું કે,** સમ્યક્ત્વની હાજરીમાં જે પુણ્યબંધ થાય તે પુણ્યના અનુબંધવાળો હોય છે. કર્મવશ ચોથે અને પાંચમે ગુણસ્થાનકે પાપપ્રવૃત્તિ થતી હોય, ત્યારે તેનાથી પાપકર્મનો અલ્પ બંધ થાય છે. પરંતુ અનુબંધ પાપનો પડતો નથી.

→ **તદુપરાંત,** મિથ્યાત્વ સિવાયના કર્મબંધના અવિરતિ, અપ્રત્યાખ્યાનીયાદિ કષાય અને યોગ વગેરે હેતુઓથી પણ કર્મબંધ થાય છે. સમ્યગ્દર્શન આદિ ગુણોની વિદ્યમાનતા હોવાના કારણે અવિરતિથી થતો કર્મબંધ (મિથ્યાત્વાવસ્થામાં થતા કર્મબંધની અપેક્ષાએ) મંદ હોય છે, સર્વવિરતિ ગુણસ્થાનકે મિથ્યાત્વ-અવિરતિ ઉભયનો અભાવ હોય છે અને માત્ર સંજ્વલન કષાયનો ઉદય હોય છે, ત્યારે કર્મબંધ (અવિરતિથી થતા કર્મબંધ કરતાં પણ) અધિક મંદ થાય છે. તેનાથી પણ કષાયરહિત યોગોથી થતો બંધ અધિક મંદ હોય છે.[2]

**પ્રશ્ન : અશુભ અનુબંધોનું સર્જન શાનાથી થાય છે ?**

**ઉત્તર :** પૂર્વે જોયા મુજબ અશુભ અનુબંધોના સર્જનમાં મિથ્યાત્વ અને તેની સાથે વર્તતા અનંતાનુબંધી કષાયો છે. ઘણીવાર આ બંને બહારથી જોઈ શકતા નથી. તેથી જ્ઞાનીઓએ કયા પ્રકારના અનુષ્ઠાનથી અશુભ અનુબંધોનું સર્જન થાય છે તે નીચે મુજબ જણાવ્યું છે -

**(૧) આજ્ઞાબાહ્ય ક્રિયાથી અશુભ અનુબંધોનું સર્જન થાય છે.**

શાસ્ત્રની આજ્ઞાથી બાહ્ય શુભક્રિયાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે.

---

**૧. तम्हा मिच्छत्तखए, बंधो दुविहो हविज्ज कम्माणं । मिच्छ अणनिरणुबंधा, हेऊणो साणुबंधन्ने ॥१०-४८॥**

**२. जइ वि हु अविरइकसायजोगाईयाण हेऊणो बंधो । हुज्जाऽमंदो मंदो मंदयरो तग्गुणप्पभवो ॥१०-४९॥**

શુભક્રિયાથી તો પુણ્યબંધ થાય છે. પરંતુ શાસ્ત્રથી નિરપેક્ષપણે વર્તવાનો જે પરિણામ છે, તેનાથી અશુભ(પાપ)ના અનુબંધોનું સર્જન થાય છે. મિથ્યાત્વના ઉદયથી જ બુદ્ધિમાં વિપર્યાસ ઉભો થાય છે અને તેનાથી હૈયામાં સ્વચ્છંદતા પ્રવર્તે છે. તેના યોગે શાસ્ત્રનિરપેક્ષ પરિણામ પ્રગટ થાય છે. એવા પરિણામ સહિતની શુભક્રિયાથી પાપાનુબંધી પુણ્યનો બંધ થાય છે. તદુપરાંત, શાસ્ત્રનિરપેક્ષ પરિણામપ્રયુક્ત ક્રિયાથી પાપાનુબંધી પુણ્યના બંધની સાથે મિથ્યાત્વમોહનીય કર્મનો પણ નિયમથી બંધ થાય છે. તેના કારણે ભવાંતરમાં જ્યારે પૂર્વસંચિત પાપાનુબંધી પુણ્યનો ઉદય થાય છે, ત્યારે પૂર્વે બાંધેલા મિથ્યાત્વમોહનીય કર્મનો પણ ઉદય થાય છે. તેનાથી હિતકારી અને અહિતકારી કૃત્યોનો વિવેક ચૂકી જવાય છે અને મૂઢતા પેદા થાય છે તથા જીવ અકૃત્યોમાં ઓતપ્રોત બની જાય છે. તેનાથી પૂર્વે ઉપાર્જન કરેલા પુણ્યકર્મની સ્થિતિનો ક્ષય થતાં મોહનીય જનિત મૂઢતાથી કરેલા પારાવાર પાપોના ફળરૂપે અપાર નરક સમુદ્રમાં ડૂબી જાય છે, એમ ઉપદેશ રહસ્યમાં જણાવ્યું છે.[૧]

**અહીં ફલિતાર્થ એ છે,** મિથ્યાત્વના ઉદયથી પ્રવર્તતો શાસ્ત્રનિરપેક્ષ અશુદ્ધ પરિણામ અકુશલ અનુબંધોનો સર્જક છે અને તેનાથી એ પણ સિદ્ધ થાય છે કે, જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે, તે શાસ્ત્ર પ્રત્યે પરતંત્ર બને છે અને શાસ્ત્રાજ્ઞાને પરતંત્ર જે નિર્મલ પરિણામ છે, તેનાથી શુભ અનુબંધોનું સર્જન થાય છે. **ઉપદેશ રહસ્યમાં કહ્યું છે કે, જે શાસ્ત્રની આજ્ઞાને સાપેક્ષ હોય છે, તેની પાસે પરિપક્વ જ્ઞાન છે અને તેવા જ્ઞાનયુક્ત શુભક્રિયાથી સાધકને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે અને જે ગુણસ્થાનક**

---

**૧. आज्ञाबाह्यानां क्रियामात्रकालभाविभ्यां प्रबलविपर्यासाभ्यां रागद्वेषाभ्यां पापानुबन्धिनः सातवेदनीयादेः कर्मणो बन्धे मिथ्यात्व-मोहनीयस्यापि नियमतो बन्धात् भवान्तरप्राप्तौ तत्पुण्यविपाके समुदीर्ण-मिथ्यात्वमोहानां हिताहितकृत्येषु मूढतामुपगतानां प्रागुपात्तकर्मस्थितिक्षये निःपारनरकपारावारमज्जनोपपत्तेः ॥ [उपदेशरहस्य-७/टीका]**

**પ્રત્યયિક (સંબંધી) જ્ઞાનાવરણીય આદિ કર્મોનો બંધ થાય છે, તે નિરનુબંધ થાય છે અર્થાત્ શાસ્ત્રાજ્ઞાને સાપેક્ષ શુભક્રિયાથી જે પુણ્યબંધ થાય છે, તે પુણ્યાનુબંધી થાય છે અને જે ગુણસ્થાનક પ્રત્યયિક કર્મબંધ થાય છે તે નિરનુબંધ થાય છે**[૧] (અને તેથી તે અશુભ ફળની પરંપરાનો સર્જક ન હોવાથી નુકશાનકારક નથી.) અને આવી શાસ્ત્રાજ્ઞા-સાપેક્ષ શુભક્રિયાથી ઉપાર્જિત થયેલ નિરનુબંધ અશુભ પ્રકૃતિબંધના સહભાવી પુણ્યાનુબંધી પુણ્ય આનુષંગિકપણે ભોગસુખો આપીને આત્માને મોક્ષ સુધી પહોંચાડવામાં સહાયક બને છે.

→ **'ઉપમિતિ ભવપ્રપંચા કથા' ગ્રંથના પ્રથમ પ્રસ્તાવમાં કહ્યું છે કે** - પુણ્યાનુબંધી પુણ્યથી વિશુદ્ધ આશય પ્રગટે છે. તેનાથી વિષયોની અંદર પ્રતિબંધ = આસક્તિ થતી નથી. તેથી પુણ્યાનુબંધી પુણ્યના ભોગવટાવાળા જીવો ભોગોને ભોગવતાં હોવા છતાં પણ આસક્તિ વિનાના હોવાના કારણે પૂર્વે બાંધેલા પાપકર્મના સમૂહને શિથિલ કરે છે અને નવા અધિક શુભવિપાકવાળા પુણ્યાનુબંધી પુણ્યનો આત્મામાં બંધ કરે છે. તેનો જયારે ઉદય થાય છે, ત્યારે તે (પુણ્યાનુબંધી પુણ્ય) ભવવિરાગના સંપાદન દ્વારા સુખની પરંપરાપૂર્વક મોક્ષનું કારણ બને છે. એટલે આ હેતુથી પુણ્યાનુબંધી પુણ્ય સુંદર વિપાકવાળું કહેવાય છે.

**કહેવાનું તાત્પર્ય એ છે કે,** પ્રભુ દ્વારા પ્રરૂપિત શાસ્ત્રોની આજ્ઞાથી નિરપેક્ષ ધર્મક્રિયામાં થતી પ્રવૃત્તિ શુભ હોવા છતાં પરિણામો મિથ્યાત્વ-વાસિત હોવાના કારણે પાપાનુબંધી પુણ્ય બંધાય છે અને એની સાથે મિથ્યાત્વમોહનીયકર્મ પણ બંધાય છે. કાલાંતરે તે બંનેનો ઉદય થતાં જીવમાં મોહમૂઢતા પેદા થાય છે. તેના કારણે હિતાહિતનો વિવેક ચૂકીને ભરપૂર પાપકાર્યો થાય છે, જે જીવને નરકાદિ દુર્ગતિઓમાં મોકલી દે છે.

---

૧. દશમા ગુણસ્થાનક સુધી જ્ઞાનાવરણીય આદિ અશુભ પ્રકૃતિઓનો બંધ અવશ્ય હોય જ છે.

જ્યારે શાસ્ત્રાજ્ઞાથી સાપેક્ષ (શાસ્ત્ર મુજબની) ધર્મક્રિયામાં થતી પ્રવૃત્તિ અને પરિણામ બંને શુભ હોવાના કારણે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. સમ્યક્ત્વ વાસિત પરિણામ હોવાના કારણે મિથ્યાત્વ મોહનીયનો બંધ થતો નથી અને જે ગુણસ્થાનક સંબંધી અશુભ કર્મોનો બંધ થાય છે, તે પણ નિરનુબંધ હોય છે. તેથી કોઈ અનર્થની પરંપરા સર્જાતી નથી.

**(૨) નિયાણાથી દૂષિત અનુષ્ઠાનથી પણ અશુભ અનુબંધોનું સર્જન થાય છે.**

ધર્માનુષ્ઠાનથી તો શુભકર્મનો બંધ થાય છે. પરંતુ નિયાણાથી = ભૌતિક સુખની આશંસાથી અનુબંધો અશુભ પડે છે. એટલે નિયાણાથી દૂષિત ધર્મ અનુષ્ઠાનથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે.

**– तच्च निदानाज्ञानदूषिताद्धर्मानुष्ठानाद्भवति, ब्रह्मदत्तादेरिवेति ॥२४/२ टीका॥** (અષ્ટક પ્રકરણ)

*– તે પાપાનુબંધી પુણ્ય નિદાન (નિયાણા) અને અજ્ઞાનથી દૂષિત* થયેલા ધર્માનુષ્ઠાનથી થાય છે. જેમ કે, બ્રહ્મદત્ત વગેરેનું પાપાનુબંધી પુણ્ય.

**→ 'ઉપમિતિભવપ્રપંચા કથા' ગ્રંથના પ્રસ્તાવ-૧માં કહ્યું છે કે -** પાપાનુબંધી પુણ્યથી મળેલા ભોગો સદ્યઘાતી (તુરંત જ નાશ કરનાર) વિષયુક્ત મોદકની જેમ દારૂણ વિપાકવાળા હોય છે. તે ભોગો ગાઢતર તૃષ્ણાની વૃદ્ધિ કરે છે. તેથી તેવા પુણ્યથી જીવમાં ક્લિષ્ટ આશયો ઉત્પન્ન થાય છે. તેનાથી તે વિષયોમાં અત્યંત આસક્ત બને છે. તેના યોગે પૂર્વસંચિત પુણ્યનો નાશ થાય છે અને ઉગ્ર-મોટા પાપનો સમૂહ આત્મામાં ભેગો થાય છે. તેના ઉદયથી ભવિષ્યમાં જીવ અનંતકાળ સુધી અનંતદુઃખરૂપ સંસારમાં ભટકે છે. તેથી પાપાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિષયો દારૂણ વિપાકવાળા કહેવાય છે.

**(૩) ઉત્સૂત્ર પ્રરૂપણાથી અશુભ અનુબંધોનું સર્જન થાય છે.**

શાસ્ત્રમાં ઉત્સૂત્ર પ્રરૂપણાથી યાવત્ અનંતસંસાર બતાવ્યો છે અને

અનંત સંસાર અશુભ અનુબંધોથી જ થાય છે. ઉત્સૂત્ર-સસૂત્રનું સ્વરૂપ, ઉત્સૂત્રથી કેમ અનંતસંસાર થાય છે તે વાત અને ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંતસંસારી બનેલા સાવદ્યાચાર્યનું ઉદાહરણ **પ્રકરણ-૮ : 'ઉત્સૂત્રથી દૂર રહો'**માં જણાવેલ છે.

→ આ અંગેની વિશેષ વિચારણા અમારા **"શુદ્ધધર્મ - II : બંધ - અનુબંધ"** પુસ્તકમાં કરી છે અને **'અકુશલ અનુબંધોની ભયંકરતા'** નામના પ્રકરણ-૯માં પણ વિશેષ વિચારણા કરી છે.

**⇒ મિથ્યાત્વ દોષ ક્યારે લાગે છે ?**

ઉત્સૂત્ર પ્રવૃત્તિ-પ્રરૂપણા કરવાથી અને શાસ્ત્ર નિરપેક્ષ પરિણામથી મિથ્યાત્વ દોષ લાગે છે. વિશેષ વિચારણા આગળ કરી જ છે. **અહીં ઉલ્લેખનીય છે કે,** પ્રથમ ગુણસ્થાનકે પ્રથમ યોગદષ્ટિમાં પણ મિથ્યાત્વ હાજર હોય છે. પરંતુ તે વખતે ત્યાં રહેલા સાધકનો મિથ્યાત્વ દોષ દૂર કરવાનો પ્રયત્ન ચાલું હોય છે અને તેથી તે સમ્યગ્દર્શનની અભિમુખ હોય છે અર્થાત્ તેનું ગમન મિથ્યાત્વ તરફ નથી પરંતુ સમ્યગ્દર્શન તરફ ગમન છે. તેથી ત્યાં રહેલો મિથ્યાત્વ દોષ એને પ્રગતિમાં એટલો બાધક બનતો નથી. પરંતુ જે જીવ સમ્યગ્દર્શન પામી ગયો છે અને તે પછી કોઈક મિથ્યા અભિનિવેશના કારણે કે શાસ્ત્રનિરપેક્ષ પરિણામની પક્કડના કારણે મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે અને તે મિથ્યાત્વ તરફ ગમન તીવ્ર બને છે ત્યારે તેને તે દોષ પ્રગતિમાં ખૂબ બાધક બને છે. એટલે જ સમ્યગ્દર્શન તરફ ગમન કરનારા પહેલી ચારદષ્ટિમાં રહેલા સાધકો વિરાધક બન્યા નથી. જ્યારે સમ્યગ્દર્શન પામ્યા પછી એને વમી નાંખનારા અને મિથ્યા અભિનિવેશમાં ફસાઈને મિથ્યાત્વ તરફ તીવ્રપણે ગમન કરનારા જમાલિજી, સાવદ્યાચાર્ય આદિ વિરાધક બન્યા છે.'

**→ કયા પ્રકારના મિથ્યાત્વની ભયંકરતા છે ?**

**પ્રશ્ન :** શાસ્ત્રમાં કયા પ્રકારના મિથ્યાત્વની ભયંકરતા વર્ણવી છે ?

**ઉત્તર :** પૂર્વે જણાવ્યા મુજબ યાવત્ અનંત સંસારનું નિયામક મિથ્યાત્વ પ્રથમ ગુણસ્થાનકવર્તી જ લેવાનું છે. છટ્ઠા ગુણસ્થાનક સુધી વર્તતું નિશ્ચયનું મિથ્યાત્વ નહીં. ચોથે-પાંચમે-છટ્ઠે રહેલા કોઈ જીવનો સંસાર વધ્યો નથી. એટલું જ નહીં સંસાર ટૂંકો જ થયો છે. છટ્ઠા ગુણસ્થાનકનો સળંગ સાત ભવ સુધી સ્પર્શ થાય તો આઠમા ભવે મોક્ષ થાય તેવો નિયમ છે[1]. જ્યારે મિથ્યાત્વથી તો યાવત્ અનંતસંસાર થાય છે.

### → દર્શનભ્રષ્ટ જીવનો મોક્ષ થતો નથી

**પ્રશ્ન :** શાસ્ત્રમાં 'દર્શનભ્રષ્ટ જીવનો મોક્ષ થતો નથી' - આવું જણાવ્યું છે. ત્યાં કયા પ્રકારના સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ જીવના મોક્ષનો અભાવ બતાવ્યો છે.

**ઉત્તર :** સમ્યગ્દર્શન ગુણને ગુમાવીને જે ચોથા ગુણસ્થાનકથી પડે છે અને પ્રથમગુણસ્થાનકે જઈ અભિનિવેશ વધારી મિથ્યાત્વ ગાઢ બનાવે છે, તેનો મોક્ષ થતો નથી.

આથી એ શાસ્ત્રવિધાન વ્યવહાર સમ્યગ્દર્શનને આશ્રયીને જ છે. પરંતુ નિશ્ચય સમ્યગ્દર્શનને આશ્રયીને નહીં. નિશ્ચય સમ્યગ્દર્શનને ગુમાવ્યા પછી પણ છટ્ઠા ગુણસ્થાનકે સાધક પાસે રત્નત્રયીની સાધના હોય છે અને તે સંસારને કાપીને મોક્ષ તરફ આગળ વધારતી હોય છે.

### → મિથ્યાત્વના ઉદયમાં કયા દોષોની ભૂમિકા છે ?

**પ્રશ્ન :** મિથ્યાત્વનો ઉદય થવામાં કયા દોષની મહત્ત્વની ભૂમિકા હોય છે ?

**ઉત્તર :** પૂર્વે જણાવ્યા મુજબ મિથ્યાઅભિનિવેશની પક્કડ, ઉત્સૂત્રની પ્રવૃત્તિ-પ્રરૂપણા, આજ્ઞાબાહ્ય પરિણામ અને જિનવચનમાં સંદેહ આદિથી મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે.

---

१. **बीयाहाणत्थं पुण, गुरुपरतंताण दिंति जुग्गाणं ।**
**अब्भासकरं, जं अट्ठ भवा चरित्तम्मि ॥१/१४८॥** (ગુરુતત્ત્વવિનિશ્ચિય)

**અહીં યાદ રાખવું કે** - હેયમાં ઉપાદેયનું અને ઉપાદેયમાં હેયનું વેદન કરવાથી પણ મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે. તદુપરાંત, જે પૌદ્‌ગલિક સામગ્રીમાં અને વિષય-કષાયમાં દુઃખનું સંવેદન ચાલું હતું, તેમાં પલ્ટો આવે અને દુન્યવી સામગ્રી-વિષય-કષાયમાં સુખબુદ્ધિ થાય તો પણ મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે. આથી સમ્યગ્દર્શનને ટકાવવા અને મિથ્યાત્વથી બચવા માટે ખૂબ સજાગ રહેવાની આવશ્યકતા છે.

**→ કોઈને મિથ્યાત્વી કહી શકાય કે નહીં ?**

**પ્રશ્ન :** કોઈને મિથ્યાત્વી કહેવાનો વ્યવહાર છે કે નહીં ?

**ઉત્તર :** આ પ્રશ્નનો જવાબ સેનપ્રશ્ન ગ્રંથ જ આપશે -

---

**પ્રશ્ન :** જેમ "કાણાને કાણો કહેવો" એ કઠિન વચન છે, તેમ મિથ્યાદષ્ટિને તું "મિથ્યાદષ્ટિ છે" એમ કઠિન ન કહેવું જોઈએ એમ કેટલાક કહે છે, તેનું શું ?

**ઉત્તર :** મિથ્યાદષ્ટિને મિથ્યાદષ્ટિ કહેવો કે ન કહેવો તે વાત સમય આશ્રયી જાણવી. ॥૩-૭૨૨॥

---

**અગત્યનો ખુલાસો :-**

(૧) દશવૈકાલિક સૂત્રમાં સાધુ-સાધ્વીને કોઈને પણ કઠિન વચન કહેવાનો નિષેધ કર્યો છે. 'મિથ્યાત્વી' શબ્દ પણ કઠિન છે. તેથી પ્રશ્ન આવ્યો છે કે એવો પ્રયોગ કોઈના માટે કરાય કે નહીં ?

(૨) એના જવાબમાં પૂ.આ.ભ.**શ્રી સેનસૂરીશ્વરજી** મહારાજાએ કહ્યું છે કે - મિથ્યાત્વીને મિથ્યાત્વી કહેવો કે ન કહેવો, એ વિષયમાં સમય મુજબ વર્તવું.

(૩) **જવાબમાં સ્પષ્ટ ફલિત થાય છે** કે...જેણે મિથ્યાત્વનો આશરો લીધો છે, એવા મિથ્યાત્વીથી જો માર્ગને - શાસનને-સુવિહિત પરંપરાને

નુકશાન થતું હોય અને અનેક ભવ્યાત્માઓ ગુમરાહ થતા હોય, તો તેને 'મિથ્યાત્વી' તરીકે ખુલ્લો પણ પાડી શકાય છે. બાકી સામાન્ય અવસ્થામાં એવા કઠિન શબ્દનો પ્રયોગ કોઈના માટે કરવો ન જોઈએ. એટલે 'મિથ્યાત્વી' ન જ કહેવાય એવું નથી.

(૪) **અહીં એક ખાસ વાત ઉલ્લેખનીય છે કે...**અકબર બાદશાહ પ્રતિબોધક પૂ.આ.ભ.શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાએ કરેલા **૧૨ બોલના પટ્ટકમાં પ્રથમ બોલમાં કોઈને કઠિન શબ્દ કહેવાનો નિષેધ કર્યો હોવા છતાં,** તે પછીના કાળમાં **પૂ.આ.ભ.શ્રીસેનસૂરિજી**એ મહારાજાએ પૂર્વનિર્દિષ્ટ જવાબ આપ્યો છે અને પૂ.મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ માર્ગભેદ કરનારાઓ માટે એવા શબ્દ પ્રયોગો કર્યા જ છે. એનાથી એ ફલિત થાય છે કે, સામાન્યથી ભલે એવા શબ્દપ્રયોગો ન કરાય. પરંતુ માર્ગહાનિ આદિના પ્રસંગે અનેક જીવોના કલ્યાણની કામનાથી કોઈને ખુલ્લા પાડવાની જરૂરિયાત જણાય ત્યારે હૈયામાં કરુણા રાખીને એવા શબ્દ પ્રયોગ કરાય તેમાં દોષ પણ નથી.

(૫) **દોષ તો નથી, પણ કલિકાલ સર્વજ્ઞશ્રી તો આગળ વધીને ફરમાવે છે કે, એ જ સાચી કરુણા છે. આથી જ પૂ. કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજા શ્રીવીતરાગસ્તોત્ર ગ્રંથમાં જણાવે છે કે -**

**अनेडमूका भूयासुस्ते येषां त्वयि मत्सरः ।**
**शुभोदर्काय वैकल्यमपि पापेसु कर्मसु ॥१५/६॥**

(૬) આથી જ સેનપ્રશ્નમાં પૂ.આ.ભ.શ્રીએ ઉત્સૂત્રભાષીને મિથ્યાત્વી કહેવાય કે નહીં ? એવા પ્રશ્નના જવાબમાં એને 'મિથ્યાત્વી' સ્પષ્ટપણે જણાવ્યો છે. તે પ્રશ્નોત્તર અહીં પ્રસ્તુત છે.

---

**પ્રશ્ન : ઉત્સૂત્રભાષી સમકિતિ હોય ? કે મિથ્યાદષ્ટિ હોય ?**

**ઉત્તર : ઉત્સૂત્રભાષીઓ** મિથ્યાદષ્ટિ હોય, તેમાં કોઈ પણ વાદ-વિવાદ નથી.

**सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरो मिथ्यादृष्टिः**

**"સૂત્રના એક અક્ષરની પણ અરુચિ કરે, તો માણસ મિથ્યાદષ્ટિ બને છે." આ પાઠ છે. ॥૩-૭૧૯॥**

---

(**નોંધ :** ઉત્સૂત્ર કોને કહેવાય વગેરે મુદ્દાઓની વિચારણા **'ઉત્સૂત્રથી દૂર રહો'** પ્રકરણમાં કરી છે. ત્યાંથી જોવા ભલામણ)

**પ્રશ્ન : સેનપ્રશ્નમાં કહ્યું છે કે,** જે ઉત્સૂત્રભાષી હોય છે, તે મિથ્યાત્વી હોય છે. **તો અહીં પ્રશ્ન થાય છે કે** - નરકમાં ગયેલા શ્રીકૃષ્ણ મહારાજાએ પણ બલદેવજી સાથેની મુલાકાતમાં આપણો અપયશ ટળે એ માટે 'રાધા-કૃષ્ણ-બલદેવની પ્રતિમા સ્થાપો વગેરે...' **ઉત્સૂત્ર વચન કહ્યું હતું** અને તેઓ તો ક્ષાયિક સમકિતિ છે. તેમનામાં મિથ્યાત્વ હોવું કઈ રીતે ઘટશે ? અને તેમના કહેવાથી બલદેવજીએ એ ઉત્સૂત્ર પ્રરૂપણા-પ્રવૃત્તિ કરી, તેથી તેમનામાં મિથ્યાત્વ માનવું પડશે ને ?

**ઉત્તર :** શ્રીકૃષ્ણ મહારાજાએ બલદેવજી આગળ જે બોલ્યા - ભલામણ કરી, તેમાં મનોવિભ્રમ કારણ છે. મનોવિભ્રમ થવામાં જેમ મિથ્યાત્વ કારણ છે, તેમ અપયશની ભયંકર પીડા, આંતરિક ભયો, તીવ્ર કામપીડા વગેરે પણ કારણ બને છે.

– નરકે ગયેલા શ્રીકૃષ્ણ મહારાજાને પોતાનો અપયશ ખૂબ પીડા આપી રહ્યો છે. તે વખતે બલદેવજી મળવા આવી જાય છે. એ પીડા જ એમની પાસે એવા પ્રકારની ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપવાનું જણાવે છે. તેઓ ક્ષાયિક સમકિતિ છે. તેથી તેમને તેવા પ્રકારના અતત્ત્વ પ્રત્યે પક્ષપાત-અભિનિવેશ હોય જ નહીં. છતાં પણ અપયશની ભયંકર પીડા એવી પ્રરૂપણા કરાવે છે.

→ બીજું વ્યવહારનું ઉદાહરણ જોઈએ - કોઈક વ્યક્તિ (કે જે સમકિતિ છે, તે) મોહોદયના તીવ્ર ઉદયમાં પોતાની પત્નીને 'તું જ મારું સર્વસ્વ છે' એવું બોલે છે. પરંતુ એ મોહના તીવ્ર ઉદયમાં બોલાયેલું

વચન છે. હૈયામાં એવો પક્ષપાત હોતો નથી. કારણ કે, સમકિતિને તો દેવ-ગુરુ-ધર્મ જ સર્વસ્વ લાગે છે. સ્ત્રી આદિ તો તુચ્છ જ લાગે છે. એટલે જ જ્યારે એ મોહોદયના આવેગમાંથી બહાર આવે છે ત્યારે એના પરિણામો યથાર્થપણે પ્રવર્તતા થઈ જાય છે. તેની શ્રદ્ધામાં કોઈ ખામી આવતી નથી.

→ **એક વાત યાદ રાખવાની છે કે,** મોહના તીવ્ર ઉદયાદિમાં જો અતત્ત્વનો પક્ષપાત-અભિનિવેશ પેદા થઈ જાય, તો મિથ્યાત્વમાં ચાલ્યા પણ જવાય છે. એટલે બલદેવજીના વિષયમાં એવું માનવું જરૂરી જણાય છે કે, તેઓ ઉત્સૂત્ર પ્રરૂપણા - પ્રવૃત્તિ કરીને જરૂરથી મિથ્યાત્વમાં ગયા જ હશે. પરંતુ ઉત્સૂત્રભાષણકાળમાં વર્તતું મિથ્યાત્વ અતિગાઢ ન હોવાના કારણે એ ભવમાં કે પછીના ભવમાં યોગ્ય સામગ્રીને પામીને મિથ્યાત્વ નિવર્તન પામ્યું હશે કે પામશે. તેના કારણે તેમનો સંસાર વધશે નહીં.

→ **પ્રશ્ન :** શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ-પ્રરૂપણા કરનારમાં સમ્યગ્દર્શન ટકી શકે નહીં ?

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર સેનપ્રશ્નમાં આપ્યો છે. જે ઉપર મુજબ જાણવો.

**⇒ જેમાં શ્રુત (શાસ્ત્રવચન) હોય તેમાં 'જીત'ની પ્રધાનતા હોતી નથી :**

**અહીં ખૂબ મહત્ત્વની એક વાત ઉલ્લેખનીય છે કે,** જે વિષયમાં શાસ્ત્રવચન મળતું હોય અને એનો અમલ કરવામાં સંઘયણાદિની ખામી નડતી ન હોય, તો શાસ્ત્રવચન મુજબ જ આચરણ કરવું જોઈએ. પરંતુ શાસ્ત્રવચનને ગૌણ કરી 'જીતવ્યવહાર'ને પ્રધાનતા આપવી નહીં. આ અંગે અગત્યના ત્રણ ખુલાસા નીચે મુજબ છે -

(A) **પંચકલ્પ ભાષ્યમાં** કહ્યું છે કે...

**आकल्पव्यवहारार्थं, श्रुतं न व्यवहारकम् ।**
**इति वक्तुर्महत्तन्त्रे, प्रायश्चित्तं प्रदर्शितम् ॥**

**અર્થ :** પાંચમા આરાના છેડા સુધી શાસનનો વ્યવહાર ચલાવવા 'શ્રુત' એ ઉપયોગી નથી, એમ બોલવાવાળાને શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત્ત બતાવેલું છે.

→ આથી - (૧) શ્રુતવ્યવહારી કોઈપણ આચરણા શ્રુતનું ઉલ્લંઘન કરીને કરી શકે જ નહીં. (૨) જેને માટે શ્રુતની પ્રાપ્તિ હોય, તેને માટે જીતની પ્રધાનતા હોઈ શકે નહીં. (આથી આરાધના માટે તિથિદિનનો નિર્ણય કરવા માટે શાસ્ત્રપાઠો હાજર હોય, ત્યારે તેની ઉપેક્ષા કરીને કોઈપણ આચરણાને આગળ કરી શકાય નહીં.)

**(B) પૂ.સાગરજી મ.સા.નો ખુલાસો (શ્રીસિદ્ધચક્ર પાક્ષિક,** વર્ષ-૪, અંક-૧૫)

(i) "આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજી તો આગમ-અષ્ટોત્તરીમાં સ્પષ્ટ શબ્દથી જણાવે છે કે, તે જ જીત હોય કે જે બળ અને બુદ્ધિની ખામીના બચાવને માટે જ ઉપયોગી હોય અને તેથી જ તેઓશ્રી જણાવે છે કે - ગુપ્તિ, સમિતિ, પડિલેહણ, સંવત્સરપર્વ, ચાતુર્માસિક પર્વ સિવાયની તિથિનું પલટવું વગેરેમાં આચરણા હોય જ નહિ."

(ii) "XXXXX તેમજ શિથિલાચારી અને પ્રમાદીઓએ ઘણાઓએ મળીને પણ આચરેલું હોય અને તે પરંપરાથી આવ્યું હોય, તો પણ તે જીત આચરવા લાયક નથી."

**(C)** વર્તમાનમાં આગમાદિ પાંચ વ્યવહારોમાં ચાર વ્યવહારો તો પ્રવર્તે છે. તેથી શ્રુતવ્યવહાર પણ પ્રવર્તે જ છે. તેથી શ્રુતની (શાસ્ત્રવચનની) ઉપેક્ષા કરીને ગમે તેવી આચરણાને અનુસરાય નહીં. ચાર વ્યવહારો વિદ્યમાન છે એ અંગે સેનપ્રશ્નનો પ્રશ્નોત્તર અહીં પ્રસ્તુત છે -

---

**પ્રશ્ન : આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતવ્યવહાર આ પાંચ પ્રકારના વ્યવહારમાં હાલ કેટલા વ્યવહારો વર્તે છે ?**

**ઉત્તર :** આગમ વ્યવહાર હમણાં નથી જ, શ્રુતવ્યવહાર પણ હાલ સંપૂર્ણ નથી, પણ કેટલોક પ્રવર્તે છે, માટે હાલ શ્રુત વગેરે ચાર વ્યવહારો છે, એમ તો કહી શકાય છે જ. તેમાં પણ પ્રાયશ્ચિત્તો ઘણું કરીને જીત વ્યવહારથી અપાય છે. ॥૨-૧૩૯॥

---

**પ્રશ્ન : શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ-પ્રરૂપણા કરનારમાં સમ્યક્ત્વ ટકે કે નહીં ?**

**ઉત્તર :** પૂર્વે આનો જવાબ આપી દીધેલ છે. સમ્યક્ત્વ ન ટકે. 'સેનપ્રશ્ન'માં આનો સચોટ જવાબ આપ્યો છે. તે નીચે મુજબ છે -

---

**પ્રશ્ન :** જેઓ પરપક્ષીઓ એટલે અન્ય ગચ્છીઓ હોય, તેમાં ચારિત્ર હોય કે નહીં ?

**ઉત્તર :** અન્યગચ્છીય સાધુઓને ભગવાનની આજ્ઞાવિરુદ્ધ કરવાપણું હોવાથી ભાવચારિત્રાનો અભાવ છે. પરંતુ નિશ્ચય સ્વરૂપ તો કેવલીગમ્ય છે. ॥૧-૧૧૩॥

---

(**નોંધ :** સમ્યગ્દર્શનના અભાવમાં જ ભાવચારિત્રાનો અભાવ જણાવાતો હોય છે, તે યાદ રાખવું)

**⇒ જીવનો સંસાર ક્યારે વધે ?**

**પ્રશ્ન :** શું મિથ્યાત્વનો ઉદય થાય એટલે અનંતસંસાર જ થાય ?

**ઉત્તર :** શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ-પ્રરૂપણાથી મિથ્યાત્વનો ઉદય થાય એ નક્કી છે. પરંતુ કોનો કેટલો સંસાર વધે તેનો આધાર એનો અભિનિવેશ કઈ કક્ષાનો છે તેના ઉપર છે. અભિનિવેશ મિથ્યાત્વ સાનુબંધ ક્લેશને ઉત્પન્ન કરે છે. અભિનિવેશની ગાઢતા-ગાઢતરતા-ગાઢતમતા અને મંદતા-મંદતરતા-મંદતમતાના આધારે સંસારપરિભ્રમણ નક્કી થાય છે. આથી જ ધર્મપરીક્ષામાં ઉત્સૂત્રભાષીની સંસારવૃદ્ધિની ચર્ચામાં જણાવ્યું છે કે, સંખ્યાત-અસંખ્યાત-અનંતભવ સંસાર વધે છે. એમાં નિયામક

તેની મિથ્યાભિનિવેશની પક્કડ કેટલી છે, તે છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિનો અર્થ અહીં શાસ્ત્રમાં ન બતાવી હોય એવી વિધિથી પ્રવૃત્તિ કરવાની થાય, એ સંદર્ભમાં છે. બાકી, શાસ્ત્રમાં બતાવેલ કાલાદિની ન્યૂનતામાં વિધિની વિકલતા આવે છે. સંપૂર્ણ વિધિનો બહુમાનભાવ હોય, વિધિ મુજબ કરવાનો ભાવ (ઇચ્છા) હોય, છતાં બુદ્ધિ બળ આદિની ખામીના કારણે કંઈક વિધિથી વિકલ અનુષ્ઠાન થાય ત્યારે તે અનુષ્ઠાન અપવાદિક બને છે અને અપવાદિક અનુષ્ઠાન મોક્ષમાર્ગ જ છે.

જેમ કે, પ્રતિક્રમણ શાસ્ત્રોક્ત વિધિથી જ થાય છે. (માર્ગ મુજબની આચરણા અનુસારે જ થાય છે.) પરંતુ કારણસર બેસીને થાય છે ત્યારે તે અપવાદની ભૂમિકામાં આવે છે. પરંતુ તે જ પ્રતિક્રમણ શાસ્ત્રમાં ક્રમસર બતાવેલી વિધિ મુજબ ન થાય અને મનઃકલ્પિત વિધિ મુજબ થાય ત્યારે ભલે તે પ્રતિક્રમણ ઊભા ઊભા થતું હોય - તમામ વિધિ સચવાતી હોય, છતાં તે શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ બને છે.

**પ્રશ્ન :** શાસ્ત્રમાં અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધકને મોક્ષમાર્ગમાં ગણ્યો છે અને તેની ક્રિયા જૈનશાસ્ત્ર મુજબની ન હોવા છતાં તેને મોક્ષમાર્ગમાં ગણ્યો છે. જયારે 'જૈન' તરીકે ઓળખાતા (સેનપ્રશ્નમાં જણાવ્યા) મુજબ અન્ય ગચ્છીયની ક્રિયાઓ મોક્ષમાર્ગમાં કેમ ન ગણાય ?

**ઉત્તર :** આરાધના કરનાર જેના શાસનમાં હોય અને જે શાસ્ત્રને અનુસરીને ક્રિયા કરતો હોય, તે શાસ્ત્રને તેણે સંપૂર્ણ વફાદાર રહેવાનું હોય છે. વફાદાર રહેવામાં ન આવે તે ન ચાલે. તે શાસ્ત્રને અનુસરીને ક્રિયા કરવાની અને તે શાસ્ત્રમાં બતાવેલી વિધિની ઉપેક્ષા કરવાની, આ ન ચાલે. આમાં શાસ્ત્રપરતંત્રતા નથી પરંતુ શાસ્ત્રનિરપેક્ષતા છે અને શાસ્ત્રનિરપેક્ષતા મિથ્યાત્વની વૃદ્ધિ જ કરે.

યોગગ્રંથોમાં કહ્યું છે કે, અન્યદર્શનમાં રહેલો અપુનર્બંધક (તેના

ક્ષયોપશમ મુજબ) તેને સ્વીકારેલા શાસ્ત્રોને વફાદાર હોય છે અને તેમાં બતાવેલી વિધિ મુજબ જ ક્રિયા કરતો હોય છે. તેથી જ તે મોક્ષમાર્ગમાં ટકી શકે છે. તેને સંયોગવિશેષને કારણે શુદ્ધતત્ત્વ નથી મળ્યું. પરંતુ જેને સ્વીકાર્યું છે તેને 'શુદ્ધતત્ત્વ' માનીને જ સ્વીકાર્યું છે. તેમ છતાં તે પ્રજ્ઞાપનીય હોવાના કારણે તેને સ્વીકારેલું 'તત્ત્વ' શુદ્ધ નથી પણ અશુદ્ધ છે, એમ ખબર પડે છે, ત્યારે (બત્રીસીમાં જણાવ્યા મુજબ શિવરાજર્ષિની જેમ) જ તેને તે છોડી દે છે. આ બધા ગુણોના કારણે જ તે મોક્ષમાર્ગમાં ટકે છે અને આગળ વધે છે અને તેનું મિથ્યાત્વ ક્રમશઃ તૂટતું જાય છે. પરંતુ સુભગ સંયોગો મળતાં જ્યારે તેને 'જિનતત્ત્વ'ની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે સર્વ અસત્યને ફગાવી દે છે અને સત્ય તત્ત્વનો સ્વીકાર કરી લે છે.

યોગબિંદુ આદિ ગ્રંથોમાં સાધનાજીવનમાં શાસ્ત્રપરતંત્રતાની ખૂબ અનિવાર્યતા બતાવી છે. (જે પાઠો પ્રકરણ-૨માં આપ્યા છે.)

આથી જૈનશાસનમાં ગણાવું અને જૈનશાસ્ત્રના વિધાનોને સંપૂર્ણ માનવા નહીં, તેના ખોટા અર્થઘટનો કરવા, તે કોઈપણ સંયોગોમાં ચાલી શકે નહીં.

આથી જ જે સાધક કર્મોદયે શાસ્ત્રમુજબ જીવન ન જીવી શકે, ત્યારે તેને જે ભૂમિકા વફાદારીપૂર્વક સેવી શકાય તેમ હોય તે ભૂમિકાને સ્વીકારવાનું શાસ્ત્રમાં કહ્યું છે. **'ગચ્છાચારપયન્ના'** ગ્રંથની ગાથા-૩૧-૩૨-૩૪-૩૫માં આ વાત કરી છે. જેને અર્થસહિત પ્રકરણ-૨માં આપી છે.

**પ્રશ્ન :** 'મિથ્યાત્વ એટલે' પુસ્તકના લેખકશ્રીએ 'મુહપત્તિનો અનુપયોગ' એ પણ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ છે અને 'ઉદયાત્ તિથિ સિવાયની તિથિમાં પ્રતિક્રમણાદિ આરાધના કરવી' એ પણ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ છે, એવી સમાનતા બતાવીને બંને સ્થળે 'મિથ્યાત્વ' દોષ બતાવ્યો છે, તે શું યોગ્ય છે ?

**ઉત્તર :** "સાધુએ જીવોની રક્ષા માટે મુહપત્તિનો ઉપયોગ રાખવો જોઈએ" - આ પણ શાસ્ત્રાજ્ઞા છે.

અને સાંવત્સરિક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ '**उदयम्मि जा तिहि**' આ શ્રીઉમાસ્વાતિશ્રી વાચકપ્રવરશ્રીના પ્રઘોષ મુજબ ઉદયાત્ તિથિમાં કરવી જોઈએ - આ પણ શાસ્ત્રજ્ઞા છે.

**અહીં નોંધનીય છે કે...**'મુહપત્તિનો ઉપયોગ ન રહેતો હોય' - ત્યારે 'મુહપત્તિના અનુપયોગ'માં ઘણા કારણો હોય છે. આ આચરણની ખામી છે. પણ જયારે કોઈ સાધુ એમ માને અથવા બોલે કે, "મુહપત્તિનો ઉપયોગ રાખવાની જરૂર નથી" - તો એ માન્યતા ખોટી છે - તેથી તે માન્યતાની ખામી છે.

પૂર્વે જણાવ્યા મુજબ માન્યતાની ખામી આવે ત્યારે મિથ્યાત્વ દોષ લાગે જ છે. આચરણની ખામીમાં નિશ્ચયનય ભલે મિથ્યાત્વ બતાવતો હોય, પરંતુ વ્યવહારનય મિથ્યાત્વ બતાવતો નથી અને પ્રથમ ગુણ-સ્થાનકનું મિથ્યાત્વ જ વિરાધક બનાવે છે અને સંસાર વધારે છે એ આપણે પૂર્વે જોયું જ છે.

વળી, માન્યતાની ખામી નથી પરંતુ પ્રમાદના યોગે મુહપત્તિનો ઉપયોગ રહેતો નથી, ત્યારે પ્રમાદ ખટકતો હોય અને પ્રમાદને કાઢવા માટેની વિચારણા - પ્રયત્ન થતા હોય, ત્યારે તે સાધક વિરાધક બની જતો નથી. શાસ્ત્રાજ્ઞાનું યથાર્થ પાલન ન હોવા છતાં સાપેક્ષતા જીવંત હોય ત્યારે મિથ્યાત્વ દોષ લાગતો નથી.

**હવે તિથિના વિષયમાં વિચારીએ. તિથિ સંબંધી પૂ.ઉમાસ્વાતિ મહારાજાના પ્રઘોષને અનુસરવામાં સંઘયણાદિની ખામીનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કારણ કે, સાંવત્સરિક પ્રતિક્રમણ તો કરવાના જ છીએ અને એ પણ પ્રમાદનો પરિહાર કરીને. તો પછી ઉદયાત્ તિથિને છોડીને અન્ય દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં પ્રબળ કારણ કયું કામ કરે છે ? શાસ્ત્રાજ્ઞા માનવામાં કયું તત્ત્વ નડે છે ? શું એ પ્રઘોષ માન્ય નથી ? જો**

**એ માન્ય ન હોય તો શાસ્ત્રસાપેક્ષતા રહેશે ? જો પ્રઘોષ માન્ય છે, તો પછી એને અનુસરવામાં તકલીફ શું છે ? જો તિથિની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે તેના માટેની નિયામક ગાથાના અર્થઘટનમાં માન્યતાભેદ છે, તેથી મુંઝવણ ઉભી થાય છે, તો પછી એનું સાચું અર્થઘટન કેમ કરવામાં આવતું નથી ? સાચું અર્થઘટન થઈ ગયા પછી પણ તેને ન સ્વીકારવામાં આવે તો શાસ્ત્રસાપેક્ષતા કયાં રહી ?**

→ **સાચી વાત તો એ છે કે...** તિથિનો વિવાદ એ આચરણનો વિવાદ જ નથી, પરંતુ માન્યતાનો વિવાદ છે અને માન્યતા તો વર્ષો પહેલાં સ્પષ્ટ થઈ જ ગયેલ છે. આ અંગેના શાસ્ત્રપાઠો-લવાદીચર્ચામાં થયેલા નિર્ણયો અને પૂ.મહાપુરુષોના અભિપ્રાયો પરિશિષ્ટ-૧થી ૬માં જોવા.

### ⇒ ભેદરત્નત્રયી અને અભેદરત્નત્રયી

પ્રસ્તુત પરિપ્રેક્ષ્યમાં આ બંનેને સમજવા ખૂબ જરૂરી છે. નિશ્ચયનય જે સાતમા ગુણસ્થાનકે ભાવચારિત્રને જ સમ્યક્ત્વ તરીકે સ્વીકારે છે, તે અભેદરત્નત્રયી સ્વરૂપ હોય છે. જેમાં ત્રણેનું અલગ-અલગ સંવેદન હોતું નથી. પરંતુ ત્રણેની એકત્વ પરિણતિ હોય છે. તે બંનેનું સ્વરૂપ જ્ઞાનસાર-જ્ઞાનમંજરી ટીકામાં-ત્યાગાષ્ટકના શ્લોક-૪ની ટીકામાં નીચે મુજબ બતાવેલ છે -

"xxx **यच्चोपादेयत्वेन स्वतत्त्वनिद्‌र्धार-भासन-रमणरूपं हेयबुद्‌ध्या परभावत्यागनिद्‌र्धार-भासन-रमणयुक्तं रत्नत्रयीपरिणमनं भवति तद्भेदरत्नत्रयीरुपम् । यच्च सकलविभावहेयतयाप्यवलोकनादिरहितं विचारणस्मृतिध्यानादिमुक्तमेकेसमयेनैव सम्पूर्णात्मधर्मनिर्धारभासनरमणरुपं निर्विकल्पसमाधिमयमभेदरत्नत्रयीस्वरुपम् ।**"

**ભાવાર્થ :** જે સ્વતત્ત્વ છે અર્થાત્ જે શુદ્ધ આત્મસ્વરૂપ છે, તેની ઉપાદેયપણે નિર્દ્ધાર = શ્રદ્ધા, ભાસન = બોધ અને રમણરૂપ = તેમાં રમણતા કરવી - એકાગ્ર બનવું તથા પરભાવ હેય છે એમ સમજીને

હેયબુદ્ધિપૂર્વક પરભાવના ત્યાગની શ્રદ્ધા-પરભાવના ત્યાગનો બોધ અને પરભાવના ત્યાગની જ સતત રમણતાયુક્ત (એવા પ્રકારનું કાર્ય-કારણરૂપે પ્રવર્તતું અને અરિહંતાદિ શુભનિમિત્તોના આલંબનવાળું જે) રત્નત્રયીનું પરિણમન તે **ભેદરત્નત્રયી** સ્વરૂપ છે.

(અશુભ નિમિત્તો હોય કે અરિહંત પરમાત્માની વાણી આદિ શુભ નિમિત્ત હોય. પરંતુ સર્વે બાહ્યનિમિત એ પરપદાર્થ છે તેથી વિભાવ છે, આવું સમજીને) સર્વે પણ વિભાવ હોવાથી હેયરૂપ છે. છતાં પણ હેયને હેયરૂપે અને ઉપાદેયને ઉપાદેયરૂપે જાણવાના વિકલ્પ વિનાનું તથા તત્ત્વની વિચારણા, તત્ત્વનું સ્મરણ કરવું, તત્ત્વનું ધ્યાન કરવું વગેરે પણ એક શુભવિકલ્પવાળી દશા હોવાથી તેવા વિકલ્પોથી મુક્ત એક સમયના કાલમાત્ર વડે જ અનંતધર્માત્મક જે (આત્મતત્ત્વમય) આત્મધર્મ છે, તેની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતામય એવું તથા કોઈ પણ જાતના વિકલ્પો વિનાનું સર્વોત્કૃષ્ટ નિર્વિકલ્પ સમાધિમય એવું રત્નત્રયીનું પરિણમન તે અભેદરત્નત્રયીનું સ્વરૂપ છે.

→ છઠ્ઠે ગુણસ્થાનકે ભેદરત્નત્રયી હોય છે અર્થાત્ છઠ્ઠે ગુણસ્થાનકે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રના જે નિર્ધાર (શ્રદ્ધાન)-ભાસન અને રમણતા રૂપ વિષયો છે, તે અલગ-અલગ સંવેદાય છે અર્થાત્ છઠ્ઠે ગુણસ્થાનકે પરભાવની હેયરૂપે સદ્દહણા, ઉદ્ભાસન અને નિવૃત્તિ રૂપ પરિણામ ત્રણે ક્રમસર થાય છે. એટલે હેયનું હેયરૂપે જ્ઞાન કરવાનું કામ, તે પછી તેને હેયરૂપે સદ્દહવાનું કામ અને તે પછી તેનાથી નિવૃત્ત થવાનો પરિણામ - આ ક્રમે સાધના ચાલે છે અને તે જ રીતે સ્વભાવની ઉપાદેયરૂપે સદ્દહણા - ઉદ્ભાસન અને પ્રવૃત્તિરૂપ પરિણામ : આ પણ સાથે સાથે ક્રમશઃ ચાલે છે. એટલે તેને ભેદરત્નત્રયી કહેવાય છે.

**કહેવાનો સાર એ છે કે,** છઠ્ઠે ગુણસ્થાનકે રહેલો સાધક સામે રહેલા પદાર્થોને હેય-ઉપાદેય રૂપે જાણે છે, સદ્દહે છે અને હેયની નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિના પરિણામવાળો બને છે. આ રીતે તેની ભેદરત્ન-

ત્રયીની સાધના ચાલે છે.

→ **જ્યારે ભેદરત્નત્રયીની સાધનામાં તીવ્ર અપ્રમત્તભાવ ઉજાગર થાય છે ત્યારે સામે રહેલા પદાર્થોનું પૂર્વોક્ત રીતે અવલોકનાદિ બંધ થાય છે અને સંપૂર્ણપણે આત્મધર્મના નિર્ધાર(શ્રદ્ધાન)-ભાસન-રમણતાની એકતા પરિણતિ પ્રાપ્ત થાય છે, કે જે નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે, આને જ અભેદ રત્નત્રયી કહેવાય છે.** અહીં હેયમાં હેયરૂપે અને ઉપાદેયમાં ઉપાદેયરૂપે વિકલ્પો હોતા નથી. એટલે નિર્વિકલ્પ અવસ્થા હોય છે. આ અવસ્થામાં પ્રાપ્ત થતી રત્નયત્રયીની એકત્વની પરિણતિને નિશ્ચયનય સમ્યગ્દર્શન તરીકે ઓળખાવે છે. કારણ કે, અહીં મિથ્યાચારની સંપૂર્ણ નિવૃત્તિ થયેલી હોય છે અને આત્માનું પોતાના વિશુદ્ધ પર્યાયોમાં સ્વાભાવિક પરિણમન ચાલું હોય છે. આ અવસ્થા વધુમાં વધુ અંતર્મુહૂર્ત કાળની જ હોય છે. તેનાથી એક સમય આગળ વધે તો ક્ષપકશ્રેણીનું મંડાણ થાય છે. બાકી તો સાધક ભેદરત્નત્રયીમાંથી અલ્પ સમય માટે અભેદરત્નત્રયીમાં જાય છે અને પાછો ભેદરત્નત્રયીમાં આવે છે. અભેદરત્નત્રયીમાંથી પતિત કરનાર પ્રમાદનો ઉદય અને તદ્જન્ય વિકલ્પો (પ્રશસ્ત વિકલ્પો) છે.

→ ભેદરત્નત્રયીકાળે આચારણમાં ખામી આવે ત્યારે સંયમ-સ્થાનમાં હાનિ પહોંચે છે અને એ ખામી વધે તો યાવત્ સંયમશ્રેણીથી પતન થાય છે. તદુપરાંત, આચરણ શાસ્ત્ર મુજબ હોવા છતાં શાસ્ત્રીય પદાર્થો સંબંધી માન્યતામાં ગરબડ ઊભી થાય અને તેને દૂર કરવામાં ન આવે તો જીવ સંયમશ્રેણીથી તો નીચે પડે છે, પણ સાથે સમ્યગ્દર્શનથી પણ પતિત થઈને મિથ્યાત્વે પહોંચી જાય છે.

= xx = xx =

## પ્રકરણ - ૪ : સત્ય એક તરફ જ હોય

મોક્ષસાધનાનું મહત્ત્વનું અંગ તત્ત્વનિર્ણય છે. તત્ત્વનિર્ણય થયા વિના અનાદિકાળથી આત્મામાં સંચિત મિથ્યાજ્ઞાનના સંસ્કારો નાશ પામતા નથી અને એ વિના સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. **તદુપરાંત,** આરાધના પણ તાત્ત્વિક બની શકતી નથી. અભ્રાન્ત બોધ હોય તો જ આરાધના અભ્રાન્ત બને છે તથા અભ્રાન્ત આરાધના જ સંસારનાશક અને મોક્ષપ્રાપક બને છે.

– આથી કોઈપણ વિષયમાં હેય-ઉપાદેય તત્ત્વનો નિર્ણય અવશ્ય કરવો જ જોઈએ.

– તત્ત્વના નિર્ણયનું મુખ્ય સાધન શાસ્ત્ર છે. એટલે જ શાસ્ત્રોમાં "**साधवः शास्त्रचक्षुषः ।**" સાધુની આંખ શાસ્ત્ર છે - એમ કહ્યું છે. સાધુ કોઈપણ વસ્તુનો નિર્ણય શાસ્ત્રને આંખ સામે રાખીને જ કરે છે.

– તત્ત્વનિર્ણયનું સાધન શાસ્ત્ર છે અને તત્ત્વનિર્ણય કરતી વખતે બે પક્ષ ઉપસ્થિત થાય ત્યારે 'મધ્યસ્થતા' ગુણની પણ જરૂરીયાત હોય છે.

– શાસ્ત્રની પંક્તિઓના જ્યારે જુદા જુદા અર્થઘટનો થતા હોય, ત્યારે 'મધ્યસ્થ' બનીને સાચો અર્થ પકડવામાં આવે તો જ સત્ય તત્ત્વ હાથમાં આવે છે.

**– સ્વપક્ષનો રાગ અને પરપક્ષના દ્વેષથી રહિત અવસ્થાને મધ્યસ્થતા કહેવાય છે.**

– પ્રસ્તુત ચર્ચામાં આપણે "મિથ્યાત્વ એટલે..." પુસ્તકમાં થયેલા વિધાનોની ચર્ચા કરી રહ્યા છીએ અર્થાત્ તિથિ અંગેના વિષયની ચર્ચા ચાલે છે. જો કે, તે પુસ્તકના લેખકશ્રીને તિથિમાં કયો પક્ષ સાચો છે, એ જણાવવાના બદલે ભવ્યાત્માઓ મુંઝવણમાં પડે એવી ભેળસેળ કરી છે.

લેખકશ્રી પ્રસ્તાવનામાં લખે છે કે...

→ બે તિથિપક્ષ એમ કહે છે કે, "અમે સાચી તિથિ કરીએ છીએ, તમે ખોટી કરો છો, માટે તમે મિથ્યાત્વી !"

→ એક તિથિપક્ષ એમ કહે છે કે, "અમે સાચી તિથિ કરીએ છીએ, તમે ખોટી કરો છો, માટે તમે મિથ્યાત્વી."

– આટલું લખીને કયો પક્ષ સાચો છે એ જણાવવાના બદલે આખા પુસ્તકમાં મિથ્યાત્વ-મિથ્યાત્વીની જ ચર્ચા કરી છે. કોઈ જગ્યાએ કોઈ વિષયને સ્પષ્ટ લખ્યો નથી. વાચકને ગુંચવાડામાં નાંખવાની જ કોશિશ થઈ છે.

**વિશેષમાં લેખકશ્રીએ...**વ્યવહાર અને નિશ્ચય સમ્યક્ત્વના વિષયને સંકીર્ણ કરીને સત્યને એકદમ મારી નાંખવાનો પ્રયત્ન કર્યો છે. **તદુપરાંત,** વર્તમાનમાં ચાલતો 'તિથિનો વિવાદ' એ આચરણાનો વિવાદ છે કે માન્યતાનો વિવાદ છે ? એ પણ જણાવવાનું કામ કર્યું નથી. લેખકશ્રીએ એ વાત ખાસ જણાવવાની જરૂર હતી, વળી, વ્યવહાર નય અને નિશ્ચયનયના દૃષ્ટિકોણને પણ સ્પષ્ટ કર્યા નથી.

આવું કેમ કરવું પડ્યું ? એવો સવાલ ભવ્યાત્માઓને જરૂરથી થઈ શકે ! તેનો જવાબ એ જ છે કે, એ બધું સ્પષ્ટ કરે તો પોતે અસત્યમાં બેઠા છે, એ વાત ખુલ્લી થઈ જાય તેમ છે. તેથી જ આખા મુદ્દાને ગુંચવી નાંખ્યો છે. આપણે એની પૂર્વે વિસ્તારથી વિચારણા કરી જ છે. આગળ પણ કરીશું.

### ⇒ તિથિ અંગે સાચું કોણ ?

તિથિ અંગે સાચો નિર્ણય ક્યારનોય આવી જ ગયો છે. અનેક શાસ્ત્રપાઠો મોજૂદ છે અને લવાદીચર્ચામાં એકદમ સ્પષ્ટ ખુલાસા થઈ જ

ગયેલા છે. તે દસ્તાવેજો હાલ પણ મોજૂદ છે અને બીજી અનેક પુસ્તિકાઓ પણ પ્રકાશિત થઈ જ ગયેલી છે. અમારી પૂર્વ પ્રકાશિત **"તિથિ અંગે સત્ય અને કુતર્કોની સમાલોચના"** પુસ્તકમાં પણ અર્થસહિત શાસ્ત્રપાઠો, સાચા જીતવ્યવહારનું સ્વરૂપ, મહાપુરુષોના અભિપ્રાયો અને લવાદીચર્ચાનો સાર આપવામાં આવેલ છે તથા **"વર્તમાન તિથિ પ્રશ્ન સામાચારી છે કે સિદ્ધાંત છે ?"** - આ પુસ્તકમાં પણ તિથિદિનના નિર્ણય અંગેની વિચારણા કરવામાં આવી છે.

**→ અહીં ઉલ્લેખનીય છે કે -**

(૧) સત્ય એક તરફ જ હોય, બે તરફ ન હોય. જ્યાં સ્પષ્ટ શાસ્ત્રપાઠો મળતા હોય, ત્યાં **"માન્યતા ભેદ છે તેથી તત્ત્વ કેવલી જાણે"** એમ કહીને વાતને ગુંચવાડે ન ચઢાવાય. પરંતુ શાસ્ત્ર જે કહેતું હોય તે જ કહેવાય.

**→ અહીં ઉલ્લેખનીય છે કે** - કોઈ એમ કહે કે, **"માન્યતાભેદ છે, તેથી તત્ત્વ કેવળી જાણે"** - તો આવું કહેનારને મિથ્યાત્વ લાગે છે. કારણ કે, સત્ય જાણવાના સાધનો ઉપલબ્ધ હોય - સુલભ હોય, ત્યારે કઈ માન્યતા સાચી છે અને કઈ માન્યતા ખોટી છે, તે જાણવાનો અવશ્ય પુરુષાર્થ કરવો જ જોઈએ તથા પરીક્ષા વિના કોઈપણ માન્યતાને ગ્રહણ કરવી એ કોઈપણ રીતે યોગ્ય નથી. પૂ.મહોપાધ્યાયશ્રીજીએ પણ આવું કહે તેને શ્રાવકને લખેલા પત્રમાં મિથ્યાત્વી જણાવેલ છે. **પ્રકરણ-પમાં** જણાવ્યા મુજબ વિધિનો રાગ-વિધિની સ્થાપના અને અવિધિનો નિષેધ જ પ્રવચનભક્તિ છે - સમ્યક્ત્વશુદ્ધિનો માર્ગ છે. જવાબદારીના સ્થાને બેઠ્યા પછી વિધિની પ્રરૂપણા અને અવિધિનો નિષેધ કરવામાં ન આવે તો મિથ્યાત્વનો દોષ લાગે જ છે.

(૨) તત્ત્વનો નિર્ણય કરવા માટે ચાલતી ચર્ચામાં મધ્યસ્થતા રાખવાની છે. બંને પક્ષને સાંભળતી વખતે મધ્યસ્થતા રાખવાની છે.

પરંતુ જ્યારે શાસ્ત્ર અને સુવિહિત પરંપરાથી બંનેથી એક પક્ષ સાચો સિદ્ધ થાય અને બીજો પક્ષ ખોટો સિદ્ધ થાય, તે પછી સાચા પક્ષની તરફેણ કરવાની હોય છે. ન્યાયાધીશ બંને પક્ષને સાંભળતી વખતે મધ્યસ્થ (તટસ્થ) રહે છે. બધી જ દલીલો સાંભળે છે. દલીલો પૂરી થયા પછી કાયદાશાસ્ત્ર મુજબ જે પક્ષ સાચો હોય તેની તરફેણમાં ચૂકાદો આપે છે. ચૂકાદો આપતી વખતે એ એક પક્ષની તરફેણ કરે છે. પરંતુ તટસ્થ રહેતો નથી. એમ શાસ્ત્રીય મુદાઓની ચર્ચામાં પણ બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી શાસ્ત્રાધારે સાચા પક્ષની તરફેણ કરવાની હોય છે, ત્યાં તટસ્થ રહેવાનું નથી.

**ધર્માથી-આત્માર્થી જીવને ખબર છે કે** - 'સાચામાં સમકિત વસે ખોટામાં મિથ્યાત્વ' તેથી તે બધું જાણ્યા પછી તટસ્થ ન રહે, પરંતુ સાચાની તરફેણ કરે.

(૩) બીજું, મધ્યસ્થતા પૂર્વક તત્ત્વનિર્ણય કરવાનો પુરુષાર્થ કર્યા પછી સત્યની તરફેણ કરવાની છે અને અસત્યની તરફેણ કરવાની નથી. પણ સાથે સાથે હવે પછી બીજા પ્રકારની માધ્યસ્થ્યભાવના કામે લગાડવાની છે. અસત્ય પક્ષ પ્રત્યે દ્વેષ-દુર્ભાવ નથી કરવાનો. તેઓ પણ સાચું સમજે તેવી ભાવના ભાવવાની છે અને એવું શક્ય ન લાગે ત્યારે ઉપેક્ષા સેવવાની છે.

મધ્યસ્થતા બે જગ્યાએ ઉપયોગી બને છે. એક સાચા-ખોટાનો નિર્ણય કરવા માટે અને નિર્ગુણી ઉન્માર્ગગામી પ્રત્યે દ્વેષ-દુર્ભાવ થવાના કારણે આપણી ભાવધારા બગડે નહીં એ માટે.

– પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાને બહુ યાદ કરનારે એમના મધ્યસ્થભાવને યાદ રાખવાની જરૂર છે -

**पक्षपातो न मे वीरो, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥**

– મને વીર પરમાત્મા ઉપર પક્ષપાત નથી અને મને કપિલાદિ અન્ય દર્શનના પ્રણેતાઓ પ્રત્યે દ્વેષ પણ નથી. પરંતુ જેનું વચન યુક્તિયુક્ત હોય, તેનો સ્વીકાર કરવો જોઈએ.

– એટલે કોઈપણ શાસ્ત્રીય મુદ્દાઓમાં અલગ-અલગ વિકલ્પો-વિચારધારાઓ પેદા થાય, ત્યારે જેનું વચન શાસ્ત્ર-યુક્તિથી યથાર્થ હોય, તેનો સ્વીકાર કરવો જોઈએ, એમ પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવી રહ્યા છે.

**सुज्ञेषु किं बहुना ? स्तोकोऽपि बहवे ।**
**बहवेऽपि स्तोकाय ॥**

– બીજું, ગમે તેવી આચરણા પણ આદરણીય બનતી નથી - જીતવ્યવહાર સ્વરૂપ બનતી નથી, એ યાદ રાખવાનું છે. સાચા જીતવ્યવહારનાં લક્ષણો પરિશિષ્ટમાં આપ્યા છે.

= XX = XX =

# પ્રકરણ - ૫ : ગુરુતત્ત્વવિનિશ્ચય આદિ ગ્રંથોના પાઠો અંગે વિચારણા

→ **આ પ્રકરણનો વિષય 'મિથ્યાત્વ એટલે'** પુસ્તકના પ્રકરણ-૨માં આપેલા શાસ્ત્રપાઠો અંગેની વિચારણા છે. (વિચારણાની સુગમતા ખાતર અમે A-B-C આદિ અને અ-બ-ક આદિ વિભાગ પાડ્યા છે.)

(A) (i) **ण तित्थं विणा णियंठेहिं ।** સાધુઓ (-સાધ્વીઓ વિના) વિના તીર્થશાસન ન હોય.

(ii) **दंसणनाणसमग्गा, तित्थस्स पभावगा भवंति दढं ।**
**तित्थं पुण संपुण्णं, चाउव्वण्णो समणसंघो ॥२०६॥**

**'दंसणं'त्ति । दर्शनज्ञानसमग्राः क्रियातश्च हीना अपि शुद्धप्ररूपणागुणाः 'दृढम्' अतिशयेन तीर्थस्य प्रभावका भवन्ति । तीर्थं पुनः सम्पूर्णं चतुर्विधश्रमणसङ्घः, तदुक्तं प्रज्ञप्त्याम्** - "तित्थं भंते ! तित्थं तित्थयरे तित्थं ? गोयमा ! अरहा ताव णियमा तित्थंकरे, तित्थं पुण चाउव्वण्णे समणसंघे, तंजहा-समणा य समणीओ सावया य साविआओ ।" **त्ति । इदानीं तात्त्विकश्रमणानभ्युपगमे च द्विविधसङ्घस्यैव प्रसङ्गः, तात्त्विकश्रावकानभ्युपगमे च मूलत एव तद्विलोपः, सम्यक्त्वस्यापि साधुसमीपे ग्राह्यत्वेन तदभावे तस्याप्यभाव इति सर्वं कल्पनामात्रं स्यादिति न किञ्चिदेतत् ॥२०६॥**

**આનાથી શું સિદ્ધ થયું તે જણાવે છે :-**

ક્રિયાથી હીન હોવા છતાં દર્શન-જ્ઞાનથી પૂર્ણ શુદ્ધ પ્રરૂપણાના ગુણવાળા સાધુઓ તીર્થની ઘણી પ્રભાવના કરનારા બને છે. શ્રમણની પ્રધાનતાવાળો ચાર પ્રકારનો સંઘ સંપૂર્ણ તીર્થ છે (અર્થાત્ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચારે હોય તો જ સંપૂર્ણ તીર્થ છે, અન્યથા નહિ.) **આ વિષે ભગવતીસૂત્ર (શ. ૨૦, ઉ. ૮, સૂત્ર-૬૮૧)માં કહ્યું છે કે - "હે**

ભગવંત ! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર તીર્થ છે ? હે ગૌતમ ! અરિહંત તો અવશ્ય તીર્થંકર છે. પરંતુ ચાર પ્રકારનો શ્રમણ પ્રધાન સંઘ તીર્થરૂપ છે. તે આ પ્રમાણે :- સાધુઓ-સાધ્વીઓ, શ્રાવકો-શ્રાવિકાઓ." હમણાં તાત્ત્વિક (= સાચા) સાધુઓ છે એમ ન માનવામાં આવે તો બે પ્રકારનો જ સંઘ રહે. તાત્ત્વિક (= સાચા) શ્રાવકો છે એમ ન માનવામાં આવે તો મૂળથી જ (ચારે પ્રકારના) સંઘનો અભાવ થાય. કારણ કે, સમ્યક્ત્વનો પણ સ્વીકાર સાધુ પાસે કરવાનો હોવાથી સાધુના અભાવે સમ્યક્ત્વનો પણ અભાવ થાય. આમ થાય તો બધું કલ્પના માત્ર બને. માટે તમારું આ (= તીર્થ દર્શન-જ્ઞાનથી ચાલે છે એ) કથન બરોબર નથી. (૨૦૬)

---

**ટિપ્પણી :-**

(૧) લેખકશ્રીએ ગુરુતત્ત્વવિનિશ્ચયનો આખો પાઠ મૂક્યો નથી. અહીં તે શ્લોક + ટીકા બંને મૂક્યા છે.

(૨) **પૂર્વોક્ત પાઠમાં સ્પષ્ટ જણાવ્યું છે કે** - '(વર્તમાનકાળમાં) ક્રિયાથી હીન હોવા છતાં દર્શન-જ્ઞાનથી પૂર્ણ શુદ્ધપ્રરૂપણા ગુણવાળા સાધુઓ તીર્થની ઘણી પ્રભાવના કરનારા બને છે. શ્રમણની પ્રધાનતાવાળો ચાર પ્રકારનો સંઘ સંપૂર્ણ તીર્થ છે."

**અહીં સ્પષ્ટ જણાવ્યું છે કે** - વર્તમાનકાળમાં સાધુઓ સંઘયણાદિની ખામીના કારણે ક્રિયા (આચરણ)માં હીન રહેવાના છે. છતાં પણ દર્શન-જ્ઞાનથી પૂર્ણ, શુદ્ધ પ્રરૂપણા ગુણવાળા સાધુઓ થવાના છે અને એમનાથી તીર્થની ઘણી પ્રભાવના થવાની છે. તેથી વર્તમાનમાં પણ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચાર અંગવાળું તીર્થ રહેવાનું જ છે.

→ **પરંતુ એક અગત્યનો ખુલાસોએ કર્યો છે કે,** આ કાળમાં સાધુ-સાધ્વી ક્રિયામાં તો હીન થવાના છે, પરંતુ જે સાધુ-સાધ્વી શુદ્ધપ્રરૂપણા દ્વારા પ્રભુનો યથાર્થ માર્ગ બતાવશે તેમના થકી જ શાસન પ્રવર્તમાન રહેવાનું છે. ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારથી નહીં.

(૩) લેખકશ્રીએ 'શુદ્ધ પ્રરૂપણા'વાળો પાઠ જાણી-જોઈને લખ્યો નથી. ગમે તે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાથી તીર્થ ટકવાનું નથી. પરંતુ શુદ્ધપ્રરૂપણા + યથાશક્ય યતના કરનારા સાધુ આદિથી જ તીર્થ ટકવાનું છે.

(૪) પ્રભુ મહાવીર પણ અંતિમ દેશનામાં પ્રથમ સ્વપ્નના ફળાદેશમાં ફરમાવી ગયા છે કે, "આ પાંચમા આરામાં કેટલાક (ગૃહવાસથી નીકળી) દીક્ષા લઈને પણ ઘર-સ્વજન અને ધનમાં આસક્ત થયેલા નિત્યવાસી થશે અને ગૃહસ્થોની વૃત્તિ-પ્રવૃત્તિઓને જોઈને આસક્તિ દોષથી મંત્ર-ઔષધિ-મૂળકર્મ વગેરે સાવદ્ય કાર્યોમાં સાધુધર્મથી ભ્રષ્ટ થયેલા (સાધુઓ) આસક્ત થશે.

(જો કે,) દુષમાકાળમાં પણ આસક્તિ રહિત, ઉપશાંત કષાયવાળા, કોઈ વિરલા સાધુઓ થશે અને તે શુદ્ધ ચારિત્રવાળા થશે."[૧]

(૫) **પૂર્વોક્ત ખુલાસાઓથી સ્પષ્ટ બની જાય છે કે,** પાંચમા આરામાં જે તીર્થનું અસ્તિત્વ છે અને ટકવાનું છે, તે વેષધારી-ઉત્સૂત્ર પ્રરૂપક સાધુઓથી નથી ટકવાનું પરંતુ સસૂત્ર પ્રરૂપક અને યથાશક્ય શુદ્ધ ચારિત્રનું પાલન કરનારા સાધુઓથી ટકવાનું છે.

(૬) આથી લેખકશ્રીએ પોતાના પુસ્તકના પૃ. ૧૬-૧૭ ઉપર જે પિષ્ટપેષણ કર્યું છે તે નિરર્થક છે. ખોટા કુતર્કો કરવામાં આવ્યા છે. ગ્રંથકારોની સ્પષ્ટ વાતો ક્યાંક પોતાને નડતી હોય એમ લાગે છે.

---

**१. निक्खमिऊण य अण्णे घरसयणधणेसु निच्चपडिबद्धा ।**
**नीयावासविहारी दट्ठूण य तव्विवत्तीओ ॥५॥**

**पडिबंधदोसओ च्चिय मंतोसहिमूलकम्ममाईसु ।**
**सावज्जेसु पसत्ता पायं होहिंति चुयधम्मा ॥६॥**

**विरलाओ दूसमाए वि पडिबंधविवज्जिया जियकसाया ।**
**होहिंति सुद्धचरणा एसत्थो पढमसुविणस्स ॥७॥ इति उपदेशपदे ।**

(૭) **અગત્યનો ખુલાસો :-**

(**નોંધ :** આગળની વિચારણા કરતાં પૂર્વે અગત્યનો ખુલાસો કરી લઈએ.)

→ પ્રથમ ગુણસ્થાનકે અપુનર્બંધક અવસ્થાએ મંદ મિથ્યાત્વની અવસ્થા હોય છે. આ અવસ્થામાં યોગની પ્રથમ ચાર દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. (તે પૂર્વે ગાઢ મિથ્યાત્વ હોય છે અને જીવ ઓઘદૃષ્ટિમાં હોય છે.)

→ ગ્રંથીનો ભેદ અને મિથ્યાત્વનો નાશ થતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, ત્યારે સાધક ચોથા (સમ્યગ્દર્શન) ગુણસ્થાનકે પહોંચે છે. અહીં એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોનો ઉદય હોતો નથી.

→ અપ્રત્યાખ્યાનીય કષાયનો ક્ષયોપશમ થતાં સાધક દેશવિરતિને પામે છે અર્થાત્ પાંચમા ગુણસ્થાનકને પામે છે, અહીં અલ્પાંશે પાપની નિવૃત્તિ કરવા સફળ બને છે.

→ અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય-આ ૧૨ કષાયનો ક્ષયોપશમ થતાં સાધક સર્વવિરતિને પામે છે અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનકને પામે છે.

→ 'સર્વવિરતિ' અવસ્થાના બે તબક્કા છે. એક પ્રમત્ત સર્વવિરતિ અને બીજો અપ્રમત્ત સર્વવિરતિ. એમાં પ્રમત્ત સર્વવિરતિ એ છઠ્ઠું અને 'અપ્રમત્ત સર્વવિરતિ' એ સાતમું ગુણસ્થાનક છે.

→ જ્ઞાનસાર ગ્રંથમાં પ્રમત્ત સર્વવિરતિને ભેદરત્નત્રયી અને અપ્રમત્ત સર્વવિરતિને અભેદરત્નત્રયી તરીકે ઓળખાવેલ છે. એ બંને અવસ્થામાં મુનિની સાધના કયા પ્રકારની હોય તે આગળ જોઈશું.

→ અપ્રમત્ત સર્વવિરતિ = અભેદ રત્નત્રયી = સાતમા ગુણસ્થાનકે નિશ્ચયનય સમ્યક્ત્વ સ્વીકારે છે અર્થાત્ નિશ્ચયનય અભેદરત્નત્રયી = ભાવચારિત્રને જ સમ્યગ્દર્શન તરીકે સ્વીકારે છે.

→ ગુણસ્થાનક ક્રમારોહ ગ્રંથમાં સાતમા ગુણસ્થાનકને નિરાચાર-પદવાળું કહ્યું છે. આ અવસ્થામાં કોઈ ક્રિયા-આચારપાલન હોતું નથી.[1]

**અહીં ઉલ્લેખનીય છે કે,** આ સાતમા ગુણસ્થાનકે સામાયિકાદિ વ્યવહારક્રિયારૂપ છ આવશ્યકો નથી. પરંતુ નિશ્ચયદષ્ટિથી તો છએ આવશ્યકો વિદ્યમાન છે. કારણ કે, તે નૈશ્ચયિક આવશ્યકો આત્માના ગુણરૂપ છે. **શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,** "આત્મા એ જ સામાયિક છે, આત્મા જ સામાયિકનો અર્થ છે. ઈત્યાદિ[2]"

અપ્રમત્ત અવસ્થામાં નિરંતર ઉત્તમ ધ્યાનનો સદ્ભાવ હોવાથી સ્વાભાવિક ધ્યાનની સાથે જ ઉત્પન્ન થયેલી અને સંકલ્પ-વિકલ્પની પરંપરાના અભાવથી આત્મસ્વભાવરૂપ નિર્મલતા હોય છે. આ ગુણસ્થાનકમાં વર્તતો જીવ ભાવતીર્થમાં અવગાહન (સ્નાન) કરવાથી પરમવિશુદ્ધિને પ્રાપ્ત કરે છે. જેમ નદી-સમુદ્ર વગેરે દ્રવ્યતીર્થમાં સ્નાન કરનારને દાહ-તાપની ઉપશાંતિ, તૃષાદિનો નાશ અને શરીરનો મળ દૂર થાય છે, તેમ ધ્યાનરૂપી ભાવતીર્થમાં સ્નાન કરનારને કષાયોનો નિગ્રહ થવાથી પરમવિશુદ્ધિની પ્રાપ્તિ થાય છે. તદુપરાંત, આ ગુણસ્થાનકના યોગીઓ વિશિષ્ટકોટીના ધર્મધ્યાનના બળથી કર્મો ખપાવતાં ખપાવતાં અપૂર્વ વિશુદ્ધિમાં ક્રમશઃ આગળ વધતાં મનઃપર્યવજ્ઞાન, આહારકાદિ લબ્ધિઓ, જંઘાચારણાદિ લબ્ધિઓ પ્રાપ્ત કરે છે.

---

**१. इत्येतस्मिन् गुणस्थाने, नो सन्त्यावश्यकानि षट् । सततं ध्यान-सद्योगाच्छुद्धिः स्वाभाविकी यतः ( मता ) ॥३६॥** - અપ્રમત્ત ગુણસ્થાનકમાં છ આવશ્યક નથી, તો પણ ઉત્તમ ધ્યાનના યોગથી સ્વાભાવિક આત્મશુદ્ધિ થાય છે.

**२. सामायिकादीनां षण्णामप्यावश्यकानां व्यवहारक्रियारुपाणामत्र गुणस्थाने निवृत्तिः, तेषां ह्यात्मगुणत्वात् "आया सामाइए, आया सामाइअस्स अट्ठे" इत्याद्यागमवचनादिति । [ गुण.क्रमा.-३६/टीका ]**

**→ વિશુદ્ધિ-કર્મબંધ-યથાપ્રવૃત્તિકરણ :–**

કર્મગ્રંથમાં જણાવ્યું છે કે, આ ગુણસ્થાનકના અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ વિશુદ્ધિસ્થાનકો છે અને ઉત્તરોત્તર સ્થાનકોમાં આત્મશુદ્ધિ વધુ હોય છે તથા આ ગુણસ્થાનકે રહેલા સાધકો, છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા જીવો સાતે કર્મોનો જેટલો બંધ કરે છે, તેનાથી સંખ્યાત સાગરોપમ જેટલો ઓછો કર્મબંધ કરે છે તથા કોઈ જીવ વિશેષ પ્રકારની વિશુદ્ધિમાં આગળ વધતો જઈ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી માંડવા માટેનું યથાપ્રવૃત્તિકરણ નામનું કરણ પ્રાપ્ત કરે છે. (ત્યારબાદ અપૂર્વકરણ પામી ક્ષપકશ્રેણી કે ઉપશમશ્રેણીનો પ્રારંભ કરે છે.)

**→ નૈશ્ચયિક સમ્યક્ત્વ :–**

(ચતુર્થ ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી જે સમ્યક્ત્વ હોય છે, તે વ્યવહારિક હોય છે.) **નૈશ્ચયિક સમ્યક્ત્વ સાતમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. તે નૈશ્ચયિક સમ્યક્ત્વ રત્નત્રયીની એકાકાર પરિણતિ સ્વરૂપ છે** અર્થાત્ સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રમય શુભપરિણામ એ **નૈશ્ચયિક સમ્યક્ત્વ** છે.[1] હકીકતમાં તો ભાવચારિત્ર જ નૈશ્ચયિક સમ્યક્ત્વરૂપ છે. કારણ કે, મિથ્યા આચારોની (પારમાર્થિક) નિવૃત્તિરૂપ કાર્ય નિશ્ચયસમ્યક્ત્વરૂપ કારણથી જ થાય છે. **નિશ્ચયનય જે કારણ સાથે કાર્ય ન હોય તેને કારણ માનતું નથી. અર્થાત્ કાર્યાનુપહિત કારણને કારણ તરીકે નિશ્ચયનય માનતો નથી.** તેથી અહીં નિશ્ચયસમ્યક્ત્વ રૂપ કારણ સાથે ભાવચારિત્રરૂપ કાર્યની સાધના રહેલી છે, એમ સમજવું. (જો ભાવચારિત્રરૂપ કાર્યની સાધના નથી, તો સમ્યક્ત્વ પણ નથી, એમ નિશ્ચયનય માને છે. આથી નિશ્ચયનય ચોથાથી છઠ્ઠા સુધી સમ્યક્ત્વ માનતો નથી. ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી જે સમ્યક્ત્વ છે, તે વ્યવહારસમ્યક્ત્વ છે. આથી નિશ્ચયસમ્યક્ત્વ સાતમા ગુણસ્થાનકે હોય

---

**૧. निच्छयओ सम्मत्तं, नाणाइमयप्पसुद्धपरिणामो । इयरं पुण तुह समए, भणिअं सम्मत्तहेऊर्हिं ॥११॥ [ सम्य.प्र. ] XXX**

છે.[૧] **આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે,**[૨]

**"જે સમ્યક્ત્વ છે તે જ (મૌન) ચારિત્ર છે** અને જે (મૌન) ચારિત્ર છે, તે જ સમ્યક્ત્વ છે. આ (નિશ્ચય) સમ્યક્ત્વનું પાલન અલ્પ સત્ત્વવાળા, સ્ત્રી-પુત્રાદિ પ્રત્યે સ્નેહવાળા, શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધિવાળા, માયા વગેરે વક્ર આચારવાળા, વિષય-કષાયાદિ પ્રમાદવાળા કે ગૃહવાસમાં રહેનારા ગૃહસ્થોથી શક્ય નથી. પરંતુ મૌન = ચારિત્રને અંગીકાર કરીને કર્મોરૂપી (કાર્મણ) શરીરનો નાશ કરનારા મુનિઓ તથા સમ્યગ્દર્શનવાળા ધીર મહર્ષિઓ કે જેઓ પ્રાન્ત (નિરૂપયોગી-ઉચ્છિષ્ટ) અને રૂક્ષ (નિરસ-વિરસ) આહારાદિને વાપરનારા હોય, તેઓથી તેનું પાલન શક્ય છે."

**વળી સમ્યક્ત્વના જે પ્રશમાદિ પાંચ લક્ષણો શાસ્ત્રમાં બતાવ્યાં છે, તે પણ નિશ્ચયસમ્યક્ત્વને આશ્રયીને સમજવાં[૩] અર્થાત્ તે લક્ષણો નિશ્ચય સમ્યક્ત્વનાં છે, વ્યવહારસમ્યક્ત્વનાં નહીં. આથી જ સદ્ધર્મવિંશિકામાં કહ્યું છે કે,**

---

**१. ज्ञानादिमयशुभपरिणामो निश्चयसम्यक्त्वम् XXXX अप्रमत्त-संयतानामेव तद्व्यवस्थितेः ।**

**२. तदुक्तमाचारङ्गे "तं सम्मं ति पासह, तं मोणं ति पासह, जं मोणं ति पासह, तं सम्मं ति पासह । ण इमं सक्कं सिढिलेहिं अद्दिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं । मुणी मोणं समादाय, धुणे कम्म सरीरगं । पंतलूहं च सेवंति, धीरा सम्मत्तदंसिणो । [ आचा. २/५/३, सू-१२५ ]"**

**३. एवंविधं नैश्चयिकसम्यक्त्वमधिकृत्यैव प्रशमादीनां लक्षणत्वं सिद्धान्तोक्तं सङ्गच्छते । अन्यथा श्रेणिककृष्णादीनामपि तदसंभवेन लक्षणव्याघातसंभवात् ।**

**णिच्छयसम्मत्तं वाहिगिच्च सुत्तभणिआनिउणरुवं तु ।**
**एवंविहो निओगो होइ इमो हंत वण्णुत्ति ॥१७॥**

– શાસ્ત્રમાં સમ્યક્ત્વનું જે સુંદર (નિપુણ) સ્વરૂપ જણાવ્યું છે, તે નિશ્ચયસમ્યક્ત્વની અપેક્ષાએ આવા પ્રકારનો (શમ-સંવેગાદિ લક્ષણોનો) નિયોગ (આત્મામાં) હોય છે, એમ કહેવું (સમજવું) અર્થાત્ શમ-સંવેગાદિ લક્ષણો નિશ્ચયસમ્યક્ત્વને આશ્રયીને છે તેમ સમજવું.

**અહીં યાદ રાખવું કે,** ભિન્ન-ભિન્નનયોની અપેક્ષાએ નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ ભિન્ન ભિન્ન છે, તેવું ધર્મસંગ્રહ-યોગશાસ્ત્ર આદિ ગ્રંથોમાં જણાવ્યું છે. જે આપણે પૂર્વે જોયું જ છે.

**⇒ અગત્યની વાત :**

(A) સાતમા ગુણસ્થાનકે કોઈ આચાર નથી. તેથી આચારની સ્ખલનાનું પ્રાયશ્ચિત્ત ન હોય તે પણ સમજી લેવાનું છે. તેથી જ ત્યાં પ્રતિક્રમણાદિ ક્રિયા હોતી નથી.

પ્રાયશ્ચિત્ત પંચાચારની સ્ખલના સંબંધી આવે છે. તેથી જ છેદગ્રંથોમાં (યતિજીતકલ્પ વગેરે છેદ ગ્રંથોમાં) પંચાચારમાં થયેલી સ્ખલનાઓનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે.

**અહીં ખાસ નોંધનીય છે કે,**

(અ) નિશ્ચયનય છઠ્ઠા ગુણસ્થાનક સુધી મિથ્યાત્વ માને છે. છતાં પણ છઠ્ઠા ગુણસ્થાનકે વર્તતા જીવને ચારિત્રપાલનની સ્ખલનામાં મિથ્યાત્વ (દર્શનાચાર) સંબંધી પ્રાયશ્ચિત્ત આવતું નથી - અપાતું નથી.

(બ) એટલે પ્રાયશ્ચિત્ત વ્યવહારનયથી પંચાચારના વિષયમાં જ્યાં જ્યાં જે જે સ્ખલના થઈ હોય તેનું અપાય છે.

(ક) સાતમા ગુણસ્થાનકે નિરતિચાર અવસ્થા હોય છે. તેથી ત્યાં પ્રાયશ્ચિત્ત સ્થાન લાગતું નથી.

(૬) અભવ્ય નિરતિચાર ચારિત્ર પાળે છે. છતાં તેને સાતમું તો નહીં પણ પહેલું (ગુણસંપન્ન) ગુણસ્થાનક પણ હોતું નથી. એટલે એની નિરતિચારતા બાહ્યદૃષ્ટિએ છે. પરમાર્થથી નહીં.

(B) લેખકશ્રીએ પોતાના પુસ્તકના પ્રથમ પ્રકરણમાં જે શ્રીનિશીથ-ચૂર્ણિનો પાઠ આપ્યો છે (કે જે નીચે ટિપ્પણીમાં[1] છે.) તે પાઠમાં જે સમિતિ-ગુપ્તિના અપાલનમાં (પાલનના અભાવમાં) જે મિથ્યાત્વાદિ ચાર દોષો બતાવ્યા છે, **તે દોષો આજ્ઞા પ્રત્યેનો અનાદર કરવાના પ્રસંગે, નિરપેક્ષવૃત્તિના પ્રસંગે, સમતિ-ગુપ્તિનું પાલન ન કરીએ તો ચાલે એવા ઉત્સૂત્ર પરિણામના પ્રસંગે લાગે છે, એવું જ માનવું જોઈએ.** પરંતુ લેખકશ્રી પોતાના પુસ્તકમાં (પૃ.-૨૦) ઉપર કહે છે તે રીતે માનવાની જરૂર નથી. (xxx એટલે શાસ્ત્રમાં સેંકડો જગ્યાએ જે મિથ્યાત્વ-મિથ્યાત્વ બતાવેલું છે, એ નિશ્ચયનયના આધારે બતાવેલું છે...એવું ઉચિત લાગે છે.) લેખકની આ વાત ઉચિત નથી. કારણ કે...

(i) નિશીથચૂર્ણિમાં જે પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે, તે પૂર્વે જણાવ્યા મુજબ આચારપદમાં રહેલા છઠ્ઠા ગુણસ્થાનકે વર્તતા સાધુ માટે બતાવ્યું છે અને

(ii) તે પાઠમાં (નીચે ટિપ્પણીમાં આપેલા પાઠમાં) ચારિત્રાચારનું પ્રાયશ્ચિત્ત આપ્યું છે.

---

૧. **समितीसु असमियस्स गुत्तीसु य अगुत्तस्स मासलहुं-सव्वहिं-सव्वसमितीसु सव्वगुत्तीसु य । असमितगुत्तस्स आणाभंगदोसो, अणवत्थ-मिच्छत्त-आयसंजमविराहणादोसा य भवंति । श्रीनिशीथ-४४० चूर्णि** અર્થ : સમિતિઓમાં જ સમિતિવાળો ન હોય, જે ગુપ્તિવાળો ન હોય તેને બધી સમિતિઓમાં અને બધી ગુપ્તિઓમાં માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે છે.

સમિતિ ન પાળનારને અને ગુપ્તિ ન પાળનારને આજ્ઞાભંગદોષ લાગે, અનવસ્થા-મિથ્યાત્વ-આત્મવિરાધના અને સંયમવિરાધના દોષો થાય.

(iii) તેવા સંયોગોમાં ચારિત્રાચારની સ્ખલનાથી (પ્રાયશ્ચિત્ત ન લેતો) ચારિત્રનો ભંગ થાય. પરંતુ મિથ્યાત્વ દોષ ન લાગે.

(iv) છતાં પણ મિથ્યાત્વ દોષ બતાવ્યો છે. એ દર્શાવે છે કે, જે સાધુ અનાદરભાવ-નિરપેક્ષભાવ-ઉત્સૂત્રપરિણામથી સમિતિ-ગુપ્તિનું પાલન ન કરે, તેને મિથ્યાત્વ દોષ લાગે છે અને એ લાગે એટલે બાકીના તો લાગવાના જ છે.

(C) **લેખકશ્રીનો કહેવાનો ઈરાદો એવો છે કે,** ''જેમ સમિતિ-ગુપ્તિના પાલનની સ્ખલનામાં મિથ્યાત્વાદિ દોષ લાગે, તેમ તિથિની ખોટી આરાધનાદિમાં મિથ્યાત્વાદિ દોષ લાગે છે. પરંતુ બંને સ્થળે નિશ્ચયનયના આધારે એ દોષો લાગે છે. પરંતુ એટલા માત્રથી છઠ્ઠું ગુણસ્થાનક (સાધુપણું) ચાલી જતું નથી. જેમ સમિતિના પાલનમાં ગરબડ કરવાથી વ્યવહારનયથી સાધુપણું જતું નથી, તેમ તિથિની ખોટી આરાધના કરવામાં પણ વ્યવહારથી સાધુપણું જતું નથી. આ રહ્યા એમના શબ્દો -

**“એ તમને ખ્યાલ આવી જ જાય કે શાસ્ત્રમાં જે દર્શાવ્યું છે કે ‘તિથિની સાચી આરાધના ન કરનારો મિથ્યાત્વી !’ એ નિશ્ચયનયથી મિથ્યાત્વી છે અને એટલા માત્રથી એ ખરેખરો પહેલા ગુણઠાણા વાળો ન બને. એ હોય તો છટ્ઠે જ ! અને માટે જ એ તિથિની આરાધનાની ભૂલ માત્રથી અવંદનીય પણ ન બને.”**

→ અહીં લેખકશ્રીએ ઘણી ભેળસેળ કરી છે. સૌથી પ્રથમ તો તિથિની આરાધના એટલે શું ? એ વિચારવું પડે.

(i) **‘તિથિની આરાધના’**થી સાંવત્સરિક પ્રતિક્રમણની આરાધના ગ્રહણ કરવાની છે કે સાંવત્સરિક પ્રતિક્રમણાદિ આરાધના કરવાનો દિવસ નક્કી કરવો, એ ગ્રહણ કરવાનું છે ?

(ii) સાંવત્સરિક પ્રતિક્રમણ તો કરવાનું જ છે. પરંતુ તે કયા દિવસે

કરવાનું છે ? તે પંચાંગમાં જોઈને જે દિવસે ઉદયાત્ ભાદરવા સુદ-૪ હોય, તે દિવસ નક્કી કરવાનો છે. એટલે તિથિની આરાધનામાં સૌથી પ્રથમ તો આરાધનાનો દિવસ નક્કી કરવાની વાત છે. આરાધનાની વાત નથી.

(iii) હવે તે આરાધનાનો દિવસ ઉદયાત્ તિથિ સિવાયનો નક્કી કરવામાં આવે, તો તે આચરણાની સ્ખલના છે કે માન્યતાની સ્ખલના છે ?

(iv) ચોક્ખી વાત છે કે એ માન્યતાની જ સ્ખલના છે. "**क्षये पूर्वा**" પ્રઘોષનો સાચો અર્થ કરવામાં આવે અને ખોટી ચાલી પડેલી પરંપરાને બાજું પર મૂકવામાં આવે, તો આરાધનાના દિવસ તરીકે ઉદયાત્ તિથિ જ નક્કી કરવાનું બનશે. અનુદયાત્ નહીં.

(v) અને માન્યતા ખોટી આવે ત્યાં પરમાર્થથી આચરણા ખોટી જ બનવાની તથા જયાં બંને ખોટા હોય ત્યાં પ્રથમ ગુણસ્થાનકનું જ મિથ્યાત્વ લાગે. એની સાથે બીજા પણ દોષ લાગે. તેથી ઉદયાત્ તિથિને છોડીને અનુદયાત્ તિથિમાં કરવાથી "**उदयम्मि जा...**" વાળા શ્લોકમાં વર્ણવેલા ચાર દોષો લાગે.

(vi) લેખકશ્રી જ્યારે તેમની સામે આવો પ્રશ્ન આવ્યો ત્યારે, તેનો તેમણે સાચો જવાબ નથી આપ્યો. પરંતુ બીજી જ વાતો કરી છે - તે એમના પુસ્તકના 'પ્રશ્નો અને સમાધાનો' પ્રકરણના પૃ. ૪૪-૪૫-૪૬ના અંશો નીચે મુજબ છે.

---

"**પ્રશ્ન :** 'માનવું અને આચરવું' આ બે બાબતમાં ફરક છે. સંયમી જો સંયમના આચારો ન આચરે, તો એને સંયમમાં અતિચાર લાગે, એમાં નિશ્ચયનયથી મિથ્યાત્વ ભલે કહેવાય, પણ હકીકતમાં તો એ છઠ્ઠા ગુણસ્થાને જ રહે છે.

એટલે 'મુહપત્તીનો ઉપયોગ ન રાખવો' વગેરે દોષો સેવનારાનો આચાર

ભલે નબળો પડે, એના કારણે એને સંયમમાં ભલે નબળાઈ આવે, પણ સંયમ જતું નથી રહેતું.

હા ! જો એ એમ માનવા માંડે કે 'મુહપત્તીનો ઉપયોગ રાખવાની કોઈ જરૂર જ નથી' તો આ માન્યતાની બાબત આવી અને એમાં તો એને પહેલા ગુણઠાણાનું જ મિથ્યાત્વ આવે.

હવે અત્યારે તમામ સંયમીઓ 'મુહપત્તીનો ઉપયોગ રાખવો જ જોઈએ' એવું તો માને જ છે, માટે ખરું મિથ્યાત્વ ન આવે. હા ! એવું આચરવામાં ખામી છે, તો એટલા અંશમાં એમનું ચારિત્ર નબળું પડે.

આવું બીજા આચારોની બાબતમાં પણ સમજી જ લેવું.

હવે તિથિની વાત આખી જુદી છે. એક તિથિપક્ષવાળા એક તિથિને = ખોટી તિથિને આચરે તો છે જ અને પાછા એવું માને પણ છે જ કે 'એક તિથિ જ સાચી છે...'

અથવા

બે તિથિપક્ષવાળા બે તિથિને = ખોટી તિથિને આચરે તો છે જ અને પાછા એવું માને પણ છે કે 'બે તિથિ જ સાચી છે...'

આમ એમનો આચાર અને એમની માન્યતા બંનેય ખોટી છે... માટે તેઓ ખરેખર મિથ્યાત્વી ઠરે છે. માટે જ તેઓ અવંદનીય બને છે.

આમ મુહપત્તી આદિ આચારોની બાબતમાં અને તિથિની બાબતમાં ઘણો જ તફાવત છે, એ ખાસ ધ્યાનમાં લેવું. મુહપત્તી આદિમાં બધાની માન્યતા સાચી છે. માત્ર આચરણા જ ખોટી છે. જ્યારે તિથિ બાબતમાં માન્યતા અને આચરણા બંને ખોટા છે.

તમારા પ્રશ્ન સામે મને આ જવાબ સૂઝે છે.

પૂ.સિદ્ધસેનદિવાકરસૂરિજી એમ માને છે કે 'કેવલીને કાયમ માટે માત્ર જ્ઞાનોપયોગ જ હોય.'

પૂ.જિનભદ્રગણિજી એમ માને છે કે 'કેવલીને ક્રમશઃ જ્ઞાનનો અને

દર્શનનો ઉપયોગ હોય.' બંને મહાપુરુષોએ પોતપોતાની માન્યતાને સાચી સાબિત કરનારી ઢગલાબંધ યુક્તિઓ પણ આપી છે.

આમાંથી એકની માન્યતા તો ખોટી છે જ ને ? તો એક મહાપુરુષ તો મિથ્યાત્વી જ ને ? પણ એવું આપણે નથી માનતા. કારણ કે, પૂ.મહોપાધ્યાયજી એ ધર્મપરીક્ષાગ્રન્થમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે પૂ. સિદ્ધસેનસૂરિજી પોતાની માન્યતાને **જિનાજ્ઞા** સમજીને જ સ્વીકારતા હતા...

પૂ.જિનભદ્રસૂરિજી પોતાની માન્યતાને **જિનાજ્ઞા** સમજીને જ સ્વીકારતા હતા...

માત્ર એ જિનાજ્ઞા સમજવામાં જ બેમાંથી એકની ક્ષતિ થઈ છે. પણ 'આ જિનાજ્ઞા નથી, છતાં હું એ માનું' એવું તો બેમાંથી એકેયના મનમાં નથી. એટલે જિનાજ્ઞાબહુમાનમાં ખામી નથી. માટે જ બંને સમ્યક્ત્વી !

પૂ.મહોપાધ્યાયજીએ બેમાંથી એકપણ મહાપુરુષને મિથ્યાત્વી નથી કહ્યા, હા ! એ મનમાં સમજે છે કે 'બેમાંથી કોઈપણ એકની માન્યતા ખોટી છે.' છતાં તેઓશ્રી એમ પણ સમજે છે કે 'જિનાજ્ઞાથી વિપરીત પદાર્થમાં પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા શ્રદ્ધા કરી બેસે, છતાં એના સમ્યક્ત્વને આંચ ન આવે. આવી શ્રદ્ધા થવાના બે કારણો (૧) અનાભોગ (૨) ગુરુનિયોગ. એટલે કે પોતે જાતે ખોટું સમજી બેસે અને જિનાજ્ઞાથી વિપરીત પદાર્થમાં શ્રદ્ધા કરી બેસે અથવા તો ગુરુ જ એને ખોટું સમજાવી બેસે (ગુરુને પણ અજ્ઞાનાદિ કારણો તો નડે જ છે ને) અને એટલે એ ખોટા પદાર્થમાં શ્રદ્ધા કરી બેસે.

આવું તિથિ બાબતમાં બંને પક્ષ બંને માટે ન વિચારી શકે ? કે "સામેવાળો પક્ષ જે માને છે, એ ખોટું હોય તો પણ તે પક્ષ અનાભોગથી કે ગુરુનિયોગથી એ ખોટાને સાચુ માની બેઠો છે. એટલે ભલે એના જ્ઞાનમાં ખામી છે, પણ એના સમ્યગ્દર્શનને આંચ નથી આવતી."

**પ્રશ્ન :** પણ કોઈ કદાગ્રહવાળા હોય તો ?

**ઉત્તર :** ભાગ્યશાળી ! એવું હોય, તો પણ એ કદાગ્રહ કેટલા લોકોમાં ? મોટા ભાગના તો ગુરુના કથન પ્રમાણે જ કરે છે ને ? એમને 'ગુરુનિયોગ' કારણ

લાગે જ છે ને ? અરે ! તિથિ બાબતમાં બધું જ જ્ઞાન ધરાવનારા પણ કેટલા ?

મોટા ભાગના એક તિથિ પક્ષવાળાઓ એક તિથિપક્ષવાળા પાસે સાંભળી સાંભળીને એક તિથિને સાચી માનતા થયા છે ને ? શું તેઓએ બે તિથિપક્ષવાળા પાસે જઈને, એમના વિદ્વાનો પાસે બે તિથિપક્ષની વાતો સાંભળી છે ખરી ? સમજ્યા છે ખરા ?

એમ મોટા ભાગના બે તિથિપક્ષવાળાઓ બે તિથિપક્ષવાળા પાસે જ સાંભળી સાંભળીને બે તિથિને સાચી માનતા થયા છે ને ? શું તેઓએ એકતિથિપક્ષવાળા પાસે જઈને, એમના વિદ્વાનો પાસે એકતિથિપક્ષની વાતો સાંભળી છે ખરી ? સમજ્યા છે ખરા ?

શાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે 'કોઈ સાધુ આધાકર્મી ગોચરીને પણ ભૂલમાં નિર્દોષ સમજીને વાપરે, તો એને આધાકર્મીનો દોષ નથી લાગતો.'

એમ સંયમી ખોટી તિથિને પણ ભૂલમાં સાચી તિથિ સમજીને એને આરાધે, તો એને દોષ નથી લાગતો.

આ વિષયમાં મારી સમજ પ્રમાણે મેં લખેલું છે.

હજી આમાં ઘણાને ઘણા પ્રશ્નો થઈ શકે એમ છે...છતાં મને લાગે છે કે જો કોઈ જિજ્ઞાસાથી મને કે કોઈપણ સંવિગ્નગીતાર્થ મહાત્માને પૂછશે, તો ચોક્કસ એનું સમાધાન એને મળશે જ.

ભાવના મારી તો માત્ર એટલી જ છે કે વધુમાં વધુ જીવો મોક્ષમાર્ગે વધુ ને વધુ આગળ વધે.

પ્રભુ મારી ભાવનાને સફળ બનાવે.

પ્રભુ મારી ભાવનામાં જો ભૂલથી પણ મેલાશ હોય, તો એને દૂર કરી પવિત્ર બનાવે.

પ્રભુ મારા સંઘની રક્ષા કરે.

(અહીં લેખકશ્રીની વાત પૂર્ણ થાય છે.)

**સમીક્ષા :**

**(i) લેખકશ્રીએ આમાં સાચો જવાબ આપવાની જરૂર હતી. 'મુહપત્તિનો અનુપયોગ' આચારણનો દોષ છે. તેથી તેમાં ખોટું માનતા હોઈએ અને પ્રમાદ ખટકતો હોય ત્યાં સુધી ઈચ્છાયોગની ભૂમિકામાં આવે છે અને તેને મિથ્યાત્વાદિ દોષો ન લાગે. જ્યારે ખોટી તિથિની આરાધનામાં માન્યતા + આચરણા બંને ખોટા હોવાથી મિથ્યાત્વાદિ ચાર દોષો લાગે જ છે.**

**(ii)** લેખકશ્રીએ પુસ્તકના અંત સુધી કયા પક્ષની માન્યતા + આચરણા સાચી છે તે કહ્યું જ નથી. અમારે જ એ બતાવવું પડશે. તેઓ જે સમુદાયના છે, તે સમુદાયના નામમાં જેઓશ્રીનું નામ પ્રથમ છે, તે પરમ નામધેય પૂ.પ્રેમસૂરિદાદાનો પ્રખર પંડિતજી કુંવરજીભાઈ આણંદજી ઉપરનો લખેલો પત્ર સાચી હકીકતનું નિરૂપણ કરે છે. (એ પત્ર આ પુસ્તકના પરિશિષ્ટ-૬માં આપેલ છે. ત્યાંથી જોવા ભલામણ). **તેમાં સ્પષ્ટ લખ્યું છે કે...તો પછી તમો શા માટે લોકહેરીમાં પડીને સત્યને વિરાધો છો ?" - આખો પત્ર વાંચવાથી વાચકોને સત્ય બરાબર સમજાઈ જશે.**

**(iii)** લેખકશ્રીએ પ્રશ્નના સાચા જવાબો નથી આપ્યા પરંતુ સંદર્ભ વિનાના મુદ્દાઓ ઉઠાવીને વિષયને રફેદફે કર્યો છે.

**"કેવલીને ક્રમશઃ જ્ઞાન-દર્શનનો ઉપયોગ હોય કે માત્ર જ્ઞાનોપયોગ હોય કે બંનેનો એક સાથે એકસમયમાં ઉપયોગ હોય"** - આ વિષયમાં ત્રણ શાસ્ત્રકાર મહાપુરુષો અલગ-અલગ માને છે. પોતાની માન્યતાની તરફેણમાં પ્રબળ યુક્તિઓ પણ આપી છે. છતાં પણ ત્રણેય મહાપુરુષોની માન્યતામાં જે પરસ્પર વિરોધ દેખાય છે, તે માત્ર નયસાપેક્ષ વિવક્ષાના કારણે જ છે. તે પરસ્પર વિરોધિ માન્યતાઓ નયભેદ પર અવલંબિત હોવાથી દોષરહિત છે અને અલગ-અલગ નયને

અવલંબીને ત્રણે મહાપુરુષોની માન્યતા કઈ રીતે સાચી છે, તે પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ **જ્ઞાનબિંદુ** ગ્રંથમાં નયસાપેક્ષ રીતે સિદ્ધ કરી આપેલ છે. જે નીચે ટિપ્પણીમાં આપેલ છે.[1]

**પરંતુ તિથિ સંબંધી વિષય પૂર્વોક્ત વિષયને સમાન નથી. તિથિના વિષયમાં તો ઉપલબ્ધ તમામ શાસ્ત્રપાઠોથી સત્ય તારવી જ શકાય છે અને લવાદી ચર્ચામાં સત્ય સિદ્ધ થઈ જ ગયેલ છે અને વર્તમાનમાં તપાગચ્છના વિદ્યમાન લગભગ તમામ સમુદાયોએ પૂર્વે બે તિથિ પક્ષની માન્યતા મુજબની આરાધના કરી જ છે તથા પૂ. સાગરાનંદસૂરિજી મહારાજાના પૂર્વેના મંતવ્યો (કે જે પરિશિષ્ટમાં આપ્યા છે તે) બે તિથિ પક્ષની માન્યતાને જ સમર્થન આપે છે. પૂ.પ્રેમસૂરિદાદાએ પણ લવાદી ચર્ચાના નિયમને પૂર્ણ સમર્થન આપ્યું છે અને** પંડિતજીના પત્રમાં એને સમર્થન આપેલ છે તે સૌની જાણ માટે. તે લવાદી ચર્ચાનો આખો મુસદ્દો **"જૈનદૃષ્ટિએ તિથિદિન અને પર્વારાધન તથા અર્હદ્તિથિ ભાસ્કર"** નામના ગ્રંથમાં આપવામાં આવ્યો છે. તેનો

---

**૧. भेदग्राहिव्यवहृतिनयं संश्रितो मल्लवादी, पूज्याः प्रायः करणफलयोः सीम्नि शुद्धर्जुसूत्रम् । भेदोच्छेदोन्मुखमधिगतः सङ्ग्रहं सिद्धसेनस्तस्मादेते न खलु विषमाः सूरिपक्षास्त्रयोऽपि ॥२॥**

**અર્થ :** શ્રીમલ્લવાદીસૂરિજી મહારાજે ભેદગ્રાહી વ્યવહાર નયનો આશ્રય કર્યો છે તેથી તેઓ જ્ઞાન-દર્શનમાં કાળભેદે ભેદ માનતા નથી, પરંતુ સ્વરૂપભેદ અવશ્ય માને છે. પૂજ્ય શ્રી જિનભદ્રગણિ મહારાજાએ કાર્ય-કારણ ભાવની મર્યાદા અંગે લગભગ શુદ્ધ ઋજુસૂત્ર નયનું અવલંબન કર્યું છે તેથી તેઓ ક્ષણભેદથી પણ જ્ઞાન-દર્શનમાં ભેદ માનીને ક્રમવાદનું નિરૂપણ કરે છે. જ્યારે સિદ્ધસેનસૂરિજી મહારાજ, ક્ષણભેદ કે સ્વરૂપભેદ બન્નેનો ઉચ્છેદ કરવામાં અભિમુખ એવા સંગ્રહનયનો આશરો લે છે. તેથી તેઓ દર્શનને જ્ઞાનથી અભિન્ન માને છે. આ ત્રણે આચાર્યોના મતમાં પરસ્પર વૈમુખ્ય ભાસતું હોવા છતાં પણ નયભેદના કારણે તેમાં કોઈ વૈષમ્ય નથી, વિરોધ નથી. ॥૨॥

ગુજરાતી અનુવાદ પણ થયેલો છે. જેને સત્ય જાણવું હોય તેને માટે તે હાજર જ છે. અમારા **'તિથિ અંગે સત્ય અને કુતર્કોની સમાલોચના'** પુસ્તકના અંશો પણ પાછળ પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે.

**(અહીં નોંધનીય છે કે, જાણવા મળ્યા મુજબ એ "જૈનદૃષ્ટિએ તિથિદિન...." દળદાર પુસ્તકગ્રંથનું સંપાદન કરવામાં પૂ.આ.ભ. શ્રીભુવનભાનુસૂરિજી મ. સા.નું પણ યોગદાન હતું.)**

(iv) લેખકશ્રીથી પૂર્વના સંસ્કારો કે સાચું સાંભળેલાના સંસ્કારોથી કેટલીક વાતો સાચી લખાઈ ગઈ છે. પરંતુ એને સ્પષ્ટ સ્વીકારવાની નિખાલસતા જોવા મળતી નથી .

(v) તેઓ પૃ. ૪૫ ઉપર લેખે છે કે..."**જિનાજ્ઞાથી વિપરીત પદાર્થમાં પણ સમ્યગ્દષ્ટિ આત્મા શ્રદ્ધા કરી બેસે, છતાં એના સમ્યક્ત્વને આંચ ન આવે. આવી (વિપરીત) શ્રદ્ધા થવાના બે કારણો (૧) અનાભોગ, (૨) ગુરુનિયોગ.**"

– લેખકશ્રીની આ વાત સાચી છે. પરંતુ આ વાત કયા જીવો માટેની છે, તે સ્પષ્ટ કરવાની જરૂરીયાત હતી. લેખકશ્રીને પ્રશ્ન છે કે...

(૧) સમકિતિ આત્મા પરીક્ષા કર્યા વિના કોઈ તત્ત્વ ગ્રહણ કરે ખરો ?

(૨) સમકિતિ આત્મા સ્વયં જ્ઞાની ન હોય તો જ્ઞાનીની નિશ્રા સ્વીકાર્યા વિના રહે ખરો ?

(૩) સમકિતિ સ્વયં જ્ઞાની ન હોય તો બીજાને સમજાવવા બેસી શકે ખરો ?

(૪) સમકિતિને તત્ત્વ સમજવાની સામગ્રી મળે તો એ સમજવાનો પુરુષાર્થ કરે કે નહીં ?

(૫) સમકિતિ આત્મા અનાભોગ કે ગુરુનિયોગથી ખોટું પકડીને

બેઠો હોય, પરંતુ તેને સાચું જાણવા મળે, ત્યારે તે ખોટું છોડી દે કે પકડી રાખે ?

(૬) સમકિતિને ભૂલથી ખોટું પકડાયું હોય, તેનો કદાગ્રહ હોય કે નહીં ?

**શાસ્ત્રોમાં તો સ્પષ્ટ કહ્યું છે કે,** સમકિતિ પરીક્ષા કર્યા વિના કશું સ્વીકારે નહીં અને સ્વયં સત્ય સમજવાની શક્તિ ન હોય તો જ્ઞાનીને પૂછીને કાર્ય કરે. પણ સ્વતંત્રમતિથી કશું જ ન વિચારે.

(vi) લેખકશ્રીએ તો અનાભોગ + ગુરુનિયોગથી પ્રવર્તમાન વિપરીત શ્રદ્ધાને, શાસ્ત્રાધારે દૂર કરાવી આપીને, સાચી શ્રદ્ધા પેદા કરાવી આપવાની જરૂર હતી. લોકોને ગુંચવાડામાં નાંખવાની જરૂર નહોતી.

(vii) 'કદાગ્રહ'નો મુદ્દો ઉપસ્થિત થયો છે, ત્યારે પણ લેખકશ્રીએ આડીઅવળી જ વાતો કરી છે, તે સ્પષ્ટ જોઈ શકાય છે. અહીં એક જગ્યાએ વાંચેલી વાત યાદ આવી જાય છે..."મસ્જિદમાં બેસીને 'શ્રીરામ-જયરામ' ન બોલી શકાય. ત્યાં તો 'અલ્લાહ હો અકબર' જ બોલવું પડે." - એવી જ સ્થિતિ લેખકશ્રીની થઈ છે. બાકી લેખકશ્રી વિદ્વાન છે. શાસ્ત્રપાઠો અને સુવિહિત પરંપરાને ચકાસી શકે છે અને સાચું બતાવી શકે છે. પણ તેવું કેમ ન કર્યું ? તે જ્ઞાની જાણે.

(viii) બીજી જે શાસ્ત્રના નામે વાતો કરી છે, તે માત્રને માત્ર સત્યને છૂપાવવાનો પ્રયત્ન માત્ર છે.

(ix) છેલ્લે એમણે જે સદ્ભાવના ભાવી છે કે, 'મારે તો સર્વને મોક્ષમાર્ગ ઉપર આગળ વધારવા છે' - આ સદ્ભાવના સાચો મોક્ષમાર્ગ બતાવવાથી જ સાર્થક બની શકે તેમ છે. ભળતી જ વાતો કરવાથી નહીં. સંઘની રક્ષા સત્યથી જ થશે. અસત્યથી નહીં. પ્રભુ પણ અંતિમ દેશનામાં બધું સ્પષ્ટ કરીને ગયા છે.

(૮) લેખકશ્રીએ (પોતાના પુસ્તકના) બીજા પ્રકરણમાં પૃ. ૧૮થી ૨૮ વચ્ચે **ગુરુતત્ત્વ વિનિશ્ચય અને આચારાંગસૂત્રના બીજા જે પાઠો આપ્યા છે,** તે નીચે મુજબ છે -

---

(૧) **इत्थं च अन्यतरस्थानभङ्गेऽपिनिश्चयेन भङ्गोक्तिर्नानुपपन्ना, केवलं तत्कालमावृत्तस्य पुनःसङ्घट्टनम्, अन्यथा तु तदवस्थ एव भङ्ग इत्याह**

**जो पुण पमायदोसो थोवो वि हु णिच्छएण सो भङ्गो । सम्म-मणाउट्टस्स उ, अवगरिसो संजमम्मि जओ ॥८२॥ यः पुनः स्तोकोऽपि प्रमाददोषः स निश्चयेन भङ्गः सम्यगनावृत्तस्य तु स भङ्ग उत्तरकाल-मवतिष्ठते इति शेषः, यतः यस्मात् 'संयमे' चारित्रे 'अपकर्षः' अधस्तनस्थानसंक्रमलक्षणः ॥८२॥ गुरुतत्त्वविनिश्चय**

**અર્થ :** આ પ્રમાણે કોઈક સંયમ સ્થાનનો ભંગ થાય, તો પણ નિશ્ચય જો એમ કહે કે 'ચારિત્રનો જ ભંગ થયો છે' તો એ ખોટું નથી. માત્ર એટલું જ કે તે કાળે એ જીવ જો પાપનો પશ્ચાત્તાપાદિ કરી પાછો ફરે, તો ફરી એ ગુમાવેલું સંયમસ્થાન પાછું મળે, નહિ તો તો એ ભંગ એમ ને એમ રહે.

આ જ વાતને ૮૨મી ગાથામાં કહે છે.

→ જે વળી થોડો પણ પ્રમાદદોષ છે, તે નિશ્ચયથી ભંગ છે, જે સારી રીતે પાછો નથી ફરતો, તેને તે ચારિત્રભંગ પછીના કાળમાં પણ ચાલુ રહે છે, કારણ કે, ચારિત્રમાં નીચેના સ્થાનમાં જવા રૂપ અપકર્ષ માનેલો છે.

(૨) **जं सम्मं ति पासहा तं मोणं ति पासहा ।**

**ટીકા :- सम्यगिति सम्यग्ज्ञानं, सम्यक्त्वं वा तत्सहचरितं, अनयोः सहभावादेकग्रहणे द्वितीयग्रहणं न्याय्यं, यदिदं सम्यग्ज्ञानं सम्यक्त्वं वा इत्येतत्पश्यत, तत् मुनेर्भावो मौनं संयमानुष्ठानम् इत्येतत्पश्यत । यच्च**

**मौनमित्येतत्पश्यत, तत्सम्यग्ज्ञानं नैश्चयिकसम्यक्त्वं वा पश्यत । सम्यक्त्वज्ञानचरणानामेकताऽध्यवसेयेति भावार्थः ।** (આચારાંગસૂત્ર અધ્યયન-૫/૩)

**ભાવાર્થ :** સૂત્રમાં લખેલા **सम्यग्** શબ્દથી સમ્યગ્જ્ઞાન લેવું અથવા તો સમ્યગ્જ્ઞાનની સાથે રહેનાર સમ્યગ્દર્શન લેવું. આ બંને એક સાથે રહે છે. તેથી એકના ગ્રહણમાં બીજાનું ગ્રહણ યોગ્ય જ છે. જે આ સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શન તમે જુઓ છો, (માનો છો), તેને જ સંયમાનુષ્ઠાન જુઓ (માનો)...અને જેને તમે મુનિપણું માનો છો. તેને જ તમે સમ્યગ્જ્ઞાન કે નૈશ્ચયિક સમ્યક્ત્વ માનો...

સાર એ કે સમ્યગ્દર્શન + સમ્યગ્જ્ઞાન + સમ્યક્ચારિત્ર એક જ માનવા.

(૩) **इह यद्देशकालसंहननानुरूपं यथाशक्ति यथावदनुष्ठानं तत्सम्यक्त्वम् । यत उक्तमाचारसूत्रे-जं मोणं ति पासहा सम्मं ति पासहा...। ततो यो देशकालसंहननानुरूपं शक्त्यनिगूहनेन यथाऽऽगमेऽभिहितं तथा न करोति, ततः सकाशात्कोऽन्यो मिथ्यादृष्टिः ? नैव कश्चित् किन्तु स एव मिथ्यादृष्टीनां धुरि युज्यते, महामिथ्यादृष्टित्वात् ।... एकप्रतिज्ञाभङ्गे सर्वचरणभङ्गात् तद्भङ्गे च ज्ञानदर्शनयोरपि भङ्गात् तयोश्च चरणफलत्वात्, फलाभावे च हेतोर्निरर्थकत्वात् ।** ગુ.ત.વિ. પ્રથમોલ્લાસ ગાથા-૧૩૧

**અર્થ :** દેશ, કાળ, સંઘયણને અનુરૂપ યથાશક્તિ સાચું અનુષ્ઠાન એ અહીં સમ્યક્ત્વ છે. કારણ કે, આચારાંગનું સૂત્ર છે કે જે મૌન, તે જ સમ્યક્ત્વ...! તેથી જે આત્મા દેશ, કાળ, સંઘયણને અનુરૂપ શક્તિને છૂપાવ્યા વિના આગમમાં કહ્યા પ્રમાણેનું અનુષ્ઠાન નથી કરતો, તેના કરતાં બીજો કોણ મિથ્યાદષ્ટિ હોય ? કોઈ જ નહિ. એ જ મિથ્યાત્વીઓમાં આગળ પડતો ગણાય, કારણ કે, તે મહામિથ્યાત્વી છે. એક પ્રતિજ્ઞાના ભંગમાં આખા ય ચારિત્રનો ભંગ થાય અને ચારિત્ર

ભાંગે એટલે જ્ઞાન અને દર્શન પણ ખતમ ! કારણ કે, એ બંનેનું ફળ ચારિત્ર છે અને જો ફળ જ ન હોય, તો એ બે હેતુઓ નકામા જ બની જાય, એટલે કે એને માનવાનો કોઈ મતલબ જ નથી.

**ભાવાર્થ :** આ પાઠમાં નિશ્ચયનયનો અભિપ્રાય સ્પષ્ટ દેખાય છે, એમાં એમણે ચારિત્રના ભંગમાં સમ્યક્ત્વનો ભંગ માનીને મિથ્યાત્વી જ કહ્યા છે.

**નવો પાઠ : व्यवहाराभिप्रायमाह श्रेणितः-संयमश्रेणितः भ्रष्टस्य-पतितस्यापि व्यवहारतः-व्यवहारनयमधिकृत्य भाज्यं भजनीयं मिथ्यात्वम् । कस्यचित्स्यात्, कस्यचिच्च नेति भावः । यत्-यस्मात् अभिनिवेश-एकान्तेन भगवत्प्रवचनविप्रतिपत्तिलक्षणेऽसद्ग्रहे सति मिथ्यात्वं श्रेणिभ्रष्टस्य भवति । अनभिनिवेशे तु तस्य देशविरतिं भगवति श्रद्धानमात्रं वा दधानस्य न भवति मिथ्यात्वम्, तत्कार्यस्य असद्ग्रहस्याभावात्, सम्यक्त्वकार्यस्य च पश्चात्तापादिपरिणामस्य सत्त्वात् ।** ગુ.ત.વિ. પ્રથમોલ્લાસ-૧૩૨

**ભાવાર્થ :** નિશ્ચય તો સંયમસ્થાનથી ભ્રષ્ટ કે સંયમશ્રેણિથી ભ્રષ્ટ...બંનેને મિથ્યાત્વી જ માને છે. જ્યારે વ્યવહાર સંયમસ્થાનથી ભ્રષ્ટને તો સાચો સાધુ જ માને. પણ જે સંયમશ્રેણિથી ભ્રષ્ટ થયો, તેને સાચો સાધુ ન માને, કારણ કે, છઠ્ઠું ગુણસ્થાન ગયું...પરંતુ એટલા માત્રથી એને મિથ્યાત્વી પણ ન માને. જો એ સંયમશ્રેણિથી ભ્રષ્ટ આત્મા ભગવાનના પ્રચનનનો આખો ઉંધો જ અર્થ સ્વીકાર કરવા રૂપ કદાગ્રહવાળો બને, તો એને મિથ્યાત્વ ! પણ જો એવો કોઈ કદાગ્રહ ન હોય, તો દેશવિરતિને સ્વીકારનાર કે પ્રભુ પર શ્રદ્ધામાત્રને સ્વીકારનારને મિથ્યાત્વ ન માને, કારણ કે, ત્યાં મિથ્યાત્વનું કાર્ય કદાગ્રહ નથી. પરંતુ સમ્યગ્દર્શનનું કાર્ય પશ્ચાત્તાપાદિ પરિણામ છે.

આમ શ્રેણિભ્રષ્ટ પણ સમ્યક્ત્વી-દેશવિરતિધર હોઈ તો શકે જ છે.

હજી પણ એક-બે મહત્ત્વના પાઠો જોઈ લઈએ...

**अत्र कश्चिदाक्षिपति ननु चरणस्याभङ्गं यूयं प्रायश्चित्तस्य भावतो भणथ, तत् प्रायश्चित्तमसंयमस्थानकृतं...तैः असंयमस्थानैर्विरोधः संयमस्थानानां, तेन कुतः संयमः ?** ગુ.ત.વિ. પ્રથમોલ્લાસ ગાથા ૯૫-૯૭

**ભાવાર્થ :** પૂર્વપક્ષ પૂછે છે કે - "તમે દોષ લાગવા છતાં પણ પ્રાયશ્ચિત્તના પરિણામના હિસાબે ચારિત્ર નહિ ભાંગી જવાની વાત કરો છો." એટલે કે 'પ્રાયશ્ચિત્તનો ભાવ છે, માટે દોષ લાગવા છતાં પણ ચારિત્ર ભાંગી ન જાય. એમ તમે કહો છો.' પણ આ વાત બરાબર નથી. કારણ કે, પ્રાયશ્ચિત્ત ક્યારે આવે ? એ અંગે શાસ્ત્રકાર મહર્ષિઓએ ફરમાવ્યું છે કે 'જ્યારે અસંયમસ્થાન આવે, ત્યારે એના કારણે પ્રાયશ્ચિત્ત આવે.'

અસંયમસ્થાન એટલે સંયમનો અભાવ ! સંયમનો ઘાત ! એટલે કે જ્યારે સંયમ ખતમ થાય ત્યારે પ્રાયશ્ચિત્ત આવે.

હવે જુઓ...

તમે કહો છો કે 'પ્રાયશ્ચિત્ત છે, માટે સંયમનો ઘાત નથી.'

શાસ્ત્રો કહે છે કે 'પ્રાયશ્ચિત્ત ત્યારે જ હોય, જ્યારે સંયમનો ઘાત થાય.'

તો આ તો પરસ્પર વિરોધ જ આવે છે ને ?

હવે એ પૂર્વપક્ષની સામે ઉત્તર શું આપે છે ? તે જોઈએ.

**પાઠ : संयम एवाप्रशस्तत्वादसंयमः, अब्राह्मण इत्यादावप्रशस्तार्थेऽपि नञः प्रवृत्तिदर्शनात् तथा चाप्रशस्तसंयमस्थानान्येवासंयमस्थानानीति तत्कृतस्य प्रायश्चित्तराशेरुपपत्तिरिति भावः ।** ગુ.ત.વિ.પ્રથમોલ્લાસ ગાથા-૯૭

**ભાવાર્થ :** 'અસંયમ એટલે સંયમનો અભાવ' એવો અર્થ ન લેવો. પરંતુ 'અશુભ = મલિન સંયમ એ જ અસંયમ' એવો અર્થ લેવો. '**अ**'

નો આવો અર્થ પણ થઈ શકે છે. જેમ **अब्राह्मण** એટલે '**ब्राह्मणभिन्न शूद्र**' એવો અર્થ થાય, તેમ કોઈક બ્રાહ્મણ સારો બ્રાહ્મણ ન હોય, તો એ બ્રાહ્મણ હોવા છતાં પણ અબ્રાહ્મણ કહેવાય.

એટલે અસંયમસ્થાનો = અપ્રશસ્તસંયમસ્થાનો...આ જ અર્થ લેવાનો છે અને એના દ્વારા પ્રાયશ્ચિત્ત આવે છે.

આશય એ કે સંયમ ખતમ થાય, ત્યારે પ્રાયશ્ચિત્ત આવે, એવું નહિ, પરંતુ સંયમ અપ્રશસ્ત બને = મલિન બને, ત્યારે પ્રાયશ્ચિત્ત આવે...

પ્રશ્ન એ થાય કે ક્યારે સંયમ મલિન બને ? અને ક્યારે સંયમનો ઘાત થાય ? એ વિભાગ કઈ રીતે પડે છે ?

એનો પાઠ આ પ્રમાણે છે - **संज्वलनानां-कषायाणामुपलक्षणाद् विद्यमानानां नोकषायादीनां चोदयाद् द्वादशानां पुनः-अनन्तानु-बन्ध्यादीनां कषायाणां क्षयोपशमात् अपकृष्टाध्यवसाये-हीनाध्यवसाये सति शबलचारित्रस्य-अप्रशस्तसंयमस्य निष्पत्तिः, मिलितयोरुक्तोदय-क्षयोपशमयोस्तद्धेतुत्वात्** । ગુ.ત.વિ.પ્રથમોલ્લાસ ગાથા-૯૭.

**ભાવાર્થ :** (૧) સંજ્વલનકષાયોનો અને નોકષાયોનો ઉદય હોય (૨) બીજી બાજુ અનન્તાનુબંધી વગેરે બાર કષાયોનો ક્ષયોપશમ હોય...ત્યારે ચારિત્રનો અધ્યવસાય હીન થાય અને ત્યારે અપ્રશસ્ત-સંયમની ઉત્પત્તિ થાય. (અને ત્યારે પ્રાયશ્ચિત્ત આવે...)

આશય એ છે કે બાર કષાયનો ક્ષયોપશમ હોવાથી જીવ સંયમસ્થાન ઉપર બિરાજમાન છે. ત્યાં સામાન્યથી તો સંજ્વલનકષાયનો ઉદય ચાલુ જ છે, પરંતુ જ્યારે એવો સંજ્વલનોદય થાય કે એમાં જીવ ઉપરના સંયમસ્થાનમાંથી નીચેના સંયમસ્થાનમાં ઉતરે, ત્યારે આ નીચે ઉતરવું એ અપ્રશસ્તતા છે, પણ બાર કષાયનો ક્ષયોપશમ ચાલુ જ છે, એટલે સંયમ છે. આ રીતે બને છે અપ્રશસ્ત-સંયમસ્થાન ! અને એ વખતે

પ્રાયશ્ચિત્ત આવે.

જ્યાં સુધી નીચે ન ઉતરે, ત્યાં સુધી પ્રાયશ્ચિત્ત ન આવે.

હવે પાછો પ્રશ્ન થાય કે, 'આમાં ખબર શું પડે ? કે જીવ નીચે ઉતર્યો કે નહિ ? એને બાર કષાયનો ક્ષયોપશમ હાજર છે કે નહિ ?'

આના ઉત્તરરૂપે આપણે પૂર્વે જોયેલો પાઠ જ ફરીથી જોઈએ.

**પાઠ : अथ कियत्प्रायश्चित्तापत्तौ संयमः स्यान्न वा ? इत्याह छेदप्रायश्चित्तस्य यावद्दानं तावदेकमपि व्रतं नातिक्रमेत् । मूलेन-मूलप्रायश्चित्तेनैकं व्रतमतिक्रमंश्च पञ्चाप्यातिक्रमेत् ।** ગુ.ત.વિ. પ્રથમોલ્લાસ-૧૦૦

**ભાવાર્થ :** કેટલું પ્રાયશ્ચિત્ત આવે ત્યાં સુધી સંયમ રહે અને કેટલું પ્રાયશ્ચિત્ત આવે એટલે સંયમ ન રહે...એનો જવાબ એ છે કે શાસ્ત્રોમાં જ્યાં સુધી છેદ પ્રાયશ્ચિત્ત આપવાનું બતાવેલ છે. ત્યાં સુધી સંયમ રહે. જ્યાં મૂલ પ્રાયશ્ચિત્ત આપવાનું બતાવેલ છે, ત્યાં સંયમનો ઘાત સમજવો.

(અહીં લેખકશ્રીના પુસ્તકના અંશો પૂર્ણ થાય છે.)

---

**સમીક્ષા :**

(૮-૧) પૂર્વોક્ત પાઠોમાં નિશ્ચય-વ્યવહારનયથી ક્યારે સંયમ-સ્થાન-સંયમશ્રેણીનો ઘાત થાય તે બતાવેલ છે અને સંયમશ્રેણીનો ઘાત થયેલો છે, એમ ક્યારે મનાય એ બતાવેલ છે. પરંતુ તિથિ અંગે ખોટી માન્યતા હોય અને ખોટી આચરણા હોય ત્યારે શું પ્રાયશ્ચિત્ત આવે તેની કોઈ વિગત ચર્ચાઈ નથી. છતાં લેખકશ્રીએ અંતે વાતને મચડવાની કોશિશ કરી છે, તે પછીથી જોઈશું.

(૮-૨) મહત્ત્વની વાત એ છે કે, ખોટી માન્યતા રાખવામાં અને પ્રચારવામાં મિથ્યાત્વનો દોષ લાગે છે અને મિથ્યાત્વનો દોષ લાગે

એટલે 'ચારિત્ર'નો ભંગ તો અવશ્યમેવ થઈ જવાનો છે ને ! અને ખોટી માન્યતાના આગ્રહમાં પ્રથમ ગુણસ્થાનકનું જ મિથ્યાત્વ લાગે છે.

પૂર્વોક્ત પાઠોમાં તો આચરણાની ખામીમાં વ્યવહાર-નિશ્ચય-નયની માન્યતા સ્પષ્ટ કરી છે. જે પાઠોના અર્થમાં સ્પષ્ટપણે જણાવેલ છે જ તથા નિશીથચૂર્ણિમાં સમિતિ-ગુપ્તિના અપાલનમાં મિથ્યાત્વાદિ ચાર દોષો બતાવ્યા છે, તેનું રહસ્ય તો આપણે પૂર્વે જોયું છે.

તદુપરાંત, ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથના ઉલ્લાસ-૧માં ગાથા-૧૨૯થી ૧૩૩ સુધી બંને નયની માન્યતાઓને ખૂબ સુંદર રીતે સ્પષ્ટ કરી છે તે આગળ સારાંશમાં જોઈશું.

(૮-૩) હવે પ્રકરણના અંતે લેખકશ્રી જે કહે છે તે જોઈએ !

---

"સાચી તિથિની આરાધના ન કરનારાને જો મૂલ પ્રાયશ્ચિત્ત આપેલું હોય, તો તેઓના ચારિત્રનો વિનાશ સમજવો, પરંતુ જો છેદ કે તેનાથી નીચેના પ્રાયશ્ચિત્ત આપેલા હોય, તો તેઓને ચારિત્રનો અતિચાર સમજવો અર્થાત્, ચારિત્ર મલિન બને, પણ ચારિત્ર તો ટકે જ.

એટલે

(૧) 'સાચી તિથિ ન આરાધે, તેને મૂલ પ્રાયઃ.' એવો પાઠ મળે, તો એમ કહી શકાય કે તેઓ બધા ચારિત્રથી હીન !

(૨) એવો પાઠ મળે, તો પણ ચારિત્રથી જ હીન કહેવાય. દેશચારિત્રથી કે સમ્યક્ત્વથી હીન ન કહી શકાય. કારણ કે, આપણે પૂર્વે એ પાઠ પણ જોઈ જ ગયા છીએ કે ચારિત્રભ્રષ્ટને પણ જો કદાગ્રહ ન હોય, તો પાંચમું કે ચોથું ગુણસ્થાન હોઈ શકે છે. એટલે તેઓને પણ મિથ્યાત્વી કહેતા પહેલા આ બધો વિચાર કરવો જરૂરી બંને કે કોનામાં કદાગ્રહ છે ?

---

**ટિપ્પણી :** તિથિવિવાદનો મુદ્દો ચારિત્રભંગ થાય કે નહીં અને કોઈને મિથ્યાત્વી કહેવાય કે નહીં, તેનો છે જ નહીં ? એ વિવાદમાં તો (i) એક તિથિ પક્ષ સાચો છે કે બે તિથિ પક્ષ સાચો છે ? (ii) શાસ્ત્રપાઠો

અને સુવિહિત પરંપરા કોની તરફેણમાં છે ? (iii) આરાધનાદિન નક્કી કરવામાં કોણ સાચું છે અને કોણ ખોટું છે. ? આ ત્રણ પ્રશ્નો છે.

**– એટલે આ આખો મુદ્દો માન્યતાનો છે. માન્યતાભેદથી તિથિની ક્ષય-વૃદ્ધિમાં આચરણાભેદ આવે છે અને માન્યતા ખોટી હોય તો આચરણા પણ ખોટી જ થાય છે...આવું સ્પષ્ટ લેખકશ્રીએ કહેવાની જરૂર હતી. એટલે આ દર્શનાચાર અને ચારિત્રાચાર એમ બંનેની ખામીનો વિષય છે. તિથિના વિષયમાં માન્યતા ખોટી હોવાથી દર્શનાચારની સ્ખલના છે અને ખોટી તિથિએ કરેલી આરાધના ખોટી થતી હોવાથી ચારિત્રાચારની પણ સ્ખલના છે - તેથી તિથિવિવાદ એ માત્ર ચારિત્રાચારનો વિષય નથી. તેથી ચારિત્રાચારના પાઠો આમાં કામ ન લાગે. આ બધા પાઠો પૂજ્યપ્રેમસૂરિદાદા આદિ બધાએ જોયેલા જ છે. કોઈએ લેખકશ્રી જેવા કુતર્કો કર્યા નથી. આટલી સ્પષ્ટતાથી લેખકશ્રીનો પૂર્વનિર્દિષ્ટ બીજો મુદ્દો જ ઉડી જાય છે.**

→ લેખકશ્રીએ "ભવ્યભૂતકાળને વર્તમાન બનાવીએ" એ પ્રકરણમાં જે વાતો લખી છે, તે અર્ધસત્ય છે. બાકી, આજે પણ બધા પરસ્પર મળે ત્યારે સૌજન્યપૂર્ણ વ્યવહાર કરે જ છે. કોઈને કોઈ મિથ્યાત્વી કહેતું નથી. એમાં વચ્ચે નાહકનો તિથિનો મુદ્દો લખવાની શી જરૂર હતી ?

**⇒ પ્રસ્તુત ચર્ચાનો સારાંશ....**

**(A) નિશિથચૂર્ણિ ગ્રંથના મિથ્યાત્વાદિ ચાર દોષો બતાવતા પાઠનો વિષય અને સાંવત્સરિક પ્રતિક્રમણાદિની આરાધના માટે 'તિથિદિન' નક્કી કરવા માટેના શાસ્ત્રીય નિયમને જણાવતાં "उदयम्मि जा तहि..." પાઠનો વિષય અલગ-અલગ છે. એક નથી.**

નિશિથચૂર્ણિના પાઠો આચરણાની સ્ખલના માટેના છે અને 'उदयम्मि जा तहि' - આ શાસ્ત્રપાઠ, આરાધના માટે તિથિદિન નક્કી કરવા માટેનો તથા તે મુજબ ન કરવામાં આવે તો (અર્થાત્ ઉદયતિથિને બદલે અનુદયાત્ તિથિને દિવસે આરાધના કરવામાં આવે તો)

મિથ્યાત્વાદિ ચાર દોષો લાગે, તે જણાવનારો પાઠ છે.

– આથી લેખકશ્રીએ મુહપત્તિનો અનુપયોગ અને અનુદયાત્ તિથિની આરાધંના આ બે દોષને સમાન કહ્યા છે તે યોગ્ય નથી. કારણ કે, નિશિથચૂર્ણિના પાઠમાં ચારિત્રાચારની સ્ખલના અંગે રજુઆત છે. જ્યારે અનુદયાત્ તિથિની આરાધનામાં શાસ્ત્રવચન ન માનવાથી - શાસ્ત્રવચનનું ઉલ્લંઘન કરવાથી દર્શનાચાર અને ખોટી આરાધના કરવાથી ચારિત્રાચાર એમ ઉભય દોષનો વિષય છે. આથી બંનેની ભેળસેળ કરીને જે ચર્ચા કરી છે તે શાસ્ત્રવિરુદ્ધ છે.

(B) **લેખકશ્રીએ વ્યવહારનયના મિથ્યાત્વ અને નિશ્ચયનયના મિથ્યાત્વને આખી પુસ્તકમાં એક બતાવવાની કૌશિષ કરી છે, તે તદ્દન અયોગ્ય છે - શાસ્ત્રવિરુદ્ધ છે.** કારણ કે, બંનેનો વિષય જ અલગ છે તથા **ગુરુતત્ત્વ વિનિશ્ચય ગ્રંથમાં ગાથા-૧૨૯થી ૧૩૩માં જે રજુઆત ગ્રંથકારશ્રીએ કરી છે, તેનો સારાંશ એ છે કે...**નિશ્ચયનય પ્રમાદથી સંયમશ્રેણીથી પતિત થયેલામાં મિથ્યાત્વ માને છે. જ્યારે વ્યવહારનય પ્રમાદથી સંયમશ્રેણીથી પતિત થયેલા જીવમાં મિથ્યાત્વ હોવામાં ભજના માને છે અર્થાત્ તેવા જીવમાં મિથ્યાત્વ પણ આવી શકે છે અને મિથ્યાત્વનો અભાવ (સમ્યક્ત્વ) પણ હોઈ શકે છે અર્થાત્ વ્યવહારનય માને છે કે, જે સાધુ પ્રમાદથી સંયમની આચરણા યથાયોગ્ય રીતે ન કરે તો તે સંયમશ્રીણીથી ભ્રષ્ટ છે, પરંતુ પોતાની વિપરીત પ્રવૃત્તિમાં એકાંત દૃષ્ટિ હોય અને તેના કારણે ભગવાનના વચનમાં વિપરીત રૂચિરૂપ અસદ્ગ્રહ પણ વર્તતો હોય તો તે સાધુમાં મિથ્યાત્વ છે. કારણ કે, અતત્ત્વનો અભિનિવેશ છે **તથા** જે સાધુ પ્રમાદથી શ્રેણીભ્રષ્ટ છે. છતાં તેનામાં અતત્ત્વનો અભિનિવેશ નથી, તો તેનામાં જિનવચન પ્રત્યેની શ્રદ્ધા અખંડ હોવાના કારણે તેનામાં મિથ્યાત્વ નથી.

એટલે બંને નયની માન્યતા અલગ છે. આથી લેખકશ્રીએ બંને નયના મિથ્યાત્વને એક બતાવવા જે કોશિષ કરી છે તે અનુચિત છે.

(C) ગુરુતત્ત્વ વિનિશ્ચય ગ્રંથમાં પ્રથમ ઉલ્લાસ-ગાથા-૧૨૯થી ૧૩૩માં જે વિચારણા કરાઈ છે તેનો સારાંશ અહીં પ્રસ્તુત છે -

(i) કોઈ સાધુ પુષ્ટ આલંબનથી શુદ્ધ પરિણામવાળા હોય, સર્વત્ર અભિષ્વંગ વગરના હોય, ગુરુલાઘવભાવને જાણનાર હોય અને પુષ્ટ આલંબનને કારણે કોઈક બાહ્ય પ્રવૃત્તિ વિકલ કરે તો પણ અંતરંગ વિરતિભાવનો બાધ થતો નથી.

(ii) કોઈ ઉત્સૂત્ર પ્રવૃત્તિ-પ્રરૂપણામાં રત હોય અને શીલાંગોના (ચારિત્રની ક્રિયાઓના) સર્વ અંગોનું પાલન કરતો હોય તો પણ તેનામાં વિરતિનો ભાવ નથી.

(iii) માટે અંતરંગ ભાવ વિના પણ બાહ્ય પ્રવૃત્તિ થાય છે. ચારિત્ર-અંતરંગ પરિણામ સ્વરૂપ છે. તેથી અંતરંગ ચારિત્રનો પરિણામ વિદ્યમાન હોય અને બાહ્ય ચારિત્રની પ્રવૃત્તિ વિકલ હોય તો પણ અંતરંગ વિરતિભાવને આશ્રયીને તે સાધુભગવંતમાં બધા શીલાંગો છે. એટલે અત્યારના પ્રમાદબહુલકાળમાં પણ અપ્રમાદી સાધુમાં ચારિત્રનો સંભવ છે.

(iv) નિશ્ચયનય જેવી શ્રદ્ધા હોય, તેવા જ પ્રકારની પ્રવૃત્તિ હોય, ત્યારે સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે. ભગવાનના વચનમાં શ્રદ્ધા હોવા છતાં પણ ભગવાનના વચનથી અન્યથા પ્રવૃત્તિ કરવામાં આવે તો નિશ્ચયનય સમ્યક્ત્વ સ્વીકારતું નથી. જ્યારે વ્યવહાર નય ભગવાનના વચનની શ્રદ્ધા હોય અને ભગવાનના વચનથી વિરુદ્ધ અભિનિવેશ ન હોય તો ભગવાનના વચનથી અન્યથા પ્રવૃત્તિકાળે પણ સમ્યક્ત્વ સ્વીકારે છે. એટલે અતત્ત્વનો અભિનિવેશ ન હોય તો પ્રમાદથી અન્યથા બાહ્યપ્રવૃત્તિ હોવા છતાં વ્યવહારનય સમ્યક્ત્વ સ્વીકારે છે.

(v) આથી જ વ્યવહારનયથી સંયમશ્રેણીથી ભ્રષ્ટને મિથ્યાત્વની ભજના બતાવી છે (અર્થાત્ એવા જીવને મિથ્યાત્વ આવે પણ ખરું અને ન પણ આવે - સમ્યક્ત્વ ટકે પણ ખરું. આથી જ મહાનિશીથ ગ્રંથમાં

સંયમશ્રેણીથી ભ્રષ્ટને નંદીષેણના દૃષ્ટાંત દ્વારા સમ્યક્ત્વના રક્ષણ માટેના ઉપાયો બતાવ્યા છે. કહેવાનો સાર એ છે કે, અપ્રમત્ત મુનિને જ સમ્યક્ત્વ સ્વીકારનાર નિશ્ચયનય ચારિત્રથી પતિતને સમ્યક્ત્વ નથી માનતો પરંતુ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળાને વ્યવહારનય સમ્યક્ત્વ સ્વીકારે છે. આથી કોઈ સાધુ સંયમ પાળવા માટે અસમર્થ બને અને સંયમ છોડીને ગૃહવાસ સ્વીકારવા તૈયાર થાય તે સાધુને નંદિષેણના દૃષ્ટાંતના પ્રસંગથી સમ્યક્ત્વના રક્ષણ માટે કેવી રીતે સંયમ છોડવું તેની વિધિ શાસ્ત્રમાં બતાવી છે. તે વિધિ અનુસાર પ્રયત્ન કરવામાં આવે તો સ્વીકારેલા વ્રત પ્રત્યે ઉપેક્ષાનો ભાવ ન આવે. પરંતુ વ્રત પ્રત્યે પક્ષપાતનો પરિણામ જીવંત રહે અને એથી નિર્ધ્વંસતા આવે નહિ અને સમ્યક્ત્વ ટકી શકે.

(vi) **અહીં ખાસ ઉલ્લેખનીય છે કે -**

– નિશ્ચયનય સાધુને સંયમમાં પ્રમાદ ન થાય એટલા માટે ઉપયોગી છે. કારણ કે, નિશ્ચયનયના વચનનું સ્મરણ કરીને સાધુ સંયમમાં યથાશક્તિ યત્ન કરે છે અને પ્રમાદ ઊભો ન થાય તેની કાળજી રાખે છે, કે જેથી સંયમશ્રેણીથી પતિત ન થવાય !

– વ્યવહારનય કોઈ સાધુ પૂર્વકૃત કર્મના ઉદયથી થયેલા પ્રમાદના વશથી ચારિત્રની આરાધનામાં શિથિલ થાય, ત્યારે પણ ભગવાનના વચનથી સર્વથા વિમુખ ન થાય અર્થાત્ ચારિત્રપાલનથી સર્વશ વિમુખ ન થઈ જાય તે માટે શુદ્ધપ્રરૂપણા, શક્યારંભ અને શુદ્ધપક્ષપાત આ ત્રણ ઉપાયો બતાવે છે અને જ્યારે કોઈ ક્લિષ્ટ કર્મના ઉદયથી ચારિત્રના સેવનથી સર્વથા વિમુખ થાય ત્યારે પણ ચારિત્રની રૂચિથી વિમુખ ન થવાય તેનો ઉપદેશ આપે છે. તેથી ચારિત્રમાં શિથિલ બનેલા સાધુ પણ જો શુદ્ધપ્રરૂપણા, શંક્યારંભ અને શુદ્ધપક્ષપાત - એ ત્રણ ઉપાયોને સેવે તો તેના સમ્યક્ત્વનો નાશ થતો નથી અને જ્યારે ચારિત્રનો ત્યાગ કરે, ત્યારે પણ ચારિત્રની રૂચિ જીવંત રાખે તો સમ્યક્ત્વનો નાશ થતો નથી.

(પંચાશક પ્રકરણ ગ્રંથમાં પણ પૂ.આ.ભ.શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આ જ વાત કરી છે.)

→ આથી જ **'અધ્યાત્મસાર'** ગ્રંથમાં **પૂ.મહોપાધ્યાયશ્રીજી**એ વર્તમાનના સંઘયણ આદિની ખામીવાળા અને પ્રમાદબહુલ કાળમાં દર્શનપક્ષની વાત કરી છે....

**"अवलम्ब्येच्छायोगं, पूर्णाचारासहिष्णवश्च वयम् ।**
**भक्त्या परममुनीनां, तदीयपदवीमनुसरामः ॥२०-२९॥**

**अल्पापि याऽत्र यतना, निर्दम्भा सा शुभानुबन्धकरी ।**
**अज्ञानविषव्ययकृद्, विवेचनं चात्मभावानाम् ॥२०-३०॥**

**सिद्धान्ततदङ्गानां शास्त्राणामस्तु परिचयः शक्त्या ।**
**परमालम्बनभूतो, दर्शनपक्षोऽयमस्माकम् ॥२०-३१॥**

**विधिकथनं विधिरागो विधिमार्गे स्थापनं विधीच्छूनाम् ।**
**अविधिनिषेधश्चेति, प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥२०-३२॥"**

**ભાવાર્થ :**

– પૂર્ણ આચાર પાળવામાં અમે અસમર્થ છીએ. એટલે ઈચ્છાયોગને અવલંબીને પરમ મુનિઓની ભક્તિ વડે તેમના માર્ગને અનુસરીએ છીએ.

– એમાં (ઈચ્છાયોગની સાધનામાં) જે અલ્પ પણ નિર્દંભ યતના થાય છે, તે શુભ અનુબંધ કરનારી છે. વળી આત્માના ભાવોનું વિવેચન અજ્ઞાનવિષનો નાશ કરનારું છે.

– સિદ્ધાંત અને તેના અંગરૂપ શાસ્ત્રોનો અમને (ભલે) શક્તિ પ્રમાણે પરિચય હોય, પરંતુ અમારે આલંબનભૂત તો આ દર્શનપક્ષ (તત્ત્વશ્રદ્ધાન) જ છે.

– વિધિ (માર્ગનું) કહેવું, વિધિ પ્રત્યે રાગ, વિધિની ઈચ્છા રાખનારને વિધિમાર્ગમાં સ્થાપવા (પ્રવર્તાવવા) અને અવિધિનો નિષેધ

કરવો - આ અમારી પ્રસિદ્ધ પ્રવચન ભક્તિ છે.

**→ અહીં ખાસ નોંધનીય છે કે....**

આ કાળમાં દર્શનપક્ષ આલંબનભૂત છે અને દર્શનપક્ષવાળાની પ્રવચનભક્તિ કેવી હોય તે ઉપરના અધ્યાત્મસારના પાઠમાં જોવા મળે છે. દર્શનપક્ષને અનુસારનારો જીવ વિધિમાર્ગ જ બતાવે છે - વિધિમાર્ગનું જ સ્થાપન કરે છે અને અવિધિનો નિષેધ કરે છે. તે ક્યારેય અવિધિનું સમર્થન ન કરે કે અવિધિનું સ્થાપન ન કરે.

– જે વિધિની પ્રરૂપણા કરે છે અને વિધિમાર્ગનું સ્થાપન કરે છે, તે જ પ્રવચનભક્ત છે.

– આ શાસ્ત્રીય ખુલાસાઓથી સમજી શકાશે કે - 'મિથ્યાત્વ એટલે' પુસ્તકમાં લેખકશ્રીએ જે ભેળસેળો કરીને એક યા બીજી રીતે અવિધિને અને શાસ્ત્રવિરુદ્ધ સિદ્ધાંત-પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું છે, તે અનુચિત છે - શાસ્ત્રવિરુદ્ધ છે. આથી એ વાતોથી ગુમરાહ ન થવા ખાસ ભલામણ છે.

= xx = xx =

# પ્રકરણ - ૬ : પૂ.હરિભદ્રસૂરિજી મ.ના નામે ચાલતા અપપ્રચારોની સમાલોચના

'મિથ્યાત્વ એટલે' પુસ્તકના લેખકશ્રીએ પુસ્તકના ટાઈટલ પેજ-૨ ઉપર 'અદ્વેષ'ને સાધનાના પ્રથમ પગથીયા તરીકે જણાવનારા **પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાને** પુસ્તક અર્પણ કર્યું છે. તેમાં લેખકશ્રી આડકતરી રીતે કંઈક જણાવવા માંગે છે. તેમનો ઈરાદો જે હોય તે. પરંતુ પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના નામે જે અપપ્રચાર ચાલે છે, તેનો જ એ એક ભાગ હોય, એવું જણાયા વિના રહેતું નથી.

**→ સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના નામે ઘણા અપપ્રચારો ચાલે છે. તે પૈકીના પાંચ નીચે મુજબ છે.**

(૧) જેઓએ 'અદ્વેષ'ને સાધનાનું પ્રથમ પગથીયું કહ્યું છે. (તેથી આપણે પણ કોઈના પ્રત્યે દ્વેષ ન કરવો જોઈએ અને દ્વેષગર્ભિત વચન પ્રયોગ ન કરવો જોઈએ.)

(૨) જેઓએ અન્યધર્મના શાસ્ત્રો સાથે સંઘર્ષ નહીં, પણ સમન્વય સાધવામાં યોગસાધના નિહાળી છે. (તેથી આપણે પણ અન્યના અભિપ્રાય-માન્યતાનું ખંડન ન કરવું જોઈએ.)

(૩) જેઓએ અન્યધર્મના પતંજલિ વગેરે ઋષિઓને પણ 'મહામુનિ'નું બિરૂદ આપ્યું છે. (તેથી આપણે પણ જેનું તેનું ખંડન ન કરવું જોઈએ - કોઈને મિથ્યાત્વી ન કહેવા જોઈએ.)

(૪) જેમણે મતાગ્રહને બદલે તત્ત્વાગ્રહ રાખવાની શીખ આપી છે. (આથી આપણે પણ અન્યની માન્યતાનું ખંડન ન કરવું જોઈએ - આપણી માન્યતાને સાચી ઠેરવવાની કોશિશ ન કરવી જોઈએ.)

(૫) જેમની ૧૪૪૪ ગ્રંથરચનાની સફરનો એક જ સાર છે કે -

વિરોધ એ સાધનાનો વિરોધાભાસ છે. (તેથી આપણે કોઈનો પણ વિરોધ ન કરવો જોઈએ.)

પૂર્વોક્ત પાંચે મુદ્દાઓમાં જે ભ્રમણાઓ ફેલાવાઈ રહી છે તેની હવે ક્રમશઃ સમાલોચના કરીશું.

## (૧) 'અદ્વેષ' અંગે પરિશીલન

(પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ **યોગદષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં આઠદષ્ટિના ક્રમથી મોક્ષમાર્ગનો વિકાસ બતાવ્યો છે. તેમાં મોક્ષમાર્ગનો પ્રથમ તબક્કો પ્રથમ મિત્રાદષ્ટિ છે. તેમાં મિત્રાદષ્ટિના સાધકને 'અપરત્ર ન દ્વેષ' = બીજા દર્શનાવાળા પ્રત્યે દ્વેષ ન થાય, પણ તેમની પ્રત્યે અદ્વેષ હોય, એમ જણાવેલ છે.

– આ વાતને આગળ કરીને લેખકશ્રી એમ કહેવા માંગે છે કે, જો અન્યદર્શનના દેવ-ગુરુ આદિ પ્રત્યે અદ્વેષ રાખવાનો હોય, તો સ્વદર્શનના (જૈનદર્શનના) અનુયાયીઓ પ્રત્યે તો દ્વેષ કેમ રાખી શકાય ? ન જ રાખી શકાય.

જો કે, આ વાત સૌને માન્ય જ છે. પણ લેખકશ્રીને એ વાત કેમ યાદ કરાવવી પડી ? (તે એક વિચારણીય મુદ્દો છે.)

→ અહીં લેખકશ્રીના ગર્ભિત આશયને બાજુ ઉપર રાખીને સાધનાના પ્રથમ તબક્કે જ કયા કયા ગુણો વિકસાવવાના છે તે વિચારી લઈશું. તે ગુણવિકાસની સાધનામાં 'અદ્વેષ'ની ખૂબ આવશ્યકતા છે તે પણ તેની સાથે સમજાઈ જશે.

(૧) મોક્ષમાર્ગની સાધના રાગ-દ્વેષનો નાશ કરી વિતરાગ બનવા માટે છે. તે માટે એક ચોક્કસ સાધનાક્રમ છે. રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરવો એ કોઈ સહેલી ચીજ નથી. કારણ કે, રાગ-દ્વેષ કરવાના અનંતકાળના સંસ્કાર છે. તેથી લોઢું લોઢાને કાપે, એ ન્યાયે સૌથી પ્રથમ (સંપૂર્ણ રાગ-દ્વેષના નાશના લક્ષ્યપૂર્વક) અપ્રશસ્ત રાગ-દ્વેષને કાપવાનો

અને એ માટે પ્રશસ્ત રાગ-દ્વેષને સેવવાનો પુરુષાર્થ કરવાનો છે.

**પ્રશસ્ત આશયથી પ્રશસ્ત આલંબનો માટે થતાં રાગ-દ્વેષને પ્રશસ્ત રાગ-દ્વેષ કહેવાય છે.**

**અપ્રશસ્ત આશયથી અપ્રશસ્ત આલંબનો માટે થતાં રાગ-દ્વેષને અપ્રશસ્ત રાગ-દ્વેષ કહેવાય છે.**

→ તેથી સાધનાની શરૂઆતથી માંડીને યાવત્ છટ્ઠા ગુણસ્થાનક સુધી પ્રશસ્ત રાગ-દ્વેષ કરવાનું વિહિત છે. એ સૌ કોઈએ યાદ રાખવાનું છે.

→ **અહીં પ્રશ્ન થઈ શકે કે,** જો પ્રશસ્ત દ્વેષ વિહિત છે, તો પછી યોગદૃષ્ટિ ગ્રંથમાં પ્રથમ ગુણસ્થાનકે પ્રથમ યોગદૃષ્ટિમાં જ 'અદ્વેષ' રાખવાનું શા માટે કહ્યું હશે ?

**આનો જવાબ એ છે કે,** ત્યાં ગ્રંથકારશ્રીએ અસૂયાગર્ભિત દ્વેષ કે દૃષ્ટિરાગ ગર્ભિત દ્વેષનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે. દ્વેષની યોનિ રાગ છે. દૃષ્ટિરાગ પોતાનામાં સંમત ન થનારા વિપક્ષ માટે દ્વેષ કરાવે છે અને એ દ્વેષ મોક્ષમાર્ગની સાધનામાં ખૂબ અવરોધક બને છે. તેથી જ સાધનાના પ્રથમ તબક્કે એનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે.

→ **સાધનાની શરૂઆત અન્ય પ્રત્યેની કરુણા, હીનગુણવાળા પ્રત્યેની કરુણા અને પરમતસહિષ્ણુતાથી થાય છે.** દૃષ્ટિરાગ ગર્ભિત દ્વેષમાં કરુણા ટકતી નથી અને કરુણા ન હોય તો સાધનાની શરૂઆત થતી જ નથી. **તેથી યોગદૃષ્ટિમાં કહ્યું છે કે** - મિત્રાદૃષ્ટિના સાધકને અન્ય પ્રત્યે દ્વેષ હોતો નથી. તે અન્યની ચિંતા કરતો જ નથી. કદાચ તે અન્યની ચિંતા કરે ત્યારે (તેના આત્મામાં તેના પ્રત્યે દ્વેષ થાય એવા બીજો વિદ્યમાન હોવા છતાં પણ) તેને હૈયામાં કંઈક કરુણા પ્રગટે છે. પરંતુ દ્વેષ થતો નથી. તે તત્ત્વને જાણે છે, માટે હૈયામાં દ્વેષનિમિત્તક બીજો હોવા છતાં તેને જાગ્રત થવા દેતો નથી અને કરુણાને વહેતી રાખે છે.

→ **અહીં ઉલ્લેખનીય છે કે...**પ્રશસ્ત દ્વેષમાં પણ જ્યારે શાસનના વૈરીઓ, તારક આલંબનોના વિધ્વંસકો આદિ પ્રત્યે અપ્રીતિ હોય છે, ત્યારે હૈયાના એક ખુણામાં એમના માટે કરુણા હાજર જ હોય છે. **અહીં ખાસ યાદ રાખવું કે, એ જીવો પ્રત્યેની મૈત્રી-કરુણા જીવંત રહે તો જ તે દ્વેષ પ્રશસ્ત કોટીનો બને છે અને મૈત્રી-કરુણા ન હોય તો તે દ્વેષ અપ્રશસ્ત કોટીનો બની જાય છે.**

→ **આથી જ ઉપદેશપદમાં પૂ.આ.ભ.શ્રીહરિભદ્રસૂરિજી મહારાજાએ કહ્યું છે કે** - આજ્ઞાશુદ્ધ એવા સાધુઓ અને શ્રાવકોમાં બહુમાન કરવું જોઈએ અને જે આજ્ઞાવિરુદ્ધ આચરણા કરનારા છે, તેઓમાં શું કરવું ? - તો ત્યાં જવાબ આપ્યો છે કે -

**इयरेसुंपि य पओसो णो कायव्वो भववट्ठिई एसा ।**
**णवरं विवज्जणिज्जा विहिया सइ मग्गणिरएणा ॥८४०॥**

**ભાવાર્થ :-** આજ્ઞા બાહ્ય જીવોમાં પણ પ્રદ્વેષ કરવો જોઈએ નહીં. આ ભવસ્થિતિ છે (અર્થાત્ એ જીવો ભારે કર્મી હોવાથી જિનધર્મના આચરણ પ્રત્યે વિવેકપૂર્વકના વલણવાળા થતા નથી, એવા પ્રકારની તેઓની ભવસ્થિતિ છે.) એમ વિચારીને એવા જીવો પ્રત્યે પ્રદ્વેષ કરવો જોઈએ નહીં. માત્ર મોક્ષમાર્ગમાં નિરત સાધુ અને શ્રાવક વડે તેઓનો (આજ્ઞા બાહ્ય જીવોનો) વિધિપૂર્વક ત્યાગ કરવો જોઈએ. (કે જેથી પોતાનામાં એવા દોષોની પ્રાપ્તિ થાય નહીં.)

→ આ પ્રશસ્ત દ્વેષ અને અદ્વેષ અંગેનો વિવેક છે. એટલે ‘અદ્વેષ’ ને આગળ કરીને ‘કોઈનોય દ્વેષ ન કરવો’ આવું વિધાન કરવાની ઉતાવળ કરી ન શકાય. કારણ કે, પ્રશસ્ત દ્વેષ પણ જરૂરી છે. આપણે જે ખરાબ તત્ત્વોથી નિવૃત્તિ કરવાની છે, તે પ્રશસ્ત દ્વેષથી જ શક્ય બનવાની છે. જ્ઞાનીઓએ ‘મિથ્યામતિનો પરિચય’ અને ‘કુશીલનો સંગ’ કરવાની ના પાડી છે, એનો અમલ કરવો હશે, તો મિથ્યામતિ અને કુશીલ માટે પ્રશસ્ત દ્વેષ ઊભો કરવો જ પડશે. એ ન કરવામાં આવે તો પ્રભુની

આજ્ઞા પાળી શકાશે નહીં અને આજ્ઞાનો અનાદર કરી એમનો પરિચય-સંગ કરવાથી વિનિપાત સર્જાયા વિના રહેશે નહીં. સમ્યગ્દર્શનની રક્ષા કરવા શંકાદિ પાંચ દોષોનો ત્યાગ કરવાનું કહ્યું છે, તેમાં મિથ્યામતિના પરિચયનો ત્યાગ કરવાનું કહ્યું છે. આથી ભવ્યાત્માઓને ખાસ ભલામણ છે કે ખોટી ભ્રમણાઓમાં પડવું નહીં.

**(૨) સંઘર્ષ ક્યારે અને સમન્વય ક્યારે ? :-**

જૈનશાસ્ત્રકારો અને ખુદ મહાવીર પ્રભુએ અન્ય અને અન્યના શાસ્ત્રો (માન્યતાઓ) સામે સંઘર્ષ (પ્રતિકાર) પણ કર્યો છે અને સમન્વય પણ કર્યો છે. એનો આખો ઈતિહાસ છે. પ્રભુએ પાખંડીઓની માન્યતાઓનું જોરશોરથી ખંડન કર્યું છે. ગોશાલા-જમાલીની માન્યતાઓનું પણ નિરસન કર્યું જ છે.

**→ સંઘર્ષ સત્ય-સિદ્ધાંત માટે હોય ત્યારે એ સાધનાનું જ અંગ છે. પરંતુ જ્યારે તે અંગત સ્વાર્થ-માનેચ્છા-ક્ષેત્રાદિ માટે થાય ત્યારે વિરાધનાનું અંગ બને છે.**

**→ અહીં લેખકશ્રીને પ્રશ્ન કરવાનું મન થાય છે કે -**

– પૂર્વકાલીન (પૂ. શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી - પૂ. શ્રીકલિકાલ સર્વજ્ઞશ્રી - પૂ.હરિભદ્રસૂરિજી - પૂ. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા આદિ) મહાપુરુષોએ સત્ય અને સિદ્ધાંત માટે સંઘર્ષો કર્યા હતા (કે જેની નોંધ શાસ્ત્રના પાને કરાઈ છે) તે આરાધનાનાં અંગ હતા કે વિરાધનાનાં ?

**– પૂ.હરિભદ્રસૂરિજીએ** સિદ્ધાંતની રક્ષા અને અપસિદ્ધાંતના ઉન્મૂલન માટે જે સંઘર્ષ કર્યા હતાં, તે આરાધનાનાં અંગ હતા કે વિરાધનાનાં ?

**– પૂ. મહોપાધ્યાયશ્રીજીએ** યતિઓ આદિ સાથે જે સંઘર્ષો કર્યા હતા, તે આરાધનાનાં અંગ કે વિરાધનાનાં ?

**– પૂ. બાપજી મહારાજાએ, પૂ.દાનસૂરિજી મહારાજાએ, પૂ.પ્રેમ-સૂરિદાદા** આદિએ સત્યતિથિના વિષયમાં સંઘર્ષ કર્યા, તે આરાધનાનાં અંગ હતા કે વિરાધનાનાં અંગ હતા ?

**– પૂ. ભુવનભાનુસૂરિજી** મહારાજાએ બાળદીક્ષા બીલ સામે અને વિ.સં. ૨૦૩૨માં જામનગરમાં તિથિ વિષયક વિવાદમાં જે સંઘર્ષ કર્યો - વિરોધ કર્યો, તે આરાધનાનું અંગ હતું કે વિરાધનાનું ?

**– પૂ. પંન્યાસ શ્રીચંદ્રશેખરવિજયજી** મહારાજાએ અગણિત સંઘર્ષો કર્યા, તે આરાધનાનાં અંગ હતા કે વિરાધનાનાં ?

– લેખકશ્રીએ આ બધાનો જવાબ આપવો જોઈએ.

**અહીં ઉલ્લેખનીય છે કે,** અન્ય દર્શનો સાથે આપણા મહાપુરુષોએ નયસાપેક્ષ સમન્વય પણ કર્યો છે અને જ્યારે અન્યદર્શનવાળાએ એકાંત પકડ્યો અને દુર્નયની વાસનામાં બદ્ધ બન્યા ત્યારે તેમનું ખંડન પણ કર્યું છે. યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં પૂ.હરિભદ્રસૂરિજીએ અન્યદર્શન સાથે સમન્વય પણ કર્યો છે અને અન્યદર્શનની માન્યતાનું ખંડન પણ કર્યું છે.

**અહીં યાદ રાખવું કે,** સુનયોની મર્યાદામાં રહીને સમન્વય થઈ શકે. પરંતુ એકાંત પકડાય ત્યાં સમન્વય ન થાય. તદુપરાંત, **જ્યાં વસ્તુના સ્વરૂપ અંગેનો વિવાદ નથી, પરંતુ વિધિ-અવિધિ અંગેનો વિવાદ કે માન્યતાનો વિવાદ છે, ત્યાં આપણા મહાપુરુષોએ શાસ્ત્રીય વિધિ અને શાસ્ત્રીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરનાર સાથે સમન્વય સાધ્યો નથી. પણ તેમનો વિરોધ કર્યો છે અને યાવત્ તેમની સાથે વ્યવહાર તોડ્યો છે. એ યાદ રાખવાની જરૂર છે.** સ્ત્રીને સ્ત્રીરૂપે સ્વીકાર્યા પછી તેને પુત્ર, પતિ, સાસુ-સસરા, ભાણેજ, ભત્રીજા આદિની અપેક્ષાએ અનુક્રમે માતા, પત્ની, પુત્રવધુ, મામી, કાકી આદિ અનેક સ્વરૂપે સ્વીકારવામાં વાંધો નથી. પરંતુ તેને પુરુષરૂપે તો ન જ સ્વીકારાય. હા, નાસ્તિરૂપે તેનામાં 'પુરુષત્વ' ધર્મ રહેલો છે. છતાં પણ અસ્તિરૂપે તો ન જ સ્વીકારાય. આ જ વાત બતાવે છે કે, સમન્વય સાપેક્ષ હોય છે. એકાંત આવે ત્યાં વિરોધ

ઉભો થાય છે. કોઈ સ્ત્રીને (અસ્તિરૂપે) પુરુષ માનવાની વાત કરે, ત્યારે વિરોધ જ ઊભો થાય. ત્યાં સમન્વય ન કરાય.

**એ જ રીતે - શાસ્ત્રવચનોનું અર્થઘટન ખોટું કરાતું હોય, ત્યાં વિરોધ જ થાય - સમન્વય ન જ થાય.**

**(૩) પતંજલિ આદિ મુનિઓને 'મહામુનિ' કહ્યા.**

પૂ.હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પંતજલિ આદિ ઋષિઓના 'માર્ગાનુસારિતા' આદિ ગુણોને આંખ સામે રાખીને તેમના માટે 'મહામુનિ' વગેરે શબ્દો પ્રયોજ્યા છે. તે પૂજ્યપાદશ્રીની ગુણગ્રાહિતા છે. એનો એવો અર્થ નથી કરવાનો કે, પૂજ્યપાદશ્રી પંતજલિ ઋષિની તમામ વાતો સાથે સંમત હતા અને એમને છઠ્ઠા ગુણસ્થાનકના સાધક માનતા હતા !!! તેઓશ્રીમદે પોતાના ગ્રંથોમાં એ બધા ઋષિઓની વાતોનું ખંડન પણ કર્યું છે, એ યાદ રાખવાની જરૂર છે.

→ ગ્રંથકાર મહર્ષિઓએ અન્યદર્શનના પ્રણેતાઓ માટે તેમના અમુક ગુણોને આંખ સામે રાખીને મહામુનિ, ભદન્ત, વગેરે શબ્દપ્રયોગો કર્યાં છે. પરંતુ સાથે સાથે તેમની ભૂલ પણ બતાવી છે અને તેની સમાલોચના પણ કરી છે.

→ તદુપરાંત, પૂ.હરિભદ્રસૂરિજી મહારાજા આદિ મહાપુરુષોએ અન્યદર્શનના શાસ્ત્રોને 'અશુદ્ધ' પણ કહ્યા છે. તેઓશ્રીએ ફરમાવ્યું છે કે - જૈનદર્શનના શાસ્ત્રો જ કષ-છેદ-તાપથી શુદ્ધ છે. જ્યારે અન્યદર્શનના શાસ્ત્રો ક્યાં તો કષ-છેદથી શુદ્ધ નથી અથવા ક્યાં તો તાપથી શુદ્ધ નથી.

આથી ત્રણે શુદ્ધિથી શુદ્ધ ન હોવાથી અન્યદર્શનના શાસ્ત્રો અશુદ્ધ છે આથી આદરણીય નથી.

→ અન્યદર્શનના શાસ્ત્રોને **મિથ્યાશ્રુત**માં ગણવાનું કાર્ય આપણા ભગવાને કર્યું છે. નંદીસૂત્ર વગેરે ગ્રંથોમાં એનો ઉલ્લેખ છે.

→ અન્યદર્શનના પ્રણેતાઓને **'કુતીર્થિકો'** પણ કહ્યા છે.

→ પૂ. મહોપાધ્યાયશ્રીએ **'નયોપદેશ'** ગ્રંથમાં અન્યદર્શનકારોને યાવત્ **'નાસ્તિક'** કહી દીધા છે. તે પાઠ આ મુજબ છે -

**धर्म्यंशे नास्तिको ह्येको, बार्हस्पत्यः प्रकीर्तितः ।**
**धर्मांशे नास्तिको ज्ञेयाः, सर्वे परतीर्थिकाः ॥**

**ભાવાર્થ :** ધર્મી અંશમાં (ધર્મી એવા આત્માનો સ્વીકાર કરવામાં) એક ચાર્વાક જ નાસ્તિક છે. (કારણ કે, તે આત્માને માનતો નથી.) જ્યારે ધર્મઅંશમાં (આત્માનાં ધર્મો અને સ્વરૂપના વિષયમાં) અન્ય તમામ દર્શનો (ધર્મો) નાસ્તિક છે. (કારણ કે, તેઓએ આત્માનું જે સ્વરૂપ બતાવ્યું છે તે ખાટું છે અને છતાં તેનો આગ્રહ છે. સાથે આત્માના ઉદ્ધાર માટે બતાવેલા ઉપાયો પણ મિથ્યા છે. આથી મિથ્યાધર્મો છે.)

**અહીં ખાસ નોંધનીય છે કે,** નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા અન્યદર્શનના સંન્યાસી કરતાં પણ જૈનશાસનનો સમ્યગ્દષ્ટિ શ્રાવક (કે જે સ્વદારા સંતોષ વ્રતને ધરનારો છે તે) ચઢી જાય છે. કારણ કે, શ્રાવક પાસે દૃષ્ટિ એકદમ ચોક્ખી છે. તે સ્વપ્ને પણ અબ્રહ્મને સારું માનતો નથી. જ્ઞાન, ભીષ્મ તપ, ઘોર ચારિત્રનું પાલન, નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન આદિ પણ સમ્યગ્દર્શન વિના સાર્થક બનતા નથી, એ યાદ રાખવાની જરૂર છે. ઉપદેશ રહસ્ય ગ્રંથમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, ઊંચામાં ઊંચું આચરણ છે, પરંતુ આજ્ઞાબાહ્ય પરિણામ છે, તો તે સુંદર નથી. કારણ કે, મિથ્યાત્વ હાજર છે અને એ આત્મામાં મિથ્યાત્વ પ્રત્યયિક કર્મબંધ અને અકુશળ અનુબંધોનું સિંચન કરાવ્યા વિના રહેવાનું નથી તથા પાપાનુબંધી પુણ્ય વિપાકે દારૂણ છે.

બાકી, કોઈના શબ્દ પ્રયોગથી કલ્યાણ ન થઈ જાય. મિથ્યાત્વનું સેવન કરીએ અને સમ્યગ્દષ્ટિ તરીકે બિરદાવવાનું મન થાય, એનાથી કલ્યાણ ન થાય, એ યાદ રાખવાની જરૂર છે.

### (૪) મતાગ્રહ નહીં, તત્ત્વાગ્રહ રાખવો

→ જ્ઞાનીઓએ મોક્ષસાધનાને નિર્મલ બનાવવા **સામાન્યથી ચાર** માર્ગો બતાવ્યા છે.

(i) તત્ત્વને યથાર્થ રીતે જાણો-તત્ત્વનિર્ણય કરો અને એ માટે મધ્યસ્થ બની જાઓ.

(ii) તત્ત્વનિર્ણય થયા પછી તેમાં પ્રતિબદ્ધ બની જાઓ અને અતત્ત્વથી દૂર થઈ જાઓ.

(iii) તે પછી તત્ત્વાનુસારી આરાધના કરો. એક પણ તત્ત્વવિષયક ભ્રાન્તિ વિદ્યમાન હશે તો અભ્રાન્ત બોધ નહીં થાય અને ભ્રાન્ત બોધ સહિતનું અનુષ્ઠાન ભ્રાન્ત જ બનશે. જેનાથી મોક્ષ ન થાય, એમ યોગદૃષ્ટિમાં સ્પષ્ટ ફરમાવ્યું છે. એટલે અભ્રાન્ત બોધ પૂર્વકનું અભ્રાન્ત અનુષ્ઠાન સેવો.

(iv) શક્તિ હોય તો અતત્ત્વ-અવિધિનું ઉત્થાપન કરવું અને તત્ત્વ-વિધિની સ્થાપના કરવી. (અધ્યાત્મસાર-યોગવિંશિકા)

→ આથી સાચા મતને જાણીને એમાં પ્રતિબદ્ધ બનવું - એના આગ્રહી બનવું એ સાધના છે અને ખોટા મતના આગ્રહી બનવું એ વિરાધનાનું અંગ છે.

→ આથી ખોટા મતના આગ્રહી ક્યારેય ન બનવું. સાચા મતના આગ્રહી જરૂરથી બનવું. **સાચા મતનો આગ્રહ એ જ તત્ત્વાગ્રહ છે.**

### (૫) શું વિરોધ એ સાધનાનો વિરોધભાસ કે સત્યનો રક્ષક છે ?

લેખકશ્રી પૂ.હરિભદ્રસૂરિજીના નામે વિરોધને સાધનાનો વિરોધા-ભાસ બતાવી રહ્યા છે. પરંતુ એ અર્ધસત્ય છે.

**– સાચું તો એ છે કે...**જે વિરોધ સત્યનો રક્ષક બને, તે વિરોધ સમ્યગ્દર્શનની શુદ્ધિનું કારણ હોવાથી સાધનાનું અંગ છે અને જે વિરોધમાં સામેવાળા પ્રત્યેના તેજોદ્વેષથી તેજોવધ કરવાની મલિન વૃત્તિ

હોય, પોતાના અસત્ય મતને જોરશોરથી પ્રચારીને સાચો કરવાનો ઈરાદો હોય અને અંગત રાગ-દ્વેષથી વિરોધ થતો હોય, ત્યારે એવો વિરોધ સાધનાનું અંગ નથી બનતો, પરંતુ વિરાધનાનું અંગ બને છે.

→ (**મહાનિશિથસૂત્ર**માં જણાવ્યું છે કે,) શ્રીસાવદ્યાચાર્યે ચૈત્યવાસીઓનો વિરોધ કર્યો અને શાસ્ત્ર મુજબની પ્રરૂપણા કરી, તેના કારણે તેમને તીર્થંકર નામકર્મના દળીયા ભેગા થયા હતા અને એકભવ જેટલો સંસાર સીમિત થઈ ગયો હતો.

જ્યારે રોહગુપ્તે પાછળથી પોતાના ગુરુ સાથે જે વાદ કર્યો અને એમાં મિથ્યાભિનિવેશને વશ બની વિતંડાવાદમાં ચઢીને ખોટો વિરોધ કર્યો, ત્યારે તેઓ વિરાધક બન્યા છે. (બંને ઉદાહરણો આગળ આવશે.)

→ **આથી ખોટો વિરોધ વિરાધનાનું અંગ છે અને સાચો વિરોધ સત્યરક્ષાનું કારણ હોવાથી આરાધનાનું અંગ છે. જ્ઞાનીઓ કહે છે કે -**

આરાધના કરતાં પ્રભાવના ચઢી જાય છે અને પ્રભાવના કરતાં શાસન-સિદ્ધાંતની રક્ષા ચઢી જાય છે.

⇒ **લેખકશ્રીને પ્રશ્ન છે કે...**

→ **શ્રીમહાવીર પ્રભુએ જમાલિજી** વગેરેનો વિરોધ કર્યો હતો, તેને સાધનાનો વિરોધાભાસ કહેશો ને !

→ **શ્રીભદ્રબાહુસ્વામીજીએ વરાહમિહિરનો** વિરોધ કર્યો હતો, તેને સાધનાનો વિરોધાભાસ માનશો ને !

→ *શ્રીકલિકાલ સર્વજ્ઞ* **શ્રીહેમચંદ્રસૂરિજી** મહારાજાએ ઘણા બધાનો વિરોધ કર્યો હતો, તેને સાધનામાં વિરોધાભાસ માનશો ને !

→ **શ્રી હરિભદ્રસૂરિજી**એ અને **પૂ.મહોપાધ્યાયશ્રીજી**એ દીર્ઘકાલ પર્યન્ત વિરોધો કર્યા, તો શું એમને સાધનામાં વિરોધાભાસ ઉભો કર્યો હતો ?

→ **પૂજ્યપાદ પ્રેમસૂરિદાદા**એ પોતાના શિષ્યો પાસે ઘણા મુદ્દાઓમાં

વિરોધ કરાવ્યો હતો, શું એ સાધનામાં વિરોધાભાસ હતો ને !

**અહીં ઉલ્લેખનીય છે કે,** પ્રભુ મહાવીરના શાસનમાં આજપર્યન્ત જેટલાં પણ સત્યોની રક્ષા થઈ છે, તેના મૂળમાં પ્રશસ્ત વિરોધો રહેલા છે. પ્રભુ સ્વયં અંતિમદેશનામાં કહીને ગયા છે કે, મારા શાસનમાં અનેક મતમતાંતરો પેદા થવાના છે. એવી અવસ્થામાં સાચા મતને જાણવો અને સાચા મતની પ્રતિષ્ઠા કરવી તે શાસનસ્થ આરાધકોની ફરજ બની જાય છે. એ ફરજના ભાગરૂપે થતી કાર્યવાહીમાં 'વિરોધ' પણ આવે જ છે. **વિરોધ એ શોખનો વિષય નથી. પરંતુ અંતિમ ઉપાય છે. જ્યારે કોઈપણ રીતે સામો પક્ષ સત્યને સ્વીકારવા તૈયાર ન હોય અને અસત્યનો જ મહિમા વધારતો હોય, ત્યારે માર્ગરક્ષા અને માર્ગમાં રહેલા જીવોના કલ્યાણ માટે 'વિરોધ' નામનો ઉપાય પણ અજમાવવો પડતો હોય છે, જે આપણે પૂર્વકાલીન મહાપુરુષોની કરણી ઉપરથી નક્કી કરી શકીએ છીએ.**

– પાંચ મુદ્દાની અહીં આંશિક વિચારણા જ કરી છે. વિશેષ વિચારણા અવસરે કરીશું. શ્રીસંઘજનો આવી વાતોથી ગુમરાહ ન બને એ જ એક ભલામણ.

= XX = XX =

# પરિશિષ્ટ - ૧ : અભિનિવેશની ભયંકરતા

મિથ્યા અભિનિવેશ = કદાગ્રહથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે અને અભિનિવેશના ત્યાગથી સમ્યગ્દર્શનાદિ ગુણોનો વિકાસ થાય છે. અભિનિવેશ (કદાગ્રહ) ખૂબ ભયંકર દોષ છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** સમ્યગ્દર્શનથી ધર્મ શુદ્ધ બને છે અને અભિનિવેશ-કદાગ્રહથી ધર્મ મલિન બને છે. સમ્યગ્દર્શન પામવા અને સ્થિર બનાવવા માટે કદાગ્રહનો ત્યાગ કરવો ખૂબ જરૂરી છે.

અભિનિવેશ = કદાગ્રહ સમ્યગ્દર્શનને પ્રગટવા દેતો નથી અને એ વિના ધર્મ શુદ્ધ બની શકતો નથી. આથી તેનો ત્યાગ કરવો જોઈએ. હવે અહીં અભિનિવેશનું સ્વરૂપ, તેની ભયંકરતા અને તેના કટુવિપાકો અંગે થોડી વિચારણા કરીશું.

સમ્યક્ત્વને સ્થિર-સ્થિરતર કરવા માટે અભિનિવેશ (કદાગ્રહ)નો ત્યાગ કરવો અતિજરૂરી છે. જે વ્યક્તિ અભિનિવેશનો ત્યાગ કરતો નથી, તેનું સમ્યક્ત્વ સ્થિર રહેતું નથી. આથી **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે-

**"सम्मत्ताइगुणोहो, अणभिणिविट्ठस्स माणसे वसइ ।**
**तम्हा कुगइपवेसो, निरुंभियव्वो अभिनिवेसो ॥३९२॥**
**जह अजिन्नाउ जरं, जहंधयारं य तरणिविरहाओ ।**
**तह मुणह निसंसाओ, मिच्छत्तं अहिणिवेसाओ ॥३९३॥"**

**ભાવાર્થ :**

— અભિનિવેશ રહિત જીવના મનમાં સમ્યક્ત્વાદિ પૂર્વોક્ત ગુણોનો વાસ થાય છે. માટે દુર્ગતિમાં પ્રવેશ કરાવનારા અભિનિવેશને મનમાં પ્રવેશ કરતાં પહેલાં જ રોકી દેવો જોઈએ. - જેમ અજીર્ણ થવાથી તાવ

આવે છે અને સૂર્યની ગેરહાજરીમાં અંધકાર ઉત્પન્ન થાય છે, તેમ રાક્ષસ સમાન અભિનિવેશ (કદાગ્રહ)થી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એમ સમજી લેવું.

અભિનિવેશની હાજરીમાં સત્ તત્ત્વોનો પક્ષપાત રહેતો નથી. પરંતુ સ્વકલ્પિત તત્ત્વોનો પક્ષપાત ઊભો થાય છે. તેનાથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. જ્યારે અભિનિવેશના ત્યાગમાં માર્ગાનુસારિતા જીવંત રહે છે. તેનાથી સત્ તત્ત્વોનો પક્ષપાત જીવંત રહે છે. તેનાથી સમ્યક્ત્વાદિ સ્થિર રહે છે અને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી.

**⇒ અભિનિવેશની ભયંકરતા :-**

**→ ગુરુનો ઉપદેશ નિષ્ફળ જાય છે :**

અભિનિવેશની હાજરીમાં ગુરુનો ઉપદેશ અસર કરી શકતો નથી. આથી **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**पसरइ गाढावेगो, जस्स मणे अभिनिवेसविसवेगो ।**
**तम्मि पउत्तो वि गुरुवएसमंतो न संकमइ ॥३९४॥**

**અર્થ :** જે મનુષ્યના મનમાં મિથ્યા આગ્રહરૂપ તીવ્ર વિષનો વેગ પ્રસારને પામે છે, તેના મનને ગુરુનો ઉપદેશ મંત્ર પણ અસર કરી શકતો નથી.

**ગુરુનો ઉપદેશ મંત્ર સમાન છે. તે ગમે તેવા મોહરૂપી વિષને ખતમ કરવા સમર્થ છે. પરંતુ જેના મનમાં મિથ્યા આગ્રહ પ્રવર્તે છે અને તેના યોગે જે સ્વમતિકલ્પનામાં જ રાચે છે, તેને ગુરુનો ઉપદેશ અસર કરી શકતો નથી.**

**ગુરુનો ઉપદેશ અજ્ઞાનના અંધકારને દૂર કરે છે અને મોહના વિષને નિચોવી નાંખે છે.** પરંતુ શરત એટલી છે કે, જીવ પ્રજ્ઞાપનીય હોવો જોઈએ અર્થાત્ તેને જે તરફ વાળવામાં આવે, તે તરફ વળી શકે, તેવો સરળ હોવો જોઈએ. કદાગ્રહને આધીન ન હોવો જોઈએ. કદાગ્રહને

આધીન હોય તો તેના જીવનમાં સુધારો થઈ શકતો નથી. તેની પાસે ખોટું છોડાવી શકાતું નથી અને સાચું અંગીકાર કરાવી શકાતું નથી. આથી ગુરુના ઉપદેશ દ્વારા બોધ-વિવેક પામીને સમ્યક્ત્વને સ્થિર બનાવવું હોય, તે સાધકે અભિનિવેશનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

**→ કદાગ્રહ ગુણવિકાસને રોકે છે :-**

મિથ્યા અભિનિવેશ ગુણના વિકાસને રોકે છે. **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**इक्को वि अभिनिवेसो, सदप्पसप्पु व्व सप्पिरो पुरओ ।**
**रुंभइ वियंभमाणं, नरिंदसिन्नं व गुणनिवहं ॥३९६॥**

**ભાવાર્થ :** જેમ ફણા ઊંચી કરીને માર્ગ વચ્ચે રહેલો સર્પ પણ રાજાના સૈન્યને આગળ વધતાં રોકી શકે છે, તેમ આ એક મિથ્યા આગ્રહ વિલાસ કરતા ગુણસમુદાયને આગળ વધતાં અટકાવી દે છે.

**ગુણવિકાસ માટે માર્ગાનુસારી પરિણતિ હોવી આવશ્યક છે અને માર્ગાનુસારી પરિણતિ માટે માર્ગ પ્રત્યેની શ્રદ્ધા હોવી જરૂરી છે. મિથ્યા આગ્રહથી એ બંનેનો વિરહ થાય છે. તેનાથી ગુણવિકાસ અવરોધાય છે.**

તદુપરાંત, મિથ્યાઆગ્રહથી મિથ્યાત્વનો ઉદય થાય છે. તેનાથી માર્ગાનુસારી પરિણતિ ખંડિત થાય છે અને તેનાથી પણ ગુણવિકાસ અટકે છે.

**→ અભિનિવેશ પરાદષ્ટિને આવરે છે :-**

અભિનિવેશ જીવાદિ નવ તત્ત્વોના યથાર્થ સ્વરૂપને જોનારી સમ્યગ્દર્શનરૂપ પરાદષ્ટિને આવરવાનું કામ કરે છે. તેથી જ **"હિતોપદેશ-માલા"** ગ્રંથમાં કહ્યું છે કે -

**जस्स मण-भवणमणहं, तिव्वाभिणिवेससंतमसछन्नं ।**
**वित्थरइ तत्थ न धुवं, पयत्थपयडणपरा दिट्ठी ॥३९६॥**

**ભાવાર્થ :** જેનું નિર્મલ એવું પણ મનોભવન તીવ્ર અભિનિવેશના ગાઢ અંધકારથી વ્યાપ્ત બની ગયું હોય, તેના મનમાં જીવાદિ પદાર્થોને પ્રગટ કરવા માટે સમ્યગ્દર્શનરૂપ પરાદૃષ્ટિ ક્યારેય વિલાસ કરી શકતી નથી.

મિથ્યાભિનિવેશ અસત્ તત્ત્વોનો = અતત્ત્વનો કે તત્ત્વાભાસનો પક્ષપાત કરે છે અને એવા અસત્ પક્ષપાતથી સમ્યગ્દર્શનરૂપી પરાદૃષ્ટિ પ્રાપ્ત થતી નથી અને એના વિના જીવાદિ નવ પદાર્થોનું યથાર્થ દર્શન થતું નથી.

**→ અભિનિવેશ બધાને અસાર કરે છે :-**

અભિનિવેશના કારણે ધર્માનુષ્ઠાનો નિષ્ફળ જાય છે. **"હિતોપદેશ-માલા"** ગ્રંથમાં કહ્યું છે કે -

**"कट्ठमणुट्ठाणमणुट्ठियं पि, तवियं तवं पि अइतिव्वं ।**
**परिसीलियममलसुयं, ही हीरइ अभिनिवेसेण ॥३९७॥"**

**ભાવાર્થ :** ખેદની વાત એ છે કે - આચરેલું કષ્ટકારી એવું પણ ધર્માનુષ્ઠાન, તીવ્રપણે તપેલો તપ, સારી રીતે પાળેલું શીલ અને નિર્મલ એવું પણ શ્રુતજ્ઞાન મિથ્યા આગ્રહથી નિષ્ફળ બને છે.

**અભિનિવેશથી મિથ્યાત્વનો ઉદય થાય છે અને મિથ્યાત્વની હાજરીમાં સર્વ ધર્મો નિષ્ફળ બને છે. અરે ! એટલું જ નહીં વિપરીત ફલને આપનારા થાય છે.**

અનુષ્ઠાનની સાર્થકતા સકામ કર્મનિર્જરા અને અનુબંધ પરિવર્તનથી છે. મિથ્યાઆગ્રહથી ઉદયમાં આવેલું મિથ્યાત્વ સકામ કર્મનિર્જરા થવા દેતું નથી અને પાપના જ અનુબંધો પાડે છે. આત્માની શુદ્ધિ ન થાય અને શુભ અનુબંધોનું સિંચન ન થાય, તે જ અનુષ્ઠાનની નિષ્ફળતા છે.

**→ અભિનિવેશ ચારિત્રથી પતિત કરે છે :-**

અપૂર્વ કૌવત પ્રગટાવીને ચારિત્રજીવનને પામેલા સાધકો પણ જો અભિનિવેશને વશ બને છે, તો ચારિત્ર જીવનથી હારી જાય છે. આથી જ **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**अहह भवन्नपारं, चरित्तपोएण केवि पत्तावि ।**
**तम्मज्झमिति पुण, अहिणिवेस-पडिकूल-पवणहया ॥३९८॥**

**ભાવાર્થ :** ખરેખર દુઃખની વાત એ છે કે - ચારિત્ર રૂપી જહાજની સહાયથી ભવસમુદ્રના કિનારાને પામેલા પણ કેટલાક જીવો અભિનિવેશ રૂપ વિપરીત પવનના ઝપાટાથી ફરી તે ભવસમુદ્રના મધ્યમાં ફેંકાઈ જાય છે.

સાધક ચારિત્રરૂપી જહાજના સહારે સંસારસમુદ્રના કિનારે આવી જાય છે. પરંતુ મિથ્યા આગ્રહરૂપી પવનના ઝપાટામાં ફસાઈને જીવ મિથ્યાત્વને આધીન બને છે અને તેના કારણે ચારિત્રથી પતિત થઈ જાય છે.

ચારિત્રની વિશુદ્ધિ માટે તત્ત્વશ્રદ્ધા અત્યંત દઢ હોવી જરૂરી છે અને મિથ્યાઆગ્રહો એ તત્ત્વશ્રદ્ધાને શિથીલ-મલિન બનાવે છે. તેનાથી ચારિત્ર પણ મલિન બની જાય છે. જે ભવસમુદ્રથી પાર ઉતારવા સમર્થ બનતું નથી.

**→ અભિનિવેશ સંસારમાં ભટકાવે છે :**

અભિનિવેશ મિથ્યાત્વ અને કષાય બંનેને ઉત્તેજિત કરે છે. તેના યોગે ખૂબ ક્લિષ્ટ કર્મબંધ થાય છે. તેનાથી સંસારપરિભ્રમણ વધે છે. **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**मुत्तूण मुक्खमग्गं, निग्गंथं पवयणं ह हा ! मूढा ।**
**मिच्छाभिणिवेसहया, भमंति संसारकंतारे ॥३९९॥**

**અર્થ :** મિથ્યા અભિનિવેશથી હણાયેલા મૂઢ જીવો મોક્ષમાર્ગરૂપ નિર્ગ્રંથ પ્રવચનને છોડીને સંસારની ઘોર અટવીમાં ભટકે છે. આ પણ એક દુઃખદ બીના છે.

મિથ્યા અભિનિવેશને વશ બનેલા જીવો મોક્ષમાર્ગમાં ટકી શકતા નથી અને મોક્ષમાર્ગથી દૂર થયેલા જીવોને કર્મ સંસારમાં ખૂબ ભટકાવે છે. કારણ કે, મોક્ષમાર્ગથી દૂર થયેલા પાસે નિર્મલ બોધ અને તાત્ત્વિક વિવેક ટકતો નથી અને તેના કારણે જીવન અનેક પાપોથી-મિથ્યા પ્રવૃત્તિઓથી ઘેરાઈ જાય છે.

સંક્ષેપમાં અભિનિવેશથી મિથ્યાત્વનો ઉદય થાય છે - ગાઢ બને છે અને તેનાથી આત્માને ખૂબ નુકશાન થાય છે. આથી મિથ્યા અભિનિવેશનો ત્યાગ કરવો.

**→ સદાગ્રહ અને મિથ્યા આગ્રહ વચ્ચેનો તફાવત :**

જિનવચન પ્રત્યેની અવિહડ શ્રદ્ધાથી ગર્ભિત આગ્રહ **સદાગ્રહ** છે અને સ્વમતિકલ્પનાથી ઊભો થયેલો આગ્રહ **કદાગ્રહ** (મિથ્યાગ્રહ) છે. તેમાં મોહની પ્રબળ ભૂમિકા રહેલી હોય છે.

સત્ તત્ત્વો પ્રત્યેની પ્રતિબદ્ધતાથી ગર્ભિત આગ્રહ એ **સદાગ્રહ** છે જેમ કે, હું જિનવર સિવાય કોઈને નમું જ નહીં, એવો આગ્રહ એ સદાગ્રહ છે.

સદાગ્રહ સમ્યક્ત્વને સ્થિર કરે છે. મિથ્યાઆગ્રહ સમ્યક્ત્વનો નાશ કરે છે. સદાગ્રહના મૂળમાં સત્ તત્ત્વો પ્રત્યેની શ્રદ્ધા-પ્રતિબદ્ધતા-નિષ્ઠા હોય છે અને કદાગ્રહના મૂળમાં પોતાનો કક્કો જ ખરો કરવાનો આગ્રહ હોય છે.

**→ અભિનિવેશ નાશ કઈ રીતે પામે ?**

અભિનિવેશનો ત્યાગ કરવા માટે તારક તીર્થંકરોના વચન (જિનવચન)નું નિરંતર પરિશીલન કરતાં રહેવું જોઈએ. તારક તીર્થંકરોનું

વચન ત્રિકાલાબાધિત સત્ય છે. તેમાં શંકા ઊભી થાય એવો કોઈ અવકાશ જ નથી. જે જીવ જિનવચન દ્વારા પોતાની મતિને પરિકર્મિત કરે છે, તેની ભ્રાન્તિઓનું નિરસન થાય છે અને તેના યોગે અભિનિવેશ પણ નાશ પામે છે.

**→ અભિનિવેશની ઉત્પત્તિમાં માન કષાયની પણ ભૂમિકા રહેલી છે.** કારણ કે, માન કષાય પકડાઈ ગયેલા ખોટા આગ્રહોને છોડવાની ના પાડતો હોય છે. એકવાર ખોટું ખોટા તરીકે સમજાઈ ગયા પછી પણ એને ન છોડવા દેનાર અને ખોટાને સાચા તરીકે સિદ્ધ કરવાનો આગ્રહ રખાવનાર પણ માન કષાય છે. આથી અભિનિવેશના ત્યાગ માટે માન કષાયનો ત્યાગ કરવો આવશ્યક છે. વળી, માન કષાય જિનાગમો પ્રત્યે સમર્પણભાવ પણ કેળવવા દેતો નથી.

આથી અભિનિવેશનો નાશ કરવા શ્રીજિનવચનનું પરિશીલન કરવું આવશ્યક છે. તેથી જ **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**"कह ताव जणो सुक्खी, उदग्गकुग्गहदवग्गितवियंगो ।**
**जाव न जिणवयणामय-दहंमि निव्ववइ अप्पाणं ॥४००॥"**

**ભાવાર્થ :**

ઉત્કટ કદાગ્રહરૂપી દાવાનલથી તપી ગયેલા અંગવાળો માણસ, જ્યાં સુધી જિનવચનના અમૃત સરોવરમાં ડૂબકી લગાવી પોતાની જાતને શાંત કરતો નથી, ત્યાં સુધી એ સુખી ક્યાંથી હોય ? જિનવચનના અમૃતના પાન વગર અંગે અંગમાં વ્યાપેલા અભિનિવેશનો તાપ ક્યારેય ટળતો નથી.

**→ અભિનિવેશથી જ ઉન્માર્ગ પ્રકાશન -**

**→ અભિનિવેશથી જ ઉત્સૂત્ર પ્રરૂપણા -**

ઉન્માર્ગ પ્રકાશન અને ઉત્સૂત્ર પ્રરૂપણાના મૂળમાં પણ અભિનિવેશ

જ કારણ હોય છે.

**શાસ્ત્રપંક્તિઓનો અનાભોગાદિના કારણે ખોટો અર્થ થઈ ગયા પછી "આ અર્થ મેં કરેલો છે અગર મેં પકડેલો છે માટે સાચો જ છે" આવી મનોવૃત્તિ પ્રગટે છે, ત્યારે અભિનિવેશ પેદા થાય છે અને અભિનિવેશ આવ્યા પછી સમ્યક્ત્વ ટકી શકે નહીં.** માણસને જ્યારે પોતાની વાતની ચડસ પેદા થઈ જાય છે, ત્યારે તે કેટકેટલા અનર્થો જન્માવે છે, તે કહી શકાય તેમ નથી. **તદુપરાંત, એકવાર આગ્રહ ઊભો થયા પછી માણસ પોતાની પાસે જેટલી હોંશિયારી ને જેટલી લાગવગ હોય, એ બધાનો ઉપયોગ એ પોતે ડૂબવામાં અને પોતાના ઉપર વિશ્વાસ કરનારા બીજા જીવોને ડૂબાડવામાં જ કરે છે.**

સમ્યગ્દર્શન પામ્યા પછી પણ કષાયોથી ખૂબ ચેતતા રહેવાનું છે. કારણ કે, વૈરાગ્ય જોરદાર હોય, વિષય સુખ પ્રત્યે સૂગ હોય, ત્યાગ સાથે તપનું આચરણ હોય, છતાં પણ જ્યારે પોતાના જ્ઞાનનો અહંકાર આવી જાય છે, ત્યારે તે જ્ઞાની-ત્યાગી-તપસ્વીનું પણ સમ્યગ્દર્શનથી પતન થયા વિના રહેતું નથી.

**→ રોહગુપ્ત મુનિનું દૃષ્ટાંત :-**

**અહીં રોહગુપ્ત મુનિનું દૃષ્ટાંત ઉલ્લેખનીય છે.** અભિનિવેશના કારણે જ તેઓ નિહ્નવ થયા હતા.

આપણે ત્યાં રોહગુપ્ત નામના નિહ્નવનો એક પ્રસંગ બનેલો છે. તે કયા સંયોગોમાં નિહ્નવ બન્યા તે વિચારવા જેવું છે.

આ દૃષ્ટાંતમાં કુવાદીની-વિતંડાવાદીની સાથે વાદમાં ઉતરવાથી કેવું અને કેટલું બધું અનિષ્ટ પરિણામ આવે તે જોવા મળે છે. તદુપરાંત, વાદ કરવાની પાછળ જો તત્ત્વજિજ્ઞાસાના બદલે માત્ર વિજય મેળવવાની જ લાલસા હોય તો એવો વાદી વાદમાં હારે ત્યારે કેવું વિકરાળ સ્વરૂપ

ધારણ કરે છે, તે પણ જાણવા મળે છે. વળી, માત્ર વિજયની જ અભિલાષા, કેવું પતન પમાડે છે, તે પણ રોહગુપ્તના દૃષ્ટાંતમાં ઓળખવા મળશે.

ભગવાન શ્રીમહાવીર પરમાત્મા નિર્વાણ પામ્યા પછી ૫૦૦થી અધિક વર્ષ વ્યતીત થયાં હશે, તે સમયમાં પ્રભુશાસનમાં **શ્રીગુપ્ત** નામના આચાર્ય ભગવંત વિદ્યમાન હતા - અવનીતલને પાવન કરતાં વિચરતાં હતા.

એકવાર તે આચાર્ય ભગવંત **અંતરંજિકા** નામની નગરીમાં પધાર્યા અને એ નગરીમાં ભૂતગૃહ નામના ઉદ્યાનમાં સપરિવાર સ્થિરતા કરી છે. તે સમય દરમ્યાન એક પરિવ્રાજક એ નગરીમાં આવ્યો. એ પરિવ્રાજકે ઘણી વિદ્યાઓ સિદ્ધ કરી હતી અને એનાથી એ ખૂબ ગર્વિષ્ઠ બન્યો હતો. વિદ્યાથી ગર્વિષ્ઠ પરિવ્રાજકે પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો હતો અને જ્યાં જાય ત્યાં એ પોતાના હાથમાં જંબૂવૃક્ષની શાખા લઈને જ જતો હતો.

લોકોને આવું જોઈને કૂતુહલતા થતી હતી. એટલે લોકો એને પૂછતા કે, તમે પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો છે અને હાથમાં જંબૂવૃક્ષની શાખા રાખો છો, તેનું શું કારણ છે ?

એના જવાબમાં પરિવ્રાજક કહેતો કે, "મેં વિદ્યાને એટલા બધા પ્રમાણમાં મારા પેટમાં ભરી છે કે એનાથી મારું પેટ ફાટી જવાનો મને ભય છે. એટલે વિદ્યાથી પેટ ફાટી ન જાય, એ માટે મેં મારા પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો છે અને આખાય જંબૂદ્વીપમાં મારા જેવો વિદ્યાવાળો બીજો કોઈ નથી એ જણાવવા માટે હું મારા હાથમાં આ જંબૂવૃક્ષની શાખા લઈને ફરું છું." આથી લોકોએ એ પરિવ્રાજકનું **"પોટ્ટશાલ"** એવું નામ પાડ્યું હતું અને લોકો એને પોટ્ટશાલ જ કહેતા હતા.

આમ તો આવા ગર્વિષ્ઠ મિથ્યાભિમાની સાથે વાદમાં ઉતરાય જ

નહીં. છતાં પણ રોહગુપ્ત મુનિએ એની સાથે વાદને સ્વીકારી લીધો. તેઓ જૈન મુનિ હતા. વિદ્વાન અને શક્તિશાળી હતા. તેઓ શ્રીગુપ્ત આચાર્ય ભગવંતના શિષ્ય અને સંસારી સંબંધે ભાણેજ થતા હતા.

અન્યત્ર રહેલા રોહગુપ્ત મુનિ શ્રીગુપ્ત આચાર્ય ભગવંતને અંતરંજિકા નગરીમાં સપરિવાર પધારેલા જાણીને તેઓશ્રીને વંદન કરવા માટે અંતરંજિકા નગરી તરફ આવી રહ્યા છે. એ વેળાએ નગરીમાં પ્રવેશતાં રોહગુપ્ત મુનિને પોટ્ટશાલ પરિવ્રાજકનો પટહ વાગતો સંભાળાય છે અને તેમાં વાદ કરવા માટેનું આહ્વાન સંભળાય છે. ત્યારે રોહગુપ્ત મુનિ પોટ્ટશાલ પરિવ્રાજકના પટહને નિવાર્યો અર્થાત્ "હું તમારી સાથે વાદ કરવા માટે તૈયાર છું." એમ એ રોહગુપ્ત મુનિએ પોટ્ટશાલ પરિવ્રાજકને જણાવી દીધું.

એ વખતે રોહગુપ્ત મુનિએ એટલો પણ વિચાર કર્યો નહિ, કે 'મારા ગુરુમહારાજ આ નગરીમાં બિરાજે છે અને મારા કરતાં પણ સમર્થ છે, છતાં પણ તેઓએ પટહને નિવાર્યો નથી, માટે કાંઈક કારણ હશે' અથવા તો એ રોહગુપ્ત મુનિએ એટલી પણ ધીરજ ન રાખી કે, "હું ગુરુમહારાજની પાસે જાઉં છું, તો ગુરુમહારાજને પૂછ્યા પછી વાત."

રસ્તામાં જ પરિવ્રાજકના પટહને નિવારીને, રોહગુપ્ત મુનિ, શ્રીગુપ્ત આચાર્ય ભગવંત પાસે આવ્યા અને પટહ નિવાર્યાની વાત કરી.

**આચાર્ય ભગવંતને લાગ્યું કે** - રોહગુપ્ત મુનિએ વાદ સ્વીકારીને ભૂલ કરી છે. એટલે મુનિને ભૂલ કર્યાનો ખ્યાલ આવે એટલે તેઓશ્રી જણાવે છે કે - 'એ વાદીને વાદમાં તો જીતી લેવાય, પણ એ વાદી સાથે વાદ કરવા જેવો નથી. કારણ કે, એની પાસે ઘણીઓ વિદ્યાઓ છે અને જ્યારે એ હારે છે, ત્યારે જીતનાર ઉપર તે પોતાની વિદ્યાઓ વડે વિવિધ પ્રકારના ઉપદ્રવો કરે છે. પોતાની વિદ્યા વડે એ વીંછી, સર્પ, ઉંદર, મૃગ, શૂકર, કાગડો, શકુંતિકા પક્ષીને પણ વિકુર્વી શકે છે અને

જીતનારને ઘણી રીતે ઉપદ્રવ કરે છે. આથી એની સાથે વાદ કરવો ઠીક નથી.

**આ સાંભળીને રોહગુપ્ત મુનિ આચાર્ય ભગવંતને કહે છે કે -** "વાદનો સ્વીકાર કરીને હવે છૂપાઈ જવું તે યોગ્ય નથી. વાદનો મેં જે સ્વીકાર કર્યો છે, તે શાસનની ઉન્નતિના હેતુથી જ કર્યો છે, એટલે હવે તો જે થવાનું હોય તે થાઓ."

**રોહગુપ્ત મુનિના જવાબને સાંભળીને આચાર્ય ભગવંતે નિર્ણય કર્યો કે** - 'હવે આને વારી શકાય તેમ નથી. ગમે તેટલું કહીશું તો પણ એ વાદ કર્યા વિના રહેવાનો નથી. તેથી હવે એના રક્ષણનો ઉપાય વિચારવો પડશે. વાદમાં તો પરિવ્રાજક જીતવાનો નથી. પરંતુ હારશે ત્યારે જે ઉપદ્રવો કરશે, તેના પ્રતિકાર માટે વિચાર કરી લેવો પડશે. જૈનમુનિને ઉપદ્રવ ન થવો જોઈએ અને જૈનમુનિની દશા ખરાબ થાય તો જૈનશાસનની લઘુતા થાય, એટલે જૈનશાસનની લઘુતા ન થાય એ માટે વ્યવસ્થા કરવી જોઈએ.

આમ વિચાર કરીને આચાર્ય ભગવંતે રોહગુપ્ત મુનિને એવી સાત વિદ્યાઓ આપી, કે જે વિદ્યાઓ તેને પાઠ કરવા માત્રથી જ સિદ્ધ થાય તેવી હતી અને એ વિદ્યાઓના બળે અનુક્રમે મોર, નોળિયો, બિલાડો, વાઘ, સિંહ, ઘુવડ અને શ્યેન પક્ષી વિકુર્વી શકાતાં હતાં.

વીંછીની સામે મોરને, સર્પની સામે નોળિયાને, ઉંદરની સામે બિલાડાને, મૃગલાની સામે વાઘને, શૂકરની સામે સિંહને, કાગડાની સામે ઘુવડને અને શકુંતિકા પક્ષીની સામે શ્યેન પક્ષીને વિકુર્વાની વિદ્યાઓ રોહગુપ્ત મુનિને આપવામાં આવે છે. તદુપરાંત, આચાર્ય ભગવંતે એક ઓઘો (રજોહરણ) મંત્રીને રોહગુપ્ત મુનિને આપતાં કહ્યું કે - 'એ પરિવ્રાજક પાસે સાત વિદ્યાઓ હોવાનું હું જાણું છું. તે સાત વિદ્યાઓની પ્રતિપક્ષી સાત વિદ્યાઓ મેં તને આપી, પણ એ પરિવ્રાજક

કદાચ એથી પણ વધારે કંઈ પણ ઉપદ્રવ કરે, તો આ મંત્રેલો રજોહરણ ચારે ય તરફ ફેરવજે, એટલે એ પરિવ્રાજક તરફથી કરાયેલો કોઈપણ ઉપદ્રવ તારો પરાભવ કરી શકશે નહીં.

આમ આચાર્ય ભગવંતે આપેલી સાત વિદ્યાઓ અને મંત્રિત રજોહરણ લઈને રોહગુપ્ત મુનિ વાદ કરવા માટે રાજસભામાં ગયા. એ વખતે પોટ્ટશાલ પરિવ્રાજક પણ ત્યાં આવી પહોંચ્યો હતો. **ત્યાં પહોંચીને રોહગુપ્ત મુનિએ કહ્યું કે - "આ પરિવ્રાજક મિથ્યા પંડિતાઈનો ઘમંડ કરે છે. માટે તે પહેલો વાદ કરે. એટલે કે એને જે વાતનું મંડન કરવું હોય તે વાતનું ભલે મંડન કરે, હું તેની વાતનું ખંડન કરીશ."**

જો કે, પરિવ્રાજકમાં પણ ઘણી અક્કલ હતી. પરંતુ એના ઘમંડે એની અક્કલને આવરી લીધી હતી. એને મનમાં ભય પેદા થયો કે જૈનોમાં પંડિતાઈ ઘણી હોય છે. તેથી કદાચ હું હારી જાઉં. તેથી હું એવી વાતનું મંડન કરું કે જેથી તે તેનું ખંડન કરી જ ન શકે. વળી, આને હું જે વાતનું મંડન કરું, તેનું જ ખંડન કરવાનું સ્વીકાર્યું છે. તેથી હું એવા પક્ષનું મંડન કરું, કે જેથી એને એનું ખંડન કરતાં ધર્મસંકટ આવી પડે અર્થાત્ પોતાની માન્યતાનું જ ખંડન કરવાનો અવસર આવે અને એ રીતે ખંડન કરી શકે નહીં અને એ હારી જાય. એમ વિચારીને એ પરિવ્રાજકે જૈનોને માન્ય એવી બે રાશિનું સ્થાપન કરતાં પોતાનો પક્ષ રજૂ કરે છે કે - **"જગતમાં જીવ અને અજીવ એમ બે રાશિ છે."**

પરિવ્રાજકે જીતની લાલસામાં પોતાની માન્યતા વેગળી મૂકી દીધી છે. **કેવળ જીતની લાલસાથી જ વાદમાં ઉતરનારા શું કરે અને શું ન કરે, એ કહેવાય નહીં.** પરંતુ રોહગુપ્તે તો પરિવ્રાજક કરતાં પણ ભયંકર ભૂલ કરી છે અને એ પણ માત્ર વાદમાં જીતવા માટે જ !

પરિવ્રાજકે બે રાશિનું સ્થાપન કર્યું, એટલે રોહગુપ્ત મુનિ સમજી તો ગયા કે, આ ધૂર્તે મને માન્ય સિદ્ધાંતનું સ્થાપન કરીને મારે માટે મુંઝવણ

ઊભી કરી દીધી. જો એ વાતનો સ્વીકાર કરી લઉં તો લોકો એમ માનશે કે, મેં આ પરિવ્રાજકના મતનો સ્વીકાર કર્યો - આવો વિચાર કરીને રોહગુપ્તે વિચાર કર્યો કે - "મારે આ પરિવ્રાજકે જે પક્ષનું સ્થાપન કર્યું છે, તે પક્ષનું ઉત્થાપન જ કરવું જોઈએ." આવો નિર્ણય કરીને રોહગુપ્તે **"જગતમાં જીવ અને અજીવ-એવી બે જ રાશિ નથી, પણ જીવ-અજીવ-નોજીવ, એમ ત્રણ રાશિ છે."** એવા મતનું પ્રતિપાદન કર્યું.

**અહીં પ્રશ્ન થાય કે,** રોહગુપ્ત મુનિને આવા અસત્ય સિદ્ધાંતનું સ્થાપન કરવાનો પ્રસંગ કેમ આવ્યો ? **એનો ઉત્તર એ છે કે** - રોહગુપ્તે પહેલેથી એના પક્ષનું ખંડન કરવાનું કહ્યું, તેમાં પણ એને વિદ્વત્તાની ખુમારી નડી ગઈ હતી. સૌથી પહેલાં રોહગુપ્તે એ ખુલાસો કરવાની જરૂર હતી કે, "હું જૈન સિદ્ધાંતને માનું છું અને તું એ સિદ્ધાંતને માનતો નથી. તેથી તું જે સિદ્ધાંત માનતો હોય તેનું સ્થાપન કર. હું જૈન સિદ્ધાંત પ્રમાણે તમારો મત કઈ રીતે ખોટો છે અને જૈન સિદ્ધાંત કઈ રીતે સાચો છે, એનું પ્રતિપાદન કરીશ." - પરંતુ આવો કોઈ ખુલાસો કર્યા વિના સીધું તેને પોતાનો પક્ષ જણાવવાનું આહ્વાન આપ્યું, તેમાં તેમને વિદ્વત્તાનો અહંકાર નડી ગયો હતો.

જો વિદ્વત્તાનો અહંકાર નડ્યો ન હોત અને પૂર્વોક્ત આહ્વાન આપ્યું ન હોત, તો પરિવ્રાજકે સ્થાપેલા બે રાશિના સિદ્ધાંતનું ખંડન કરવાનું ધર્મસંકટ પણ ન આવ્યું હોત.

આ તરફ રોહગુપ્તે યુક્તિપૂર્વક જગતમાં ત્રણ રાશિ છે એવું સિદ્ધ કરી બતાવ્યું. રોહગુપ્તની યુક્તિઓ પરિવ્રાજક તોડી શક્યો નહીં. તેથી પરિવ્રાજકે ઉપદ્રવો કરીને જીતવાનો માર્ગ અપનાવ્યો. આચાર્ય ભગવંતે જેવું રોહગુપ્તને કહ્યું હતું તેવું જ બન્યું.

પોટ્ટશાલ પરિવ્રાજકે પહેલાં તો વીંછીઓ વિકુર્વ્યા. એ વીંછીઓ રોહગુપ્તને કરડવા માટે દોડ્યા, ત્યારે રોહગુપ્તે મોરને વિકુર્વ્યા અને

મોરોએ વીંછીઓનો નાશ કરી નાંખ્યો. એ જોઈને પરિવ્રાજકે સર્પ વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે પણ નોળિયાઓને વિકુર્વ્યા અને એ નોળિયાઓએ સર્પોનો નાશ કરી નાંખ્યો. સર્પોનો નાશ થઈ ગયો, એટલે પરિવ્રાજકે તીક્ષ્ણ દાંતવાળા ઉંદરો વિકુર્વ્યા, ત્યારે રોહગુપ્તે બિલાડાઓ વિકુર્વ્યા અને એ બિલાડાઓએ એ ઉંદરોનો નાશ કરી નાંખ્યો. આથી પરિવ્રાજકે અણીદાર શિંગડાવાળા મૃગોને વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે પણ વાઘોને વિકુર્વ્યા અને તે વાઘોએ મૃગોનો નાશ કરી નાંખ્યો. પછી પરિવ્રાજકે શૂકરોને વિકુર્વ્યા, એટલે રોહગુપ્તે સિંહોને વિકુર્વ્યા અને એ સિંહોએ શૂકરોનો નાશ કરી નાંખ્યો. પછી પરિવ્રાજકે વજ્રના જેવી ચાંચવાળા કાગડાઓને વિકુર્વ્યા, તો રોહગુપ્તે પણ ઘુવડોને વિકુર્વ્યા અને એ ઘુવડોએ કાગડાઓનો નાશ કરી નાંખ્યો. તે પછી પરિવ્રાજકે સમળીઓને (શકુંતિકાને) વિકુર્વી, એટલે રોહગુપ્તે પણ શ્યેન પક્ષીઓને વિકુર્વ્યા અને તે શ્યેન પક્ષીઓએ એ સમળીઓનો નાશ કરી નાંખ્યો.

આ રીતે રોહગુપ્તે પરિવ્રાજકે પેદા કરેલા ઉપદ્રવોને ગુરુ મહારાજે આપેલી વિદ્યાના બળથી નિષ્ફળ બનાવી દીધા. અહીં જોઈ શકાય છે કે, કુવાદીની સાથે વાદમાં ઉતરવાથી કેવું પરિણામ આવે છે ! વાદ તો દૂર રહી ગયો અને હિંસક સંગ્રામ શરૂ થઈ ગયો. પરિવ્રાજક નિરુત્તર થવાથી હાર્યો, છતાં પણ એને હાર કબૂલી નહીં અને ઉપદ્રવો શરૂ કર્યા.

પરિવ્રાજક જ્યારે સાતે પ્રકારના ઉપદ્રવોમાં ફાવ્યો નહીં, ત્યારે તેણે ગુસ્સામાં આવીને પોતાનું અંતિમ શસ્ત્ર અજમાવ્યું. પરિવ્રાજકે એક ગધેડીને વિકુર્વી અને રોહગુપ્ત તરફ દોડાવી, પરંતુ રોહગુપ્ત ડર્યો નહીં. એમણે ગુરુ ભગવંતે આપેલો રજોહરણ ચારે તરફ ફેરવ્યો. આથી ગધેડીનો પ્રભાવ ખતમ થઈ ગયો અને એ ગધેડી પરિવ્રાજક ઉપર જ મૂત્ર અને વિષ્ઠા કરીને નાસી ગઈ. હવે પરિવ્રાજક પાસે કોઈ સાધન ન

રહેવાથી તે લાચાર બની ગયો. લોકોએ તેનો તિરસ્કાર કર્યો અને શરમનો માર્યો તે ત્યાંથી ભાગી ગયો. એટલે રોહગુપ્ત મુનિ પણ ગુરુ મહારાજની પાસે આવ્યા.

ગુરુ ભગવંતે એને કઈ રીતે વાદમાં જીત્યા તે પૂછ્યું. ત્યારે તેણે આખો પ્રસંગ જણાવ્યો. જૈનશાસનનો વિજય થવાથી ગુરુ ભગવંતને આનંદ તો થયો. પરંતુ ખોટી રીતે ત્રણ રાશિનું સ્થાપન કર્યું તે ગમ્યું નહીં.

**આથી ગુરુ મહારાજે રોહગુપ્તને કહ્યું કે - "તમે જે જીવ-અજીવ અને નોજીવ, એમ ત્રણ રાશિ સ્થાપિત કરી, તે જૈનશાસનને માન્ય નથી. એ સ્થાપન કર્યું તે ઉત્સૂત્ર છે. અજ્ઞાન લોકોની પાસે તત્ત્વનો વિવેક નથી. તેથી તે ખોટામાં શ્રદ્ધા કરીને હારશે. આથી તમારે રાજસભામાં જઈને ઉદ્‌ઘોષણા કરવી જોઈએ કે, જગતમાં ત્રણ રાશિ નથી, પરંતુ જીવ અને અજીવ, એમ બે જ રાશિ છે. જેથી જગતમાં ઉત્સૂત્રનો પ્રસાર ન થાય."**

આમ છતાં રોહગુપ્ત પોતાના વાતની મમતે ચઢી ગયો. એણે ગુરુની વાત સાંભળી નહીં. ઉપદ્રવોથી બચવા વિદ્યા આપનારા ગુરુનો ઉપકાર પણ ભૂલી ગયો. ગુરુએ વારંવાર સમજાવ્યો છતાં પણ તે વાત તેણે ગણકારી જ નહીં અને ઉપરથી ગુરુને પણ એમ જ કહ્યું કે - **"જગતમાં રાશિ ત્રણ જ છે."** - તે પોતે બોલેલી વાતના આગ્રહમાં એવો ફસાઈ ગયો કે તારક તીર્થંકરો અને ગુરુના ઉપકારને પણ એ ભૂલી ગયો.

આથી લોકમાં ત્રણ રાશિની ખોટી માન્યતા પ્રસ્થાપિત-પ્રચારિત-પ્રસારિત ન થાય, એ માટે શ્રીગુપ્ત આચાર્ય ભગવંત જાતે જ રોહગુપ્તને લઈને રાજસભામાં ગયા અને ત્યાં જઈને રોહગુપ્ત સાથે તેમણે રાશિ સંબંધી વાદ શરૂ કર્યો. ઘણી યુક્તિઓથી બે રાશિની સ્થાપના કરી અને રાજસભામાં તેનો પરાજય થયો. આમ છતાં જ્યારે રોહગુપ્ત કોઈપણ ઉપાયે માન્યો નહીં, ત્યારે આચાર્ય ભગવંતે એને **નિહ્નવ** તરીકે જાહેર

કર્યો અને સંઘની બહાર કર્યો.

અહીં જોઈ શકાય છે કે, મિથ્યાભિનિવેશના કારણે જ રોહગુપ્ત મુનિ નિહ્નવ થયા છે. શ્રીજમાલીજી આદિનું પતન પણ આ જ કારણે થયું હતું. આથી મિથ્યાઅભિનિવેશનનો ત્યાગ કરવો જોઈએ.

અંતે **'હિતોપદેશમાલા'** ગ્રંથમાં કહ્યું છે કે -

**को वा दुसमसमुत्थे, मोहहए इह जणे उवालंभो ।**
**मिच्छाभिनिवेसहया, जमासि जिणनाहसमए वि ॥४०६॥**

**उपह हयमोहमहिमं, जं जिण-जिणपवयणेसु संतेसु ।**
**पयडिंसु केइ कुपहं, दिट्ठंतो निह्नवा इत्थ ॥४०७॥**

**અર્થ :**

– શ્રીજિનેશ્વરદેવના કાળમાં પણ મિથ્યાઆગ્રહથી જીવો પીડાતા હતા, તો દૂષમકાળમાં જન્મેલા જીવોને મોહથી હણાયેલા જોઈને તેઓને શું ઉપાલંભ આપશો !

– મહામોહના માહાત્મ્યને તો જુઓ ! જે કાળમાં ભગવાન શ્રીવીર અને તેમણે પ્રકાશેલી દ્વાદશાંગી વિદ્યમાન હતી, તે કાળમાં પણ અભિનિવેશથી ગ્રસ્ત બનેલા અનેક લોકોએ ઉન્માર્ગને પ્રગટ કર્યો હતો. આ વિષયમાં નિહ્નવો દૃષ્ટાંતભૂત છે.

આથી ધર્મશુદ્ધિના અર્થી જીવે કદાગ્રહ છોડી દેવો જોઈએ.

= XX = XX =

# પરિશિષ્ટ - ૨ : ઉત્સૂત્રથી દૂર રહો

*મિથ્યાત્વથી બચવા માટે અને સમ્યક્ત્વની રક્ષા કરવા માટે ઉત્સૂત્ર* પ્રરૂપણાનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તેમજ પોતાની તરફથી ઉત્સૂત્રને પ્રોત્સાહન સમર્થન-પીઠબળ ન મળે તેની પણ ખૂબ કાળજી રાખવાની છે. **એકલા ધર્મોપદેશકોને ઉત્સૂત્રની પ્રરૂપણાદિનો ભય છે એવું માનવાનું નથી. પરંતુ રોજીંદા જીવનમાં શ્રાવક-શ્રાવિકાએ પણ ઉત્સૂત્ર બોલવાથી અટકવાનું છે. જેમ કે,** સંતાન પુછે કે, શું દીક્ષા લીધા વિના મોક્ષ ન થાય? ત્યારે જવાબમાં મોહવશ માતા-પિતા એમ જણાવે કે, દીક્ષા લેવાથી પણ મોક્ષ થાય અને ભરત મહારાજા આદિની જેમ સંસારમાં રહીને પણ મોક્ષ થાય. તો આ ઉત્સૂત્ર વચન છે.

તે જ રીતે વિધિ-અવિધિના વિષયમાં, સિદ્ધાંતના વિષયમાં, દેવાદિના સ્વરૂપના વિષયમાં વગેરેમાં વસ્તુસ્થિતિથી અલગ બોલવામાં - ભળતું જ બોલવામાં આવે તો ઉત્સૂત્ર પ્રરૂપણાનો દોષ લાગે છે. જે ભયંકર દોષ છે. જીવ એનાથી યાવત્ અનંત સંસારી થાય છે. આથી ઉત્સૂત્ર પ્રરૂપણાને વિષની ઉપમા આપી છે.

**→ ઉત્સૂત્ર પ્રરૂપણા વિષ છે :**

ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી અનંતસંસાર થાય છે. આથી **સંબોધ સપ્તતિ ગ્રંથ**માં કહ્યું છે કે,

**"कट्ठं करंति अप्पं, दमंति अत्थं चयंति धम्मत्थी ।**
**इक्कं न चयइ उस्सुत्तविसलवं जेण बुड्डुंति ॥४८॥"**

– ધર્માર્થી આત્માઓ કષ્ટ વેઠે છે, આત્માનું દમન કરે છે અને ધનનો ત્યાગ કરે છે, પરંતુ (મિથ્યાત્વ નામના ભયંકર દોષને વશ બની) ઉત્સૂત્રરૂપ ઝેરના લેશને તજતા નથી, તેના કારણે સંસારમાં ડૂબે છે.

**સસૂત્ર પ્રરૂપણા અમૃત છે.** અમૃતના સિંચનથી આત્મગુણો ખીલી

ઉઠે છે. **ઉત્સૂત્ર પ્રરૂપણા વિષ છે.** આ વિષના સંપર્કથી આત્મગુણો નાશ પામે છે, ક્લિષ્ટ કર્મબંધ થાય છે અને અકુશલ અનુબંધોનું ખૂબ સિંચન થાય છે. તેના યોગે આત્મા અનંતસંસારી થાય છે.

આથી જ અન્ય શાસ્ત્રમાં કહ્યું છે કે,

**"उस्सूत्तभासगाणं, बोहीनासो अणंत संसारो ।**
**पाणच्चए वि धीरा, उस्सूत्तं न भासंति ॥"**

– ઉત્સૂત્ર ભાષણ કરનારાઓનાં બોધિનો નાશ થાય છે અને અનંત સંસાર થાય છે. આથી ધીર પુરુષો પ્રાણાંતે પણ = પ્રાણત્યાગનો પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ ઉત્સૂત્ર બોલતા નથી.

**ઉત્સૂત્રભાષણથી પ્રાપ્ત સમ્યગ્દર્શન નાશ પામે છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાની ઉભી થયેલી સંભાવના પણ ખતમ થઈ જાય છે અને મિથ્યાત્વનો ઉદય થતાં મિથ્યાત્વના સંશ્લેષથી બધા જ ગુણો અસાર બની જાય છે અને આત્મામાં દોષો વધી જાય છે અને દોષોના બળ નીચે જીવો અનેક પ્રકારનાં પાપાનુબંધી પાપો કરીને અનંત સંસારી બની જાય છે.** બાહ્ય ધર્મના સંયોગો-ધર્મના વાતાવરણમાં અને અંતરંગ શુદ્ધિ કરનારા ગુણોની વિદ્યમાનતામાં જ જીવ સદ્ગતિઓની પરંપરા સર્જીને મોક્ષ સુધી પહોંચી જાય છે. ગાઢ મિથ્યાત્વ એ સર્વે સંયોગોને છીનવી લે છે અને આત્માના ગુણોને બાળી નાંખે છે. **આથી જ મિથ્યાત્વની ભયંકરતા બતાવતાં કહ્યું છે કે,**

**"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।**
**न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥"**

**– મિથ્યાત્વ સમાન (આત્મગુણોને લુંટી લેનારો) બીજો કોઈ શત્રુ નથી. મિથ્યાત્વ સમાન (ભાવપ્રાણોનો નાશ કરનારું) બીજું કોઈ વિષ નથી. મિથ્યાત્વ સમાન (આત્માના ભાવારોગ્યને હણી લેનાર) બીજો કોઈ રોગ નથી. મિથ્યાત્વ સમાન (આત્મામાં-જીવનમાં અંધકાર ફેલાવનાર) બીજો *કોઈ અંધકાર નથી.***

**→ સસૂત્ર-ઉત્સૂત્ર પ્રરૂપણાનું સ્વરૂપ :**

જે પ્રરૂપણા થાય - જે બોલવામાં આવે તે યથાવસ્થિત, સ્ફુટ અને પ્રગટ બોલવામાં આવે તો તે **સસૂત્ર પ્રરૂપણા** કહેવાય છે. જિનવચનથી અન્યથા બોલવામાં આવે, જિનવચનના ભાવોને સ્ફુટ (સ્પષ્ટ) સ્વરૂપે કહેવામાં ન આવે અને જિનવચનને યથાર્થ રીતે પ્રગટ પણે (કશું છૂપાવ્યા વિના પ્રગટ રૂપે) બોલવામાં ન આવે તેને **ઉત્સૂત્રપ્રરૂપણા** કહેવાય છે અને તેનાથી સંસાર વધે છે. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે,

**''फुटपागडमकहंतो, जहट्ठियं बोहिलाभमुवहणइ ।**
**जह भगवओ विसालो जर-मरणहोयही आसि ॥''**

– સ્ફુટ, પ્રગટ અને યથાવસ્થિત કથન ન કરનાર માણસ (ઉપદેશક સાધુ, શ્રાવક વગેરે) બોધિનો નાશ કરે છે અને જેમ મહાવીર પરમાત્માનો (મરીચિના ભવમાં અપ્રગટ-અસ્પષ્ટ કથન કરવા સ્વરૂપ ઉત્સૂત્ર પ્રરૂપણાથી) જન્મ-જરા-મરણરૂપ સંસારસાગર વિશાલ (મોટો) થયો હતો, તેમ સંસાર વધે છે.

**→ ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંત સંસાર કેમ ?**

ઉત્સૂત્ર પ્રરૂપણા એ જગતના જીવો સાથેનો દ્રોહ (વિશ્વાસઘાત) છે. જે જીવો આત્મહિત સાધવા ઉપદેશ સાંભળવા આવ્યા છે કે કોઈક માર્ગ વિષયક અર્થાત્ વિધિ-અવિધિ આદિ માર્ગવિષયક પૃચ્છા કરે છે, ત્યારે તેમને ઉન્માર્ગ બતાવવો કે ભળતો જ માર્ગ બતાવવો કે અસ્પષ્ટમાર્ગ બતાવવો, તે તેમની સાથે વિશ્વાસઘાત છે. વિશ્વાસ મૂકીને આવેલા જીવોનો વિશ્વાસઘાત કરવો એ બહું મોટું પાપ છે. અંદરનું અત્યંત રીઢાપણું અને અત્યંત મલિનતા વિના એ કાર્ય થઈ શકતું નથી. આથી તે મહાપાપ છે અને **જ્ઞાનીઓએ તો ત્યાં સુધી કહ્યું છે કે, જેમ શરણે આવેલા જીવનું મસ્તક કાપી નાંખવામાં આવે, તે વિશ્વાસઘાત છે અને તેથી મહાપાપ છે, એ જ પ્રમાણે ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા પણ સંસારથી ભયભીત અને**

**સંસાર અટવીથી પાર ઉતરવાની ઈચ્છાથી શરણે આવેલા જીવોને અનંતસંસારની ગર્તામાં ધકેલનારા ઉન્માર્ગ બતાવીને તેમના ભાવપ્રાણોરૂપ મસ્તકને કાપનાર છે અને તેથી વિશ્વાસઘાતી છે.** આ વાત ઉપદેશમાલા ગાથા-૫૧૮માં કરી છે.

**"जह सरणमुवगयाणं, जीवाण सिरो निकिंतए जो उ ।**
**एवं आयरिओ वि हु, उस्सुत्तं पण्णवेंतो य ॥५१८॥"**

આથી અન્ય શાસ્ત્રમાં ઉત્સૂત્ર પ્રરૂપકને કસાઈ કરતાં પણ ખરાબ-જઘન્ય કહ્યા છે. કસાઈ તો જીવોના દ્રવ્યપ્રાણોનો નાશ કરીને એક ભવ ખતમ કરે છે, જ્યારે ઉત્સૂત્ર પ્રરૂપક તો જીવોને ઉન્માર્ગે ચઢાવીને મિથ્યાત્વના ભાગી બનાવી તેમના જ્ઞાનાદિ ભાવપ્રાણોને હરી લે છે અને તેનાથી જીવો ભવોભવ મરે છે.

— પ્રભુ મહાવીરે ત્રીજા મરીચિજીના ભવમાં કપિલ નામના શિષ્ય આગળ અહીં સાધુપણું ક્યાં છે ? એવા પ્રશ્નના જવાબમાં "મારા (પરિવ્રાજક માર્ગમાં) પણ ધર્મ છે અને આદીનાથ પ્રભુના માર્ગમાં પણ ધર્મ છે, એવું અસ્પષ્ટ, સંદર્ભહીન, અવ્યવસ્થિત કથન કર્યું, તેના કારણે પ્રભુના આત્માનો સંસાર વધી ગયો હતો.

— ધર્મ આદિનાથ પ્રભુના માર્ગમાં જ હતો. છતાં પણ પોતાના સ્વીકારેલા પરિવ્રાજક માર્ગમાં અને પ્રભુના માર્ગમાં એમ બંને જગ્યાએ ધર્મ છે - એવું અસત્ય બોલવાથી તે વચન 'ઉત્સૂત્ર' બન્યું અને એના યોગે જ એમનું એક કોડાકોડી સાગરોપમ જેટલું સંસારપરિભ્રમણ વધ્યું.

— પ્રભુના સંસારીપક્ષે જમાઈ અને દીક્ષિત જીવનમાં શિષ્ય એવા જમાલીજીએ સકલનયથી સાધ્ય એવા વ્યવહારને એકાંગી નયથી પકડીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરી, તો તેઓએ પણ સંસાર વધાર્યો છે. પ્રભુના અન્યનયથી સાપેક્ષ એવા વ્યવહારનય પ્રધાન "જે થઈ રહ્યું હોય, તે થઈ ગયું છે એમ કહેવાય" કથનનો વિરોધ કરીને અન્યનયથી (વ્યવહાર-

નયથી) નિરપેક્ષ એકાંતે ઋજુસૂત્રનયથી ગર્ભિત "જે થઈ ગયું હોય, તે જ થયું એમ કહેવાય" આવી પ્રરૂપણા કરે છે. આ ઉત્સૂત્ર પ્રરૂપણા છે. તેના પ્રભાવે તેમનો ખૂબ સંસાર વધે છે.

— શ્રીગોષ્ઠામાહિલજીએ પણ આત્મા અને કર્મ વચ્ચેના સંબંધને શ્રીજિનેશ્વરોના કથનથી વિપરીત રીતે પ્રરૂપ્યો હતો. દૂધ અને પાણીની જેમ આત્મા અને કર્મ એકમેક થાય છે - આ શ્રીજિનોક્ત સિદ્ધાંત છે. તેમણે તેનાથી વિપરીત શરીર અને કંચૂકી જેવો (અર્થાત્ કર્મ આત્મા સાથે એકમેક નથી થયું, પરંતુ જેમ કંચૂકી માત્ર શરીરને અડેલી હોય છે, તેમ કર્મ પણ આત્માને અડકેલું હોય છે - આવો) આત્મા અને કર્મ વચ્ચેનો સંબંધ જણાવ્યો - આ ઉત્સૂત્ર પ્રરૂપણા હતી. તેનાથી તેઓ નિહ્નવ થયા હતા. શ્રીસંઘથી બહિષ્કૃત થયા હતા.

**→ સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત :**

**અહીં મહાનિશીથસૂત્ર-૨૯માં વર્ણવાયેલ અનંતસંસારી સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત યાદ આવે છે.** ઉપદેશપદ અને પ્રતિમાશતકમાં પણ ઉત્સૂત્ર પ્રરૂપણાની ભયંકરતા બતાવવા અને ઉન્માર્ગને સ્થિર કરવાની પ્રવૃત્તિ કેટલી ખતરનાક છે, તે બતાવવા માટે આ ઉદાહરણ આપવામાં આવ્યું છે. સાવદ્યાચાર્યનો પ્રસંગ આ પ્રમાણે છે -

વર્તમાન ચોવીસીથી અનંતકાળ પૂર્વેની ચોવીસીમાં **શ્રી ધર્મશ્રી તીર્થંકર** થયા હતા. એમના શાસનમાં સાત અચ્છેરાઓ (આશ્ચર્યકારી ઘટનાઓ) થયા હતાં. તે પૈકીનું એક અસંયતોની પૂજા-સત્કાર સ્વરૂપ હતું, કે જે શ્રી ધર્મશ્રી પ્રભુના નિર્વાણ પછી પ્રગટ્યું હતું. મોટાભાગનો લોકસમુદાય લોકપ્રવાહમાં તણાયેલો હતો, મિથ્યાત્વથી હણાયેલો હતો અને અસંયતોના પૂજા-સત્કારના રંગે રંગાયેલો હતો. આ બધું જોઈને જ્ઞાનરહિત, ગારવરસિક અને નામ માત્રથી આચાર્ય બની બેઠેલા સંયતોની મતિ ભ્રષ્ટ બની અને તેઓએ ગૃહસ્થો પાસેથી દ્રવ્ય એકઠું

કરીને ચૈત્યોનું નિર્માણ ચાલું કર્યું અને તે ચૈત્યોના માલિક બની બેઠા અને એનો વહીવટ પૂજા વગેરે કરવા લાગ્યા. **અહીં મહાવીર પ્રભુ ગૌતમસ્વામીને જણાવે છે કે, હે ગૌતમ ! જે કોઈ નિર્ગ્રંથ સાધુ કે સાધ્વી સ્વયં પૂર્વ રીતિએ દ્રવ્યસ્તવ કરે, તો તે સાધુ-સાધ્વી અસાધુ જાણવો, અસંયત ઓળખવો, દેવભોગી સમજવો, દેવાર્ચાગૃદ્ધ જાણવો, ઉન્માર્ગગામી જાણવો, શીલને દૂર તરછોડનારા કુશીલ તરીકે જાણવો અથવા તો તેને સ્વચ્છંદાચારી તરીકે સ્વીકારવો.** (મહાવીર પ્રભુ અને ગૌતમ મહારાજાનો આ સંવાદ નિશીથસૂત્ર-અધ્યયન-૫, સૂ-૨૯માં આપેલો છે.)

આમ છતાં એ કાળે **શ્રીકુવલયપ્રભ** નામના આચાર્ય હતા. જેઓ માર્ગસ્થ હતા અને પંચાચારની ચારિમાથી સંપન્ન હતા. એકવાર શ્રીકુવલયપ્રભ આચાર્ય વિચરતા વિચરતા (એક જ ગામમાં નિત્યવાસ કરનારા અને ચૈત્યના માલિક બની બેઠેલા) નિત્યવાસી મુનિઓના ગામમાં - તેમના ઉપાશ્રયમાં પધારે છે. નિત્યવાસી મુનિઓ તેમનો યોગ્ય સત્કાર આદિ કરે છે. થોડો સમય ધર્મકથા વગેરેમાં વ્યતીત થયો. પણ એટલા સમયમાં આચાર્યશ્રીએ તે નિત્યવાસી મુનિઓને ઓળખી લીધા હતા કે, આ જીવો ભ્રષ્ટ છે અને લિંગમાત્રજીવી છે. તેમના સંગમાં રહેવાય નહીં. એટલામાં નિત્યવાસી મુનિઓએ આચાર્યશ્રીને તે ગામમાં ચાતુર્માસ કરવાની વિનંતી કરી અને આપના ઉપદેશથી ઘણા જિનાલયો તૈયાર થઈ જશે એવી વાત પણ કરી. આચાર્યશ્રી નિપુણબુદ્ધિવાળા અને માર્ગસ્થ હતા. તેથી તેઓશ્રીએ નિત્યવાસી મુનિઓને વળતો ઉત્તર આપ્યો કે, **"તમારી વાત જો કે જિનાલયો સંબંધી છે, છતાં પણ એ સાવદ્ય છે. તેથી વચનમાત્રથી પણ હું તમે કહો છો તે રીતે આચરીશ નહીં."** આ *રીતે માર્ગસ્થ ઉત્તર વાળવાના કારણે અને માર્ગમાં અત્યંત સ્થિર રહેવાના કારણે ત્યાં તેઓ શ્રીતીર્થંકરનામકર્મ (નિકાચના કર્યા વિના) ઉપાર્જી લીધું* અને પોતાનો સંસાર માત્ર એકભવ જેટલો ટૂંકો કરી નાંખ્યો. પરંતુ

લિંગધારીઓને સત્ય વાત ગમે નહીં તે સ્વાભાવિક છે. તેથી તેમણે હોબાળો મચાવ્યો અને બધાએ ભેગા થઈને આચાર્યશ્રીના મૂળ નામને ગોપવીને **'સાવદ્યાચાર્ય'** એવું નામ પાડ્યું. ચારે તરફ વાયુવેગે આ નામ ફેલાઈ ગયું. આચાર્યશ્રી સમતા ગુમાવ્યા વિના શાંત રહ્યા, ગુસ્સે ન થયા.

તે પછી કાળાંતરે જેને ધર્મ સાથે કોઈ લેવા-દેવા નથી, એવા અસંયતી સાધુઓએ ધર્મચર્ચાનો પ્રારંભ કર્યો - આગમતત્ત્વની વિચારણા શરૂ કરી. એમાં એમનો તત્ત્વાતત્ત્વના વિવેકને પામવાનો ઈરાદો નહોતો, પરંતુ પોતે જે લઈને બેઠા છે, તેને સમર્થન મળે તેની પેરવીમાં હતા. તેમાં ઘણો વિવાદ થાય છે, પરિણામ કંઈ આવતું નથી. એટલે પોતાની ચર્ચામાં કોઈક **'લવાદ'** રાખીએ એવા નિર્ણય ઉપર આવે છે. કોને લવાદ રાખવા એની પણ વિચારણા થાય છે. તેમાં સૌએ સંમતિથી **શ્રીસાવદ્યાચાર્ય**ને પ્રામાણિક જાણીને લવાદ તરીકે રાખવાનો નિર્ણય કર્યો. એ વખતે શ્રીસાવદ્યાચાર્ય દૂર વિચરતા હતા. એમને અન્ય વ્યક્તિ દ્વારા પોતાના ગામમાં આવવાની અને લવાદ બનવાની વિનંતી કરાઈ.

શ્રીસાવદ્યાચાર્યે વિનંતીનો સહર્ષ સ્વીકાર કરવાની ભૂલ કરી દીધી. સાત મહિનાનો ઉગ્ર વિહાર કરીને દૂરદેશથી તેઓ પધાર્યા. તે વેળાએ સાધુ-સાધ્વી એમને લેવા સામે જાય છે. તે વખતે તપથી તેજસ્વી બનેલી કાયાને જોઈને એક સાધ્વીજી વિચારે છે કે, 'શું આ સાક્ષાત્ અરિહંત પધારી રહ્યા છે ? કે શું મૂર્તિમાન ધર્મ જ આવી રહ્યો છે ?' ઈત્યાદિ વિચારણા કરે છે અને નજીકમાં આવી ગયેલા શ્રીસાવદ્યાચાર્યને ભાવોલ્લાસપૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપી આપીને વંદન કરે છે. પણ વંદન કરવા જતાં સાધ્વીજીના મસ્તકે સાવદ્યાચાર્યના ચરણનો સ્પર્શ-સંઘટ્ટો થાય છે, તે લિંગધારી સાધુઓ જોઈ લે છે.

તે ગામના રોકાણ દરમ્યાન આચાર્યશ્રીની વાચનાનો પ્રવાહ

અવિરતપણે ચાલી રહ્યો છે. તેમાં **'ગચ્છાચાર પયન્ના'** નામના ગ્રંથની વાચનાનો પ્રારંભ થયો. તેમાં એવા ભાવાર્થવાળી ગાથા આવી કે, **"જે ગચ્છમાં કારણે પણ જો સ્ત્રીના હાથનો અંતરિત સ્પર્શ થાય, તો અરિહંતો પણ પોતે તે ગચ્છને મૂળગુણથી રહિત કરે છે - કહે છે."** - તે વખતે આચાર્યશ્રી પણ (પૂર્વના સાધ્વીજીના પ્રસંગની સ્મૃતિ થતાં) પોતાની જાત ઉપર શંકા જતાં વિચારમાં પડી જાય છે. તેઓ વિચારે છે કે, જો આ ગાથાનો યથાર્થ અર્થ કરીશ, તો મને વંદન કરતી સાધ્વીજીના મસ્તકનો સ્પર્શ મારા ચરણને થયેલો લિંગધારીઓએ જોયો છે અને હું જો ગાથાનો અર્થ જણાવીશ તો તેઓ એને લઈને મારી ફજેતી કરશે, તેથી શું કરું ? એકવાર તો મારું સાવદ્યાચાર્ય નામ પાડ્યું છે - આગળ વધારે ખરાબ ચીતરશે ! શું સૂત્રની અન્યથા (બીજી રીતે) પ્રરૂપણા કરું ? આમ ગહન વિચારમાં ડૂબી ગયા છે. પણ પાછો એમનો આત્મા જાગી જાય છે અને વિચારવા લાગે છે કે, ના ના...એમાં તો ભગવાનની મોટી આશાતના છે. તો પછી મારે શું કરવું ? શું ગાથા ગુપચાવી દઉં ? કે ગાથાને જુદી રીતે બોલી એનો જુદો અર્થ કરું ? - ત્યાં એમને શાસ્ત્રવચન યાદ આવે છે કે,

**"પોતાની ભૂલચૂક, પ્રમાદ, સ્ખલના કે આશંકા વગેરે ભયથી જે ભિક્ષુક દ્વાદશાંગી શ્રુતજ્ઞાનના પદ-અક્ષર-માત્રા કે બિંદુને પણ છૂપાવે છે, અન્યથા પ્રરૂપે છે, અથવા સૂત્ર અને અર્થની પ્રરૂપણા સંદિગ્ધ કરે છે, અવિધિથી કરે છે, અયોગ્ય આગળ કરે છે, તે ભિક્ષુક અનંતકાળ સંસારમાં રખડે છે."** તેથી એવા બધા વિચારોથી સર્યું. 'જે થવાનું હોય, તે ભલે થાઓ' પણ ગુરુના ઉપદેશ પ્રમાણે જ યથાસ્થિત, સ્પષ્ટ, સ્ફુટ સૂત્રાર્થની પ્રરૂપણા જ કરીશ. આ રીતે વિચારીને શુદ્ધ પ્રરૂપણા કરે છે.

જેવી તેઓએ શુદ્ધપ્રરૂપણા કરી કે જાણે રાહ જોઈને બેઠા હોય તે રીતે લિંગધારીઓ સાધ્વીના વંદનની વાત આગળ કરીને પૂછી લીધું કે, **"તો પછી તમે શું મૂળગુણથી રહિત છો ? તમને પણ સાધ્વીનો સ્પર્શ થયેલો જ છે."** - આ સાંભળી સાવદ્યાચાર્ય ખિન્ન બની જાય છે. ભારે

વિમાસણમાં પડી જાય છે. આ આપત્તિનું નિવારણ કઈ રીતે કરું ? હું અપયશથી કઈ રીતે બચું ? વગેરે વિચારણા મનમાં ચાલે છે - એ વખતે તેમને શ્રીતીર્થંકરના વચનો યાદ આવે છે કે -

**"અનંતજ્ઞાની, સર્વજ્ઞ ભગવંતોએ જે પાપસ્થાનોનો પ્રતિષેધ કર્યો છે, તે પાપસ્થાનોનું જ્ઞાન આચાર્ય, મહત્તર, ગચ્છાધિપતિ કે શ્રુતધરે મેળવી લેવું અને તે પાપસ્થાનોને સર્વથા ક્યારેય સ્વયં આચરવું નહીં, બીજા પાસે કરાવવું નહીં અને સ્વયં આચરતાંની અનુમોદના કરવી નહીં, જે ભિક્ષુક ક્રોધ, માન, માયા, લોભ, ભય, હાસ્ય, ગારવ, દર્પ, પ્રમાદ અથવા વારંવાર ચૂક કે સ્ખલનાથી દિવસે કે રાતે, એકાંતમાં કે જાહેરમાં સૂતેલા કે જાગૃત, મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદના દ્વારા તે પાપસ્થાનકોમાંથી કોઈપણ પાપસ્થાનોને સેવે છે, તે ભિક્ષુક વારંવાર નિંદનીય છે, ગર્હણીય છે, જુગુપ્સનીય છે, ઠપકાપાત્ર છે, આ ભિક્ષુક સર્વ લોકમાં બધે જ પરાભવ પામતો છતો બહુવ્યાધિ-વેદનાથી વ્યાપ્ત શરીરવાળો થઈ ઉત્કૃષ્ટિસ્થિતિ માટે અનંતસંસારસાગરમાં ભમે છે અને આ સંસારસાગરમાં પરિભ્રમણ કરતો તે ક્ષણમાત્ર પણ સુખશાંતિને પામી શકતો નથી."**

— આ રીતે વિચાર કરી પોતાના પ્રમાદનો પશ્ચાત્તાપ કરતાં સાવદ્યાચાર્ય વિચાર કરે છે કે, એક પ્રમાદે મારા જીવનમાં ઘણી મોટી આપત્તિ ઉભી કરી છે. મારું શું થશે ? મારે કેવા દુઃખો વેઠવા પડશે ? વગેરે વિચારીને વિલખા પડી જાય છે. નાનકડો પ્રમાદ જીવનમાં કેવી ખાનાખરાબી સર્જે છે ? આચાર્યશ્રી ધ્રુજી ઉઠ્યા છે.

આ જોઈને તક શોધતા લિંગધારીઓ કહે છે કે, "જ્યાં સુધી અમારો આ સંશય નહિ છેદાય, ત્યાં સુધી આગમવાચના આગળ નહીં ચાલે,, તેથી યુક્તિયુક્ત અને કુગ્રહનાશક પરિહાર બતાવો અને એ પરિહાર સંમત હોવો જોઈએ." - તે વખતે **સાવદ્યાચાર્યે** વિચાર્યું કે, આ લોકોને જવાબ આપ્યા વિના ચાલશે નહીં અને કયો ઉત્તર આપવો એ

સમજાતું નથી ? -

આચાર્યશ્રીને વિચારમાં ડૂબેલા જોઈને દુરાગ્રહી લિંગધારીઓ પૂછે છે કે, “કેમ ચિંતાસાગરમાં ડૂબેલા છો ? જવાબ આપો. પરંતુ તે યથોક્ત ક્રિયાને સંગત હોવો જોઈએ” - આ સાંભળીને સાવદ્યાચાર્યે ખૂબ વિચાર કર્યો અને ખિન્ન બનીને બોલ્યા કે....**“આ જ કારણસર ગુરુએ કહ્યું છે કે, કાચા ઘડામાં પાણી નાંખવામાં આવે તો જેમ ઘડાનો વિનાશ થાય છે, તેમ અયોગ્યને સૂત્ર-અર્થ આપવામાં આવે તો અનર્થ થાય છે, તેથી આપવા નહીં.”** - આ સાંભળીને **વેષધારીઓ** બોલ્યા કે, “અરે ! આ તમે શું ગરબડ ગોટાળા કરો છો ? સંબંધ વિનાની તુચ્છ વાત કેમ કરો છો ? જો યોગ્ય જવાબ ન આપી શકતા હોવ તો અહીંથી ઉઠીને તમારા આસન ઉપર જાઓ અને અહીંથી જલ્દીથી ચાલ્યા જાઓ અને ખરેખર શું દૈવ કોપ્યું છે કે શું, કે જેથી સર્વ સંઘે તમારા જેવાને પ્રમાણભૂત કરીને આગમતત્ત્વનો ઉપદેશ આપવા તમને આદેશ કર્યો.” - આ સાંભળીને સાવદ્યાચાર્યને ખૂબ આઘાત લાગ્યો. અને મનમાં ભારે પીડા ઉપડી.

લિંગધારીઓના માનસિક ત્રાસ પામેલા અને આલોકના તુચ્છ યશને બચાવવા પ્રયત્ન કરતા સાવદ્યાચાર્ય બોલ્યા કે, **“તમે લોકો સમજતા નથી, ઉત્સર્ગ અને અપવાદ એ બે ઉપર આગમ નિર્ભર છે. જિનશાસનમાં એકાંતમાં મિથ્યાત્વ રહેલું છે. ભગવાનની આજ્ઞા અનેકાંતમય છે.”** - આ વચન ઉચ્ચારીને સાવદ્યાચાર્યે પોતાની સાધના બાળી નાંખી અને પોતાના ઉપર આવેલા અપયશના ભયની આપત્તિને ટાળવા ઉત્સૂત્ર બોલીને પોતાનો સંસાર વધારી દીધો. કારણ કે, એ વચન બોલવામાં ગર્ભિતપણે પોતાને થયેલો સ્ત્રીનો સ્પર્શ, એ અપવાદિક છે અને તેથી હું મૂળગુણથી રહિત નથી, એવું બતાવવાનો આશય છે. **પરંતુ એ વખતે સ્ત્રીના સ્પર્શનો સર્વથા નિષેધ છે, એ જિનવચનની ઉપેક્ષા કરવામાં આવી છે અને જાણવા છતાં સર્વથા નિષિદ્ધ પ્રવૃત્તિને અપવાદિક પ્રવૃત્તિ બતાવી છે અને સાથે સાથે ભિક્ષુક માટે સર્વથા નિષિદ્ધ એવી ચૈત્ય આદિ**

**કરાવવા વગેરેની પ્રવૃત્તિઓને "પ્રભુવચન અનેકાંતમય છે" એમ કહીને અપવાદિક પ્રવૃત્તિ તરીકે ફલિત કરી દીધી છે અને એ બધી પ્રવૃત્તિઓ યોગ્ય છે એવો સિક્કો મારી આપ્યો છે. જે ઉન્માર્ગને પ્રોત્સાહન આપવા અને સ્થિર કરવા બરાબર છે** - આ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી અને ઉન્માર્ગને પ્રોત્સાહન આપવાથી તેમણે પૂર્વે ભેગા કરેલા તીર્થંકર નામકર્મના કર્મદલિકો વિખરાઈ જાય છે અને એકભવ સીમિત કરેલો સંસારસમુદ્ર વિરાટ બની જાય છે. એ સેવાયેલા પાપની આલોચના કર્યા વિના સાવદ્યાચાર્ય મૃત્યુ પામે છે અને વ્યંતર દેવ થાય છે.

તે પછી સાવદ્યાચાર્યનું જે અનંત સંસાર પરિભ્રમણ થાય છે, તે કેવું છે, તે પ્રભુના મુખે જ સાંભળીએ. **પ્રભુ કહે છે કે, હે ગૌતમ ! આ પ્રમાણે જન્મ-મરણ વડે ચૌદે રાજલોકના પ્રત્યેક પ્રદેશની સ્પર્શના કરતાં કરતાં અને ચોર્યાસી લાખ યોનિમાં રખડતાં રખડતાં એવા એ સાવદ્યાચાર્યના જીવે આ ઘોર-રૌદ્ર સંસારમાં અત્યંતદીર્ઘ અનંતકાળ ભારે ત્રાસ-પીડા-રોગ-કષ્ટ-દુઃખ અને પ્રતિકૂળતાઓથી પૂર્ણ કર્યો અને અહીં ભરતક્ષેત્રમાં જ્યારે શ્રીપાર્શ્વપ્રભુનો શાસનકાળ ચાલતો હતો, ત્યારે એ સાવદ્યાચાર્યનો જીવ પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ તારક તીર્થંકર પરમાત્માના સંગે સન્માર્ગે આવે છે, ત્યારે સંવેગ-નિર્વેદના પરિણામ પામીને સંયમ સ્વીકારી પ્રભુ આજ્ઞાને યથાર્થ રીતે પાલી સર્વકર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયો હતો.**

**કહેવાનો સાર એ છે કે,** સાવદ્યાચાર્યે સર્વથા નિષિદ્ધ એવા મૈથુનસ્થળે પણ અનેકાંતવાદ બતાવી સૂત્રનું ઉલ્લંઘન કર્યું છે અને **સૂત્રનું ઉલ્લંઘન એ સન્માર્ગનો નાશ કરે છે. તેનાથી ઉન્માર્ગનું પોષણ થાય છે અને ઉન્માર્ગને પોષણ આપવાથી જિનાજ્ઞાનો ભંગ થાય છે અને જિનાજ્ઞાના ભંગથી અનંતસંસારી થવાય છે.**

અહીં પરમાત્મા અને શ્રીગૌતમસ્વામી વચ્ચેનો સંવાદ ઘણો લાંબો છે અને તે ખૂબ મનનીય છે તથા સાવદ્યાચાર્યની અનંત રખડપટ્ટીનું

આગમોમાં કરેલું વર્ણન કાળજું કંપાવી નાંખે તેવું ભયંકર છે. પરંતુ વિસ્તારભયથી તે અહીં લીધેલ નથી. અનેકવાર નરકની મુલાકાત એમના આત્માને લેવી પડી છે. **મિથ્યાત્વના ઉદયે બુદ્ધિમાં પેદા થતો વિપર્યાસ કેવો ખતરનાક છે, તે સાવદ્યાચાર્યના ઉદાહરણથી સમજી શકાય છે અને ભૂલ થયા પછી આ લૌકિક તુચ્છ યશની રક્ષા કરવા માટે અને અપયશના ભયથી ભૂલ સુધારવામાં ન આવી, તો આત્માની કેવી દુર્દશા થાય છે, તે પણ વિચારવા જેવું છે.**

**⇒ શ્રાવકોએ પણ તકેદારી રાખવી જરૂરી છે :-**

શ્રાવકે ઘરમાં કે પેઢી ઉપર, વ્યવહારમાં કે વેપારમાં, સંસારી ક્ષેત્રોમાં કે ધર્મક્ષેત્રોમાં, સંઘની જાજમ ઉપર કે સામાજિક સ્થાનોમાં, એમ ગમે ત્યાં ગમે ત્યારે બોલવાનો અવસર આવે ત્યારે પરમાત્માના વચનોથી, પરમાત્માની આજ્ઞાથી - સિદ્ધાંતથી વિપરીત રીતે કાંઈપણ ન બોલી જવાય તેની સતત તકેદારી રાખવાની છે. આ કાળમાં તો અનીતિ વિના જીવાય જ નહીં, કે આ કાળમાં વિધિનો બહુ આગ્રહ રખાય નહીં - આવું અને એના જેવું આજ્ઞાવિરુદ્ધ ન બોલાય તેની કાળજી રાખવાની છે. શ્રાવકને દરરોજ છ પ્રકારનાં આવશ્યકમાં ઉદ્યમશીલ રહેવાનું છે. તેમાં પ્રતિક્રમણ એ પણ એક આવશ્યક છે. આ પ્રતિક્રમણ કરતાં શ્રાવક વંદિત્તાસૂત્રની ૪૮મી ગાથામાં ચાર બાબતોનું પ્રતિક્રમણ કરે છે, તેમાં વિપરીત પ્રરૂપણા = ઉત્સૂત્ર પ્રરૂપણાનું પણ પ્રતિક્રમણ કરે છે. ભૂલથી પણ હેયને ઉપાદેય કે ઉપાદેયને હેય તરીકે પ્રરૂપ્યું હોય તો તેનું પ્રતિક્રમણ કરી મિથ્યાત્વથી બચવાનું છે. તે ગાથા આ મુજબ છે -

**"पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं ।**
**असद्दहणे अ तहा, विवरीयपरूवणाए अ ॥४८॥"**

— ભગવાને (૧) જેનો પ્રતિષેધ-નિષેધ કર્યો હોય, તે કર્યું હોય, (૨) જે કરવા યોગ્ય રૂપે કહ્યું, તે કર્યું ન હોય, (૩) પરમાત્માના વચન

ઉપર અશ્રદ્ધા કરી હોય અને (૪) પરમાત્માના વચનથી વિપરીત પ્રરૂપણા કરી હોય - તેનું પ્રતિક્રમણ (કરવાનું) છે.

આથી શ્રાવક-શ્રાવિકાએ ઉત્સૂત્ર પ્રરૂપણાથી બચવાનું છે અને કોઈપણ સ્થળે ઉત્સૂત્રને પ્રોત્સાહન-સમર્થન આપવાનું નથી. ઉત્સૂત્ર પ્રરૂપણા જેવું બીજું કોઈ પાપ નથી. આથી જ યોગીવર્ય શ્રી આનંદઘનજી મહારાજાએ શ્રીઅનંતનાથ પ્રભુના સ્તવનમાં કહ્યું છે કે,

**"પાપ નહિ કોઈ, ઉત્સૂત્ર ભાષણ જીસ્યું,**
**ધર્મ નહિ કોઈ, જગ સૂત્ર સરીખો."**

આથી ઉત્સૂત્ર ભાષણ મહાપાપ છે અને સસૂત્ર ભાષણ મહાધર્મ છે.

**પ્રશ્ન : ઘણાં બધાં ઉદાહરણો વાંચ્યા-સાંભળ્યાં, એક મુંઝવણ થાય છે કે, ઘણા દોષો સેવનારા દૃઢપ્રહારી જેવા તરી ગયા છે અને ઓછા દોષો સેવનારા સંસારસમુદ્રમાં ડૂબી ગયા છે, તો પછી આરાધક ક્યારે બની શકાય અને વિરાધક ક્યારે થવાય ?**

**ઉત્તર :** દોષો ઘણા સેવ્યાં કે ઓછાં અને ગુણો ઘણા સેવ્યાં કે ઓછાં, એના આધારે આરાધકભાવ-વિરાધકભાવ નક્કી ન થાય. ઘણાં દોષો સેવનારો પણ દોષોનો ત્યાગ કરીને અને દોષોની રૂચિને ખતમ કરી દે અને ગુણોની રૂચિ-પક્ષપાત પ્રગટાવી દે તો તે તરી જાય છે અને ગુણ સેવનારને પણ કોઈ દોષ ઉપર રૂચિ-પક્ષપાત ઉભો થઈ જાય તો તે સંસારસમુદ્રમાં ડૂબી જાય છે.

સંક્ષેપમાં, ઉંચી દૃષ્ટિ અને રૂચિ હોય તો જીવ આરાધક બને છે અને નીચી દૃષ્ટિ અને રૂચિ હોય તો જીવ વિરાધક બને છે. **પ્રમાદ કરનારની પણ દૃષ્ટિ-રૂચિ અપ્રમાદભાવ તરફની હોય તો તે ઈચ્છાયોગની ભૂમિકામાં આવે છે અને પ્રમાદને વશ બની દૃષ્ટિ નીચે જાય અને રૂચિ ભોગોની પ્રગટ થઈ જાય તો તે ધર્મની-ગુણસ્થાનકની ભૂમિકામાંથી બહાર આવી જાય છે.** જેમ કે, શ્રાવક અવિરતિમાં બેઠેલો હોવા છતાં એની દૃષ્ટિ અને રૂચિ

વિરતિમાં હોય તો તેનું શ્રાવકપણું સાચું છે અને તેથી તે જિનાજ્ઞાનો આરાધક બનશે અને સાધુ વિરતિનો સ્વીકાર કરવા છતાં દૃષ્ટિ અને રૂચિ ભોગોમાં (આ જન્મમાં નહિ તો આવતા જન્મોમાં) હોય, તો તે સાચો સાધુ ન કહેવાય અને તે જિનાજ્ઞાનો વિરાધક બનશે.

**દોષોની-પાપોની રૂચિ-પક્ષપાત ન હોય ત્યારે સેવાતા દોષોથી ઉપર ઉઠવાની દૃષ્ટિ-રૂચિ હોવાથી તે દોષો સંસારમાં ડૂબાડતા નથી. કારણ કે, દોષો નબળા છે અને આત્મા બળવાન છે. બળવાન આત્મા એને ગમે ત્યારે ફગાવી દેવાનો છે. આનાથી ઉલટું દોષો-પાપોની રૂચિ-પક્ષપાતમાં બને છે.**

ઉત્સૂત્ર પ્રરૂપણાના વિષયમાં વિચારીએ તો ઉત્સૂત્ર બોલનારનો અસત્ય પ્રત્યેનો પક્ષપાત કેટલો તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ છે કે મંદ-મંદતર-મંદતમ છે **તથા** સત્યની ઉપેક્ષાનો પરિણામ કેટલો તીવ્ર-મંદ છે, તેના આધારે અનર્થપ્રાપ્તિમાં તરતમતા આવે છે. બાકી સાર એ છે કે, ઉત્સૂત્ર પ્રરૂપણાદિ સાધના જીવનથી દૂર લઈ જનારો ભયંકર દોષ છે.

= XX = XX =

# પરિશિષ્ટ - ૩ : અશુભ અનુબંધોની ભયંકરતા

સમર્થ શાસ્ત્રકાર શિરોમણી પૂજ્યપાદ આ.ભ.**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **ઉપદેશપદ** ગ્રંથમાં **અશુભ અનુબંધને સંસારરૂપ વૃક્ષનું મૂળ જણાવેલ છે** અને ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ પૂ. મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી મહારાજાએ અશુભ અનુબંધને સર્વ ક્લેશોના મૂળ તરીકે જણાવેલ છે. ઉપદેશપદ**નો પાઠ આ મુજબ છે -

**"एसो य एत्थ पावो, मूलं भवपायवस्स विन्नेयो ।**
**एयम्मि य वोच्छिन्ने, वोच्छिन्नो चेव एसो त्ति ॥३७६॥"**

**– આ અશુભ અનુબંધ અત્યંત અધમ અને સંસારરૂપ વૃક્ષનું મૂળ જાણવો. અશુભ અનુબંધનો વિચ્છેદ થતાં ભવરૂપ વૃક્ષનો પણ વિચ્છેદ થઈ જાય છે.**

સંસારરૂપ વૃક્ષ નરકાદિ દુઃખોરૂપ ફલથી વ્યાપ્ત છે અને એ વૃક્ષનું મૂળ અકુશલ-અશુભ અનુબંધો છે. સમ્યગ્જ્ઞાનથી અકુશલ અનુબંધનો વિચ્છેદ થતાં (મૂળના વિચ્છેદની સાથે) સંસારરૂપ વૃક્ષ પણ જલ્દીથી નાશ પામે છે.

→ **ઉપદેશપદની ટીકામાં કહ્યું છે કે,** ક્લેશરૂપ વૃક્ષના મૂળ સમાન અકુશલ અનુબંધો વિપર્યાસરૂપ જલથી (અર્થાત્ મિથ્યાજ્ઞાન જન્ય બુદ્ધિના વિપર્યાસરૂપ જલથી) સિંચાયેલા છે. જો મૂળ સમાન અકુશલ અનુબંધોને સમ્યગ્જ્ઞાનરૂપ અગ્નિથી બાળી નાંખવામાં આવે તો તેની (ક્લેશરૂપ) ફલ આપવાની તમામ શક્તિ નાશ પામી જાય છે અને તેથી અકુશલ અનુબંધરૂપ મૂળ રહિત સંસારરૂપ વૃક્ષ ફળ આપવા માટે નકામા બની જાય છે.

અહીં પ્રતિકાત્મક શૈલીથી ગ્રંથકારશ્રીએ પદાર્થનું નિરૂપણ કર્યું છે.

**– સંસાર એ વૃક્ષ છે.**

**– અકુશલ અનુબંધો એ વૃક્ષના મૂળીયા છે.**

**– મિથ્યાજ્ઞાન જન્ય બુદ્ધિનો વિપર્યાસ એ મૂળીયાને સિંચનારું જલ છે.**

**– (સમ્યગ્દર્શન સહિતનું) સમ્યગ્જ્ઞાન એ મૂળીયાને બાળવા માટે અગ્નિ સમાન છે.**

ટીકાકારશ્રીએ સંસારની પરંપરા અને એ જેનાથી સર્જાય છે, તે કર્મોની પરંપરાનું સર્જન કરનાર તરીકે અકુશલ અનુબંધોને જણાવ્યા છે. આથી અકુશલ અનુબંધો અનંતદુઃખની પરંપરા સર્જનારા છે. આપણા આત્માનું ભૂતકાળનું નરક-નિગોદનું દીર્ઘકાલીન પરિભ્રમણ પણ અકુશલ અનુબંધોના કારણે થયું છે. વૃક્ષનું અસ્તિત્વ એના મૂળીયા ઉપર હોય છે. મૂળીયા જો મજબૂત હોય તો વૃક્ષ પણ ટકાઉ હોય છે અને મૂળીયા જો નબળાં પડ્યા હોય કે નાશ પામ્યાં હોય, તો વૃક્ષ પણ અલ્પજીવી હોય છે કે જલ્દીથી નાશ પામે છે. તે જ રીતે સંસાર-ક્લિષ્ટકર્મ રૂપ વૃક્ષનું અસ્તિત્વ પણ મૂળ સમાન અકુશલ અનુબંધો ઉપર છે. કારણ કે, અકુશલ અનુબંધો જ કર્મના ઉદયમાં નવા નવા ક્લિષ્ટ કર્મો બંધાવે છે અને તેથી ક્લિષ્ટ કર્મોની શક્તિ વધતી જાય છે અને તે સંસારની પરંપરા વધારવા સમર્થ બને છે. આ વસ્તુસ્થિતિ છે. તેથી અકુશલ અનુબંધો રૂપ મૂળીયાં જો મજબૂત હશે તો ક્લિષ્ટકર્મ અને સંસાર પણ ટકાઉ-દીર્ઘકાલીન અને દુઃખદાયી બનવાનો. એ જ અકુશલ અનુબંધો નબળા પડશે તો કર્મશક્તિ પણ નબળી પડશે અને અશુભ અનુબંધો નાશ પામશે તો કર્મશક્તિ પણ નાશ પામશે.

– મિથ્યાજ્ઞાનથી જન્ય બુદ્ધિના વિપર્યાસરૂપ જલથી અકુશલ અનુબંધોરૂપી મૂળીયાં સિંચાયેલાં છે - મજબૂત બનેલાં છે.

અનાદિકાળથી જીવોમાં મિથ્યાજ્ઞાન વિદ્યમાન હતું. એ મિથ્યા-જ્ઞાનથી બુદ્ધિમાં તત્ત્વવિપર્યાસ પેદા થાય છે અર્થાત્ તેઓ હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય માને છે. હેય એવા સંસાર-સંસારસુખને ઉપાદેય =

આદરવા યોગ્ય માને છે અને ઉપાદેય એવા સંયમ-મોક્ષને હેય = છોડવા જેવા માને છે. એના કારણે હેયને ઉપાદેયરૂપે અને ઉપાદેયને હેયરૂપે સંવેદે છે. આ મહત્ત્વના વિપર્યાસના કારણે બીજા ઘણા બધા વિપર્યાસો (ભ્રાન્તિઓ-ભ્રમો) બુદ્ધિમાં (મનમાં) પેદા થાય છે. આવા વિપર્યાસોની વિદ્યમાનતામાં જીવનો પક્ષપાત સંસાર-ભોગ-દોષ-પાપ તરફનો હોય છે. તેના કારણે તેની કોઈપણ શુભાશુભ પ્રવૃત્તિથી આત્મામાં અકુશલ અનુબંધો પડે છે. એ અકુશલ અનુબંધોનો ઉદય થાય છે, ત્યારે બુદ્ધિ ભ્રષ્ટ થાય છે - મલિન થાય છે. એનાથી જીવોને સંસાર-ભોગ-દોષ-પાપ તરફ પક્ષપાત વધે છે અને તેનાથી તે પક્ષપાતસહિતની કોઈપણ પ્રવૃત્તિથી ક્લિષ્ટ કર્મોનો બંધ થાય છે અને અકુશલ અનુબંધોનું સિંચન થાય છે.

**કહેવાનો સાર એ છે કે,** ગાઢ મિથ્યાજ્ઞાનના કારણે જીવોની બુદ્ધિમાં ખૂબ વિપર્યાસ (ભ્રમ) પ્રવર્તતો હોય છે. અનિત્યને નિત્ય માનીને, અનાત્મ પદાર્થોને આત્મસ્વરૂપે માનીને, અશુચિમય ચીજોને પવિત્ર માનીને અને દુઃખસ્વરૂપ વિષયસુખોને સુખરૂપ માનીને જીવો ભ્રમમાં જીવતા હોય છે. જે સંસારના પદાર્થો સુખરૂપ નથી, પરંતુ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખપરંપરક છે, તે પદાર્થોમાં તેઓને સુખબુદ્ધિ થાય છે. તેના કારણે તે પદાર્થો હેય (=છોડવા જેવા) હોવા છતાં ઉપાદેય લાગે છે. તેઓને તે પદાર્થો પ્રત્યેની સુખબુદ્ધિ-ઉપાદેયબુદ્ધિના કારણે પૌદ્ગલિક પદાર્થોના ભોગવટામાં જ જીવનની સાર્થકતા જણાય છે અને તેથી ભોગ પ્રત્યેનો પક્ષપાત વધે છે. વળી ભોગ જેના પાયા ઉપર ભોગવાય છે, તે રાગાદિ દોષો પણ સેવવા જેવા લાગે છે અને તેનો પક્ષપાત હોય છે. તદુપરાંત, ભોગ માટે જે પાપો થાય છે, તે પણ સારા લાગે છે અને તેના પ્રત્યે પક્ષપાત હોય છે. આ સર્વના કારણે જીવોને પાપકર્મના બંધની સાથે અકુશલ અનુબંધોનું સિંચન થાય છે.

પૂર્વોક્ત ભ્રમમાં જીવતા જીવો કદાચ ધર્મ કરે, તો પણ તેમનો

પક્ષપાત તો સંસાર-ભોગ-દોષ અને પાપમાં જ હોય છે. તેથી ધર્મ-પ્રવૃત્તિના કારણે શુભકર્મનો બંધ થવા છતાં પણ અનુબંધો તો અશુભ જ પડે છે અને આ અશુભ અનુબંધો પાપકર્મના ઉદયની સાથે ઉદયમાં આવે છે અને નવા પાપકર્મો કરવાની પ્રેરણા આપે છે. પૂર્વે જે સંસારાદિ પ્રત્યે પક્ષપાત હતો, તે પછી પણ ઉભો જ રહે છે અને તેના કારણે કર્મ અને અકુશલ અનુબંધોની પરંપરા પણ ચાલ્યા જ કરે છે. જેના ફળરૂપે જીવને આજસુધીમાં નરક-નિગોદનાં અનંતદુઃખો પ્રાપ્ત થયા છે. આથી અનંત સંસાર પરિભ્રમણના કારણ તરીકે અશુભ અનુબંધોને બતાવીને તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતાં **ઉપદેશ રહસ્ય** ગ્રંથમાં જણાવ્યું છે કે,

**"वज्जेयव्वो एसो, अण्णह धम्मो वि सबलओ होइ ।**
**एयस्स पभावेणं अणंतसंसारिआ बहवे ॥६२॥"**

– આ અનંતસંસાર પરિભ્રમણના કારણભૂત ભયંકર એવા અકુશલ અનુબંધોનો ત્યાગ કરવો જોઈએ ! કઈ રીતે ? સાધુધર્મ અને શ્રાવકધર્મની સામાચારીનું પાલન કરનારા આત્માર્થી-મોક્ષાર્થી જીવોએ અકુશલ (અશુભ) અનુબંધની સર્જક એવી અસત્ (પાપ) પ્રવૃત્તિઓની નિંદા-ગર્હા કરવા દ્વારા અશુભાનુબંધોનો ત્યાગ કરવો જોઈએ.

– જો અશુભ અનુબંધોનો (પૂર્વોક્ત રીતિથી) ત્યાગ કરવામાં નહીં આવે તો પ્રથમ તો ધર્માચરણનો અવકાશ જ રહેતો નથી. કારણ કે, અલ્પમાત્રાનો ધર્મ પણ અતિચારરૂપ કાદવથી મલિનભાવવાળો થાય છે અને દોષનો અનુબંધ સબળ (તીવ્ર) હોઈ અહિંસાદિ મૂળગુણનો ભંગ થાય છે. એટલે ધર્મનું પ્રગટીકરણ જ થતું નથી. **કહેવાનો સાર એ છે કે,** દોષનો અનુબંધ તીવ્ર હોય તો ધર્મ પ્રગટ જ થતો નથી અને દોષનો અનુબંધ મંદ હોય તો ધર્મ પ્રગટ તો થાય છે, પણ વિશુદ્ધધર્મનો ઉદય થતો નથી, અશુદ્ધ ધર્મનો જ ઉદય થાય છે. આમ બંને રીતે અશુભાનુ-બંધના કારણે પરમાર્થથી અધર્મનો જ જન્મ થાય છે. અશુદ્ધ ધર્મ અધર્મ

સદૃશ જ છે. કારણ કે, અધર્મ જેમ દુર્ગતિ કરાવે છે, તેમ અશુદ્ધધર્મ પણ દુર્ગતિ જ કરાવે છે.

– વળી, જેમણે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી રત્નત્રયીની સાધનામાં ઓતપ્રોત બની ચૌદપૂર્વનો અભ્યાસ કર્યો છે, એવા સર્વશાસ્ત્રના પારગામી ચૌદપૂર્વીઓ પણ અકુશલ અનુબંધોના પ્રભાવે પ્રમાદને વશ બને છે અને તેમનું અધઃપતન થાય છે અને ઉન્નતિના ઉચ્ચ શિખર ઉપરથી નીચે પટકાઈને અનંતસંસાર પરિભ્રમણની ખીણમાં ગબડે છે. આજે પણ અનંતા ચૌદપૂર્વીઓ નિગોદમાં જન્મ-મરણ કરી રહ્યા છે.

**અહીં વિચારવાનું એ છે કે,** ભાવથી રત્નત્રયીને પામીને સાધનાના-ઉન્નતિના ઉચ્ચ શિખરે બિરાજેલા ચૌદપૂર્વીઓને અશુભાનુબંધ અને એમાંથી પેદા થયેલા પ્રમાદે છેક નિગોદમાં પહોંચાડી દીધા, તો પ્રમાદબહુલ જીવનવાળા હે જીવ ! તારું શું થશે ! આથી **સંબોધ સપ્તતિ** ગ્રંથમાં કહ્યું છે કે,

**"जइ चउद्दस पुव्वधरो, वसइ निगोएसु अणंतयं कालं ।**
**निद्दापमायवसगो, कहं होहिसि ता तुमं जीव ! ॥"**

– સમ્યક્ત્વાદિથી પતિત થઈને પુનઃ તે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ કરવામાં અનંતકાળનું જે આંતરું પડે છે, તેમાં આ અકુશલ અનુબંધો જ કારણ છે. અકુશલ અનુબંધોના ઉદયથી જીવો પ્રમાદબહુલ બને છે અને રત્નત્રયીની ઘણી આશાતનાઓ કરવા લાગે છે અને તેના કારણે ક્લિષ્ટ કર્મબંધ થાય છે અને અકુશલ (અશુભ) અનુબંધોનું આત્મામાં જોરદાર સિંચન થાય છે. જેનાથી અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે અને પ્રાપ્ત થયેલા ગુણો એકવાર ગુમાવ્યા પછી અકુશલ અનુબંધોના કારણે યાવત્ અનંતકાળ પછી પુનઃ પ્રાપ્ત થાય છે. આથી **'આવશ્યક નિર્યુક્તિ'**માં કહ્યું છે કે,

**"कालमणंतं च सूए अद्धापरिअट्टओ अ देसूणो ।**
**आसायणबहुलाणं उक्कोसं अन्तरं होइ ॥ आ.वि. ८५३॥"**

– ઘણી આશાતનાઓ કરનાર જીવોને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલા અનંતકાળનું અંતર હોય છે, એવું શ્રુતવચન છે.

વળી ગ્રંથીભેદ કર્યા પૂર્વે જે અનંત સંસાર પરિભ્રમણ થયું તેમાં પણ કારણ આ અશુભ અનુબંધો જ છે. આથી જ **ઉપદેશપદમાં** કહ્યું છે કે,

**"गंठीओ आरओ वि हु असईबन्धो ण अण्णहा ।**
**ता एसो वि हु एवं णेओ असुहाणुबंधो ॥३८६॥"**

– ગ્રંથીભેદ પૂર્વે પણ થયેલો અનંતવાર કર્મનો બંધ અશુભ અનુબંધ વિના થયો નથી. આ અનંતવાર કર્મબંધ પણ (અકુશલ અનુબંધમૂલક હોવાથી) અકુશલ અનુબંધ સ્વરૂપ જ જાણવો.

જેમ માટી (કારણ) અને ઘડો (કાર્ય) કથંચિત્ અભિન્ન હોય છે, તેમ અનંતવાર થયેલા કર્મબંધનું કારણ અશુભ અનુબંધ છે. આથી કર્મબંધ કાર્યરૂપ છે અને અશુભ અનુબંધ કારણરૂપ છે. કાર્ય અને કારણ કથંચિત્ અભિન્ન હોવાથી અનંતવાર થયેલ કર્મબંધ પણ અશુભ અનુબંધ સ્વરૂપ છે. આથી અનંતસંસારપરિભ્રમણને રોકવા માટે અકુશલ અનુબંધોનો ત્યાગ (નાશ) કરવો જોઈએ.

**શંકા :** અહીં પૂર્વોક્ત રીતે સમ્યગ્ પુરુષાર્થ દ્વારા અકુશલ અનુબંધોનો ઉચ્છેદ કરવાની વાત કરી. પરંતુ એક બાજું શુદ્ધ આજ્ઞા-યોગની (શુદ્ધધર્મની) પ્રાપ્તિ થયેલી હોય, તો આત્મા જલ્દીથી સંસારનો નાશ કરી મોક્ષે જાય છે, એમ કહ્યું છે અને બીજી બાજું ચૌદપૂર્વધરોનો (શુદ્ધ આજ્ઞાયોગ હોવા છતાં) અશુભ અનુબંધોને કારણે અનંતસંસાર થયો છે, એમ જણાવો છો. આથી શુદ્ધ આજ્ઞાયોગ વિદ્યમાન હોવા છતાં પણ ચૌદપૂર્વધર વગેરેને પણ અશુભ અનુબંધનો વિચ્છેદ ન થવાથી અનંતસંસાર પરિભ્રમણ કરવું પડે છે, તેનાથી એ ફલિત થાય છે કે,

અશુભ અનુબંધનો ઉચ્છેદ માત્ર પુરુષાર્થથી નહીં પણ ભવિતવ્યતાના પરિપાક કે કાલ કે કર્મના પરિપાકથી જ સાધ્ય છે, પણ પુરુષાર્થથી સાધ્ય નથી અને તેથી અશુભ અનુબંધના ઉચ્છેદમાં પ્રયત્ન કરવાનો ઉપદેશ વ્યર્થ છે અને એના માટે થતો પ્રયત્ન પણ નિરર્થક છે.

**સમાધાન :** તમારી આ વાત યોગ્ય નથી. આ શંકાનું સુંદર સમાધાન આપતાં **ઉપદેશ રહસ્ય** ગ્રંથમાં કહ્યું છે કે,

**"एसो आणजत्ता णासइ रोगो जहोसहपयत्ता ।**
**तप्पबलत्ते वि इमो जुत्तो अब्भासहेउत्ति ॥६३॥"**

**અર્થ :** જેમ ઔષધના સેવનથી રોગનો નાશ થાય છે, તેમ પ્રભુની આજ્ઞાને અનુકૂળ પ્રયત્નથી (પ્રભુ આજ્ઞાનું નિરંતર સેવન કરવાથી) અશુભ અનુબંધ નષ્ટ થાય છે. અશુભ અનુબંધ પ્રબળ હોય, તો પણ અભ્યાસ (પુનઃ પ્રાપ્તિમાં) હેતુ હોવાથી આજ્ઞાગર્ભિત પ્રયત્ન યુક્તિ-યુક્ત છે.

**કહેવાનો આશય એ છે કે,** અશુભ અનુબંધનો ઉચ્છેદ માત્ર નિયતિ (ભવિતવ્યતા)ના પરિપાકથી સાધ્ય છે, તે વાત ઉચિત નથી. પ્રભુની આજ્ઞાનું આદર-બહુમાન પૂર્વક નિરંતર દીર્ઘકાળ સુધી સેવન કરવાથી અશુભાનુબંધ પણ તૂટે છે. જેમ કે, ઔષધના સેવનથી રોગનો વિનાશ થાય છે, તે રીતે આજ્ઞાપાલનથી પણ અનુબંધનો વિચ્છેદ થાય છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,**[1] ઔષધ લેવા માત્રથી રોગનો નાશ થઈ

---

**१. न खल्वौषधं स्वरूपेणैव रोगव्यवहारच्छेदकरं, किन्तु हीनाधिक-मात्रापरिहारतदुचितान्नपानादिप्रयत्नसहकृतम्, तथाज्ञायोगोऽपि स्वरुपमात्रान्ना-शुभानुबन्धविच्छेदकारी किं त्वनायतनवर्जनसदायतनसेवनाऽपूर्वज्ञान-ग्रहणगुरुविनयाभ्युत्थानभक्तियशोवादवैयावृत्त्यतपःसंयमनिरन्तरव्रतानु-स्मरणादि सहकृत एव, अत एव सर्वत्र भगवताऽप्रमाद एव पुरस्कृतः । [उपदेशरहस्य-६३/टीका]।**

જતો નથી. પરંતુ ઔષધ વત્તા-ઓછા ન લેવાય તેની કાળજી રાખવાથી, તેમજ હિતકર પથ્યનું સેવન કરવાથી, અપથ્યનો ત્યાગ કરવાથી તથા કુશળ વૈદ્ય પાસે ઔષધ લેવાથી અને લાંબો સમય થાક્યા વિના લેવામાં આવે ત્યારે દુસાધ્ય રોગનો પણ નાશ કરે છે. તે જ રીતે આજ્ઞાપાલન પણ સામાન્યપણે આચરવાથી અશુભ અનુબંધનો ઉચ્છેદ થઈ જતો નથી. પરંતુ તેના માટે વિશેષ પ્રયત્ન કરવો પડે છે અને વિશેષ પ્રયત્ન કરવામાં આવે તો અકુશલ અનુબંધોનો ઉચ્છેદ થઈ જ જાય છે.

**અહીં ઉલ્લેખનીય છે કે,** યોગીઓ (યોગની સાધના કરનારા સાધકો) બે પ્રકારના છે. એક સાપાય યોગી અને બીજા નિરપાય યોગી. એમાં જે સાપાય યોગી છે, તેમના સાધના જીવનમાં ચઢાવ-ઉતાર તો આવે છે. પણ એ વખતે જે પ્રમાદને અત્યંત પરવશ બની જાય છે, તેના જીવનમાં-સાધનામાં મોટું આતરું પડી જાય છે અને જે પ્રમાદ કાઢી નાંખે છે, તેને તુરંત સાધના પ્રાપ્ત થઈ જાય છે. નિગોદમાં ગયેલા ચૌદપૂર્વીઓના કિસ્સામાં તેઓ પ્રમાદને પરવશ બનીને નીચે ઉતરતા ગયા છે અને ઉત્થાન, ક્ષેપ, ઉદ્વેગ દોષથી આગળ વધીને ખેદ દોષને આધીન બન્યા છે. તેથી તેમને ધર્મ પ્રત્યે અરૂચિ અને પ્રમાદ પ્રત્યે રૂચિ પ્રગટી ગઈ છે. એના કારણે એટલું મોટું અધઃપતન થયું છે. નીચે ઉતરવા છતાં જે ધર્મની રૂચિ જીવંત રાખે છે. તેનું આત્યંતિક પતન થતું નથી.

= XX = XX =

# મુનિશ્રી દ્વારા સંપાદિત-લેખિત-સંકલિત પુસ્તકો

| ક્રમ | પુસ્તકનું નામ |
|---|---|
| ૧. | ષડ્દર્શન સમુચ્ચય● ભાગ-૧ (બૌદ્ધ-નૈયાયિક-સાંખ્યદર્શન) |
| ૨. | ષડ્દર્શન સમુચ્ચય● ભાગ-૨ (જૈન-વૈશેષિક-મીમાંસકદર્શન) |
| ૩. | શ્રમણધર્મ, ધર્મસંગ્રહ સારોદ્ધાર, ભાગ-૨ |
| ૪. | તિથિ અંગે સત્ય અને કુતર્કોની સમાલોચના |
| ૫. | તત્ત્વવિષયક પ્રશ્નોત્તરી |
| ૬. | યોગદૃષ્ટિથી જીવનદૃષ્ટિ બદલીયે● |
| ૭. | ત્રિસ્તુતિક મત સમીક્ષા (પ્રશ્નોત્તરી-ગુજરાતી) |
| ૮. | त्रिस्तुतिक मतसमीक्षा ( प्रश्नोत्तरी ) |
| ૯. | ચતુર્થસ્તુતિ નિર્ણય (સાનુવાદ) ભાગ ૧-૨ |
| ૧૦. | યોગપૂર્વસેવા |
| ૧૧. | અહિંસા મહાન કે આજ્ઞા ? (સંકલનકાર : નરેશભાઈ નવસારીવાળા |
| ૧૨. | શુદ્ધધર્મ● |
| ૧૩. | ●સમાધિ મૃત્યુ થકી સદ્ગતિ અને સદ્ગતિ થકી ભવમુક્તિ |
| ૧૪. | षड्दर्शन समुच्चय-१ ( हिन्दी भावानुवाद ) ( बौद्ध-नैयायिक-सांख्यदर्शन ) |
| ૧૫. | षड्दर्शन समुच्चय-२ ( हिन्दी भावानुवाद ) ( जैन-वैशेषिक ) |
| ૧૬. | षड्दर्शनसूत्रसंग्रह एवं षड्दर्शनविषयककृतयः |
| ૧૭. | આત્માની ત્રણ અવસ્થા |
| ૧૮. | જૈનદર્શનના મહત્ત્વના સિદ્ધાંતો (સ્યાદ્વાદ, પ્રમાણ, નય, સપ્તભંગી, નિક્ષેપ) |
| ૧૯. | આત્માનો વિકાસક્રમ (ચૌદ ગુણસ્થાનક-આઠ યોગદૃષ્ટિ) |
| ૨૦. | નવતત્ત્વસંગ્રહ (ગુર્જરાનુવાદસમેત) (પૂ.આત્મારામજી મ.કૃત) |
| ૨૧. | જીવનલક્ષ્ય |
| ૨૨. | અધ્યાત્મનો અધિકારી |
| ૨૩. | ભાવના ભવનાશિની |
| ૨૪. | સંઘપટ્ટક |
| ૨૫. | શુદ્ધધર્મ-I (શુદ્ધધર્મ કેમ પામશો ?) |
| ૨૬. | શુદ્ધધર્મ-II (બંધ-અનુબંધ) |
| ૨૭. | શુદ્ધધર્મ-III (લેશ્યાશુદ્ધિ) |
| ૨૮. | સમ્યક્ત્વ શલ્યોદ્ધાર (ગુર્જરાનુવાદ સમેત) |
| ૨૯. | ધર્મદ્રવ્યની શાસ્ત્રીયવ્યવસ્થા અને અશાસ્ત્રીય વ્યવસ્થા સામે લાલબત્તી |
| ૩૦. | ધર્મદ્રવ્યની શાસ્ત્રીયવ્યવસ્થા અને અશાસ્ત્રીય વ્યવસ્થા સામે લાલબત્તી (લઘુસંસ્કરણ) |
| ૩૧. | પ્રભુવીરની અંતિમ દેશના : કલિકાલમાં કેમ પાર ઉતરશો ? |
| ૩૨. | અધ્યાત્મ કેમ પામશો ? (અધ્યાત્મશુદ્ધિ) |

નોંધ : ● આ નિશાનીવાળા પુસ્તક ઉપલબ્ધ નથી.

ક્રમ પુસ્તકનું નામ

૩૩. સમ્યગ્દર્શન-I : સમ્યગ્દર્શન કેમ પામશો ?

૩૪. સમ્યગ્દર્શન-II : સમ્યગ્શ્રદ્ધાને આત્મસાત્ કરો

૩૫. સમ્યગ્દર્શન-III : સમ્યગ્દર્શન અંગે વિશેષ વાતો

૩૬. સમ્યગ્દર્શન-IV : સમ્યગ્દર્શનને સ્થિર કેમ બનાવશો ?

૩૭. સમ્યગ્દર્શન-V : સમકિતના સડસઠ બોલ (કથા સહિત)

૩૮. જૈનમતવૃક્ષ (ગુર્જરાનુવાદ સમેત) અને પૂ.આત્મારામજી મહારાજાનું પદ્યસાહિત્ય

૩૯. જીવનકર્ત્તવ્યને ઓળખીયે

૪૦. યોગસિદ્ધિનાં સોપાન

૪૧. ભાવના થકી ભવમુક્તિ

૪૨. અધ્યાત્મ-ધ્યાનયોગ

૪૩. જૈનધર્મ કા સ્વરૂપ (ગુર્જરાનુવાદ સમેત) (પૂ.આત્મારામજી મ.કૃત)

ક્રમ પુસ્તકનું નામ

૪૪. શ્રીસમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ : સાહિત્ય સૂચિ - પુસ્તક પરિચય

૪૫. ધર્મને મલિન બનાવનારા દોષોને ઓળખો

૪૬. જૈનધર્મવિષયક પ્ર. અને પ્રશ્નોત્તર સંગ્રહ (ગુજ.)

૪૭. ઈસાઈ મત સમીક્ષા (ગુર્જરાનુવાદ સમેત)

૪૮-૫૦. જૈનતત્ત્વાદર્શ (ગુર્જરાનુવાદ સમેત)

૫૧-૫૨.આત્મા કા વિકાસક્રમ ભાગ-૧-૨ (વિ.સં. ૨૦૭૩)

૫૩. યોગધર્મનો અધિકારો (વિ.સં. ૨૦૭૪)

૫૪. તત્ત્વનિર્ણયપ્રાસાદ, ભાગ-૧ (૨૦૭૪)

૫૫. તત્ત્વનિર્ણયપ્રાસાદ, ભાગ-૨ (૨૦૭૪)

૫૬. તત્ત્વનિર્ણયપ્રાસાદ, ભાગ-૩ (૨૦૭૪)

૫૭. સાધારણખાતાની પવિત્રતા (૨૦૭૪)

૫૮. મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ = હલાહલ વિષ

૫૯. વર્તમાન તિથિ પ્રશ્ન સામાચારી છે કે સિદ્ધાંત ? (વિ.સં. ૨૦૭૪)

---

નોંધ : ● આ નિશાનીવાળા પુસ્તક ઉપલબ્ધ નથી.

'યોગશાસ્ત્ર' ગ્રંથમાં મિથ્યાત્વની મારકતા જણાવતાં કહ્યું છે કે –

मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं तमः।
मिथ्यात्वं परमः शत्रु–र्मिथ्यात्वं परमं विषम् ॥1॥
जन्मन्येकत्र दुःखाय रोगा ध्वान्तं रिपुर्विषम्।
अपि जन्मसहस्त्रेषु, मिथ्यात्वमचिकित्सितम् ॥2॥

મિથ્યાત્વ એ ઉત્કૃષ્ટ રોગ છે,
મિથ્યાત્વ પરમ અંધકાર છે,
મિથ્યાત્વ પરમ શત્રુ છે અને
મિથ્યાત્વ જ પરમવિષ છે.

– રોગ, અંધકાર, શત્રુ અને વિષ તો એક જન્મમાં જ દુઃખ માટે થાય છે. પરંતુ ચિકિત્સા નહીં કરાયેલું (પરિહાર નહીં કરાયેલું) મિથ્યાત્વ જીવને હજારો જન્મોમાં દુઃખ માટે થાય છે.

यस्तु नाम्ना जैनोऽपि
स्वकुलाचारेणैवागमपरीक्षा
बाधते तस्याभिग्राहिकत्वमेव,
सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात्।।

જે જૈન કહેવાતો હોય તો પણ પોતાના કુલાચારથી આગમપરીક્ષાને બાધિત કરે (અર્થાત્ આગમમાં નિર્દિષ્ટ કરેલી આચાર સંહિતાને અને સિદ્ધાંતોને બાધિત કરે) છે, તો તે પણ આભિગ્રહિક મિથ્યાદષ્ટિ જીવ છે. કારણ કે, સમ્યગ્દષ્ટિ જીવ અપરીક્ષિત વસ્તુનો (પદાર્થ-આચાર-સિદ્ધાંતનો) પક્ષપાતી હોતો નથી.

**(ધર્મ પરીક્ષા)**

શ્રી સમ્યગ્જ્ઞાન
પ્રચારક સમિતિ

Msmta Creation#7738408740